
શિવમસ્તુ સર્વજગતઃ

# પર્વનાં વ્યાખ્યાનો

-: સંકલન :-

સાધ્વીજી શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી



શિવમસ્તુ સર્વજગતઃ

# પર્વનાં વ્યાખ્યાનો

: સંગ્રાહિકા :

**સાધ્વીજી શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી**

# કથાનુક્રમ


૧. જ્ઞાનપંચમીનું વ્યાખ્યાન ........ ૨
૨. કારતક સુદ-૧૪નું વ્યાખ્યાન ........ ૫
૩. મૌન એકાદશીની કથા ........ ૧૪
૪. પોષ દશમીની કથા ........ ૧૯
૫. શ્રી શંખેશ્વરપ્રભુ અંગે પ્રકાશ ........ ૨૫
૬. પર્વાધિરાજના પાંચ કર્તવ્યો ........ ૨૮
૭. વાર્ષિક આરાધનાનાં ૧૧સત્કર્તવ્યો ........ ૪૮
૮. ક્ષમાનું અમૃત ........ ૫૪
૯. સાધર્મિક ભક્તિનો પ્રભાવ ........ ૫૮
૧૦. પર્યુષણની પ્રભાવના ........ ૬૧
૧૧ ગણધરવાદ ........ ૬૨
૧૨. કાર્તિક પૂર્ણિમા ........ ૭૨
૧૩. સૌભાગ્ય નંદીસૂરિ મૌન એકાદશીની કથા ........ ૭૫
૧૪. ધનતેરસ - કાળીચૌદશનાં વ્યાખ્યાન ........ ૭૮
૧૫. નૂતન વર્ષનું સંભારણું ........ ૮૧
૧૬. જ્ઞાનપંચમીનું વ્યાખ્યાન ........ ૮૩
૧૭. આસોવદ ચૌદશ ........ ૯૦
૧૮. પર્યુષણુ પર્વ અંગેનું વ્યાખ્યાન ........ ૯૫
૧૯. ગૌતમસ્વામી અંગે પ્રવચન ........ ૧૦૧
૨૦. પર્યુષણના પાંચ કર્તવ્યોનું વિવેચન ........ ૧૦૩
૨૧. અગિયાર કર્તવ્યો ........ ૧૧૦
૨૨. કલ્પસૂત્રનાં છૂટક વાક્યો ........ ૧૧૭
૨૩. ભાદરવા સુદ અગિયારસ ........ ૧૨૨
૨૪. અંતિમ દેશના ........ ૧૨૪
૨૫. જ્ઞાનપંચમીનું વ્યાખ્યાન ........ ૧૩૦
૨૬. પર્યુષણ પર્વના વ્યાખ્યાન ........ ૧૩૪

# વ્યાખ્યાન પહેલું

## જ્ઞાનપંચમીનું વ્યાખ્યાન

પરમોપકારી, પરમતીર્થંકરદેવ જ્યારે ધર્મતીર્થની સ્થાપના કરે છે ત્યારે ગણધરોને પ્રથમ ત્રિપદી આપે છે. **ઉપ્પન્નેઈવા, વિગમેઈવા, ધુવેઈવા** આ ત્રિપદીના આધારથી ગણધરોએ **દ્વાદશાંગી**ની રચના કરી.

આચારાંગથી માંડીને દૃષ્ટિવાદ સૂત્ર સુધી કરી. આ દ્વાદશાંગી એ તીર્થ છે, અને આ જ જ્ઞાન છે. જ્ઞાન એ શાસન છે, એ જ તીર્થ છે. આ જગતમાં સર્વશ્રેષ્ઠ હોય તો તે **જ્ઞાન** છે.

**पढमं नाणं तओ दया.**

માણસ જ્ઞાની નહિ બને તો દયાળુ કેવી રીતે બનશે ? ભણ્યા વિના એકેન્દ્રિયાદિનું જ્ઞાન કેવી રીતે જાણશે ? અહિંસાદિ પાંચને કેવી રીતે જાણશે ?

બાર પ્રકારના તપમાં પણ શ્રેષ્ઠ તપ જ્ઞાનતપ જ બતાવ્યો છે.

**सज्झाय समो तवो नत्थि.**

જ્ઞાનના માધ્યમથી જીવાત્મા અનંત અનંત કર્મોને શ્વાસોશ્વાસમાં ખપાવે છે. કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું તે કરતાં પણ જ્ઞાનની આરાધનાથી જીવ કર્મો ખપાવે છે.

જ્ઞાનની ઉપેક્ષા કરવાવાળો જીવ કોઈ જ સર્વજ્ઞ બનતો નથી. પણ આરાધના તથા ઉપાસના કરનાર સર્વજ્ઞ અને જ્ઞાની બને જ છે.

**इच्छा निरोधो तपः**

મનને જ્ઞાનમાં જોડવાથી સંસારની ઈચ્છાઓ વિલીન થઈ જાય છે, જ્ઞાનની રટણા હોવી જોઈએ. મારે જ્ઞાની બનવું જ છે આવો સંકલ્પ કરવો જોઈએ.

આપણા શાસનમાં શોભન મુનિ થઈ ગયા. પ્રકાંડ વિદ્વાન હતા. એક દિવસ ગોચરી વહોરવા જતાં વિકલ્પ કર્યો કે સંસ્કૃત સ્તુતિની મારે આજે રચના કરવી. ચોવીશી બનાવવી અને રચના કરતાં કરતાં એક ઘેર પ્રવેશ કર્યો.

એક બહેન વિચક્ષણ હતી. મહારાજ ધૂનમાં હતા અને પેલી બાઈએ પાત્રામાં પત્થર મૂકી દીધો, મુકામમાં ગયા, ગોચરી બતાવતાં પથ્થર જોયો, બધાએ મજાક કરી.

પેલી બાઈ ઉપાશ્રયે પહોંચી ગઈ, ક્ષમા માંગી. ગુરૂએ મુનિને પૂછ્યું, ગોચરી વહોરતાં ક્યાં મન હતું ? વિગત જણાવી, ગુરૂમહારાજ શોભનમુનિની જ્ઞાનમગ્નતા પર ઓવારી ગયા. જ્ઞાનમગ્નતા અંગે જ્ઞાનસારમાં પૂ. **યશો વિ.મ.સા.** જણાવે છે કે -

**ज्ञानमग्नस्य यच्छर्म तद्वक्तुं नैव शक्यते.**

આ તો જ્ઞાનનો સ્વાદ (ટેસ્ટ) લે તેને જ ખબર પડે. આજે તો જ્ઞાનોપાસના આપણાથી દૂર દૂર ઠેલાઈ ગઈ છે. પાઠશાળા પણ ઠંડી ઠંડી પડી ગઈ છે.

મનુષ્યની પાસે જ્ઞાન ન હોય તો કેવું થાય ? ગુરૂને એકેન્દ્રિય અને પોતાને બેઈન્દ્રિય, ગાયને પંચેન્દ્રિય ગણાવી અજ્ઞાનતા અંગે ગામડાનું આ દૃષ્ટાંત છે.

એક માણસે પોતાની હોંશિયારીથી ૦I તોલાને બદલે સવાપાંચ તોલા હિંગાષ્ટક લઈ લીધું અને વૈદ્ય પાસે ગયો.

જ્ઞાન ન હોવા છતાં જ્ઞાનના અભિમાનમાં રાચે છે તે જ્ઞાની નથી બની શકતો.

**જ્ઞાની બનવા પાંચ શરત જોઈએ.**

**(૧) નિરોગી શરીર :** જ્ઞાનપ્રપ્તિ માટે નિરોગી શરીર જોઈએ. શરીર ઘોડા જેવડું મોટું હોય અને બુદ્ધિ બળદ જેવડી હોય તો જ્ઞાની ન બની શકે.

**(૨) તીક્ષ્ણ બુદ્ધિ :** બુદ્ધિ હોય તો જ આગળ ભણી શકે.

**(૩) વિનય :** બુદ્ધિ હોય પણ વિનય ન હોય તો ન ચાલે. વિનયપૂર્વક જ્ઞાન લેવાથી વિદ્યા આવે છે. વિનયી શિષ્ય ઉપર ગુરૂની કૃપા ઉતરે છે અને મૂરખ પણ પંડિત બને છે.

**માસતુષ મુનિનું દૃષ્ટાંત :**

બે વાક્ય યાદ કરવામાં બાર.વર્ષ વીતી ગયાં, ગુરૂ ભૂલ સુધારવામાં ખિન્ન ન બન્યા, શિષ્ય સુધરવામાં ખિન્ન ન બન્યો અને તેઓ વિનયના કારણે કેવલજ્ઞાન પામી ગયા. આ છે વિનયનો પ્રભાવ.

બે અક્ષર યાદ ન રહેતા એવા મુનિને કેવલજ્ઞાનની સીધી જ લોટરી લાગી ગઈ.

વિનય હોય પણ પુરૂષાર્થ ન હોય તો જ્ઞાની ન બની શકે.

**(૪) ઉદ્યમ :** દિવસમાં ગોખેલું યાદ ન કરે તો રત્રિમાં યાદ કરવું જોઈએ. જેથી યાદ રહે. જેને જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેણે સુખ અને નિદ્રાનો ત્યાગ કરવો જોઈએ.

**अलसस्य कुतो विद्या, अविद्यस्य कुतो धनम् ।**
**अधनस्य कुतो मित्रं, अमित्रस्य कुतः सुखम् ॥**

**विद्यार्थीनां कुतः निद्रा कुतः सुखं ।**
**सुखार्थीनां कुतः ज्ञानं ॥**

પહેલાં જ્ઞાનની જરૂર હતી, આજે ગુરૂ ભણાવવા માંગે તો ય શિષ્યોને ભણવાની પડી નથી. કારણ ગોચરી પાણી સહજ રીતે મળી જાય છે.

ज्ञानीना अपि मर्त्तव्यं अज्ञानीना अपि मर्त्तव्यं ।
उभयोर्मरणं दृष्ट्वा, कंठ शोषं करोतिकः ॥

તો પછી જ્ઞાન મેળવવાની શા માટે મહેનત કરવી જોઈએ ? જે પ્રમાદી હોય તે ક્યારેય જ્ઞાની ન બની શકે. બ્રાહ્મણો રાત્રે ગોખતાં ગોખતાં ઉંઘ આવે તો ચોટી બાંધી બાંધીને પણ ભણતા. રાત્રે પુનરાવર્તન કરતા.

ધર્મી જાગતો ભલો, અધર્મી સૂતો ભલો. પાપી જાગતો રહે તો પોતાનું બગાડે અને બીજાનું ય બગાડે. નાની વયમાં કોઈ ઊંઘમાંથી ઉઠાડીને ભણાવે તો કડવું લાગે પણ જ્ઞાની બન્યા પછી ગુરૂનો ઉપકાર માને કે સારૂં થયું અમને ભણાવ્યા.

**(૫) શાસ્ત્રરાગ :** શાસ્ત્ર ઉપર અનુરાગ જોઈએ.

આ પાંચ વાતો જ્ઞાન ભણવામાં જોઈએ.

**(૧) નિરોગી શરીર (૨) તીક્ષ્ણ બુદ્ધિ (૩) વિનય (૪) ઉદ્યમ અને (૫) શાસ્ત્ર રાગ.**

આ પાંચ વાતો હોય તો માણસ જ્ઞાની બની શકે છે.

**હવે જ્ઞાન મેળવવા બીજી પાંચ વાતો જોઈએ.**

(૧) જ્ઞાનની લગન હોય પણ આપનાર ન હોય તો ? માટે તેવી સગવડ કરાવવી જોઈએ. એટલે કે ગુરૂનો સહયોગ જોઈએ. તત્ત્વજ્ઞાન મેળવવા ગુરૂ જોઈએ જ.

(૨) જ્ઞાન મેળવવા ગ્રંથ જોઈએ. ગ્રંથ વિના ન ચાલે.

(૩) ગ્રંથ મળે પણ ભણવા માટે સારૂં સ્થાન જોઈએ.

(૪) જગ્યા હોય પણ સાથે સહાધ્યાયી જોઈએ. ધ્યાન એકલા કરાય પણ જ્ઞાનમાં સાથ જોઈએ. ભણનાર બે જણ હોય તો કંટાળો ન આવે. સમાન બુદ્ધિવાળા મળી જાય તો જ્ઞાની બની જવાય. સહાયક વિના જ્ઞાન ન મળે. **(ધ્યાનમાં એક, જ્ઞાનમાં બે અને તાનમાં ત્રણ)**

(૫) પર્યાપ્ત ભોજન જોઈએ. ભોજન ન હોય તો મગજ ન ચાલે, ઘણા અભ્યાસીને થોડું પણ વિશિષ્ટ ભોજન જોઈએ.

**૧ ગુરૂ, ૨ ગ્રંથ, ૩ સ્થાન, ૪ સહાધ્યાયી, ૫ ભોજન આ પાંચ વાતો અવશ્ય જોઈએ.**

**જ્ઞાનાચારના આઠ આચારોનું પાલન જોઈએ.**

(૧) જ્ઞાન ભણવામાં અકાળનું ધ્યાન રાખવું જોઈએ. ત્રણ અસ્વાધ્યાય કાળ દૂર નિવારવા જોઈએ.

(૨) ગુરૂનો અવિનય ન કરવો જોઈએ. આજકાલ તો ગુરૂ શિક્ષકનો પૂર્ણ અવિનય થાય છે.

(૩) ગુરૂ પ્રત્યે બહુમાન, અંતરંગપ્રીતિ જોઈએ.

(૪) જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપધાન કરવાં જોઈએ. અઢાર દિવસનાં તો કરવાં જ જોઈએ.

(૫) અનિન્હ્વણે જ્ઞાન આપનાર ગુરૂને ઓળવવા ન જોઈએ, એમની નિંદા ન કરવી જોઈએ.

(૬) સૂત્રનું શુદ્ધ ઉચ્ચારણ જોઈએ.

(૭) અર્થ કરવા જોઈએ.

(૮) તદુભય કરવા જોઈએ. સૂત્ર અર્થ બંને જોઈએ.

**જ્ઞાનની આશાતનાથી બચવું જોઈએ.**

જ્ઞાનનાં સાધનોને ગંદા હાથથી અડવું ન જોઈએ.

જ્ઞાન ઉપર છોકરાને સંડાસ બેસાડે તે મહાન આશાતના છે.

કાગળ બાળવા તે આશાતના છે.

નીચે પુસ્તક પછાડવું તે પણ આશાતના છે.

થુંક લગાડવું તે પણ આશાતના.

સંડાસમાં જઈને છાપાં વાંચે, ખાતાં ખાતાં બોલે તે પણ આશાતના.

જૈન પરિવારમાં પચીસ વર્ષ પહેલાં જમતાં જમતાં ન બોલતા અને થાળી ધોઈને પીતા આ બે વાતોનું ખાસ પાલન થતું, હવે આનાથી ઊલ્ટું છે.

જ્ઞાન ભણનારને અંતરાય ન કરવો પણ સહાયતા કરવી જોઈએ, ભણનારની મશ્કરી ન કરવી જોઈએ. જ્ઞાની ઉપર દ્વેષ ન કરવો જોઈએ. ઉત્સૂત્ર ભાષણ ન કરવું.

રોજ રોજ જ્ઞાનની આરાધના ઉપાસના કરો અને જ્ઞાનાવરણ કર્મના ભૂક્કા બોલાવો એ જ આજના **સૌભાગ્ય-પંચમી**ના દિવસની શુભકામના.

**વરદત્ત ગુણમંજરીની કથા, રોહિણીની ચાર પુત્રીઓની કથા આજે કહેવી.**

**જ્ઞાનપંચમીનું વ્યાખ્યાન સંપૂર્ણ.**

# વ્યાખ્યાન બીજું

## કારતક શુદ ચૌદશનું વ્યાખ્યાન

**जं अईतिक्खं दुक्खं, जं च सुहं उत्तमंमि लोअंमि ।**
**तं जाणसु विसयाणं, वुड्ढिक्खय हेउअं सव्वं... ॥**

જેમ જેમ જીવાત્માના કષાયો વધતા જાય તેમ તેમ દુઃખ વધતું જાય, અને જેમ જેમ કષાયો ઘટતા જાય તેમ તેમ સુખ વધતું જાય.

અજ્ઞાનીઓ સુખદુઃખનો આધાર બાહ્ય પદાર્થો ઉપર માને છે. કોઈ કહે છે મારી પાસે પૈસા છે તેથી હું સુખી છું કોઈ કહે છે પરિવારથી સુખી છું. આ રીતે દરેક બાબતોમાં મિથ્યા કલ્પનાથી જીવ રાચે છે, પૈસા વિનાનો જેમ પોતાને દુઃખી માને છે, તેમ પૈસાવાળો જીવ બીજા પદાર્થ ન હોવાથી દુઃખી છે.

બાહ્ય પદાર્થો ઘણા હોય પણ ક્રોધાદિ ચાર કષાયો જો પ્રબળ હોય તો આપણે દુઃખી જ છીએ. સાચું સુખ પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ ?

અત્યંત કષાયમાં પહોંચેલા એવા **હરિભદ્રસૂરિજીને ગુરૂએ ફક્ત** નવજન્મના બે જ શ્લોકો મોકલ્યા હતા, પરંતુ જ્ઞાની હોવાથી કષાયનાં કડવાં ફળોને **ઓળખી શક્યા** હતા અને તેથી જ સમરાદિત્યના ચરિત્રથી ભાવની ઉપશાંતિ મેળવી **શક્યા હતા.**

ગુણસેનના જીવનમાં બાલ્યકાળ તથા યૌવનકાળમાં **અગ્નિશર્માને** ખીજવવાનાં એવાં ચીકણાં કર્મ બંધાઈ ગયાં કે ભવોભવ તેનાથી મરવાનું થયું અને અગ્નિશર્માએ જીવનની અંતિમ અવસ્થામાં એવાં નિકાચિત કર્મ બાંધ્યાં કે ભવોભવ મારનાર બનું આવું નિયાણું કર્યું, બંનેની ભૂલ હતી એકને ક્રોધકષાય હતો **બીજાને નોકષાય હતો.**

આપણે **પૂર્વજન્મમાં અજ્ઞાનદશામાં** જે કર્મ કર્યાં હોય તે ઉદયમાં તો આવે જ. પણ જો સમતાભાવ **શીખાઈ ગયો તો** નવાં કર્મો નહિ બંધાય. ગુણસેનના જીવે પછીના જીવનમાં તો સમતા જ પ્રાપ્ત કરી છે. **પણ તેમાં** મૂળભૂત ગુરૂનો જ ઉપદેશ છે. સમતાભાવની ચાવી ભેદભાવની માસ્ટર કી પ્રાપ્ત કરી લીધી તેથી જ જ્યારે અગ્નિશર્માના જીવે ધગધગતી રેતી નાખી ત્યારે તેઓ સમતાથી સહન કરી શક્યા હતા...

જીવનમાં બનેલી દુઃખની ઘટનાઓને તથા દુઃખ આપનારાઓને હંમેશાં ભૂલી જવા જોઈએ.

સુખ આપનાર અને સહાય કરનારાઓને હંમેશાં યાદ કરવા જોઈએ. માણસ આ રીતે ન રહે તો દુઃખી થઈ જાય.

મારા પાપકર્મથી જ દુઃખ આવ્યું છે આ વિચાર હોય તો નિમિત્તને દોષ આપવાનું મન ન થાય.

સંસારી લોકો જેને સુખની કલ્પના માને છે તેનાથી જુદો રહે તે જ સાધુ યા સજ્જન કહેવાય.

કોઈ વ્યક્તિ થોડા દિવસ પૂરતો આપણી પાસે રહે તો તેની સાથે આપણું મમત્વ રહેતું નથી, તેમ સંપત્તિ આપણી સાથે સદા રહેનારી નથી આ જાણી તેની સાથે અત્યંત પ્રેમ ન બાંધવો જોઈએ.

લોભ, તૃષ્ણા ઘટી જાય તો માણસ સુખી થાય છે, કષાય અને મમત્વ વિના જે જીવે તે પણ સુખી થાય છે.

કોઈ કડવું પણ હિતકારી કહે તેના ઉપર રોષ ન કરવો, કષાયો ઓછા કર્યા વિના કોઈની પણ ઉન્નતિ થતી નથી.

જ્યારે જ્યારે શરીર અને મન સારૂં હોય અને ગુરૂનો સંયોગ મળ્યો હોય તો ત્યારે ત્યારે આરાધના કરી લેવી જોઈએ. પુરૂષાર્થ તો કરતા જ રહેવું, તેનાથી જ બેડો પાર છે.

મારી નિંદા કરવાવાળો મારો ઉપકારી જ છે, તેમ માનવું...

**નિંદા હમારી જે કરે, મિત્ર હમારા હોય;**
**સાબુ લેવા ગાંઠકા, મેલ હમારા ધોય...**

**सत्त्वेषु मैत्री गुणिषु प्रमोदं, क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।**
**माध्यस्थभावं विपरीतवृत्तौ, सदा ममात्मा विदधातु देव ॥**

હે પ્રભો ! સંસારના બધા જીવો ઉપર મારો મૈત્રીભાવ વધતો રહે તેવી તું દયા કર.

ગુણવાનો તરફ પ્રમોદભાવ રહે, દુ:ખી જીવો ઉપર કરૂણા રહે અને મધ્યસ્થ તરફ ઉદાસીન ભાવ રહે તેમ કર.

(૧) **મૈત્રીભાવ :** સંસારના જીવો મારી સાથે કદાચ ભલે શત્રુભાવ રાખે પણ મારે તો તે જીવો સાથે મૈત્રીભાવ ટક્યો રહે એમ જ હે ભગવાન ! હું ચાહી રહ્યો છું.

(૨) **પ્રમોદભાવ :** ગુણવાનો તરફ ગુણનો પ્રમોદભાવ, હે પ્રભો ! મને આપો.

(૩) **કરૂણાભાવ :** જે મારા પ્રત્યે કરૂણા રાખે છે, તેના પર પણ મને જો કરૂણા આવતી નથી તો તો ખરેખર મારામાં માનવતા પણ નથી.

(૪) **માધ્યસ્થભાવ :** કોઈ મારા પ્રત્યે માધ્યસ્થભાવ લઈને ફરે છે, પણ હું તેના પ્રત્યે જો દુર્ભાવ લઈને ફરૂં છું તો પણ મારામાં માનવતા નથી. આ ચાર ભાવનાઓને લઈને જ સાધુ ફરે, આ ચાર સિવાય સાધુના મનમાં કાંઈ જ ન હોય.

આ ચાર ભાવનાને લઈને જે જીવે છે, તેના મનમાં પ્રસન્નતા હરીભરી રહે છે, તેને બેચેની, અશાંતિના ભોગ બનવું પડતું નથી. धर्मस्य मूलं एता भावनाः .

## માનવતાના અંતરનાદ પર એક બાળકનું દૃષ્ટાંત -

## અપકાર ઉપર ઉપકાર

એક માતાના બે લાડીલા પુત્રો હતા, માતા ખૂબ સંસ્કારી હતી. એક વખત માતા બિમાર પડી, આ સમયે તેણે પોતાના નાના બાળકની ડોકમાં એક માદળિયું બાંધી દીધું. તેણે તેની જૂની કામવાળી બાઇને કહ્યું, હું મરી જાઉં તો જ્યારે આ મારો પુત્ર મોટો થાય ત્યારે તેને તું આ માદળિયું ખોલીને અંદર ચિઠ્ઠી છે તે વંચાવજે.

આ બાઇનો અંતિમ સમય છે, સામે તેનો પતિ ઊભો છે, તેનો નાનો પુત્ર પણ છે, તે બાળકના સામું જોયા કરે છે, આ સમયે તેનો પતિ કહે છે તું શા માટે મૂંઝાય છે ! તને જે મૂંઝવણ હોય તે મને કહે.

ત્યારે બાઇ કહે છે મને કાંઇ મૂંઝવણ નથી, ગભરાટ નથી પણ આ નાનો બાબો છે તો સંભાળ લેજો, ખૂબ ધ્યાન રાખજો. તેનામાં એક પણ કુસંસ્કાર ન પડી જાય તેમ જ મારી કૂખને એ લજવે નહિ એમ કરજો...

અહીં જોવા જેવું છે કે આ માતાએ એમ ન કહ્યું કે બાળકને સારું ખવડાવજો, એને મિલ્કત આપજો, સંસારના કોઇ કામો ન કહ્યાં ફક્ત સારા સંસ્કારની એ માતાને મન કિંમત હતી.

આજે આવી માતાઓ પણ કેટલી મળે ?

તે મરતી એવી પત્નીને પતિ કહે છે, તું ચિંતા ન કર. અને બાઇએ દેહ છોડ્યો. પિતા પુત્રનું ખૂબ જ ધ્યાન રાખે છે, પુત્ર સદ્‌ગુણી બને તે ધ્યાન રાખે છે, રોજ સારી શિખામણ આપે છે.

બાળક પણ તેવો જ સદ્‌ગુણી બને છે. સમય જતાં બાળક મોટો થયો અને પિતાએ ફરી

બીજું લગ્ન કર્યું. શરૂઆતમાં માતા પોતાના પુત્રની જેમ સાચવે છે, આનંદથી રહે છે. છોકરાને કોઇ દિવસ એવી કલ્પના પણ નથી થતી કે મારી આ સાવકી માતા છે. સંસ્કારી માતા પોતાના પુત્રને છોડીને ચાલી ગઇ છે, પણ સદ્‌ગુણની સુવાસ મૂકતી ગઇ છે.

પુત્રની ડોકમાં માદળિયું છે પણ પિતા જાણતો નથી કે આ બાળકની ડોકમાં માદળિયું છે. આ બાળક પિતાને ઘણીવાર પૂછે છે, પિતાજી ! આ મારી ડોકમાં શું છે ? એને કાઢી નાંખોને ? ત્યારે પિતા કહે છે, તારી મા અંતિમ સમયે પ્રેમના પ્રતીકરૂપ આ બાંધતી ગઇ છે.

પુત્ર ચતુર હતો, એકવાર માદળિયું ખોલ્યું, અંદરથી ચિઠ્ઠી નીકળી વાંચી, માતાએ લખેલું, વહાલા પુત્ર ! ગમે તેવી કસોટીનો પ્રસંગ આવે તો પણ તું આકુળ-વ્યાકુળ ન થઇશ.

કસોટીમાંથી જે પસાર થાય છે, તે જ માનવ છે માટે તું તારા જીવનમાં માનવતાનો અંતરનાદ જગાવજે. આટલી હિત શિખામણ માતાએ ચિઠ્ઠીમાં લખી હતી.

પુત્ર ચતુર, વિવેકી, ડાહ્યો હતો, દરરોજ માતપિતાની સેવા કરે છે, બંને વખત માતાને વંદન કરે છે, આમ કરતાં સત્તર અઢાર વર્ષનો થયો.

હવે માતાની દૃષ્ટિ બદલાવા લાગી. તેના દિલમાં દિવાલ ઊભી થઇ. પુત્રના સામું જોતી નથી, ખાવાપીવામાં ઠગવા લાગી પુત્ર બધું સમજે છે પણ સહન કરે છે, કોઇ દિવસ પિતાને પણ કાંઇ કહેતો નથી.

આ છોકરો ભણેલો ગણેલો છે, હોંશિયાર, સ્વરૂપવાન છે, શ્રીમંતનો છોકરો એટલે સારાં માગાં આવવા લાગ્યાં પણ ના પાડે છે પિતા કહે છે, બેટા ! હવે તારા લગ્ન કરવાનાં છે પણ આ પુત્ર ના પાડે છે, પિતાજી ! મારે લગ્ન કરવું નથી, લગ્ન એ બંધન છે.

રામચંદ્રજી વનમાં ગયા ત્યારે સીતાજી સાથે હતાં, તો રાવણ સીતાને લઇ ગયો ને રામને ભયંકર યુદ્ધ ખેલવું પડ્યું, જો રામચંદ્રજી એકલા વનમાં હોત તો આ કોઇ ઉપાધિ ન હોત.

તેમ હે પિતાજી ! હું એકલો છું તેમાં મને આપની સેવાનો જે લાભ મળે છે તે પરણ્યા પછી નહિ મળે. માટે એકલા રહેવામાં જ મઝા છે. તેણે સીધી રીતે પિતાજીને ન કહ્યું, આડકતરી રીતે કહ્યું પણ પિતા ન માન્યા. પરાણે એક શ્રીમંતની પુત્રી સાથે તેનાં લગ્ન કરાવી દીધાં.

પરણ્યાની પ્રથમ રાત્રે બંને દંપતી બેઠાં છે. આ સમયે પતિની આંખમાંથી બોર બોર જેવડાં આસું પડે છે, પત્ની પૂછે છે સ્વામિનાથ ! આજે તો આનંદનો દિવસ છે અને આપની આંખમાં આંસુ છે તેનું શું કારણ ? આપ મને ખુલ્લા દિલથી વાત કરો, પણ પતિ એક શબ્દ બોલતો નથી.

બે ત્રણ વાર પત્નીએ પૂછ્યું પણ જેમ જેમ પૂછતી ગઇ તેમ તેમ તેની આંખમાં આંસુ વધતાં ગયાં. ત્યારે પત્ની પૂછે છે હે સ્વામિ ! જો આપ કોઈના પ્રેમમાં પડેલા હો અને આપના પિતાજીએ મારી સાથે આપનાં પરાણે લગ્ન કર્યા હોય અને તેથી આપના દિલમાં જો દુઃખ થતું હોય તો....

હું આપની બહેન થઇને રહેવા તૈયાર છું. અગર જો આપને કોઇ પ્રતિજ્ઞા હોય તો પણ હું સાથ આપવા તૈયાર છું, આપના મનમાં જે હોય તે કહી દો.

તો પણ પતિ કાંઇ ન બોલ્યો, ત્યારે પત્ની હાથ જોડીને ઊભી રહી, પતિવ્રતા સ્ત્રીનો ધર્મ છે કે પતિની આજ્ઞા પ્રમાણે રહેવું.

પતિને દુઃખ થાય એવું એક પણ કાર્ય કરવું નહિ પણ આવી સ્ત્રીઓ તો પુણ્યવાનને જ મળે.

कार्येषु मंत्री, शयनेषु रंभा, भुंक्तेषु माता, करणेषु दासी

પતિ જ્યારે આપત્તિમાં હોય ત્યારે પતિવ્રતા સ્ત્રી મિત્રની જેમ તેને સહાય આપે છે, સૂતી વખતે સ્ત્રીની મર્યાદા પ્રમાણે વર્તે છે. ભોજન સમયે જેમ માતા પુત્રને વહાલથી જમાડે છે તેમ પતિને પ્રેમથી જમાડે છે.

પત્ની વારંવાર પૂછે છે, સ્વામિનાથ ! આપ શા માટે રડો છો જે હોય તે મને એક વખત તો કહો ?

પતિ કહે છે તું મને ઘણું પૂછે છે તો હું કહું છું. કે પુરૂષોનું હૃદય કઠણ હોય છે એટલે તે કોઇ પણ વાતને જલ્દી બોલી શકતો નથી. સ્ત્રીઓનું હૃદય કોમળ હોય છે તેમ જ ગંભીરતા પણ ઓછી હોય છે. પણ તને સાંભળવાની ઇચ્છા જ છે તો સાંભળ.

તારા પિતાએ તને જે કરિયાવાર કર્યો છે, તેનાથી મને આનંદ નથી થયો પણ હું તને કરિયાવર કરવા ઇચ્છું છું બોલ તેનો તું સ્વીકાર કરીશ ?

બાઇ ઘણી ચતુર હતી તે હા કહે છે. તેને એમ ન થયું કે આજે પરણ્યાની ખુશાલીમાં મારો પતિ મને હીરાનો હાર આપશે કે બીજું કંઇ આપશે ?

તે સમજી ગઇ કે આજે તેઓ જે કરિયાવર આપશે તે મને સુખમાં અને દુઃખમાં કામ લાગશે.

પતિ કહે છે, બરાબર વિચારીને જ હા પાડજે, આજે પહેલા જ દિવસે તારી કસોટી છે અને જે કસોટીમાંથી પાર ઉતરે તે જ પતિવ્રતા સ્ત્રી છે. હીરો સરાણે ચઢે ત્યારે જ તેના તેજ ઝળહળી ઊઠે છે. આરસ પર ટાંકણાં શીલ્પી મારે છે ત્યારે જ તે પૂજનીય પ્રતિમા બને છે.

તેમ હે સ્ત્રી ! જો તું મારા કરિયાવરરૂપી કસોટીમાંથી પસાર થઇશ ત્યારે જ તું સાચી સ્ત્રી છે. નારી કહે છે આપને જે કહેવું હોય તે કહો હું સર્વ સ્વીકારવા તૈયાર જ છું.

પતિ કહે છે, મારી માતા ઘણી પરદુઃખભંજન છે, તે કોઇના માથે ચિંતા નાખતી નથી તે બધું જ સંભાળી લે છે બોલ તને એ પસંદ છે ને ?

પત્ની કહે, આપણા માથેથી જવાબદારીઓ ઉપાડી લે તેના જેવું બીજું સુખ ક્યું ? મને એ ગમે છે.

પતિ કહે છે એટલું જ નહિ પણ મારા માતપિતાના ઘરના જે દાગીના છે તે તો ત્રણ ચાર દિવસમાં જ માતા લઇ લેશે, એટલેથી પતશે નહિ પણ તને પંદર દિવસ થશે ત્યાં તો તારા બાપના ઘરનાં લાવેલાં સારાં કપડાં ને દાગીના લઇ લેશે બોલ ! તે વખતે તને અત્યારે આનંદ છે તેવો જ આનંદ રહેશે ?

પત્ની કહે છે અહો સ્વામિનાથ ! આમાં કઇ મોટી વાત છે ? આ દાગીના આપણી પાસે હશે તો ચોરાઇ જવાનો ભય રહેશે ને કદાચ ચોર ચોરી કરીને લઇ જાય તો દુઃખ થાય, પણ મારાં વડીલ

સાસુ લઇ જાય તો તેમાં મને શું દુઃખ થાય ! મારા દાગીના લઇ લેશે એટલું જ નહિ પણ મારું સર્વસ્વ લઇ લેશે અને મને ઘરની નોકરડી બનાવીને રાખશે તો પણ મારૂં લોહી ગરમ નહિ થાય. મારી આંખનો ખૂણો પણ લાલ નહિ થાય....

ત્યારે પતિ કહે છે તો તો મારૂં જીવન ધન્ય થયું માનીશ. ફરી કહે છે, મારી માતા તને ગમે તેવા કષ્ટો આપશે તો તારાથી સહન થશેને ? ઘરની બહાર વાત જવી ન જોઇએ....

પત્ની સમજી ગઇ કે પતિને માતા તરફથી ઘણું દુઃખ હશે, માટે તે મને સીધી રીતે કહી શકતા ન હતા, આડી રીતે મને સમજાવી દીધું.

પત્ની કહે છે સ્વામિનાથ ! આપની બધી વાતો મને મંજૂર છે એટલું જ નહિ મારૂં સર્વસ્વ લઇ લેતાં કહેશે કે તારાં પ્રાણ દઇ દે તો પ્રાણ દેવાને પણ હું તૈયાર છું. આવો જવાબ પત્નીએ આપ્યો ત્યારે પતિએ કહ્યું તને ધન્ય છે.

પરણ્યાને ચાર દિવસ થયા ને સાસુ કહે છે વહુ ! અમારા ઘરના દાગીના ઉતારી આપો. તરત જ હર્ષભેર દઇ દીધા. પંદર દિવસ થયા એટલે પિયરના દાગીના માંગ્યા, તરત જ વહુએ દાગીના આપી દીધા. કપડાં પણ ફક્ત ચાર જોડ રાખીને સાસુને આપી દીધા. તેણે એટલો પણ વિચાર ન કર્યો કે પછી સાસુ નહિ આપે તો શું કરીશ ?

સાસુ સસરાનો તે ખૂબ વિનય કરે છે, આખા ઘરનું બધું કામ જાતે કરે છે છતાં સાસુ ચેન પડવા દેતી નથી. સાસુના કડવા વેણ વહુ ને દીકરો અમૃત સમાન ગણીને પી જાય છે. હજુ પરણ્યાને છ મહિના થયા ત્યાં સાસુ કહે છે તમે મારા ઘરમાં નહિ, જુદા થઇ જાઓ, પ્રેમથી જુદા રહ્યાં.

હજુ વર્ષ પણ થયું નથી, ત્યાં સાસુ કહે છે, તમે મારા ગામમાં પણ ન જોઇએ. અમારૂં બધું મૂકીને બહારગામ ચાલ્યા જાવ. *આ સમયે વહુ ગર્ભવતી છે, સાતમો માસ ચાલી રહ્યો છે,* સાસુએ આ સ્થિતિનો પણ ખ્યાલ ન કર્યો ને દીકરા વહુને કાઢી મૂક્યા.

એ જ હસતે ચહેરે બંને જણાં ગામ છોડીને ચાલી નીકળ્યાં, ને એક મોટા શહેરમાં આવ્યાં. આ છોકરો એક મીલમાં નોકરી કરે છે. પણ કોઇને પોતાની ઓળખાણ આપતો નથી કે હું ફલાણાનો છોકરો છું, જો ઓળખાણ આપે તો પિતાજીની પેઢીને તથા ઇજ્જતને ધક્કો લાગે. થોડા સમયમાં ઘેર પુત્રનો જન્મ થાય છે. આનંદપૂર્વક રહે છે, પોતાને જે પગાર મળે છે તેમાંથી પોતાની આજીવિકા ચલાવે છે, ને જે વધે તે ગરીબ અને અનાથને આપે છે, પણ સંગ્રહ કરતાં નથી.

આ રીતે દિવસો પસાર કરે છે, પણ કર્મની કળા અકળ છે, માણસને માથે કયારે આપત્તિનું વાદળ ઓચિંતાનું આવી પડશે તે કહી શકાય નહિ, પતિને તાવ આવવા લાગ્યો, પાંચ-છ દિવસ આવ્યો પણ નોર્મલ ન થયો, ટાઇફોડ થઇ ગયો, નોકરીએ જવાનું બંધ થઇ ગયું.

પોતે પૈસાનો સંગ્રહ કરતાં નથી, પતિની સેવા માટે ઘરમાં પૈસા નથી, હવે શું કરવું ? પતિ કહે તું મારા શેઠ પાસે જા, હાલ સો રૂપિયા મારા નામે લઇ આવ.

પત્ની કહે, શેઠ પાસે એકદમ હાથ ધરવો સારો નહિ, હું શ્રમ કરીશ, લોકોનું કામ કરીને પૈસા લાવીશ. પછી પત્ની લોકોનાં કામ કરીને ગુજરાન ચલાવવા જેટલું મેળવે છે. કર્મોદયે પતિની

બિમારીએ ભયંકર સ્વરૂપ પકડ્યું, એક કારમો દિવસ ઉગ્યો, પતિને ખૂબ તાવ આવ્યો, બેભાન થઇ ગયો, પતિને માથે ઘસવા માટે બરફ લાવવાના પૈસા પણ ઘરમાં નથી, હાથની ચૂડી વેચીને બરફ લાવીને પતિના માથે ઘસે છે.

આ સમયે તેનો ત્રણ વર્ષનો ફૂલ જેવો બાળક રમવા ગયો છે, રમતો રમતો સડક પાસે આવ્યો, તે સડક પરથી એક ગાડી પસાર થાય છે. જેને ધનનો નશો ચઢ્યો છે, જે અભિમાનથી અક્કડ બની ગયો છે એવા એક શેઠની ગાડી બેફામ રીતે જઇ રહી છે, આ ગાડીની હડફેટમાં આ ફૂલ જેવો બાળક આવી ગયો, તેના ઉપર ગાડીનું પૈડું ફરી વળ્યું, ત્રણ વર્ષનું કુમળું ફૂલ કરમાઇ ગયું...

દારૂનો નશો તો અમૂક ટાઇમ રહીને ઉતરી જાય છે પણ જેને ધનનો નશો ચઢ્યો છે તે તો ઊતરતો જ નથી. એ નશો તમને પતનના પંથે લઇ જનાર છે, શેઠે જાણ્યું કે બાળક કચડાઇ ગયો છે છતાં ગાડી અટકાવતો નથી, પણ લોકોએ વચ્ચે પડીને ગાડી અટકાવીને શેઠને ઊભા રાખ્યા.

આ શેઠ બીજા કોઇ નહિ પણ આ બાળકનો પિતા જેની મિલમાં નોકરી કરતો હતો તે મિલનો આ શેઠ છે, લોકોએ બાળકની માતાને આ ખબર આપી, બાઇ તેના પતિને બરફ ઘસી રહી હતી, પતિની સ્થિતિ ગંભીર છે, બેભાન છે. આવી સ્થિતિમાં પતિને મૂકીને ત્યાં આવી. પોતાના વહાલસોયા બાળકને આ રીતે કચડાયેલો જોઇને કઇ માતાને દુઃખ ન થાય ?

આ દશ્ય જોઇને બાઇ તમ્મર ખાઇને ભોંય પર પડી ગઇ. તેને પાણી છાંટીને શુદ્ધિમાં લાવી અને કહ્યું, આ શેઠે તારા બાળકને કચડી નાંખ્યો છે, અને પાછો ઊભો રહેતો ન હતો, હવે તું એના ઉપર કેસ કર.

બાઇએ શેઠ તરફ નજર કરીને જોયું તો પોતાના જ શેઠ છે, વિચાર થયો કે જેનું લૂણ ખાઇએ છીએ તેના ઉપર કેસ કેમ કરાય ?

શેઠ ગભરાયા. આ બાઇ કેસ કરશે તો જેલમાં જવું પડશે, ભયથી શેઠે ખિસ્સામાં હાથ નાખ્યો ને રૂ. ૫,૦૦૦ હજારનો ચેક કાઢીને બાઇને કહ્યું, તું આ ચેક લઇ લે પણ મને જવા દે. બાઇ કહે, શેઠ ! બનવાનું હતું તે બની ગયું, મારે તમારા પાંચ હજાર રૂપિયાનો ચેક ન જોઇએ.

મારા દીકરાનું મૂલ્ય પાંચ હજારનું નથી. એ તો મારે મન મારું સર્વસ્વ છે. કર્મના કોયડાને કોઇ પહોંચી શક્યું નથી, મારા દીકરાની બદલીમાં પાંચ હજારનો ચેક જોઇતો નથી, મારે તમારા ઉપર કેસ કરવો નથી પણ હું આપને એટલું જ કહું છું કે વખત આવ્યે મારા જેવા ગરીબના બેલી બનજો.

શેઠ મોટર લઇને ઘર ભેગા થઇ ગયા. બાઇ તેના પુત્રની અંતિમ ક્રિયા કરવામાં રોકાઇ ગઇ. આ તરફ તેનો પતિ શુદ્ધિમાં આવે છે, પણ પત્નીને ન જોઇ તેથી તેને થઇ ગયું કે બહુ માંદા રહેવું સારું નહિ, હું ઘણા દિવસથી માંદો રહું છું, ઘરમાં હવે કાંઇ રહ્યુ નથી એટલે મારી પત્ની મારાથી કંટાળીને ચાલી ગઇ છે, તેવું લાગે છે.

ખરેખર આ દુનિયા સ્વાર્થની જ સગી છે, તેના મનમાં આ વિચારો ચાલી રહ્યા છે ત્યાં જ તેની પત્ની આવી. પુત્રના મરણનો હૃદયમાં ભયંકર આઘાત છે, પણ પતિ માંદો છે તે આ વાત જાણે તો તેના મન ઉપર અસર થઈ જાય એટલે હસતે ચહેરે પતિ પાસે ગઈ. એનો પતિ કહે છે તું હવે મારાથી કંટાળી ગઈ લાગે છે ! કેમ ! પત્ની કહે, સ્વામિનાથ ! આપ આ શું બોલો છો ! પતિ કહે, જો તેમ ન હોય તો તું મને આવી ભયંકર સ્થિતિમાં મૂકીને ક્યાંય જાય તેવી નથી.

પત્ની કહે, મારે અચાનક કામ આવી પડ્યું ને જવું પડ્યું, જેમ તેમ કરીને પતિને સમજાવી દીધો.

થોડી વાર થઈ એટલે પતિ બોલ્યો, ઠીક, તું તો આવી પણ ઘડીએ ઘડીએ તારા ખોળામાં આવી પડનારો તારો પાલવ ખેંચનારો કેમ દેખાતો નથી ! એ ક્યાં ગયો છે ? પત્ની કહે, આપને ઠીક ન હતું ને એ મને બહુ પજવતો હતો એટલે પાડોશીને ઘેર મૂકીને આવી છું.

પતિ કહે છે, હવે તેને લઈ આવ. હમણાં આવશે એમ કહીને પતિને સમજાવ્યો, થોડીવાર થઈને બાબો ન આવ્યો એટલે ફરીથી હઠ કરીને કહ્યું, હવે તારી આશાના મિનારા તેના ઉપર જ છે, આ બિમારીમાંથી બચું તેવી મને આશા નથી.

પત્ની કહે, આવું શું બોલી રહ્યા છો ? પણ તું બાબાને લઈ આવ. હું તેને રમાડી લઉં, તેના માથે વહાલભર્યો હાથ ફેરવી લઉં.

હવે પત્ની સાચી વાત કહે છે, સ્વામિ ! ત્રણ વર્ષ માટે તે આપણે ઘેર મહેમાન થઈને આવ્યો હતો, તે મહેમાન ચાલ્યો ગયો, હું તેને વિદાય આપવા ગઈ હતી, શું બોલે છે ! આપણો લાડકવાયો ચાલ્યો ગયો ! પતિ રડે છે, ત્યારે બાઈ તેને સાંત્વન આપે છે.

આ દુનિયામાં કોણ કોનું છે ? શું તે ગયો ને આપણે નથી જવાનું ? વહેલા કે મોડા એક દિન સહુને જવાનું છે. આપ શાંતિ રાખો. એ ત્રણ વર્ષ આપણને કિલ્લોલ કરાવીને ચાલ્યો ગયો. આપણે તેના માર્ગે જ જવાનું છે. આપ વધુ ચિંતા ન કરો. ધાર્મિક દાખલા અને દલીલો આપીને પતિને સમજાવ્યો.

હજુ પતિની તબિયત સારી થતી નથી. દવા માટે પૈસાની જરૂર છે. એટલે પતિના કહેવાથી પત્ની શેઠ પાસે ગઈ. પટાવાળાની પરવાનગી મેળવી શેઠને મળીને કહ્યું, સાહેબ ! આપની મિલમાં નોકરી કરતો અમુક મજૂર આટલા વખતથી ખૂબ બિમાર છે તેની ચાકરી માટે ૨૦૦ રૂપિયાની જરૂર છે તો કૃપા કરીને આપો. તે સાજો થશે એટલે વધુ મહેનત કરીને વાળી આપશે.

ત્યારે શેઠ મિજાજમાં આવીને કહે છે, આવા તો કંઈક માદાં થશે ને મરશે, ને કંઈક માંગવા આવશે, શું એ ભિખારીઓને માટે પૈસા કમાઈએ છીએ ? ચાલી જા અહીથી, એમ કહીને ધક્કો માર્યો.

ત્યારે બાઈ કહે છે શેઠ ! મને આમ ધક્કો ન મારો. જ્યારે તમારી ગાડી નીચે મારા બાળકને કચડી નાખ્યો હતો ત્યારે તમે રૂ. ૫,૦૦૦ હજારનો ચેક આપવા ઊઠ્યા હતા, તો તેના બદલે અત્યારે પચાસ રૂ. તો આપો.

ત્યારે શેઠ બોલ્યા, ઘડી ગઇ, પળ ગઇને સબ ગયું, હવે તારે કોર્ટમાં કેસ કરવો હોય તો ખુશીથી કર, મને ડર નથી, એમ કહીને બાઇને કાઢી મૂકી. બાઇ પોતાના ઘેર આવી પ્રભુને અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરવા લાગી હે પ્રભો ! તારા સિવાય અમારો કોઇ આધાર નથી. શુદ્ધ હૃદયથી પ્રભુને પ્રાર્થના કરતાં કહે છે.

હે પ્રભુ ! અત્યાર સુધીમાં મેં પરાયા પુરૂષ સામે દૃષ્ટિ કરી નથી, મેં કોઇ જીવોને દુભાવ્યા નથી, જો મારા ચારિત્રનું બળ હોય તો મારા પતિને સારું થઇ જજો. હૃદયનું આંદોલન છે.

પ્રભુના નામનું સ્મરણ કરતી પતિના માથે હાથ ફેરવવા લાગી, કુદરતને કરવું તેના વેદનીય કર્મનો અંત આવ્યો.

તાવ ધીમે ધીમે નોર્મલ થતો ગયો, અઠવાડિયામાં તો તાવ બિલકુલ નોર્મલ થઇ ગયો ને આંગણામાં ફરવા લાગ્યો, લગભગ હવે તે નોકરી ઉપર જઇ શકે તેવી સ્થિતિ ઉપર આવી ગયો.

ત્યાં એક ઘટના બની ગઇ. શેઠની મિલમાં ભયંકર આગ લાગી. મિલમાલિક શેઠ આગમાં ઝડપાઇ ગયા, આ માણસને આ વાતની ખબર પડી, બંબા પણ આવી ગયા છે, પણ કોઈ શેઠને બહાર લાવવાનું હિંમત કરતું નથી.

આ સાહસિક યુવાન દોડતો આવ્યો ને ભડભડતી આંગમાં પડવા જાય છે પણ લોકો તેને ના પાડે છે, ભાઇ તું માંડ માંડ મોતના મુખમાંથી બચ્યો છે, દુષ્ટ શેઠે તારી સ્ત્રીને ધક્કો માર્યો હતો, તારા બાળકને તેણે કચડી નાંખ્યો છે, તેને બચાવવા શા માટે જાય છે ?

આ યુવાન કહે છે કે જેના અન્નનો કણ હજુ મારા પેટમાં છે તેવા શેઠનો ઉપકાર કેમ ભૂલાય ? શેઠ બળી જતા હોય ને હું આમ જોયા કરૂં ! આ મારી માનવતા નથી.

તરત જ અગ્નિમાં કૂદી પડ્યો ને શેઠને ઉંચકીને બહાર લાવ્યો. પોતે પણ થોડો દાઝી ગયો છે, જેની માનવતાનો અંતરનાદ પોકાર કરે છે તે જ આવું સાહસ ખેડી શકે છે.

આ માણસે પોતાના શરીરની દરકાર ન કરી, શેઠનું માથું ખોળામાં લઇને બેઠો છે, શેઠ ભાનમાં આવતાં નોકરની સામું જુએ છે....

લોકો એકના તરફ ફૂલનો વરસાદ વરસાવે છે, ને બીજા તરફ તિરસ્કારની દૃષ્ટિએ જાુવે છે. શેઠે જોયું તો પોતાનો જાુનો નોકર હતો, જેના બાળકને પોતે કચડી નાખ્યો હતો, અહો ! મેં એના ઉપર આટલો અપકાર કર્યો છતાં તેણે મને બચાવ્યો, શેઠની આંખ ખૂલી ગઇ. કહે છે...

ભાઇ ! તું ધન્ય છે. ને હું અધન્ય છું, તું જ અમીર છે, હું ગરીબ છું, તું માનવ છે, હું દાનવ છું. પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કર્યો, શેઠ કહે, આજથી હું તને મારી મિલનો મેનેજર બનાવું છું, બધો વહીવટ સોંપું છું. આ કહે છે શેઠ ! આપને આટલો બધો પસ્તાવો કરવાની જરૂર નથી. મેં તો કાંઇ જ કર્યું નથી, મેં તો મારી ફરજ બજાવી છે, હવે મારે આપની મિલમાં નોકરી કરવી નથી. તે બીજે કામ કરે છે. તેમાં સારા પૈસા કમાયો. વેપાર કર્યો ને સારા પુન્યના યોગે કરોડો રૂપિયા કમાયો.

આનંદથી રહે છે, કંઇક દુઃખીના દુઃખ દૂર કરે છે. આ તરફ પુત્ર અને વહુને કાઢી મૂક્યા પછી તેના માતપિતાના પાપનો ઉદય થયો ને તેની લક્ષ્મી ચાલી ગઇ.

કંગાલ અવસ્થામાં માતપિતા ફરતાં ફરતાં પુત્ર રહે છે તે ગામમાં આવે છે, પુત્રે માતપિતાને ઓળખ્યા અને પોતાના ઘેર લાવ્યો. માતપિતાની સેવા કરીને ઘરનું બધું તંત્ર માતપિતાને સોંપી દીધું, આવી પુત્ર અને વહુની ઉદારતા જોઇને સાસુની આંખ ખૂલી ગઇ.

મેં તો તમને ખાલી હાથે કાઢ્યાં હતાં, છતાં તમો મહાસુખી બની ગયાં, ખરેખર તે જ સાચા માનવ છે, જે માનવ નહિ પણ દેવ છે.

**આ કથાનો અંતિમ સાર.....**

પોતાનું સુખ જતાં પણ બીજાને સુખ મળતું હોય તો પોતે કષ્ટ વેઠીને પણ બીજાને શાંતિ આપજો. તો જ તમે માનવતાનો અંતરનાદ જગાવી શકશો ને આત્મકલ્યાણ કરી શકશો....

**ઊંચે ઊંચે સબ ચલે, નીચા ચલે ન કોય;**
**તુલસી નીચા જો ચલે, ધ્રુવસે ઊંચા હોય... ૧.**

**પ્રભુતાકું સબ કોઇ ચહે, પ્રભુકું ચહે ન કોઇ;**
**જો તુલસી પ્રભુકું ચહે, આપ હી પ્રભુતા હોઇ. ૨.**

# વ્યાખ્યાન ત્રીજું

## મૌન એકાદશીની કથા

**प्रणम्य श्रीमद्वामेयं, पार्श्वयक्षादि पूजितम ।**
**माहात्म्यं स्तौमि श्री मौनेकादश्या गद्यपद्यभृत् ॥**

શ્રી વામામાતાના પુત્ર અને પાર્શ્વયક્ષાદિકથી પૂજાયેલા એવા શ્રી પાર્શ્વપ્રભુને નમસ્કાર કરીને ગદ્યપદ્યાત્મક એવું મૌનએકાદશીનું માહાત્મ્ય કહું છું.

એકદા દ્વારિકાનગરીમાં શ્રી નેમનાથસ્વામિ સમોસર્યા. તે સમાચાર વનપાલકના મુખેથી સાંભળીને શ્રીકૃષ્ણ અતિ હર્ષિત થયા. પછી તે વનપાલકને યોગ્ય દાન આપીને કૃષ્ણવાસુદેવ સર્વ સમૃદ્ધિ સહિત શીવાદેવી માતાના અને સમુદ્રવિજય પિતાના પુત્ર શ્રી નેમનાથ પ્રભુને વાંદવા ગયા. વિધિપૂર્વક વંદન કરી, યોગ્ય સ્થાને બેસી પ્રભુની દેશના સાંભળવા લાગ્યા.

**अेगदिणे जे देवा, चवंति तेसिं पि माणुसा थोवा ।**
**कत्तो मे मणुयभवो, इति सुरवरो दुहिओ ॥**

એક દિવસમાં જેટલા દેવતાઓ ચવે છે, તેના કરતાં પણ આ પૃથ્વી ઉપર માનવો ઓછા છે, તેથી દેવતાઓ ચિંતવે છે કે, અમને મનુષ્યભવ ક્યાંથી મળે ? માટે તેઓ દુઃખ ધારણ કરે છે. એવી રીતે દેવને પણ દુર્લભ મનુષ્યભવ જાણીને પ્રમાદ કરવો નહિં...

**अन्नाण-संसओ चेव, मिच्छत्ताणं तहेव य ।**
**रागो दोसो मइब्भंसो, धम्मम्मि य अणायरो ॥ १ ॥**

**जोगाणं दुप्पणिहाणं, पमाओ अट्ठ महा भवे ।**
**संसारुत्तार कामेणं, सव्वहा वज्जियव्वओ ॥ २ ॥**

અજ્ઞાન, મિથ્યાત્વ, સંશય, રાગ, દ્વેષ, મતિની ભ્રષ્ટતા, ધર્મ ઉપર અનાદર અને યોગનું દુષ્પ્રણિધાન આ રીતે પ્રમાદ આઠ પ્રકારના છે. તેથી સંસારથી મુક્ત થવા ઇચ્છનારાએ તેનો સર્વથા ત્યાગ કરવો. આ પ્રમાણે ધર્મદેશના સાંભળી, કૃષ્ણવાસુદેવે નેમનાથ ભગવંતને પૂછયું.

હે પ્રભુ ! હું અહર્નિશ રાજ્યકાર્યમાં વ્યગ્ર હોવાથી નિરંતર ધર્મ શી રીતે કરી શકું ? માટે આખા વર્ષમાં એક ઉત્તમ દિવસ સારરૂપ હોય તે બતાવો.

ભગવંતે કહ્યું કે હે કૃષ્ણ ! જો તમારી ઇચ્છા એવી હોય તો માગશર શુક્લ એકાદશીનું તમો આરાધન કરો, તે દિવસે વર્તમાન ચોવીશીના ત્રણ તીર્થંકર મળીને પાંચ કલ્યાણક થયાં છે...

**अस्यां चक्रिपदं हीत्वाऽग्रहीदरजिनो व्रत्तम् ।**
**जन्म दीक्षां च सज्ज्ञानं, मल्ली ज्ञानं नमीश्वरः ॥ १ ॥**

આ એકાદશીના દિવસે શ્રી અરનાથપ્રભુએ ચક્રવર્તીપણું છોડીને ચારિત્ર અંગીકાર કર્યું હતું. મલ્લિનાથ પ્રભુનાં જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન કલ્યાણક અને નમિનાથ ભગવંતનું કેવલજ્ઞાન કલ્યાણક મળી કુલ પાંચ આ ભરતક્ષેત્રને વિષે થયાં છે. હવે નિયમ પ્રમાણે આ જ દિવસે પાંચ ભરતમાં, પાંચ ઐરવત ક્ષેત્રમાં ત્રણ ત્રણ તીર્થંકરોનાં મળીને પાચ પાંચ કલ્યાણકો થવાથી પચાસ કલ્યાણકો થયાં છે. તેમ જ અતીત, અનાગત અને વર્તમાન સમયના ભેદથી એકસો પચાસ કલ્યાણકો ત્રીશ ચોવીશીમાં થઇને નેવું તીર્થંકરોનાં થયાં છે. તેથી તે દિવસ આરાધના કરવા માટે મોટો અને ઉત્તમ છે. વળી અર્કપુરાણ નામના શૈવી શાસ્ત્રમાં કહ્યું છે કે હે અર્જુન ! હેમંત ઋતુને વિષે માગશર શુક્લ એકાદશીને દિવસે જરૂર ઉપવાસ કરવો, કેમકે, હંમેશ જે માનવી પોતાના ત્યાં બે લાખ બ્રાહ્મણોને ભોજન કરાવે છે, તેને એટલું ફળ મળે તેટલું ફળ માત્ર આ એકાદશીનો એક ઉપવાસ કરવાથી મળે છે.

જેમ કેદારનાથ તીર્થમાં જઇ ઉદકપાન કરવાથી પુનર્જન્મ થતો નથી તેમ આ એકાદશીના ઉપવાસથી પણ ફરી જન્મ થતો નથી. માટે હે અર્જુન ! આ એકાદશીની આરાધના ગર્ભાવાસનો નાશ કરે છે. તે વ્રતની આરાધના જેવી બીજી આરાધના નથી.

માટે હે કૃષ્ણ વાસુદેવ ! લૌકિક શાસ્ત્રમાં પણ આનું માહાત્મ્ય વર્ણવ્યું છે. માટે હે કૃષ્ણ ! લોકોત્તર સુખ મેળવવાની ઇચ્છાવાળા આત્માઓએ આ પર્વની અવશ્ય આરાધના કરવી જોઇએ. આ પ્રમાણે લોકોત્તર ફળને આપનારું મૌન એકાદશીનું માહાત્મ્ય નેમીશ્વર પ્રભુના મુખથી સાંભળીને શ્રી કૃષ્ણ વાસુદેવે ફરીથી પૂછયું.

હે સ્વામિ ! આ એકાદશીનું આરાધન પૂર્વે કોણે કર્યું છે તે કહો ત્યારે પ્રભુએ સુવ્રત શેઠનું દષ્ટાંત આપ્યું જે નીચે પ્રમાણે છે.

ધાતકીખંડમાં આવેલા વિજયપતનમાં સુર નામે શ્રેષ્ઠિ રહેતો હતો, રાજા પણ તેને ખૂબ

આદરમાન, બહુમાન આપતો હતો. ગામમાં સર્વ વ્યાપારીઓમાં તે અગ્રેસર હતો. તેને સુરમતી નામની શીલવંતી પત્ની હતી. એક વખત તે શ્રેષ્ઠિ સુખે સૂતો હતો, પાછલી રાત્રે નિદ્રા દૂર થઇ તે વખતે તેને વિચાર આવ્યો કે, હું પૂર્વજન્મના પુન્યોદયથી સુખમાં મગ્ન થઇને દિવસો પસાર કરૂં છું પરંતુ પરલોકનું હિતકર કાર્ય કાંઇ પણ કરવું જોઇએ, કેમકે, તે વિના સઘળું નિરર્થક છે.

એ પ્રમાણે વિચાર કરતાં સૂર્યોદય થયો, પોતાની શય્યામાંથી ઊઠીને પોતાનું નિત્યકર્મ કરીને તે શ્રેષ્ઠિ ગુરૂને વંદન કરવા માટે ગયો. ગુરૂમહારાજને વંદન કરીને યથાયોગ્ય સ્થાને ધર્મદેશના સાંભળવા માટે બેઠો. અને ગુરૂમહારાજે દેશના આપવા માંડી.

**आलस्समोहाऽवन्ना कोहा पमाय किविणत्ता ।**
**भय सोगाऽन्नाणा, वक्खेव कुरुहणा रमणा. ॥ १ ॥**

આળસ, મોહ, અવજ્ઞા, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વિકથા, કુતુહલ, આ કાઠીયાઓનો જે ત્યાગ કરતો નથી તે નરકગતિમાં ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે...

**पणकोडि अडसय लक्खा, नवनवइसहस्सपंचसया ।**
**चुलसी अहिय नरए, अपईट्ठाणम्मि ( से ) वाही ॥ १ ॥**

પાંચ કરોડ, અડસઠ લાખ, નવાણું હજાર, પાંચસો અને ચોરાશી વ્યાધિઓ અપ્રતિષ્ઠાન નામના સાતમી નરકને છેલ્લે પાથરે છે. માટે હે શ્રેષ્ઠિ ! આવાં નરકનાં દુઃખનો નાશ કરવા માટે હંમેશાં ધર્મ કરવો. કેમકે, પુણ્યનો મહિમા અચિંન્ત્ય છે. કહ્યું છે કે -'

**भरहे य केवि जीवा, मिच्छा दिट्ठीय भदा भावा ।**
**ते मरिऊण नवमे वरिसम्मि हुंति केवलिणो ॥ १ ॥**

આ ભરતક્ષેત્રમાં કેટલાક ભદ્ર પરિણામી મિથ્યાદષ્ટિ જીવો પણ છે કે જે અહીંથી મરીને નવમે વરસે મહાવિદેહમાં કેવળી થાય છે...

હે શ્રેષ્ઠિ ! સુલભબોધિ જીવને કાંઈ દુષ્કર નથી, એ પ્રમાણે ગુરૂભગવંતની દેશના સાંભળી શ્રેષ્ઠિ બોલ્યો, હે મહારાજ ! ગૃહકાર્યમાં હંમેશાં ખૂંચેલો રહેવાથી હંમેશાં ધર્મ કરવાની મારી શક્તિ નથી. તેથી મને એક એવો દિવસ બતાવો કે જેથી તે એક દિવસની આરાધનાથી આખા વર્ષ જેટલું પુન્ય ઉત્પન્ન થાય..

ત્યારે ગુરૂભગવંત બોલ્યા : માગશર માસની શુક્લ એકાદશીને દિવસે ઉપવાસ પૂર્વક આઠ પ્રહરનો પૌષધ લેવો. તે દિવસે સાવદ્ય વાણીનો વ્યાપાર તદન બંધ કરીને મૌનપણે રહેવું. એ પ્રમાણે અગિયાર વર્ષ અને અગિયાર માસ સુધી એકાદશીની પૂર્વોક્ત વિધિપૂર્વક તપ કરીને પછી મોટા ઉત્સવથી ઉજમણું કરવું.

આ પ્રમાણે સાંભળીને તે શ્રેષ્ઠિએ અતિ હર્ષથી ભાવપૂર્વક પરિવાર સહિત તે વ્રત અંગીકાર કર્યું અને તપ પૂર્ણ થયો ત્યારે વિધિપૂર્વક ઉજમણું કર્યું. ત્યારબાદ પંદર દિવસ તેને એકાએક શૂલનો વ્યાધિ ઉત્પન્ન થયો તેથી મૃત્યુ પામીને તે અગ્યારમા આરણ નામના દેવલોકમાં ઉત્પન્ન થયો.

અગ્યારમા દેવલોકના એકવીશ સાગરોપમનું આયુષ્ય ભોગવી ત્યાંથી ચ્યવીને આ ભરતક્ષેત્રમાં સૌરીપુર નામના નગરમાં સમુદ્રદત્ત શ્રેષ્ઠિની ભાર્યા પ્રીતિમતીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયા.

ગર્ભના મહિમાથી પ્રીતિમતીને દોહદ થયો કે, હું શ્રાવકના બાર વ્રત ગ્રહણ કરૂં, મહાવ્રતને ધારણ કરનાર મુનિઓને અશનાદિ ચારે પ્રકારનો આહાર વહોરાવી ભક્તિ કરૂં. સર્વ સંસારી જીવોને પોતે વ્રતધારી કરૂં. તેમ જ નૃત્ય, ગીત, વાજિંત્ર તથા વાર્તા વિનોદમાં સમ્યક્ પ્રકારે વ્રત પાળનારાઓના ગુણોનું શ્રવણ કરૂં.

એ પ્રમાણેનો દોહદ શ્રેષ્ઠિએ પૂર્ણ કર્યો પછી સમય આવતાં પ્રીતિમતિએ રૂપ અને લાવણ્યથી ભરપૂર એવા પુત્રને જન્મ આપ્યો. નાળ દાટવા માટે પૃથ્વી ખોદતાં તેમાંથી નિધાન પ્રગટ થયું. પિતાએ સુવ્રત એવું નામ રાખ્યું. અનુક્રમે ગુરૂની સાક્ષિએ સમગ્ર કળાઓ શીખ્યો. યુવાવસ્થા પામતાં પિતાએ તેને મહા મહોત્સવપૂર્વક અગિયાર કન્યાઓ પરણાવી. પછી આયુષ્ય પૂર્ણ થતાં તેના પિતા મરણ પામ્યા. એટલે તે સુવ્રત અગિયાર ક્રોડ દ્રવ્યનો સ્વામી થયો.

એકદા તે ગુરૂને વંદન કરવા ગયો. તે ગુરૂ ભગવંત પાંચ સમિતિ ત્રણ ગુપ્તિથી યુક્ત હતા. પાંચ મહાવ્રતોનો ભાર ધારણ કરવામાં ધુરંધર હતા. દેવ, મનુષ્ય, તિર્યંચના ઉપસર્ગોને જીતનારા હતા. સત્તાવીશ ગુણોથી યુક્ત હતા. મુનિઓના નાયક હતા, કામદેવના વિકારથી રહિત હતા.

જિનેશ્વરોએ કહેલા શાસ્ત્રોનો સમ્યગ્ બોધ હોવાથી ભવ્ય પ્રાણીઓના હૃદયને દેશનાથી આનંદ પમાડતા હતા. ક્ષમા, મૃદુતા, આર્જવતા, મુક્તિ, તપ, સંયમ, સત્ય, પવિત્રતા, પરિગ્રહરહિત, બ્રહ્મચર્ય આદિ દશ પ્રકારના યતિધર્મનું પાલન કરવામાં સાવધાન હતા.

નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિનું સારી રીતે પાલન કરવામાં તત્પર હતા. ચંદનથી પૂજા કરનાર ઉપર અને શસ્ત્રથી છેદ કરનાર ઉપર તેમનો સમાન ભાવ હતો. પ્રશંસા, નિંદા, લાભઅલાભ, સુખ-દુ:ખમાં સમાન વૃત્તિ હતી. મેરૂપર્વત જેવા ધીર, સાગરસમ ગંભીર, શંખ જેવા ઉજ્જ્વલ, નિર્મલ ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત હતા.

આવા સર્વ ગુણસંપન્ન, સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવા શ્રી **ધર્મઘોષસૂરિ** નામના ગુરૂને સમવસરેલા જોઈને શ્રેષ્ઠી પુત્ર સુવ્રત જાણે પોતાનો પુણ્યસમૂહ સાક્ષાત્ પ્રગટ ન થયો હોય તેમ જાણી પોતાના આત્માને ધન્ય માનતો એવો વિનયસહિત વિધિપૂર્વક ગુરૂભગવંતને નમસ્કાર કરીને, ગુરૂભગવંતે આપેલી ભવ્ય જીવોના ચિત્તને હર્ષ આપનારી, દુરંત એવા સંસારરૂપી મહાસાગરને તરવામાં વહાણ જેવી અને ચોરાશી લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરવાથી કંટાળેલા જીવોને માટે મહાવૈરાગ્યને ઉત્પન્ન કરનારી, પાંચ પર્વની આરાધનાનું ઉત્તમ ફળ બતાવનારી એવી દેશના સાંભળીને સુવ્રત શેઠને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને ગુરૂદેવને પૂછ્યું.

હે ગુરૂદેવ ! મેં પૂર્વભવમાં મૌનએકાદશીનું તપ કર્યું હતું. તેના પ્રભાવથી હું અગિયારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો હતો અને ત્યાંથી ચ્યવીને અહીં પણ અગિયાર ક્રોડ સોનૈયાનો સ્વામી થયો છું. તો હવે હું શું સુકૃત કરૂં કે જેથી અસાધારણ ફળનો ભોક્તા થાઉં ?

ગુરૂદેવે કહ્યું, હે શ્રેષ્ઠિ ! જેનાથી તમને આવું સુખ પ્રાપ્ત થયું છે, તે જ એકાદશીનું તમો આરાધન કરો, કેમકે, જેનાથી દેહ વ્યાધિરહિત થયો હોય તે જ ઔષધ-સેવન જોઇએ.

**विधिना मार्गशीर्षस्यै कादशी धर्ममाचरेत्**

**यदेकादशभिर्वर्षैरचिरात्स शिवं भजेत् ॥ १ ॥**

જે આત્માનો માગશર માસની શુક્લ એકાદશીનું વિધિસહિત અગિયાર વર્ષ સુધી આચરણ કરે છે તે આત્માઓ થોડા વખતમાં મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે ગુરૂમુખથી સાંભળીને સુવ્રતશ્રેષ્ઠીએ પોતાની સ્ત્રીસહિત મૌનએકાદશીનું તપ અંગીકાર કર્યું. એક દિવસ શ્રેષ્ઠી કુટુંબસહિત આઠપહોરનો પોસહ લઇને પૌષધશાળામાં રહ્યાં હતા. તે દિવસે તે હકીકત જાણીને ચોર લોકો રાત્રિને વિષે તેના ઘરમાં પેઠા, અને ચોર લોકોએ સઘળું ધન લઇને તેની ગાંસડીઓ બાંધી ઘર વચ્ચે ઢગલો કર્યો, પછી તે ગાંસડીઓને ઉપાડી જવાનો ચોરો વિચાર કરે છે, તેવામાં શાસનદેવીએ તેમને સ્તંભિત કર્યા, થોડી મુદતે શોરબકોર થવાથી રાજાના સિપાઇઓ આવી તે ચોરોને પકડી રાજા પાસે લઇ ગયા. પ્રાતઃકાળે શ્રેષ્ઠિ પોસહ પાળી ઘણા ધનની ભેટ લઇને રાજા પાસે ગયા અને કહ્યું કે -

હે રાજન ! આ લોકો મારા ઘરના કામકાજ કરનારા છે, તેથી ઘરમાં જ્યાં ત્યાં પડેલ રત્નાદિકને એકઠાં કરીને ઘર વચ્ચે ઢગલો કર્યો, અને પગે અથડાતાં હતાં તેને સાચવી રાખ્યાં. માટે અમારા ચાકરોને મારવા યોગ્ય નથી. ઇત્યાદિ કહીને ચોરોને રાજા પાસેથી છોડાવ્યા, તે વાત જાણી નગરના લોકોએ શ્રેષ્ઠિની અત્યંત પ્રશંસા કરી. ત્યાર પછી શ્રેષ્ઠિએ પારણું કર્યું.

ફરીથી બીજી એકાદશીને દિવસે પણ શ્રેષ્ઠિએ પૌષધ અંગીકાર કર્યો, તે રાત્રિને વિષે દાવાનલની જેમ આખા નગરમાં અગ્નિ પ્રસરી ગયો તેને બુઝાવવાને ઉપાય નહિ ચાલતાં સર્વ લોકો જુદી જુદી દિશામાં નાસી છૂટ્યા, તે વખતે કોઇએ શ્રેષ્ઠિને કહ્યું કે -

શેઠ ! જૈનમતમાં દરેક વ્રતો આગારસહિત હોય છે, માટે તમો અત્યારે વ્રત તજી દો. એ પ્રમાણે કહ્યા છતાં વ્રતભંગની ભીતિથી શ્રેષ્ઠિ ઊઠ્યા જ નહિ. વ્રતના પ્રભાવથી તેનાં ઘર, દુકાનો, વખારો વગેરે કાંઇ પણ સમુદ્રમાં રહેલા બેટની જેમ અગ્નિથી કાંઇ બળ્યું નહિ તે જોઇને નગરના સર્વ લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા. એકાદશીનું સમગ્ર વ્રત પૂર્ણ થયું ત્યારે અગીયાર, અગીયાર, વસ્તુઓ એકઠી કરીને વિધિપૂર્વક મોટા ઓચ્છવથી શેઠે ઉદ્યાપન કર્યું, અને સંઘપૂજાદિક સાત ક્ષેત્રમાં દ્રવ્યનો ત્યાગ કરી પોતાનો જન્મ કૃતાર્થ કર્યો.

તે શ્રેષ્ઠિને એકાદશીના પુણ્યથી સ્ત્રીઓ પણ અગિયાર મળી. દરેક સ્ત્રીથી દશ પુત્રો અને એક પુત્રી થઇ હતી.

એકદા ચાર જ્ઞાનને ધારણ કરનારા **વિજયશેખરસૂરિ** તે નગરમાં પધાર્યા. તેમની વૈરાગ્યમય દેશના સાંભળીને શ્રેષ્ઠિ પ્રતિબોધ પામ્યા. એટલે તે વખતે પોતાની અગિયાર સ્ત્રીઓ સહિત મોટા મહોત્સવની સર્વવિરતિ ગ્રહણ કરી. અને ઘરનો સર્વ ભાર છોકરાઓને સોંપ્યો.

અતિચાર રહિત ચારિત્રનું પાલન કરતાં દ્વાદશાંગી કંઠે કરી, એક છમાસીતપ, ચારચોમાસી, સોઅઠમ, બસોછઠ ઇત્યાદિ ઘણા પ્રકારનાં આકરાં તપ કર્યાં. તેમની અગિયારે સ્ત્રીઓ માસમાસની સંલેખના કરી કેવલજ્ઞાન પામીને મોક્ષે ગઇ.

એક દિવસ એકાદશી હોવાથી **સુવ્રતમુનિએ** મૌન ધારણ કર્યું હતું. તે દિવસે એક સાધુને કાનમાં તીવ્ર વેદના થવા લાગી. તેવામાં કોઇ મિથ્યાત્વી વ્યંતર દેવતાએ **સુવ્રત મુનિને** વ્રતથી ચલાયમાન કરવા માટે તે માંદા મુનિના શરીરમાં પ્રવેશ કર્યો, અને રાત્રિના સમયે અધિક વેદના કરવા લાગ્યો. તેથી તે સાધુએ સુવ્રતમુનિને કહ્યું, તમો કોઇ શ્રાવકને ઘેર જઇ મારા શરીરની વ્યથાની વાત કહો કે જેથી તે મારા વ્યાધિની ચિકિત્સા કરે.

તે સાંભળીને સુવ્રતમુનિએ વિચાર્યું કે - મેં આજે ઉપાશ્રયની બહાર જવાનો નિષેધ કર્યો છે, અને વળી મૌન ધારણ કર્યું છે, તેવામાં સાધુએ સુવ્રતમુનિને ક્રોધનાં વચનો કહેવા પૂર્વક ધર્મધ્વજ (ઓઘા) વડે માર્યા. ત્યારે સુવ્રતમુનિએ વિચાર્યું કે - આ મહાત્માનો આમાં કોઇ જ દોષ નથી. મારો જ દોષ છે. કેમકે, હું તેની ચિકિત્સા કરાવતો નથી.

ઇત્યાદિ લોકોત્તર ભાવના ઉપર ચઢેલા અને મેરૂપર્વતની જેમ નિશ્ચળ થયેલા તેમને જોઇને તે દેવતા ધર્મમાં સ્થિર થઇ પોતાના સ્થાને ગયો. સુવ્રતમુનિ તો શુભભાવના ભાવતાં લોકાલોકમાં પ્રકાશ કરનાર કેવલજ્ઞાનને પામ્યા. તે વખતે દેવતાઓએ કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો.

ત્યાં સુવર્ણના કમલમાં બેસીને સુવ્રત કેવલીએ દયામય ધર્મદેશના આપી. પછી પૃથ્વી ઉપર વિચરતા ઘણા ભવ્યાત્માઓને પ્રતિબોધી અંતે અનશન કરી મોક્ષે ગયા. આ પ્રમાણે નેમિનાથ ભવાનના મુખથી એકાદશીનું ઉજ્જ્વળ માહાત્મ્ય સાંભળીને સમગ્ર નગરના લોકસહિત શ્રીકૃષ્ણે એકાદશીનું વ્રત અંગીકાર કર્યું. શાસ્ત્રોક્ત વિધિપૂર્વક જે લોકો પોતાની શક્તિ અનુસાર એકાદશીનું વ્રત આદરે છે, તેઓ સ્વર્ગના સુખ ભોગવીને અંતે મોક્ષે જાય છે.

# વ્યાખ્યાન ચોથું

## પોષદશમીની કથા

**वंदेऽहं पार्श्वनाथांध्रि - पंकजं सर्वसौख्यदम् ।**
**समस्तमंगलश्रेणि - लतापल्लवं तोयदम् ॥ १ ॥**

જગતના પ્રાણીઓને સુખ આપનારૂં, તથા વરસાદથી જેમ લતામાં નવાંકુરોની પ્રાપ્તિ થાય છે, તેમ સકલ મંગલની શ્રેણિઓને પ્રાપ્ત કરવાનાર શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણકમલને તથા સદ્‌ગુરૂઓને નમસ્કાર કરીને ભવ્ય જીવોના બોધના અર્થે આલોક અને પરલોકમાં સુખ આપનારૂં શ્રી પોષદશમીનું મહાત્મ્ય કહીશ.

એક લાખ યોજન પ્રમાણ જંબુદ્વીપમાં ભરત નામે ક્ષેત્ર છે. તે ક્ષેત્રને વિષે દક્ષિણભરતના મધ્યખંડમાં ચંપા નામની નગરી છે. તે નગરીમાં પૂર્ણભદ્ર નામના ચૈત્યને વિષે એકદા શ્રી વીરપ્રભુ

આવીને સમોસર્યા. શ્રી વીરપ્રભુના આગમનના સમાચાર સાંભળીને મગધાધિપતિ **શ્રેણિકમહારાજા** પોતાની ચતુરંગી સેનાસહિત વંદન કરવા આવ્યા.

પાંચ અભિગમ સાચવી, ત્રણપ્રદક્ષિણા દઈ વંદન કરી, પુષ્કરાવર્ત્તના મેઘસમાન વીરપ્રભુની દેશના સાંભળવા બેઠા. ચાર ગતિમાં પાણીના રેંટની માફક ભમતા એવા આત્માઓને ઉદેશીને પ્રભુ બોલ્યા.

**जिनधर्म विनिर्मुक्तो, माभूयां चक्र वर्त्त्यपि ।**

**स्यां चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः ॥ २ ॥**

જિનધર્મથી વિમુખ એવો કોઈ પણ આત્મા ચક્રવર્તી રાજા, શ્રીમંત કે ગરીબ કોઈ પણ હોય તે મોક્ષે જતો નથી, પણ અત્યંત ગરીબ હોય અને જિનધર્મ ઉપર આસક્ત હોય તે આત્મા નિશ્ચયથી મોક્ષે જાય છે. માટે આ સંસારમાં આત્માને શ્રી વીતરાગનું શાસન મળવું મહાદુર્લભ છે. તેમાં વળી ધર્મના જે ચાર અંગ દાન, શીલ, તપ અને ભાવની આરાધના તો અતિ દુર્લભ છે.

આ ઉપરના શ્લોકની ભાવના રાજાકુમારપાલે કરી છે....

હે ભગવન્ ! જૈનધર્મથી રહિત અને મને ચક્રવર્તીપણું પણ મળતું હોય તો મંજૂર નથી, અને જૈનધર્મયુક્ત ગરીબપણું પણ મળતું હોય તો મને મંજૂર છે.

પાપની આચરણા કરનારો આત્મા નરકમાં જાય છે, તેમાં પણ દેવદ્રવ્યની ચોરી તથા પરસ્ત્રીગમન કરનારા આત્માઓ સાતમી નરકે સાત વખત પ્રયાણ કરે છે.

**मोसणे देवदव्वस्स, परत्थि गमणेणय ।**

**सत्तमं नरयं जंति, सत्तवाराए गोयमा ॥ ३ ॥**

દેવદ્રવ્યની ચોરી કરનારો અને પરસ્ત્રીગમનમાં આસક્ત બનનારો આત્મા હે ગોતમ ! સાત વખત સાતમી નરકમાં જાય છે. વળી હે ગૌતમ ! પ્રમાદને વશ પડેલા ચૌદ પૂર્વધર મહર્ષિઓ પણ પૂર્વે નિગોદમાં ગયા છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરવો નહિ. વીરપ્રભુને ત્રણ વખત પ્રદક્ષિણા દઈને શ્રી ગણધર ભગવંત ગૌતમસ્વામી મહારાજ પૂછવા લાગ્યા કે -

હે પ્રભો ! આપ કૃપા કરીને પોષદશમીનું માહાત્મ્ય કહો. તે વખતે શ્રી વીરપ્રભુએ કહ્યું કે હે ગૌતમ ! પોષદશમીના દિવસે શ્રી પાર્શ્વનાથપ્રભુનું જન્મકલ્યાણક છે. માટે તે દિવસે ભવ્યાત્માઓએ ઉભયટંક આવશ્યક ક્રિયા કરવી. અને શ્રી જિનમંદિરમાં જઈને મહાઆડંબરપૂર્વક સ્નાત્રમહોત્સવ કરવો. વીતરાગપ્રભુની નવાંગી પૂજા કરવી. તથા અષ્ટપ્રકારી અથવા સત્તરપ્રકારી પૂજા ભણાવવી. પછી શ્રી ગુરૂભગવંતની પાસે જઈ વંદન કરી શાસ્ત્રશ્રવણ કરવું. ઘેર જઈને એલકઠાણું કરી ચઉવિહારનું પચ્ચક્ખાણ કરવું. વળી આગળના દિવસે પણ એકલઠાણું કરવું તથા એકાદશીને દિવસે પણ એકાસણું કરવું અને તિવિહારનું પચ્ચક્ખાણ કરવું.

ત્રણ દિવસ બ્રહ્મચર્યનું પાલન કરી શ્રી પોષદશમીનું આરાધન દશ વર્ષ અને દશ માસ સુધી કરવું. જે આત્મા ત્રિકરણયોગે આ વ્રતને આરાધે છે તેની મનઃકામના, સિદ્ધિઓ તથા આલોક અને પરલોકના સુખો ભોગવતો ઇન્દ્રાદિકની ઋદ્ધિને ભોગવતો મોક્ષને પ્રાપ્ત કરે છે.

તે વખતે શ્રી ગૌતમસ્વામિએ વીરભગવંતને પૂછયું - હે ભગવંત ! તે વ્રત કોણે કર્યું હતું ? અને તેનું શું ફળ પ્રાપ્ત થયું તે આપ કૃપા કરીને સમજાવો. શ્રી વીરપ્રભુએ કહ્યું, હે ગૌતમ ! શ્રી પાર્શ્વનાથ પ્રભુના આંતરામાં થયેલા સુરદત્તશ્રેષ્ઠીએ આ વ્રતની આરાધના કરી હતી.

તે સુરદત્ત કોણ હતો ? ગૌતમસ્વામિએ પૂછયું, તે વખતે પ્રભુ વીરે કહ્યું કે -

આ ભરતક્ષેત્રમાં સુરેન્દ્રપુરનગરમાં નામ પ્રમાણે ગુણને ધારણ કરવાવાળો અને પરોપકારી **નરસિંહ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ઘણા ગુણોથી યુક્ત, શીલના અલંકારથી સુશોભિત પતિપરાયણા **ગુણસુંદરી** નામની રાણી હતી.

તે જ નગરમાં વિપુલ લક્ષ્મીવંત, તેજસ્વી, યશ અને પ્રતાપ ગુણોથી યુક્ત **સુરદત્ત** નામે શ્રેષ્ઠી રહેતો હતો અને તેને **શીલવતી** નામની ભાર્યા હતી.

સુરદત્ત શેઠ શીવધર્મી હોવાથી જૈનશાસન, જિનપ્રવચન, સુદેવ, સુગુરૂ, સુધર્મને ઓળખતો ન હતો, વળી કુદેવ, કુગુરૂ, કુધર્મ, કર્મ, અકર્મને પણ જાણતો ન હતો. આત્મા ઉપર મિથ્યાત્વનું આચ્છાદન થવાથી જીવાદિ નવ તત્વોને પણ જાણતો ન હતો. પોતાનું જીવન મિથ્યાદર્શનનું આરાધન કરી વ્યતીત કરતો હતો. કર્મના ઉદયે કરીને એક દિવસ તે સુરદત્ત વેપાર કરવા માટે કરિયાણાનાં સવા બસો વહાણ ભરીને રત્નદ્વીપ તરફ ગયો.

રત્નદ્વીપ જઇને તેણે બધાં કરિયાણાં વેચીને ત્યાંથી બીજાં નવાં કરિયાણાં વહાણમાં ભરીને પોતાના નગર તરફ આવવા ચાલ્યો. વહાણો દરીયાની સપાટી ઉપર પોતાના નગર તરફ આવવા માટે દોડતાં હતાં. પણ એકાએક આકાશમાં પવનનું તોફાન ચઢ્યું. તોફાનની ચઢેલી ડમરીઓએ વહાણને ઉન્માર્ગે વાળી દીધાં. ઉન્માર્ગે ગયેલાં વહાણો કાલકૂટ દ્વીપને વિષે આવી પહોંચ્યાં. વહાણોને ચાલવાનો રસ્તો નહિ હોવાથી તે વહાણોને ત્યાં જ મૂકી પોતે કાલકૂટ દ્વીપમાં ગયો.

ત્યાંથી પાંચશો ગાડાં ભાડે લઇને વહાણમાં રહેલું દ્રવ્ય લઇ ગાડામાં ભરીને, વહાણને ત્યાં જ રાખીને પોતાના નગર તરફ જવા માટે નીકળ્યો. રસ્તામાં ચોર લોકોએ સુરદત્તનાં પાંચસો ગાડાં લૂંટી લીધાં અને નગ્નસ્થિતિમાં રસ્તામાં સુરદત્તને મૂકી દીધો. નગ્નાવસ્થામાં સુરદત્ત ઘેર આવીને પોતાના ભંડારમાં રાખેલી અગિયારક્રોડ સોનામહોરો તપાસવા લાગ્યો પણ ? જ્યાં ભંડાર ખોલે છે તો તેમાંથી સર્પ, વીંછી, કાનખજૂરા આદિ સોનૈયાને બદલે જોયા. તેથી તે કલ્પાંત કરવા લાગ્યો. અશુભ કર્મોદયે તેને શ્રીમંતમાંથી ગરીબ બનાવ્યો. ગરીબાવસ્થામાં દિવસો પસાર થવા લાગ્યા.

એકવખત સુરેન્દ્રપુર નગરના ઉદ્યાનમાં **જયઘોષ** નામના આચાર્ય ભગવંત આવી સમોસર્યા. આચાર્ય ભગવંતના આગમનથી રોમાંચિત થયેલો નરસિંહ રાજા પોતાના પરિવારસહિત નગરજનો સાથે ગુરૂવંદનાર્થે ઉપવનમાં આવ્યો. સાથે સુરદત્ત પણ હતો. વંદન કરીને સર્વ યથાયોગ્ય સ્થાને બેસી આચાર્ય ભગવંતની દેશનાનું પાન કરવા લાગ્યા.

હે મોક્ષમાર્ગના પથિક એવા ભવ્યાત્માઓ ? આ સંસારમાં ધર્મ સિવાય કોઇ પણ વસ્તુ સારભૂત નથી. ધર્મ વડે જ મંગળની શ્રેણિઓ પ્રાપ્ત થાય છે. ધર્મ જ નિર્મલ યશને, દરેક પ્રકારના સુખોને પ્રાપ્ત કરાવે છે. અહિંસાનું પાલન, ઇન્દ્રિયના વિષયોનો ત્યાગ, નીતિ તથા સત્યનું પાલન એ

જ ધર્મનું રહસ્ય છે. મોક્ષને આપનારો જે વીતરાગ કથિત ધર્મ છે, તે જ મંગલમાળાને આપનારો છે. હિંસા એ દુ:ખનું મૂળ છે. જ્ઞેય, હેય અને ઉપાદેયને સમજાવનાર આ જગતમાં જો કોઇ હોય તો તે ફક્ત વીતરાગકથિત ધર્મ જ છે.

આ પ્રકારની દેશના સાંભળીને સુરદત્ત શ્રેષ્ઠી ગુરૂદેવને પૂછવા લાગ્યો, હે પ્રભુ ! જીવનું લક્ષણ શું ? તે વારે મુનીશ્વર બોલ્યા. હે શ્રેષ્ઠિન્ ! ચેતના લક્ષણયુક્ત જીવ કહેવાય. વળી દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ જીવના છ લક્ષણ છે. સંસારી અને મુક્ત બે પ્રકારના જીવો છે. આઠે કર્મથી મુક્ત બની જે જીવો સિદ્ધિગતિએ ગયા છે તે મુક્ત જીવો કહેવાય. ત્રસ અને સ્થાવર બે ભેદે સંસારી જીવો જાણવા. હાલી ચાલી શકે તે ત્રસ જીવ કહેવાય. અને જે જીવો હાલી ચાલી શકતા નથી તે સ્થાવર કહેવાય.

પૃથ્વીકાય, અપકાય તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય એ છ ભેદો સ્થાવરના છે. તેઓને એક સ્પર્શેન્દ્રિય જ છે. તેમાં વનસ્પતિકાયના બે ભેદો છે. (૧) સાધારણ વનસ્પતિકાય (૨) પ્રત્યેક વનસ્પતિકાય. જાણવા.

એક શરીરમાં અનંતા જીવો હોય તે, જેને છેદવાથી બે સરખા ભાગ થતાં હોય, જેની નસો, સાંધા, પર્વ હોય, જેમકે કુમળા ફળો, ફણગા, કુંવરનું પાઠું, લીલી હલદર, આદુ, કચૂરો, મોથ, થેક, પાલખાની ભાજી, કંદમૂળ તે બધા સાધારણ વનસ્પતિકાય કહેવાય છે.

એક શરીરમાં એક જીવ હોય તે જેમકે, ફલ, ફૂલ, છાલ, કાષ્ટ, મૂલ, પાંદડા, બીજ આદિ પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, પંચેન્દ્રિય એ ચાર ભેદ ત્રસકાયના છે.

શંખ, કોડા, જલો-ચંદણક, અલસીઆ, કરમીઆ આદિ બેઇન્દ્રિય કહેવાય છે. તેમને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય હોય છે.

કાનખજૂરા, માંકણ, જુઆ, કીડા, ઉધઈ, મંકોડા આદિ તેઇન્દ્રિય કહેવાય છે. તેમને સ્પર્શ, રસ અને ઘ્રાણેન્દ્રિય ત્રણ ઈન્દ્રિય હોય છે.

વીંછી, ભમરા, ભમરી, તીડ, બગાઈ, કુન્થુઆ આદિ ચૌરેન્દ્રિય જીવો કહેવાય છે. તેઓને સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુઈન્દ્રિય હોય છે.

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ભેદ પંચેન્દ્રિયના છે. તેઓને...રસ, સ્પર્શ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રીત્રેન્દ્રિય આ પાંચ ઇન્દ્રિયો હોય છે.

સાત ભેદે નારકી પ્રસિદ્ધ છે.

જલચર, સ્થલચર, ખેચર એ તિર્યંચ પંચેન્દ્રિયના ત્રણ ભેદો છે.

સુસુમાર, મચ્છ, કાચબા, ઝુંડ, મગર આદિ જલચર તિર્યંચ પંચેન્દ્રિય જાણવા.

રૂંવાટાંની પાંખવાળા અને ચામડીની પાંખવાળા ખેચર તિર્યંચ પંચેન્દ્રિય જાણવા.

ચાર પગવાળા, ભૂજાએ કરી ચાલનારા અને પેટે કરી ચાલવાવાળા સ્થલચરના ત્રણ ભેંદો છે.

કર્મભૂમિ (જ્યાં અસિ, મસિ, કૃષિનો વેપાર હોય તેને કર્મભૂમિ કહે છે.)

અકર્મભૂમિ (જ્યાં કર્મબંધના કારણો નથી, જ્યાં અસિ, મસિ અને કૃષિનો વેપાર નથી તેને અકર્મભૂમિ કહેવાય છે.)

અને અંતરદ્વીપના મનુષ્યો મળી મનુષ્યના ત્રણ ભેદ છે.

ભુવનપતિ, - વ્યંતર - વાણવ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એ પ્રમાણે દેવતાના ચાર ભેદ છે.

વળી જીવના ઉત્તરભેદ... નારકીના ૧૪ ભેદ, તિર્યંચના ૪૮ - મનુષ્યના ૩૦૩ દેવતાના ૧૯૮ મળી કુલ પાંચસોને ત્રેસઠ ભેદ છે.

આત્મા જ્યાં સુધી સિદ્ધિગતિને પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી ચોરાશીલાખ જીવાયોનિમાં પાણીના રેંટની જેમ ભમ્યા જ કરે છે.

**न सा जाई न सा जोणि न तं ठाणं न तं कुलं ।**
**न जाया न मया जत्थ, सव्वे जीवा अणंतसो ॥ ४ ॥**

**एगया देवलोअेसु, नरए सुविअे गया ।**
**एगया असुरं कायं, जहा कम्मेहिं गच्छई ॥ ५ ॥**

ચૌદ રાજલોકમાં એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી, એવું કોઈ કૂલ નથી, જયાં સર્વ જીવો અનંતીવાર મર્યા અને જનમ્યા ન હોય, જીવ કર્મે કરીને જ દેવલોકમાં, નરકમાં અને અસુર કાયમાં એકલો જ ઉત્પન્ન થાય છે.

સર્વ સંસારી જીવો નટની માફક અવનવા પ્રકારના શરીરને ધારણ કરી, આ સંસારભૂમિ ઉપર પોતપોતાના કર્મ બંધનના અનુસારે આવે છે. અને જાય છે.

ભવ્ય જીવોને દયા, દાન અને ધર્મ એ ત્રણ કલ્પવૃક્ષ છે, અને દાન, શીલ, તપ અને ભાવ તે તેની શાખાઓ છે. અને તેનું ફળ એ જ મોક્ષ છે.

ધર્મની આરાધના જ પુણ્યની બેંતાલીશ પ્રકૃતિથી સુખ અપાવે છે. અને એજ આરાધના મોક્ષસુખ અપાવે છે. ધર્મની આરાધના વિનાનું જીવન તે પશુજીવન છે. આ પ્રમાણે ગુરૂદેવની વાણી સાંભળી સુરદત્ત શ્રેષ્ઠી જૈન ધર્મને વિષે આસકત બન્યો અને જીવાજીવાદિ નવે તત્વોની ઉપર શ્રદ્ધાવંત બન્યો.

હે પ્રભુ! મારા અશુભ કર્મોના ઉદયે કરીને મારૂં સર્વસ્વ નાશ પામ્યું છે, તો આપ કૃપા કરીને મને કોઈ આરાધના બતાવો કે જેથી મારા અશુભકર્મો નાશ થાય. તે વારે શ્રી ગુરૂભગવંતે પોષદશમીનું આરાધન કરવા શ્રેષ્ઠીને જણાવ્યું. પોષદશમી શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જન્મકલ્યાણક છે, જેથી તે દિવસની આરાધનાથી અશુભ કર્મોનો ક્ષય થાય છે. અનેક પ્રકારની રિદ્ધિ-સિદ્ધિઓ પ્રાપ્ત થશે. અને અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ પણ થશે.

તે વ્રત કઈ વિધિથી આરાધવું, તે આપ કૃપા કરીને ફરમાવશો? સુરદત્તશ્રેષ્ઠીએ ગુરૂભગવંતને પૂછયું....

તે વારે આચાર્યભગવંતે કહ્યું કે હે શ્રેષ્ઠિન્ ! પ્રથમ નોમને દિવસે એકાશણુંકરીને ફક્ત સાકરનું ઉકાળેલું પાણી પીવું અને ઠામચોવિહાર કરવો. તથા

દશમને દિવસે એકાશણું કરીને ઠામચોવિહાર કરવો.

તેમ જ અગિયારસને દિવસે એકાશણું કરવું.

ત્રણે દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું, ઉભયટંક આવશ્યક ક્રિયા કરવી. ભૂમિશયન કરવું, પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરવી.

દશમીને દિવસે સત્તરપ્રકારી પૂજા ભણાવવી.

શ્રી પાર્શ્વનાથાર્હતે નમઃ આ મંત્રનું બે હજાર ગણણું ગણવું. વળી પારણાના દિવસે સાહમ્મિવાત્સલ્ય કરવું. આ વ્રત દશ વર્ષ અને દશ માસ કરવું.

જે માનવી આ વ્રતની આરાધના કરે છે તે આ લોકને વિષે ધન ધાન્ય અને સમૃદ્ધિને પામે છે. પરલોકને વિષે ઈન્દ્રપણાને પામે છે, અને અંતે મુક્તિ પદને પામે છે.

આ પ્રમાણે ગુરૂદેવના મુખેથી પોષદશમીનું માહાત્મ્ય અને આરાધનવિધિ સાંભળીને સુરદત્તશ્રેષ્ઠીએ પોષદશમીનું વ્રત ગ્રહણ કર્યું અને ઘેર આવ્યો. ગુરૂદેવ વિહાર કરીને બીજે ગામ ગયા. સુરદત્તશ્રેષ્ઠી શ્રદ્ધાપૂર્વક આરાધના કરતો હતો. જયારે વ્રત પૂર્ણ થવા આવ્યું ત્યારે તેનાં કાલકૂટ દ્વીપમાં ફસાઈ ગયેલાં વહાણો પવનની અનુકુળતાએ કરી પોતાની જાતે શેઠના નગરમાં આવ્યાં.

માલવી લોકોના કહેવાથી શેઠ-શેઠાણી આનંદિત થયાં. શ્રદ્ધાપૂર્વક વ્રતને આરાધનાથી તે વ્રતના પ્રભાવથી અગિયાર કરોડ સોનૈયા જે વીંછી, સાપ, કાનખજૂરા થઈ ગયા હતા તે સોનૈયા થઈ ગયા. અને જૈનશાસનની તથા વ્રતની ખૂબ જ અનુમોદના કરવા લાગ્યા. ગયેલી સંપત્તિની થયેલી પ્રાપ્તિથી આલ્હાદિત બનેલો શેઠ લોકોને કહેવા લાગ્યો કે -

શ્રી પાર્શ્વનાથપ્રભુની આરાધનાથી અને ગુરૂદેવની આજ્ઞાથી તથા શ્રી જૈનધર્મના પ્રભાવથી હું ધનવાન થયો છું. માટે સર્વેએ મહામંગલને આપનાર એવો શ્રી જિનધર્મ અંગીકાર કરવો. આ પ્રમાણે સર્વને ઉપદેશ કરી ધર્મ ઉપર અપૂર્વ શ્રદ્ધાને રાખતો સુરદત્તશ્રેષ્ઠી રાજયના સન્માનપૂર્વક નગરશેઠની ગયેલી પદવીને પામ્યો.....

એક દિવસ નગરના ઉપવનમાં સુખેન્દ્ર આચાર્ય ભગવંત પધાર્યા, તે વારે રાજાને વનપાલકે વધામણી આપી. હર્ષવંત બનેલો રાજા સુરદત્ત શ્રેષ્ઠિસહિત અને નગરજનોસહિત ગુરૂવંદનાર્થે આવ્યા. વંદન કરી પોતપોતાના સ્થાનકે દેશના સાંભળવા બેઠા.

વૈરાગ્યથી નીતરતી અને જીવનને પાપના બંધનમાંથી મુક્ત બનાવતી, શુદ્ધમાર્ગને બતાવનારી દેશનાના શ્રવણ બાદ ઘેર જઈ શેઠે પોતાના પુત્રને ગૃહભાર સોંપીને તથા પોષદશમનું આરાધન અને વિધિ જણાવીને પોતે ગુરૂદેવની પાસે આવી પોષદશમીનો ઉદ્યાપન વિધિ પૂછયો.

તે વારે ગુરૂદેવ કહ્યું કે.... હે શ્રેષ્ઠિન્ ! ઉદ્યાપનમાં દશ-દશ વસ્તુઓ દરેક પ્રકારની મૂકવી.

તેમાં દશ પૂઠાં, દશ પુસ્તક બાંધવાના રૂમાલો, દશ નવકારવાળી, દશ નીલમણિ, દશ ચંદરવા, પાંચધાતુના દશ પ્રતિમાજી એ પ્રમાણે દર્શન, જ્ઞાન અને ચારિત્રના દશ-દશ ઉપકરણો મૂકવા. ગુરૂમહારાજના મુખેથી વિધિ સાંભળીને, જાણીને મહા મહોત્સવપૂર્વક ઉદ્યાપન કર્યું.

ઉદ્યાપનની વિધિ પૂર્ણ થયા બાદ, થોડોક કાલ વ્યતીત થયે, ગુરૂભગવંત પાસે જઈને કહ્યું કે- હે પ્રભુ ! આપ મને આધિ, વ્યાધિ, ઉપાધિથી ભરપૂર એવા આ સંસારમાંથી મુક્ત થવાને માટે ચારિત્ર આપો.

હે પ્રભુ ! ચારિત્ર વિના મોક્ષ નથી. એ પ્રમાણે કહીને સૂરદત્તશ્રેષ્ઠીએ સંયમગ્રહણ કર્યો. નિરતિચાર સંયમનું પાલન કરી ઉગ્ર તપને તપતાં સુરદત્તશ્રેષ્ઠિ માસક્ષમણ કરી સંલેખનાનું આરાધન કરી, કાળધર્મ પામીને પ્રાણત દેવલોકને વિષે વીસ સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો.

ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં ઉત્પન્ન થઈ, શીલવતી નામની રાજકન્યા સાથે લગ્ન કરી, સ્ત્રી સાથેના કામભોગ પૂર્ણ કરી છેવટે વૈરાગ્ય પામી, સંયમ ગ્રહણ કરી મોક્ષે જશે.

માટે હે ભવ્યાત્માઓ! તમે પણ સુરદત્ત શ્રેષ્ઠીની માફક પોષ દશમીનું આરાધન કરીને આ લોક તથા પરલોકને વિષે અનેક પ્રકારના સુખસમૃદ્ધિને પ્રાપ્ત કરી અનુપમ એવા મોક્ષસુખને પ્રાપ્ત કરો.

**પોષ દશમીની કથા સમાપ્ત**

# વ્યાખ્યાન પાંચમું

## શ્રી શંખેશ્વરપ્રભુ અંગે પ્રકાશ

### શંખેશ્વર સાહિબ સાચો...

**सर्ववांछित दातारं, मोक्षफलप्रदायकम् ।**
**शंखेश्वर पुराधीशं, पार्श्वनाथं जिनं स्तुवे ? ॥ १ ॥**

ગઈ ચોવીશીના નવમા તીર્થંકર શ્રી દામોદરસ્વામી જગત પર વિહરી ધર્મદેશના દ્વારા ભવ્ય જીવોનો ઉદ્ધાર કરી રહ્યા હતા.

એકવાર આષાઢી નામના એક શ્રાવક તેઓશ્રીની ધર્મદેશના સાંભળવા આવ્યા. સંસારની અસારતા સમજતાં મુક્તિની ઉત્કંઠા વધી ગઈ. મને મુક્તિ ક્યારે મળશે? એવો પ્રશ્ન મનમાં ઘોળાવા લાગ્યો. વિનયપૂર્વક પ્રભુને પૂછયું, પ્રભુ, મારૂં નિર્વાણ ક્યારે થશે? કર્મના કાતિલ બંધનોથી હું ક્યારે મુક્ત થઈશ? મને મુક્તિની પ્રાપ્તિ ક્યારે થશે? કૃપા કરીને મને સમાધાન આપો.

પ્રભુએ કહ્યું, અષાઢી! આગામી ચોવીશીમાં ત્રેવીશમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ થશે. તેમના તમે આર્યઘોષ નામના ગણધર થઈ મોક્ષમાં જશો. શ્રી દામોદર પ્રભુ પાસેથી પોતાનો મોક્ષ ક્યારે અને કોના શાસનમાં થશે તે સાંભળી આષાઢી શ્રાવક ઘેર આવ્યા. મારા અનંત ઉપકારી પાર્શ્વનાથ

પ્રભુ, જેમનો ગણધર થઈ હું મોક્ષે જઈશ, એ પ્રભુની હું આજથી જ ભકિત કરૂં...! એ નાથની મૂર્તિ ભરાવું, પૂજા, જાપ, અને ધ્યાન કરૂં. ભાવનાસાકાર બની અષાઢી શ્રાવકે વિધિપૂર્વક હૃદયના કોઈ અલૌકિક ભાવપૂર્વક પ્રાર્શ્વનાથ પ્રભુની એક મનોહર મૂર્તિ ભરાવી. એની પ્રાણપ્રતિષ્ઠા પણ કોઈ મહાપ્રભાવશાળી,મહાન, ચારિત્રધારી મહાપુરૂષે કરી.

પછી એ પાર્શ્વનાથપ્રભુની મૂર્તિની ત્રિકાળપૂજા, જાપ અને ધ્યાન એ રોજનો કાર્યક્રમ થઈ ગયો. મૂર્તિમાં અજબ પ્રભાવ ઉત્પન્ન થતો ગયો. પ્રભુભક્તિના પ્રભાવે અષાઢી શ્રાવકનો વૈરાગ્ય પ્રબળ બન્યો, સંસારછોડી, ચારિત્ર સ્વીકારી, જીવનભર તેની સુંદર આરાધના કરી, મૃત્યુને સમાધિમય બનાવી તેઓ દેવલોકમાં ઉત્પન્ન થયા.

ત્યાં પણ ભાવિ ઉપકારી પ્રભુની સ્મૃતિ ભૂલાતી નથી. તેઓશ્રીની મૂર્તિ દેવ થયેલા અષાઢીશ્રાવક દેવલોકમાં પોતાના વિમાનમાં લઈ ગયા.

ઘણા કાળ સુધી ત્યાં એ મૂર્તિની ભક્તિભાવથી પૂજા કરી. ત્યારબાદ એ મૂર્તિ સૂર્યને આપી. સુરેન્દ્રજિનના વચનથી સૂર્યે એ મૂર્તિ મહાપ્રભાવિક જાણી ૫૪ લાખ વર્ષ સુધી પૂજી. ત્યાર પછી, પહેલા, બીજા, દશમા, બારમા દેવલોકમાં લવણસમુદ્રમાં, ભવનપતિના આવાસોમાં, વ્યંતરોના નગરોમાં, ગંગા, યમુના, નદીમાં વગેરે ઘણા ઠેકાણે આ મૂર્તિ પૂજાઈ. ઋષભદેવપ્રભુના સમયમાં નાગરાજ ધરણેન્દ્રે આ મૂર્તિ નમિ વિનમિ વિદ્યાધરોને આપી, એમણે જીવનપર્યંત આ મૂર્તિની પૂજા ભક્તિ કરી.

આઠમા શ્રી ચંદ્રપ્રભસ્વામીના સમયમાં તે વખતના પહેલા દેવલોકના સૌધર્મેન્દ્રે ચન્દ્રપ્રભસ્વામીના વચનથી પોતાનો મોક્ષ પાર્શ્વનાથ પ્રભુના સમયમાં થશે તે સાંભળી, અષાઢીશ્રાવકે ભરાવેલી મૂર્તિ મહાપ્રભાવશાળી જાણી તે મૂર્તિ પોતાના વિમાનમાં ૫૪ લાખ વર્ષ સુધી પૂજી.

ત્યારપછી તેમણે એ મૂર્તિને ગિરનાર પર્વતની કંચનબલાનક નામની સાતમી ટુંક પર સ્થાપન કરી. ત્યાં નાગકુમાર વગેરે દેવોએ ઘણા વર્ષો સુધી તેની પૂજા કરી. હાલના સૌધર્મેન્દ્રે પૂર્વભવમાં કાર્તિક શેઠ તરીકે આ જ મૂર્તિના પ્રભાવથી શ્રાવકની અગિયાર પ્રતિમાનું આરાધન નિર્વિઘ્ને પૂર્ણ કર્યું હતું. મુનિસુવ્રતસ્વામીના સમયમાં પણ સૌધર્મેન્દ્રે આ પ્રતિમાને પોતાના વિમાનમાં લાવીને ઘણો કાળ પૂજી હતી.

તે પછી રામચંદ્રજીના વનવાસ વખતે એમને દર્શન પૂજા માટે સૌધર્મેન્દ્રે આ મૂર્તિને રથમાં પધરાવી બે દેવો સાથે દંડકારણ્યમાં રામચંદ્રજીને પૂજા કરવા મોકલી હતી. ત્યાં રામચંદ્રજીએ તથા સીતાજીએ ઘણા ભાવથી આ પ્રતિમાની પૂજા કરી હતી.

વનવાસ પૂર્ણ થતાં સૌધર્મેન્દ્રે પાછી પોતાના વિમાનમાં બિરાજમાન કરી ઘણો કાળ પૂજીને ગિરનાર પર્વતની કંચનબલાનક નામની સાતમી ટૂંક પર પધરાવી ત્યાં નાગકુમાર વગેરે દેવો પૂજા કરતા.

કોઈ જ્ઞાનીના વચનથી આ મૂર્તિને ઘણી પ્રભાવશાળી જાણીને તે સમયના નાગરાજ ધરણેન્દ્રે પોતાના આવાસમાં આવેલા જિનભવનમાં પધરાવી. ત્યાં પોતે તથા પદ્માવતીદેવી વગેરે દેવ-દેવીનો પરિવાર ભકિતસહિત તેની પૂજા કરતો હતો.

ત્યારપછી એટલે કે આજથી ૮૭ હજાર વર્ષ પૂર્વે શ્રીકૃષ્ણ મહારાજને જરાસંઘ સાથે યુદ્ધમાં ઉતરવું પડ્યું. ઘોર યુદ્ધ જામ્યું, જરાસંઘે શ્રી કૃષ્ણના સૈન્ય પર જરા નામની વિદ્યાનો પ્રયોગ કર્યો. સમગ્ર સૈન્ય યુદ્ધભૂમિ પર હતવીર્ય અને મૃતપ્રાય: બની ગયું.

કૃષ્ણમહારાજ ભારે વિમાસણમાં પડી ગયા. ચિંતાતુર કૃષ્ણને કરૂણાસાગર શ્રી નેમનાથપ્રભુએ કહ્યું, શ્રી કૃષ્ણ ! ચિંતા ન કરો? જરાસંઘની જરાં વિદ્યાનો પ્રભાવ નાશ કરવાનો એક ઉપાય છે તે અજમાવો. અઠમ તપ કરો. એકાંતમાં બેસી જાવ. પદ્માવતી દેવીની આરાધના કરો. અઠમ તપની આરાધનાના પ્રભાવે પદ્માવતી દેવી હાજર થશે.

તેની પાસે શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ માંગજો. ગઈ ચોવીશીના દામોદર તીર્થંકર ભગવંતના સમયમાં આષાઢી શ્રાવકે ભકિત ભાવથી ભરાયેલી મૂર્તિ હાલ પદ્માવતી દેવી પાસે છે. દેવી તે મૂર્તિ તમને આપશે, તેનું સ્નાત્રજળ સૈન્ય પર છાંટજો. જરા વિદ્યા નષ્ટ થશે ત્રણ દિવસ સૈન્યની રક્ષા હું કરીશ.

શ્રી કૃષ્ણે અઠમ કર્યો. પદ્માવતી પ્રસન્ન થયાં, પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ આપી. સહુ યાદવો ખુશ થયા. મૂર્તિનું સ્નાત્રજળ સૈન્ય પર છાંટયું. સૈન્ય ખડું થયું. અને શ્રી કૃષ્ણનો વિજય થયો.

જયના હર્ષમાં આવી શ્રી કૃષ્ણમહારાજે શંખનાદ કર્યો. ત્યારે નેમિકુમારના કહેવાથી ત્યાંજ **શંખપુર-શંખેશ્વર** ગામ વસાવ્યું. સુંદર ભવ્ય જિવાલય બંધાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુના બિંબની એમાં પ્રતિષ્ઠા-પધરામણી કરી. ત્યારથી તે પ્રતિમા શંખેશ્વર પાર્શ્વનાથના નામે પ્રસિદ્ધ થઈ.

લગભગ ૮૬ હજાર વર્ષ સુધી પ્રતિમાજી શંખેશ્વર ગામમાં રહી. અમુક સમય જમીનમાં દટાઈ રહી હોય એમ લાગે છે. ભગવાન મહાવીર પ્રભુના શાસનમાં વિક્રમ સંવત ૧૧૮૫ આસપાસમાં **સજ્જન** શેઠે નવું જિનમંદિર બંધાવી જમીનમાંથી પ્રગટ થયેલ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પુનઃ પ્રતિષ્ઠા કરાવી.

વિક્રમ સંવત ૧૨૮૬ પછી આચાર્યદેવ શ્રી **વર્ધમાનસૂરીશ્વરજી** મહારાજના ઉપદેશથી મહામંત્રી **વસ્તુપાલ તેજપાલે** શ્રી શંખેશ્વરજીમાં દેરાસરનો જિર્ણોદ્ધાર કરાવ્યો. બાવન જિનાલય બનાવ્યું દરેક દેરી ઉપર સોનાના કળશ ચઢાવ્યા ભવ્ય સમારોહથી પ્રતિષ્ઠા થઈ.

ત્યારબાદ ચૌદમી સદીમાં શંખેશ્વરની પાસે ઝંઝુપુરના હાલ **ઝીંઝુવાડાના** રજપૂત મહામંડલેશ્વર રાણા દુર્જનશલ્યને ભયંકર કોઢ રોગ થયો. તે હેરાન પરેશાન થઈ ગયો. કોઈપણ ઉપાય કારગત ન નીવડ્યો, છેવટે સૂર્યનારાયણના મંદિરમાં સૂર્યદેવની આરાધના કરી.

આરાધનાથી તુષ્ટ થયેલા સૂર્યદેવે કહ્યું, તારો રોગ અસાધ્ય છે, અને મટાડવાની મારામાં શકિત નથી. પણ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની આરાધના કરીશ તો તારો રોગ મટશે. આ સાંભળી દુર્જનશલ્ય ખુબ ખુશ થયો. શંખેશ્વર જઈ પડાવ નાખ્યો. ભકિતભર્યા હૃદયે શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુની આરાધના શરૂ કરી. તેના પ્રભાવે દુર્જનશલ્યનો કોઢ રોગ દૂર થયો. કાયા કંચન જેવી થઈ. એણે જીર્ણ થયેલા મંદિરનો ઉદ્ધાર કરી દેવવિમાન તુલ્ય બનાવ્યું.

ચૌદમી સદીમાં મુસ્લિમ રાજાઓ ગુજરાત પર તીડની જેમ ત્રાટક્યા સોમનાથ મંદિરની લૂંટ કરી રસ્તામાં જૈન-અજૈન મંદિરોનો નાશ કરતાં કરતાં શ્રી શંખેશ્વરના જિનમંદિરને પણ ધરાશયી બનાવી દીધું. જૈન સંઘના કાબેલ અગ્રગણ્યોએ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ ભૂગર્ભમાં સંતાડી દીધી.

સોળમી સદીમાં વિજયસેનસૂરીશ્વરજી મ.ના સમયમાં જે ઝૂંડકુવા ઓળખાય છે, ત્યાં ઊંડું ખોદતાં ત્યાંથી શ્રી શંખેશ્વર પ્રભુની પ્રતિમાજી પ્રગટ થયાં. લોકો ઘણા ખુશ થયા. ગામેગામથી સંઘો દર્શન માટે આવવા લાગ્યા. પૂ. આચાર્યમહારાજના ઉપદેશથી નવું બાવન જિનાલય શિખરબંધી યુક્ત મંદિર બંધાવ્યું.(જે હાલ ગામમાં જૂના મંદિરનું ખંડિયેર ઊભું છે.) **વિજયસેનસૂરીશ્વરજી** મ.ના હસ્તે મહોત્સવપૂર્વક સંઘે પ્રતિષ્ઠા કરાવી.

મુસલમાન રાજાઓના આક્રમણનો ભોગ બનેલું એ મંદિર પણ પૂરા એંશી વર્ષ પણ વિદ્યમાન રહી શક્યું નહિ. અમદાવાદના સુબાએ કસ્બાના ઠાકોર હમીરસિંહ પર વિજય મેળવી ત્યાંથી પાછા ફરતાં શંખેશ્વરના મનોહર મંદિરને તોડી નાખ્યું. મૂર્તિઓ હાથમાં આવી તે તોડી નાખી સંઘે અગમચેતી વાપરી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીની મૂર્તિને ભોંયરામાં સંતાડી દીધી તેથી બચી ગઈ.

આ રીતે દહેરાસર તૂટયા પછી શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુની મૂર્તિ ભોંયરામાં હતી તે મુસલમાન ફોજોનો ભય દૂર થયા પછી ત્યાંના ઠાકોરોના કબજામાં આવી. અમુક રકમ (સોનામહોર વગેરે) લીધા પછી યાત્રિકોને દર્શન કરાવવામાં આવતાં હતાં પણ શ્રી ઉદયરત્ન વિજય મહારાજે કરેલી સ્તુતિથી ચમત્કારિક રીતે મૂર્તિવાળી પેટીના દ્વાર સ્વયં ખૂલી ગયાં પછી એ મૂર્તિ સંઘને સોંપાઈ.

સં. ૧૭૫૦ આસપાસ નવું સુંદર દહેરાસર તૈયાર થતાં (જે હાલ છે.) તેમાં પ્રભુજી પધરાવવામાં આવ્યા. જે આજ સુધી લાખો ભવ્યાત્માઓથી ભવ્ય રીતે પૂજાય છે, જાપ ધ્યાન કરાય છે, તે દ્વારા આરાધક વર્ગ સાચી સમાધિ અને બોધિને પ્રાપ્ત કરે છે. તેમ જ મુકિતને નજીક બનાવે છે.

# વ્યાખ્યાન છઠ્ઠું

## પર્વાધિરાજનાં પાંચ કર્ત્તવ્યો

શ્રી જૈનશાસનમાં અઠ્ઠાઈઓ છ ગણાય છે. એક શ્રી પર્યુષણાની, ત્રણ ચોમાસાની, અને બે ઓળીની. આ છ અઠ્ઠાઈઓ ભગવાન શ્રી જિનેશ્વરદેવો કે જેઓ સ્યાદ્વાદિઓમાં તથા અભયદાતાઓમાં શ્રેષ્ઠ હતા, તેમણે કહેલી છે.

ચૈત્ર, અષાઢ, ભાદરવો, આસો અને કાર્ત્તિક, ફાગણ, આ માસમાં આવતી એ છ અઠ્ઠાઈઓ છે. તેમાં બે શાશ્વતી છે, બાકીની ચાર અશાશ્વતી છે. ચૈત્ર, આસોની બે શાશ્વતી બાકીની ચાર અશાશ્વતી છે. આ છ અઠ્ઠાઈઓમાં બે શાશ્વતી કેમ અને ચાર અઠ્ઠાઈઓ અશાશ્વતી કેમ?

દરેક ઉત્સર્પિણીમાં અને દરેક અવસર્પિણીમાં થતા ચોવીશ ચોવીસ શ્રી તીર્થંકર ભગવંતો પૈકીના પહેલા અને ચોવીસમા તીર્થંકર ભગવંત સિવાયના બાવીસેય શ્રી તીર્થંકરોના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તેઓને જ્યારે દોષ લાગે ત્યારે પ્રતિક્રમણ કરવાનું હોય છે, અને તેથી એ

કાળમાં ચોમાસી તરીકે ચોમાસી કે સંવત્સરી તરીકે સંવત્સરી ન હોય એટલે તે પર્વોની અઠ્ઠાઈઓ પણ ન હોય.

ઉત્સર્પિણીના પહેલા અને અવસર્પિણીના છેલ્લા તીર્થંકરભગવાનના સાધુઓ વક્ર અને જડ હોય છે જ્યારે અવસર્પિણીના પહેલા તીર્થંકર ભગવાનના સાધુઓ ઋજુ અને જડ હોય છે. એ કારણે તેઓને દોષની સંભાવના ઘણી અને દોષની શુદ્ધિ સાધવામાં મુશ્કેલી પણ ઘણી, એટલે તેઓએ તો રોજ સવારે તથા રોજ સાંજે પ્રતિક્રમણ નિયત કરવાનું રોજ સવારે અને રોજ સાંજે પ્રતિક્રમણ કરે તો ય દરેક ચૌદશે પક્ખી પ્રતિક્રમણ પણ નિયત કરવાનું. અને તે ઉપરાંત ત્રણ ચોમાસીનાં અને એક સંવત્સરીનું આ પ્રતિક્રમણો પણ નિયત કરવાનાં જ. આમ દરેક ઉત્સર્પિણી કાળમાં, અને દરેક સવસર્પિણી કાળમાં માત્ર પહેલા અને છેલ્લા ભગવંતોના શાસનકાળમાં જ ત્રણ ચોમાસીની અને એક સંવત્સરી એમ ચાર અઠ્ઠાઈઓ આવે.

પણ વચલા બાવીશ ભગવંતોના શાસનકાળમાં આ ચાર અઠ્ઠાઈઓ ગણાય નહિ. એટલે જ, આ ચાર અઠ્ઠાઈઓ અશાશ્વત ગણાય છે. જ્યારે ચૈત્રમાસની અને આસો માસની અઠ્ઠાઈ તો ચોવીસેય ભગવંતોના શાસનકાળમાં આવે છે, માટે એ બે અઠ્ઠાઈઓ શાશ્વતી ગણાય છે. આ અઠ્ઠાઈઓમાં સર્વ સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ અને ખેચરો શ્રી નંદીશ્વરદ્વીપે જઈને અને મનુષ્યો પોતપોતાના સ્થાને તેની ખૂબ આનંદથી મહોત્સવ પૂર્વક ઉજવણી કરે છે. ઘણા ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો, ત્રણ ચોમાસીની અને એક પર્યુષણાની એ ચાર અઠ્ઠાઈઓમાં મોટા મહિમાને કરે છે. એવું શ્રી જીવાભિગમ સૂત્રમાં કહેલું છે.

શ્રી તીર્થંકર ભગવંતોના કલ્યાણકોનો મહિમા પણ એવી જ રીતે કરાય છે. સામાન્ય રીતે એ બધી જ અઠ્ઠાઈઓમાં અમારિનું ઉદ્‌ઘોષણ કરવા સાથે શ્રી જિનમંદિરોમાં બહુ સારી રીતે અઠ્ઠાઈ મહોત્સવ કરવો જોઈએ તેમ જ ખાંડવું, દળવું, પીસવું, ભૂમિને ખોદવી, વસ્ત્રોને ધોવાં અને મૈથુનનું સેવન કરવું, વગેરે કાર્યો ન કરવા જોઈએ. અને એ કાર્યોને કરાવવા આદિનો પણ નિષેદ કરવો જોઈએ.

આ છ અઠ્ઠાઈઓના દિવસોમાં વ્યાપાર આદિનો ત્યાગ કરવાપૂર્વક જેમ બને તેમ આરંભાદિથી પર બનીને આ દિવસોને ધર્મકરણીઓમાં જ પસાર કરવા જોઈએ. તથા શ્રી જિનભકિત આદિ કાર્યો પણ બહુ ઉલ્લાસથી અને સારી રીતે ધનવ્યય કરીને કરવાં જોઈએ. શ્રી જૈન શાસનમાં પર્વોની ઉજવણીમાં અમારિની વાત તો પહેલી જ હોય અને તેમાં ય શ્રી પર્યુષણા અઠ્ઠાઈ માટે મહાપુરૂષોએ જે પાંચ કાર્યો ખાસ નિયત કર્યા છે, તે પાંચ કાર્યોમાં પહેલું કાર્ય **અમારિપ્રવર્ત્તન** કરવું એ જ કહ્યું છે.

આપણા કોઈપણ નાના મોટા ધર્મકાર્યમાં અમારિનો હેતુ ન હોય એ બને જ નહિ. કેમકે, આપણા દેવનું, ગુરૂનું અને ધમનું સ્વરૂપ જ અમારિમય છે. શ્રી પર્યુષણા અઠ્ઠાઈના દિવસોમાં તો આરાધકોએ ખાસ કરી સ્વયં અમારિસ્વરૂપ બની જવું જોઈએ અને બીજાઓ પણ અમારિવાળા બને એ માટે શક્ય એટલી વ્યવસ્થા કરવી જોઈએ.

## ૧. અમારિ પ્રવર્ત્તન...

અમારિ પ્રવર્ત્તન સંબંધમાં...પર્યુષણાપર્વની અઠ્ઠાઈમાં પાંચ કર્ત્તવ્યો કરવાનાં છે. તેમાં પહેલું અમારિ પ્રવર્ત્તન છે. શ્રી કુમારપાલરાજા અને શ્રી સંપ્રતિરાજાની જેમ શ્રી પર્યુષણા અઠ્ઠાઈના પર્વ દિવસોમાં અમારિ પ્રવર્ત્તન કરવું જોઈએ. જગદ્‌ગુરૂ આચાર્ય ભગવાન શ્રીમદ્‌ વિજય **હીરસૂરીશ્વરજી** મહારાજા અને **અકબર** બાદશાહની યાદ આ પ્રસંગે આવે છે. અમારિ પ્રવર્ત્તન અંગે છેલ્લે છેલ્લે દૃષ્ટાંત યોગ્ય વૃત્તાંત આ બન્યો છે.

જયાં આચાર્ય ભગવાન વિજય હીરસૂરીશ્વરજીમહારાજા યાદ આવે એટલે બાદશાહ અકબર પણ યાદ આવે જ, કારણકે, આચાર્યમહારાજ અમારિનું જે ભારે પ્રવર્ત્તન કરાવી શક્યા હતા, તે બાદશાહ અકબરને પ્રતિબોધીને તેના દ્વારા જ કરવી શક્યા હતા. અને જયાં આચાર્યમહારાજ તથા અકબર યાદ આવે ત્યાં ચંપાબાઈ પણ યાદ આવ્યા વિના ન રહે. કારણકે, એ બેનો યોગ થવામાં એ બાઈ નિમિત્ત બની હતી. એને લઈને શાસ્ત્રોમાં ઠામ ઠામ એ બાઈ પણ લખાઈ ગઈ છે. અને શ્રી પર્યુષણ અઠ્ઠાઈનાં વ્યાખ્યાન જેવા પ્રસંગે પણ એ બાઈને સદ્‌ભાવ પૂર્વક યાદ કરવામાં આવે છે.

એ બાઈ મહાતપસ્વિની હતી. અને જેવી તપસ્વિની હતી, તેવી જ માર્ગની જ્ઞાતા પણ હતી. એ બાઈએ છ મહિનાના લાગટ ઉપવાસ કર્યા હતા તે પછીથી કોઈએ છ મહિનાના લાગટ ઉપવાસ કર્યા હોય તેવું સાંભવ્યું નથી. કદાચ કોઈએ કર્યા પણ હોય, પણ ચંપાની તો નોંધ થઈ ગઈ. વર્ષો વીતી ગયાં છતાં એની યાદ તાજી છે. અને વર્ષો સુધી એની યાદ રહેવાની.

એનામાં માર્ગનું જે જ્ઞાતાપણું હતું, એના જ યોગે એ અકબરનાં હૈયા ઉપર સુંદર છાપ પાડી શકી. એણે પોતાનો પ્રભાવ નહિ ગાયો પણ દેવોનો અને ગુરૂનો ગાયો. કેવા દેવોનો આ પ્રભાવ છે, એમ પણ કહ્યું, તે સાથે કહ્યું કે, આવા સદ્‌ગુરૂ વર્ત્તમાનમાં પણ છે અને એમનું પુણ્યનામ શ્રી **હીરસૂરિજી મહારાજા** છે. આથી જ અકબરે શ્રી હીરસૂરિજીને બોલાવ્યા અને શ્રી હીરસૂરિજીનો અકબર સાથે યોગ થયો.

ચંપાએ ભૂલ કરી હોત તો, તો અકબર હીરસૂરિજીને બોલાયત નહિ, અકબર જો બોલાવત નહિ, તો હીરસૂરિજી અકબરની પાસે જાત નહિ અને એ વિના એ કાળમાં શાસનની જે પ્રભાવના થઈ, તે પ્રભાવના ય થાત નહિ તેમ જ અમારિનું જે પ્રવર્ત્તન થયું તે થાત નહિ. તે કાળમાં ચંપાબાઈ દર્શને જતી તે વખતે સંઘ પણ મહોત્સવપૂર્વક સાથે જતો હતો.

એક દિવસ એવી જ રીતે ચંપાબાઈ દર્શને જતી હતી, તે સમયે અકબરની નજરે તે સરઘસ ચઢ્યું, આખોય સંઘ સંઘના આગેવાનો પણ સાથે હોય અને સહુ એક બાઈને ધામધૂમથી લઈ જતા હોય, ત્યારે એ જોઈને જોનારને આ શું છે ? એ જાણવાનું મન તો થાય જ ને ? અકબરે પાસે ઊભેલા રાજયના મોટા અધિકારીઓને પૂછયું, કે શું છે? તે આ મોટું સરઘસ નીકળ્યું છે?

ભવિતવ્યતા સારી હતી એટલે રાજયના અધિકાર ઉપર બેઠેલા જે જૈન અધિકારીઓ હતા, તપ ઊંચી કોટિનો, તપનો ઉત્સવ જોનારને જોતા રાખે એવો, તપ કરનારને માર્ગનું જ્ઞાન, અને

રાજ્યના અધિકારીઓમાં પણ જૈનો અને તેય શ્રદ્ધાળુ... બાદશાહે પૂછયું, એટલે જે અધિકારીઓ બાદશાહની પાસે જ ઊભા હતા. તેમણે કહ્યું કે, અમારી આ **ચંપાબાઈએ છ મહિનાના ઉપવાસ** કર્યા છે, એટલે તેને ઉત્સવપૂર્વક દર્શને લઈ જવાય છે.

આ વાતની બાદશાહને ઘણી સારી અસર થઈ. બાદશાહ સામાન્ય રીતે પણ જો એ પોતાના ધર્મમાં શ્રદ્ધાળુ ન હોય તો, તેને જે અસર થઈ, તે અસર ન થાત. પણ એ બાદશાહ હોવા છંતા ય એના ધર્મના રોજા કરનારો હતો. રોજામાં સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખાવાનું બંધ હોય છે. સૂર્યાસ્ત થયા પછીથી જ ખાવાપીવા વગેરે ની છૂટ. માત્ર દિવસે જ ન ખવાય ન પીવાય. આવી રીતે તે આખો મહિનો રોજા પાળતો એટલે એને ખબર હતી કે તપ કરવો એ કેટલું બધું કઠિન કામ છે! આથી છ મહિનાના ઉપવાસની વાતને સાંભળીને તો એ બહુ ચકિત થઈ ગયો.

છ મહિનાના ઉપવાસ અને તેય પાછા કેવા? રાત્રે તો કાંઈ જ ખાવાપીવાનું નહિ અને દિવસે પણ વિધિપૂર્વક ઉકાળેલું પાણી જ માત્ર પીવાનું. આ સાંભળીને બાદશાહ એટલો બધો આશ્ચર્યચકિત બની ગયો કે આખી રાત ખવાય, પીવાય, માત્ર દિવસે જ ખવાય-પીવાય નહિ, એવા પણ મહિનાના રોજા ભારે પડી જાય છે, તો છ મહિનાના ઉપવાસ, જેમાં રાતે કે દહાડે કાંઈ જ ખાવાનું નહિ અને દિવસે ય ઉકાળેલું પાણી પીવાનું. આંતો બહુ ગજબ કહેવાય!

બાદશાહના હૈયામાં આવું સશંક આશ્ચર્ય પેદા થઈ ગયું કે, આવું બની શકે? આવું બની શકતું હોય તો તે જરૂર જોવું જોઈએ. આથી, બાદશાહે ખાતરી કરવા બાઈને અમુક જગ્યાએ રાખવા કહ્યું. શ્રાવક સમજી ગયા કે બાદશાહને શંકા છે કે, આવો તપ થાય નહિ એટલે આ બાઈના તપ વિષે ખાતરી કરવાને માટે જ બાદશાહ તેને આમ રાખવાનું કહે છે. આથી તેમણે તરત જ તે મુજબની ગોઠવણી કરી.

બાઈ તપસ્વિની તરીકે ચુસ્ત હતી અને સંઘને પણ ખાતરી હતી કે વાંધો આવવાનો નથી. એ બાઈ વિષે રાજયના જૈન અધિકારીઓના મનમાં પણ પૂરી ખાતરી હતી, તેથી બાદશાહે બધી વ્યવસ્થાપૂર્વક એ બાઈને એક સુયોગ્ય સ્થળે રાખી. નોકર અને ઉકાળેલું પાણી વગેરેની વ્યવસ્થા પણ થઈ ગઈ. બાદશાહ બરાબર ખબર રખાવ્યા કરે છે. બાદશાહના માણસો બાઈની દિનચર્યાને જોયા કરે છે. બાદશાહએ પોતાના બધા માણસોને પૂછતાં, ખાતરી થઈ ગઈ કે, જેવું આ બોલે છે તેવું જ પાળે છે. એ જાણીને મુસ્લિમ બાદશાહનું હૈયું હાલી ગયું. એને થયું કે...

છ મહિના સુધી રોજ ઉપવાસ, એમાં દિવસે કે રાત્રે કાંઈ ખાવાનું નહિ, રાતના પાણી પણ પીવાનું નહિ અને દિવસે જે પાણી પીવાનું તેય વિધિપૂર્વક ! ભૂખની પીડાથી આળોટ્યા નહિ કરવાનું અને પ્રસન્નવદને તપ કરવાનો. આ પ્રકારનો તપ શી રીતે બની શકે? આવા તપને જોઈને બાદશાહનું હૈયું હાલી જાય તેમાં નવાઈ છે ?

બાદશાહના હૈયામાં એ બાઈ પ્રત્યે બહુમાન પ્રગટ્યું, આથી એ બાઈને એકવાર સન્માનભેર બોલાવીને બાદશાહે પૂછયું, કે આવો કઠિન તપ તું કોના પ્રભાવે કરી શકે છે? બાઈએ કહ્યું કે, આ મહિમા મારો નથી પણ મારા દેવ અને ગુરૂનો છે. આવું કહેવા સાથે બાઈએ બાદશાહની આગળ

સુદેવના સ્વરૂપનું અને સુગુરૂના સ્વરૂપનું વર્ણન કર્યું, એટલું કહીને એવા સુગુરૂ વર્ત્તમાનકાળમાં આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી** મહારાજા છે એમ કહ્યું....

એ જ વખતે બાદશાહે મનમાં નિર્ણય કરી લીધો કે જે ગુરૂના નામસ્મરણ માત્રથી પણ આ બાઈ આવો કઠિન તપ ધીરજપૂર્વક કરી શકે છે, તે ગુરૂને મારે જરૂર જોવા. બાદશાહે બાઈના સન્માનમાં પોતાનાં વાજિંત્રો મોકલ્યાં, બાઈને સોનાનો ચૂડો પણ કરાવી આપ્યો. અને બાઈને બહુમાનથી એને ઘેર મોકલી દીધી.

ત્યારબાદ બાદશાહના હૈયામાં પૂ. હીરસૂરિજી મ. પ્રત્યે બહુમાન જાગ્યું. ને તેને આવા મહાપુરૂષને મળવાનું દિલ થયું. તેમને બોલાવવા તેણે પોતાના સુબાઓને ફરમાનો કાઢ્યાં, તેમ જ આગેવાન શ્રાવકોને પણ કહ્યું, કે શ્રી હીરસૂરિજીને તમે અહીં બોલાવો જે કાંઈ સગવડ તેમને જોઈએ તે બધી હું કરીશ. બાદશાહના આમંત્રણથી પૂ. હીરસૂરિજી મહારાજે ગંધારથી તે તરફ પ્રયાણ કર્યું.

શ્રી હીરસૂરિજી મહારાજનો અત્યારનો કાળ તો જુદો જ હતો. ખુદ બાદશાહનું આમંત્રણ હતું, પાછો બાદશાહનો સુબાઓને હુકમ હતો કે, પૂરેપુરૂં સન્માન કરવું અને જે માગે તે સગવડ કરી આપવી. એટલે માન-સન્માનમાં શી કમીના રહે ! બાદશાહની પાસે જઈને આપણા વિષે આ શું કહેશે? આ બીકે પણ બાદશાહના હુકમ કરતાં ય બધા સવાયું કરેને?

અમદાવાદના સુબાએ તો શ્રી હીરસૂરિજી મહારાજાનું ઘણું જ મોટું સન્માન કર્યું. આ એ જ સૂબો હતો કે જેની હકુમતમાં શ્રી હીરસૂરિજીમહારાજાને આફત વેઠવી પડી હતી.

શ્રી હીરસૂરિજી મહારાજા ગંધારથી વિહાર કરીને અમદાવાદ પધારતાં અમદાવાદના શ્રી સંઘે સામૈયું કર્યું અને તેમાં સુબો જાતે પણ સામે લેવાને આવ્યો. એણે પહેલાં શ્રી હીરસૂરિજી મહારાજાને મણિ, મોતીને સુવર્ણાદિ, ગજ, રથને, પાલખી તથા રોકડ નાણું અને નોકરો. એ વગેરે જે કાંઈ જોઈએ તે આપવાની તૈયારી બતાવી, અને એ બધું લેવાની વિનંતિ કરી. પણ શ્રી હીરસૂરિજી મહારાજાએ એમાનું કાંઈ જ લેવાની ના પાડી. ના પાડી એટલું જ નહિ પણ એને જૈન મુનિઓનો ત્યાગ સમજાવ્યો, હું જ નથી લેતો એમ નહિ પણ અમારો કોઈ પણ મુનિ, આમાંની કોઈ પણ ચીજ લે જ નહિ એમ સમજાવ્યું.

એ વખતે એ સુબાના હૈયા ઉપર કેવી અસર પડી હશે? એને એમ થયું હશે કે આ ફકીરને હું ઓળખી શકયો ન હતો. આમને મેં હેરાન કર્યા, એ મોટો ગુનો કર્યો. આટલી સારી અસર તો થઈ હતી અને તેમાં પાછો ઉમેરો થયો. એ સુબાએ શ્રી હીરસૂરિમહારાજાને પૂર્વના પ્રસંગોની યાદિ આપીને કહ્યું છે કે, મેં તો આપની ઘણી બૂરાઈ કરી છે, પણ આપ તેની સામું નહિ જોશો અને મારૂં ભલું થાય તેમ કરશો. એમ હું માનું છું. એ વખતે શ્રી આચાર્ય મહારાજે એવો સુંદર જવાબ આપ્યો છે કે, એ સુબો મુસ્લિમ હોવા છતાં પણ જૈન મુનિપણા પર આફ્રીન થઈ ગયો.

ઉત્તર... અત્યારે તો વાતને હૈયામાં સ્થાન નથી પણ તે વખતે અમે તમારૂં ભૂંડું ચિંતવ્યું નથી. આવી વાત સામાના હૈયાને કેટલું હચમચાવી મૂકે? એ સુબાએ બાદશાહ અકબરને લખી દીધું કે,

ફકીરો ઘણા જોયા પણ આજ સુધીમાં આવો ફકીર તો એકેય જોયો નથી. શ્રી હીરસૂરિજી મહારાજા જયારે વિહાર કરતા કરતા બાદશાહ જયાં હતો તે ફત્તેહપુર પહોંચ્યા, ત્યારે ત્યાંના સંઘે તેઓશ્રીનું બહુ ભવ્ય સ્વાગત કર્યું.

એમ કહેવાય છે કે, સ્વાગતનું સરઘસ છ માઈલ લાંબું હતું. બાદશાહે પોતાના અમીર ઉમરાવોને સામે મોકલ્યા હતા, પણ બાદશાહ જાતે નહોતો આવ્યો, કદાચ એના મનમાં એમ પણ હોય કે મારી જાત મને ય કાફર માનીને ફેંકી દે.! અથવા તો બીજું કોઈપણ કારણ હોય.

જયારે શ્રી હીરસૂરિજી મહારાજા એની મુલાકાતે ગયા, ત્યારે બાદશાહ ઓચિત્યને ચૂક્યા નથી. સત્કાર કર્યો છે પણ ત્યાંય બાદશાહે મુનિચર્યાના પાલનની પરિક્ષા કરી છે. કેમકે, ચંપાએ ઘણું કહી દીધું હતું. એ જ મુજબની શ્રી હીરસૂરિજી મહારાજાની મુનિચર્યાના પાલનની તકેદારી જોઈને જાણીને બાદશાહ ઘણો આકર્ષાવા લાગ્યો. એક તો મુનિચર્યાનું પાલન જ બહુમાન ઉપજાવે એવું અને એમાં શ્રી હીરસૂરિજી મહારાજાનો પુન્યોદય પણ એવો છે કે ચમત્કાર લાગે તેવું બને છે.

બાદશાહ આચાર્યદેવને ગાલીચા ઉપર પધારવાનું કહે છે, શ્રી હિરસૂરિજી મ. ગાલીચા ઉપર પગ મૂકતા નથી અને કહે છે કે, આના ઉપર અમારાથી પગ ન મૂકાય. કેમકે, આની નીચે જીવજંતુ હોવાનો સંભવ છે. અને જીવજંતુ હોય તો જયણા થઈ શકે નહિ. બાદશાહના માન્યામાં આ વાત આવતી નથી, એટલે પોતે જાતે જ એક છેડેથી ગાલીચાને ઊંચો કરે છે. પછી બાદશાહ જુએ છે તો નીચે કીડીઓ ફરતી દેખાય છે. બાદશાહ જીવદયાની આટલી બધી કાળજી જોઈને બહુ ખુશ થઈ ગયો.

પછી જેમ જેમ બાદશાહનો અને હીરસૂરિજી મ. નો પ્રસંગ વધતો ગયો તેમ તેમ બાદશાહને આ માર્ગ બહુ ઊંચો છે એવી પણ પ્રતીતિ થતી ગઈ અને આવા માર્ગના પાલક સાધુઓ પણ ઘણા ઊંચા છે એવી પણ પ્રતીતિ થઈ ગઈ.

બાદશાહે એકવાર મંત્ર-તંત્રની વાત કાઢી, એટલે શ્રી હીરસૂરિજી મહારાજાએ કહી દીધું કે, એ જૈન મુનિઓનો આચાર નથી. વળી પાછા પોતાને નડતા ગ્રહોની વાત બાદશાહે કાઢી, એ વખતે પણ શ્રી આચાર્ય મહારાજે જણાવી દીધું કે, અમે તો ધર્મગુરુ છીએ, અમે તો ધર્મને બતાવીએ. ધર્મને સેવવો, ધર્મોપદેશ કરવો, અને ધર્મને જે સેવે તેને ધર્મને સેવવામાં સહાય કરવી. એ અમારૂં કામ છે, તે સિવાય બીજું અમારૂં કામ નહિ.

બાદશાહ હિંસા કરવામાં એવો પ્રેમી હતો કે, જેના યોગે તેણે આગ્રા નગરથી માંડીને અજમેર નગર સુધીના માર્ગમાં કૂવાઓથી સહિત મીનારાઓ વગેરે બંધાવ્યું હતું અને પોતાની શિકાર કળાને પ્રગટ કરવાને માટે એ દરેકે દરેક મિનારા ઉપર સેંકડો હરણિયાંઓનાં શીંગડાંઓનું આરોહણ કરાવ્યું હતું. અને આવું કરી શકવા માટે તેને ઘણો આનંદ થયો હતો. આવો હિંસામતિ બાદશાહ પણ પરમ દયાળુ જગદગુરુના ઉપદેશથી દયામતિ થઈ ગયો. અને તે બાદશાહે એકવાર શ્રી આચાર્ય મહારાજાને વિનંતિ કરી કે,- આપના દર્શન માટે ઉત્કંઠિત બનેલા મેં આપને અહીં દૂરદેશથી બોલાવ્યા છે, અને આપ તો અમારૂં કશું જ અંગીકાર કરતા નથી માટે આપશ્રીએ અમારી

પાસે કાંઈક પણ માગવું જ જોઈએ. બાદશાહે કરેલી આ પ્રકારની વિનંતિનો સ્વીકાર કરીને શ્રી હીરસૂરિજી મહારાજાએ....... વિચાર કરીને બાદશાહની પાસે એવી માગણી મૂકી કે,... **એક તો શ્રી પર્યુષણ પર્વ સંબંધી આઠેય દિવસોમાં તમારા સઘળાય દેશોમાં અમારિનું પ્રવર્ત્તન થવું જોઈએ. અને બીજું... તમારા બંદીખાનામાંના કેદીઓને તમારે મુક્ત કરી દેવા જોઈએ.**

આવા પ્રકારની માગણીને સાંભળતાં બાદશાહ આચાર્યદેવના નિસ્પૃહતા ગુણથી આશ્ચર્યચકિત બન્યો, તેણે તરત જ કહ્યું કે, આપના આઠ દિવસોમાં અમારા પણ ચાર દિવસો અધિક હો ! આમ કહીને પોતાના તાબાના દેશોમાં શ્રાવણ વદિ દશમથી આરંભીને ભાદરવા શુદિ છઠ સુધી. એમ કુલ બાર દિવસને માટે હંમેશા અમારિનું પ્રવર્ત્તન થયા જ કરે, એ માટેનાં છ ફરમાનો બાદશાહે તૈયાર કરાવ્યા.

એ છ ફરમાનોને પોતાની સહીથી અંકિત કરીને બાદશાહે શ્રી આચાર્યદેવશ્રીને સમર્પ્યાં. એ છ ફરમાનોમાં પહેલું ગુજરાત દેશ સંબંધી હતું, બીજું માલવદેશ, ત્રીજું અજમેર, ચોથું દીલ્હી અને ફત્તેહપુર સંબંધી, પાંચમું લાહોર અને મુલતાન સંબંધી. અને છઠું એ પાંચેય દેશો સંબંધી સંયુકત ફરમાન હતું. આ ફરમાનોના પ્રતાપે, તે તે સર્વ દેશોમાં અમારિપડહ વિસ્તારને પામ્યો.

આ પ્રમાણે છ ફરમાનોનું સમર્પણ કર્યા બાદ, બાદશાહ ત્યાંથી ઉઠીને ડામર નામના મહાસરોવર પાસે પહોંચ્યો. કે જે સરોવર અનેક ગાઉઓના વિસ્તારવાળું હતું. શ્રી હીરસૂરિજી મહારાજાને કહીને તેણે સાધુઓને પણ એ મહાસરોવરની પાસે બોલાવ્યા હતા. એ સાધુઓની હાજરીમાં જ બાદશાહે, દેશ દેશાંતરના લોકોએ ભેટ કરેલાં વિવિધ જાતિઓનાં પક્ષીઓને છોડી દીધાં. આ ઉપરાંત કારાગારમાં રહેલા બંદીવાનોમાંથી પણ ઘણાઓને છોડી દીધા. અને છેવટે છ મહિના ને છ દિવસ સુધી બાદશાહે અમારિ-પ્રવર્ત્તનના ફરમાનો કાઢેલ. આ રીતે જગદ્ગુરૂ પૂ. શ્રી **હીરસૂરિજી મહારાજા**ના ઉપદેશથી બાદશાહ **અકબરે** અમારિ પ્રવર્ત્તન કરેલ છે.

**પ્રથમ અમારિ કર્ત્તવ્ય સમાપ્ત**

## ૨. સાધર્મિક વાત્સલ્ય

શ્રી પર્યુષણ પર્વનાં પાંચ કર્ત્તવ્યો પૈકી બીજું કર્ત્તવ્ય છે **સાધર્મિક વાત્સલ્ય** અહીં વાત્સલ્ય શબ્દનો અર્થ ભકિતના અર્થમાં કરાયેલો છે. શ્રાવક-શ્રાવિકાએ પોતાનાં સાધર્મિક શ્રાવક શ્રાવિકાઓ માટે શું કરવું જોઈએ તે સમજવું જોઈએ. જેટલી ધર્મની કિંમત હૈયે હોય તેના પ્રમાણમાં સાધર્મિક પ્રત્યે બહુમાન હોય અને હૈયામાં જેટલું બહુમાન હોય તે અનુસાર ભકિત થાય....

સાધર્મિક સંબંધ એ કેટલો બધો દુર્લભ સંબંધ છે એ વાતનો ખ્યાલ આપવાને માટે શાસ્ત્રોમાં છે કે, જીવને સમાનધર્મી આત્માઓનો યોગ પ્રાયઃ મુશ્કેલીએ જ મળે છે. જીવોને સંસારમાં બધા સંબંધો મળવા એ સુલભ છે, પરંતુ સાધર્મિક તરીકેના સંબંધોની પ્રાપ્તિ થવી એ જ દુર્લભ છે.

વ્યવહાર રાશિમાં આવેલા જીવોએ પરસ્પર કેટકેટલા સંબંધો કર્યા હશે ! અને કેટકેટલા સંબંધો તોડયા હશે ! કયા જીવને, કયા જીવની સાથે, કયા પ્રકારનો સંબંધ નહિ થયો હોય? કાળ તો

અનંતો ગયો, અનંતકાળમાં અનંતા સંબંધ થયા, પ્રાયઃ બધા જીવોની સાથે બધા સંબંધો થયા હશે ! માતા, પિતા, પુત્ર, પત્ની તરીકેના સંબંધો કર્યા પણ સાધર્મિક સંબંધો કર્યા નથી.

સાધર્મિક વાત્સલ્ય અંગે આપણે તો ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે બુદ્ધિરૂપી ત્રાજવાનાં બે પલ્લાંઓમાંના એક પલ્લામાં જો સઘળાય ધર્મોને મૂકવામાં આવે અને બીજા પલ્લામાં જો એક માત્ર સાધર્મિકવાત્સલ્યને મૂકવામાં આવે તો પણ જો બે પલ્લાઓમાંથી એકેય પલ્લું ઊંચું પણ ચઢે નહિ કે નીચું પણ જાય નહિ. એટલે જે સાધર્મિકવાત્સલ્ય કરે તેને તો બધા પ્રકારોને સેવવાનો લાભ મળી જાય....

ધર્મ કરવામાં ય ધર્મ, ધર્મ કરાવવામાં ય ધર્મ, અને ધર્મ કરનાર તથા ધર્મ કરાવનારની અનુમોદના કરવામાં પણ ધર્મ. સાધર્મિકવાત્સલ્ય કરવા દ્વારા સાધર્મિકો તરફથી સેવાતા ધર્મના પ્રકારોના સેવનનો પણ લાભ મળી જાય. માટેજ એક બાજુ સર્વ પ્રકારના ધર્માચરણો હોય અને બીજી બાજુ એકલું સાધર્મિકવાત્સલ્ય હોય તો પણ તેની સમાનતા ગણાય.

સાધર્મિક વાત્સલ્ય કરનાર ભરત,નરદેવ,દંડવીર્ય અને કુમારપાળ આદિ રાજાઓના વૃત્તાંતોનું સૂચન શાસ્ત્રમાં આવે છે. શાસ્ત્રમાં સાધર્મિક વાત્સલ્યના ઘણા પ્રસંગો વર્ણવાયેલા છે. એમાંથી આપણે એક માત્ર મહારાજા ભરતનો જ પ્રસંગ જોઈએ. કેમકે, આ અવસર્પિણી કાળમાં સાધર્મિકવાત્સલ્ય સૌથી પહેલું એમણે કર્યું હતું.

મહારાજા ભરત જેવા ભદ્રિક હૈયાવાળા હતા, તેવા જ ભક્તિથી ભરેલા હૈયાવાળા હતા. એ કાળ ભદ્રિકતાનો હતો. ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજી ચોરાસી હજાર મુનિઓની સાથે પધાર્યા છે. એમાં શ્રી ભરત મહારાજાના ભાઈઓ પણ છે કે જેઓ દીક્ષિત થઈ ગયેલા છે. તેમને જોઈને શ્રી ભરત મહારાજાને કંઈ કંઈ થઈ જાય છે. આ બધાને મૂકીને હું ભોગોને ભોગવું છું તે હું કેટલો બધો હીન છું. એમ એમને થઈ ગયું છે. એટલે સરળતાથી એમણે હાથ જોડીને ભગવાનની સમક્ષ ભાઈઓને ભોગ માટે નિમંત્રણ કર્યું છે.

ભગવાને સમજાવ્યું કે તારા ભાઈઓએ તો સંસારની અસારતાને જાણીને મહાવ્રતોને સ્વીકાર્યા છે એટલે એ ભોગોને ગ્રહણ કરે જ નહિ. ભગવાને આ પ્રમાણે કહ્યું એટલે પશ્ચાત્તાપવાળા બનેલા શ્રી ભરત મહારાજાએ વિચાર કર્યો કે, આ બધાએ સંગને તજ્યો છે. એટલે ભોગોને ભલે ન ભોગવે પણ આહાર તો લેશે ને! આવો વિચાર કરીને શ્રી ભરતે પાંચસો ગાડાં આહારની વિવિધ સામગ્રઓથી ભરાવ્યાં, અને એ બધાંને લઈને ભગવાનની પાસે એ આવ્યા.

એમને હવે મુનિઓને આહાર વહોરાવી ભક્તિ કરવી છે. મુનિઓ પણ ઘણા છે, આહારની સામગ્રીથી ભરેલાં પાંચસો ગાડાં લઈ આવીને શ્રી ભરતે ભગવાનને પહેલાંની જેમ પ્રાર્થના કરી. ભગવાને આ વખતે પણ પહેલાંની જેમ જ નિષેધ કર્યો અને સમજાવ્યું કે, સાધુઓને આવો આધાકર્મી અને અભ્યાહૃત આહાર લેવો એ કલ્પે નહિ. આથી શ્રી ભરતમહારાજાએ મુનિઓને માટે એવા આહારને ગ્રહણ કરવાની વિનંતિ કરી કે, જે અકૃત હોય ને અકારિત પણ હોય, એ વખતે પણ ભગવાને એનો નિષેધ કર્યો કે, મુનિઓને રાજપિંડ પણ કલ્પે નહિ આમ સમજાવ્યું.

મહારાજા આમ સરળતાથી એક પછી એક વિનંતિ કરતા ગયા અને ભગવાને નિષેધ જ કર્યા કર્યો. એની શ્રી ભરત ઉપર કેવી અસર થાય? શ્રી ભરત એકદમ વિલખા પડી ગયા, શોકાતુર હૈયાવાળા બની ગયા. રાહુથી ચંદ્ર ગ્રસાય તેવી હાલત તેમની થઈ ગઈ છે. મારી કોઈ જ વસ્તુ આ મુનિઓના ઉપયોગમાં આવે નહિ તો પછી મારે આ બધાંને કરવાનું શું? આ વિચારે એ દુઃખી દુઃખી થઈ ગયા છે. એમની છાતી એટલી બધી ભરાઈ ગઈ કે, એ જોઈને ઈન્દ્રને વિચાર થયો કે આમને શાંત પાડવાનો કોઈ ઉપાય યોજ્યા સિવાય છૂટકો નથી. આથી ઈન્દ્રે એ જ વખતે ભગવાનને પૂછયું કે ભગવન્ ! અવગ્રહ કેટલા પ્રકારના છે?

ભગવાને કહ્યું-પાંચ પ્રકારના.... ૧. ઈન્દ્રનો, ૨. ચક્રવર્તીનો, ૩. રાજાનો, ૪. ઘરધણીનો, ૫. સાધુનો આ પાંચ અવગ્રહોમાં, પૂર્વનો અવગ્રહ પછીના અવગ્રહને બાધ કરી શકતો નથી. પણ પછીનો અવગ્રહ પૂર્વના અવગ્રહને બાધ કરે છે. પૂર્વના અવગ્રહો કરતાં પછીનો અવગ્રહ બળવાન ગણાય છે. સાધુઓ જે કોઈ મકાનમાં કે જગ્યામાં રહ્યા હોય તે મકાન કે તે જગ્યાને વાપરવાની તેઓ જો બીજા સાધુઓને છૂટ આપે, તો એ છૂટમાં ઘરધણીની, રાજાની, ચક્રવર્તીની અને ઈન્દ્રની છૂટનો સમાવેશ થઈ જાય.

એમ, રાજા આદિની છૂટ માટે પણ સમજી લેવાનું, છૂટ તો પાંચેયની જોઈએ, પણ તે આ રીતે, ઈન્દ્ર છૂટ આપે ને ચક્રવર્તી છૂટ ન આપે તો ન ચાલે. ઈન્દ્ર પણ છૂટ આપે ને ચક્રવર્તી પણ છૂટ આપે પણ રાજા છૂટ ન આપે તો ન ચાલે. ઈન્દ્ર, ચક્રવર્તી અને રાજા છૂઢ આપે પણ ઘરધણી જો છૂટ આપે નહિ તો પણ ન ચાલે, અને છૂટ આપ્યા વિના તેના મકાનમાં સાધુ રહે તે ગુન્હો ગણાય.

ઘરધણી જો છૂટ આપે પણ ઘરધણીએ એ ઘર જો તે પહેલાં બીજા સાધુઓને વાપરવા માટે આપી દીધેલું હોય તો એ ઘરને વાપરતાં પહેલાં એ સાધુઓની સંમતિ અવશ્ય લેવી જોઈએ. ભગવાને પાંચ પ્રકારના અવગ્રહો વર્ણવ્યા, એટલે ઈન્દ્રે ઊભા થઈને કહ્યું કે, મારા અવગ્રહમાં સર્વ સાધુઓને વિચરવાનો મને લાભ મળો. ઈન્દ્રે આમ કહ્યું એટલે ભરતચક્રવર્તીને પણ વિચાર આવ્યો કે, ભલે આ મુનિઓએ મારા આહારાદિને ગ્રહણ કર્યો નહિ પરંતુ આમને મારા અવગ્રહની અનુજ્ઞા આપીને તો હું જરૂર કૃતાર્થ થાઉં. ! આવો વિચાર કરીને શ્રી ભરતે પણ ઊભા થઈને, હાથ જોડીને ઈન્દ્રની માફક પોતાના અવગ્રહની મુનિઓને અનુજ્ઞા આપી. આમ હૈયામાં જે શોક ભરાઈ ગયો હતો તે ભાગી ગયો. ઈન્દ્રે મને લાભ અપાવ્યો એમ સમજીને ભરત ખુશખુશ થઈ ગયા.

આ પછી શ્રી ભરતમહારાજાએ ઈન્દ્રને પૂછયું કે, હવે આ બધી ખાદ્ય અને પેય સામગ્રીનું મારે કરવું શું? ઈન્દ્રે કહ્યું, જે કોઈ અધિક ગુણવાન હોય તેમને આ સામગ્રી આપી દો. પહેલાં તો શ્રી ભરતને વિચાર આવ્યો કે સાધુઓ સિવાય તો કોઈ મારાથી ગુણાધિક નથી. પણ પાછો તરત જ ખ્યાલ આવ્યો કે, હું ભૂલ્યો. મારાથી ગુણાધિક એવા દેશવિરતિ અને અવિરત સમ્યગ્ર દૃષ્ટિ (જીવો) છે, સુશ્રાવકો છે, બસ, તેમને જ મારે આ બધું આપી દેવું.

આવો નિશ્ચય કરીને પોતાની વિનિતા નગરીમાં ગયા બાદ ભરતે નગરીના શ્રાવકોને બોલાવ્યા અને કહ્યું કે, હવેથી તમારે બધાંને અહીં મારે ત્યાં જ ભોજન કરવાનું છે. હવે તમે બધા

કોઈ ધંધો નહિ કરતાં, સ્વાધ્યાય કરવામાં તત્પર બની જાઓ અને રોજ રોજ નવું નવું જ્ઞાન મેળવ્યા કરો. આ ઉપરાંત રોજ પોતાને ચેતવ્યા કરવાની વાત પણ શ્રી ભરતે તેમને કહી છે. આમ ભરતે બધા જ શ્રાવકોની જરૂરિયાતોની ચિંતા પોતાને માથે લઈ લીધી.

આ રીતે શ્રાવકો પણ ચક્રવર્તી રાજય સભામાં પધારે ત્યારે

जितो भवान् वर्धते भयं मा हन मा हन બોલીને ચેતવતા. આ પ્રમાણે સુખી માણસો વર્ષમાં એક દિવસને માટે તો ગામના સર્વ સાધર્મિકોને આહારાદિની સગવડ કરી આપીને ધર્મની આરાધના કરવામાં તેમને તે દિવસે અંતરાય નડે નહિ, એવું તો કરી શકે છે.

શ્રી પર્યુષણ અટ્ઠાઈના દિવસો પૈકીના અમુક દિવસોમાં પ્રાયઃ ગામેગામ નવકારશીઓ થતી, તે આવા જ હેતુથી. આ પર્વમાં ધર્મ કરવાનું મન તો બધા જૈનોને હોય, અને એમાં ઘરે રાંધવા વગેરેનું કામ ન રહે તો કેટલી આરાધના વધે? સાધર્મિકવાત્સલ્ય કરનારને એનો પણ લાભ મળેને? આવા જમણવારો વર્ષમાં ઘણા થતા હોય તો જૈનોને કેટલું પોષણ મળી જાય !

બીજું સાધર્મિક વાત્સલ્ય કર્તવ્ય સમાપ્ત

## ૩. જું કર્ત્તવ્ય પરસ્પર ક્ષમાપના

પરસ્પર ક્ષમાપના કરવી, એ શ્રી પર્યુષણાપર્વનું ત્રીજું કર્ત્તવ્ય છે. આ કર્ત્તવ્ય એ શ્રી પર્યુષણા પર્વનું મર્મસ્થાન છે, એમ કહીએ તો પણ ચાલી શકે, કેમકે, જે આ કર્ત્તવ્યને સેવે નહિ તે નિયમા શ્રી પર્યુષણપર્વનો આરાધક બની શકે નહિ. અનંતાનુંબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ચાર પ્રકારના કષાયોનો કાળ વ્યવહારથી બાર મહિનાનો માનવામાં આવ્યો છે, એટલે કે જેણે અનુંતાનુબંધી કષાયોના ઉદયથી બચવું હોય તેણે, છેવટમાં છેવટ બાર મહિનાની અંદર તો જરૂર આત્મામાં પ્રગટેલા કષાયોને ઉપશમાવી દેવા જોઈએ.

કષાયો જો બાર મહિનામાં પણ ઉપશમે નહિ અને પ્રગટેલા કષાયો બાર મહિનાથી અધિક કાળ રહી જાય, તો તે મિથ્યાત્વના ઉદયના સૂચક ગણાય છે. સર્વવિરતિ અને દેશવિરતિના પરિણામોને ટકાવી રાખવાને માટે તો પ્રગટેલા કષાયોને બહુ જ વહેલા ઉપશમાવી દેવા જોઈએ. પણ છેવટે સમ્યગ્‌દર્શનગુણને ટકાવી રાખવા માટે ય બાર મહિના સુધીમાં તો ઉપશાંત બની જ જવું જોઈએ. એટલે શ્રી પર્યુષણ પર્વની આરાધના કરવાને ઈચ્છાનારાઓએ છેવટેમાં છેવટ સંવત્સરીના દિવસે તો ક્ષમાપના કરવા પૂર્વક ઉપશાંત બની જ જવું જોઈએ.

ચંડપ્રદ્યોતન રાજા તરફ શ્રીમાન ઉદાયન રાજાએ જેમ ક્ષમાપના કરી હતી, તેમ સંવત્સરી મહાપર્વની-પર્યુષણ પર્વની આરાધના કરવાને ઈચ્છનારા સહુ કોઈએ ક્ષમાપના કરી લેવી જોઈએ. શ્રી ઉદાયન અને શ્રી ચંડપ્રદ્યોતન એ નામના બે રાજાઓ હતા. શ્રી ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતન રાજાને જીતીને તેને પોતાના કેદખાનામાં રાખેલ.

પર્યુષણાના દિવસે શ્રી ઉદાયન રાજાએ ઉપવાસ કરેલો હોવાથી રસોઈયો ચંડપ્રદ્યોતનને પૂછવા ગયો, આજે આપના માટે શી રસોઈ બનાવું? આથી તેને શંકા થઈ કે, કોઈ દિવસ નહિ અને

આજે રસોઈ માટે કેમ પૂછવામાં આવે છે ? એના કારણમાં તે રસોઈયો જણાવે છે કે, મારા રાજાને આજે પર્યુષણ પર્વ હોવાથી ઉપવાસ છે. આથી વખતે દગો હોય તો? એમ ધારી ચંડપ્રદ્યોતન રાજા પણ આજે મારે ય ઉપવાસ છે એમ કહે છે.

રસોઈયો ઉદાયન રાજાને આ વાતની ખબર આપે છે, આથી શ્રી ઉદાયન રાજા, મને કે કમને સાધર્મિક થયો છે, એમ ધારીને તરત જ તે રાજાને છૂટો કરે છે, અને કહે છે કે, તું સાધર્મિક થયો માટે તને અત્યારથી બંધનમુકત કરી દઉં છું. મારે તારું કાંઈ પણ જોઈતું નથી. રાજા ચંડપ્રદ્યોતનને બંધનમુકત કર્યા પછી, પહેલાં તેના કપાળમાં દાસીપુત્ર એવા જે અક્ષરો લખ્યા હતા, તે પણ દેખાય નહિ, એટલા માટે તેના કપાળ ઉપર ઉદાયન રાજાએ સુવર્ણપટ્ટક બંધાવ્યો.

આ રીતે શ્રી ઉદાયને ચંડપ્રદ્યોતનની સાથે ક્ષમાપના કરી. ક્ષમાપના એ એક એવો ગુણ છે કે, દુશ્મન પણ આ ગુણથી પ્રભુના માર્ગને પામી જાય, અને તેમાં સ્થિર થઈ જાય... આ પરસ્પર ક્ષમાપના કરવાના કાર્યને અંગે અહીં બે દૃષ્ટાંતો આપ્યાં છે. ક્ષમાપના કોની જેમ કરવી જોઈએ? એ વાતને સમજાવવાને માટે મૃગાવતી તથા ચંદનબાલાનું દૃષ્ટાંત છે. અને ક્ષમાપના કોની માફક નહિ કરવી જોઈએ એ વાતને સમજાવવાને માટે ક્ષુલ્લક તથા કુંભારનું દૃષ્ટાંત છે. દાખલા બહુ મઝાના છે.

એકમાં બીન ગુન્હેગાર મૃગાવતીજી છે અને બીજામાં ગુન્હેગાર ક્ષુલ્લક છે. સંવત્સરી પ્રતિક્રમણ કરતાં મૃગાવતીજી જેવો ભાવ લાવવાની કાળજી જોઈએ. સંવત્સરી પ્રતિક્રમણ તો ઉપશાંત આત્માઓનું અને ઉપશાંત બનીને આરાધક બનવાને ઈચ્છતા આત્માઓનું પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ કરનારા આવા ગમે તેટલી મોટી સંખ્યામાં ભેગા થયા હોય તો પણ જરાય ઘોંઘાટ થાય શાનો? મિચ્છામિ દુક્કડં દેવો, એ તો એક ધાર્મિક ક્રિયા છે. કોઈની સાથે મારે વૈરભાવ નથી, એવું સૂચવવાને માટેની એ ક્રિયા છે. એમાં, હૈયાનો ભાવ વ્યક્ત કરવાનો છે. માત્ર મોઢે બોલવા પૂરતી આ વાત નથી, એ વાતને સમજાવવાને માટે જ ક્ષુલ્લક અને કુંભારનું ઉદાહરણ છે. કોઈ એક બાલસાધુએ કોઈ એક કુંભારનાં માટીનાં વાસણોને કાંકરીઓ મારીને કાણાં પાડવા માંડયાં. આથી કુંભારે એ ક્ષુલ્લકને ઠપકો આપ્યો અને વાસણોને કાંકરી ન મારવા કહ્યું, એના જવાબમાં ક્ષુલ્લકે, મિચ્છામિ દુક્કડં એમ કહ્યું, એટલે કે મારી ભૂલ થઈ, અને તે મારી ભૂલની તમો ક્ષમા કરો, મારૂં પાપ મિથ્યા થાઓ! એમ ક્ષુલ્લકે કહ્યું, આથી કુંભારે શાંતિ પકડી, પણ ક્ષુલ્લકે પાછું વાસણોને કાંકરીઓ મારવાનું અને એ રીતે પોતાનું રમત રમવાનું કામ તો ચાલુ જ રાખ્યું. કુંભારે બીજીવાર પણ ઠપકો આપ્યો, અને ક્ષુલ્લકે બીજીવાર પણ મિચ્છામિ દુક્કડં કહીને શાંત કર્યો. કુંભાર શાંત થઈને જરા આઘો ગયો, એટલે પાછી ક્ષુલ્લકે તો પહેલાંની જેમ જ વાસણોને કાંકરીઓ મારીને કાણાં કરવાની રમત શરૂ કરી દીધી, ફરી કુંભારે ઠપકો આપ્યો. તો ફરી પણ ક્ષુલ્લકે મિચ્છામિ દુક્કડં કહ્યું. પણ ક્ષુલ્લકે રમત તો છોડી નહિ જ.

આથી પેલા કુંભારને ગુસ્સો આવ્યો, તેણે ક્ષુલ્લકને પકડ્યો, અને કાંકરી હાથમાં લઈને ક્ષુલ્લકનો કાન કાંકરી સાથે દબાવીને મરડવા માંડયો. ક્ષુલ્લક વેદનાની બૂમો પાડતો, ત્યારે કુંભાર કહેતો કે, મિચ્છામિ દુક્કડં, અને મિચ્છામિ દુક્કડં કહેવા છતાં ય કુંભાર ક્ષુલ્લકના કાનને તો મરડ્યા

જ કરતો. એમ જેમ જેમ ક્ષુલ્લક બૂમો પાડતો જતો હતો, તેમ તેમ તે કુંભાર પણ મિચ્છામિ દુક્કડં કહ્યા કરતો હતો. આવી રીતે મિચ્છામિ દુક્કડં દેવાય નહિ. આવી રીતે દેવાથી કાંઈ લાભ થાય નહિ.

થઈ ગયેલી ભૂલનો પશ્ચાત્તાપ અને ભવિષ્યમાં ભૂલ નહિ કરવાની કાળજી એ બેના યોગે જ જો મિચ્છામિ દુક્કડં દેવાય તો જ તે સફળ બને. મિચ્છામિ દુક્કડં કોની માફક દેવો જોઈએ એ વાતને સમજાવવાને માટે શ્રીમતી મૃગાવતીજીનું દૃષ્ટાંત છે.

## ચંદનબાલા - મૃગાવતી

એકવાર કૌશાંબી નામની નગરીમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્મા સમવસર્યા હતા. એ વખતે એ તારકને વંદન કરવાને માટે સૂર્ય અને ચંદ્ર નામના ઈન્દ્રો પોતપોતાના મૂળ વિમાન સહિત ત્યાં આવ્યા. એ વિમાનોના પ્રકાશ અંગે બન્યું એવું કે દિવસ પૂરો થઈ ગયો અને રાત્રિ શરૂ થઈ ગઈ હોવા છતાં પ્રકાશ એવો ફેલાયેલો રહ્યો કે જેથી દિવસ પૂરો થઈ ગયો એમ સામાન્ય પણે જાણી શકાય એવું નહોતું. એથી શ્રીમતી મૃગાવતીજીને રાત્રિ પડયાની ખબર પડી નહિ. એટલે એ ત્યાં ભગવાનના સમવસરણમાં બેસી રહ્યાં.

એટલામાં સૂર્ય અને ચંદ્ર ચાલ્યા ગયા અને એથી સ્વાભાવિક રીતે રાત્રિનો અંધકાર ફેલાવા લાગ્યો. એમણે જોયું તો જણાયું કે, ચંદનબાલાજી કે જે તેમના ગુરૂણીજી હતાં, તે તો ચાલ્યાં ગયાં હતાં, આથી તેમને ક્ષોભ થઈ ગયો. ભયભીત બનેલાં તે જયારે ઉપાશ્રયે પહોંચ્યાં ત્યારે પ્રવર્તિની ચંદનબાલાજી તો સૂઈ ગયાં હતાં. ચંદનબાલાશ્રીજી તો સૂર્યાસ્તનો સમય જાણીને વહેલાં ચાલી આવેલાં.

મૃગાવતીશ્રીએ આવતાં વેંત, ચંદનબાલાશ્રીજીને કહ્યું કે, મારો અપરાધ ક્ષમા કરો! એ વખતે ચંદનબાલાશ્રીજીએ કહ્યું કે ભદ્રે ! કુલીન એવી તારે માટે આ યોગ્ય નથી. કુલીનપણાનો ગુણ હોવાથી તેમણે પોતાની પ્રવર્તિનીને જવાબમાં એમ જ કહ્યું કે, હું ફરીથી આવું નહિ કરૂં. અને એમને ખાતરી હતી કે, મારા જવાબથી મારાં પ્રવર્તિનીને જરૂર સંતોષ થશે....

પરંતુ સુંદર ભવિતવ્યતાના યોગે બન્યું એવું કે ચંદનબાલાશ્રી કુલીન એવી તારા માટે આ યોગ્ય નથી, એટલું માત્ર કહીને નિદ્રામાં આવી ગયાં, આથી તેમણે, મૃગાવતીએ જે એમ કહ્યું કે, ફરીથી હું આવું નહિ કરૂં તેનો કાંઈ ઉત્તર આપ્યો નહિ. અહીં આમ બન્યું, પણ મૃગાવતીશ્રી ઉપર એની જુદી જ અસર થવા પામી, કેમકે, એ કુલીન હતાં, મૃગાવતીશ્રીને લાગ્યું કે, મારા જવાબથી પણ મારાં પ્રવર્તિનીને પૂરતો સંતોષ નથી થયો, જયાં સુધી મારાં પ્રવર્તિની મને તારો અપરાધ માફ કર્યો એમ ન કહે, ત્યાં સુધી મારાથી અહીંથી ઊઠાય નહિ.

આવો નિર્ણય કરીને મૃગાવતીશ્રી તો પોતાનાં ગુરૂણીના પગમાં પડ્યાં પડ્યાં ખમાવતાં જ રહ્યાં. એ દરમ્યાન ગુરૂણીજીને જરા ઢંઢોળવાનો પ્રયત્ન સરખો પણ એમણે કર્યો નહિ. એમ ખમાવવાની ભાવનામાં રમતાં એવાં મૃગાવતીશ્રીજીએ ત્યાં ને ત્યાં ક્ષપકશ્રેણિ માંડી, અને કેવલજ્ઞાન ઉપાજર્યું. ક્ષમાપનાના પરમફળને એ આમ પામી ગયાં.

ક્ષમાપના કરવાને માટે, હૈયાને જેમ ખૂબ નિર્મળ બનાવવું જોઈએ, તેમ નમ્ર પણ ખૂબ જ બનાવવું જોઈએ. હૈયું નમ્ર બન્યા વિના, સાચો ક્ષમાપનાનો ભાવ આવે નહિ, અને એ વિના હૈયું નિર્મળ બને નહિ અને હૈયું જો નિર્મળ ન બને તો ક્ષમાપનાનો જે લાભ મળવો જોઈએ તે લાભ મળે શી રીતે? ક્ષમાપના આ રીતિથી કરવી જોઈએ એવું શીખવવાને માટે આ ઉદાહરણ આપવામાં આવ્યું છે.

શ્રીમતી મૃગાવતીશ્રીજીને કેવલજ્ઞાન પ્રગટયું તે પછીથી ચંદનબાલાશ્રીની પણ સુંદર ભવિતવ્યતાના યોગે બન્યું એવું કે, એક કાળો નાગ જે રસ્તે આવી રહ્યો હતો તે રસ્તામાં, ઊંઘતાં એવાં ચંદનબાલાશ્રીનો હાથ પડેલો હતો, શ્રીમતી મૃગાવતીશ્રીએ એ આવતા સર્પને જ્ઞાનના પ્રકાશથી જોયો, એટલે એમણે ચંદનબાલાશ્રીજીના હાથને ઉપાડીને બાજુમાં ખસેડી લીધો. શ્રીમતી ચંદનબાલાશ્રીજી ઊંઘી ગયાં હતાં પણ એમની નિદ્રા અઘોરી જેવી ન હતી. એમની નિદ્રા શ્વાન જેવી હતી. જરાક અવાજ થાય કે સ્પર્શ થાય, ત્યાં જાગી જાય એવી એમની નિદ્રા હતી. એટલે મૃગાવતીજીએ જેવો એમના હાથને ખસેડ્યો તેવાં જ એ જાગૃત થઈ ગયાં.

જાગૃત બનેલાં તેમણે મૃગાવતીશ્રીને પાસે બેઠેલાં જોયાં એટલે પૂછયું કે, મારા હાથને કેમ ખસેડ્યો ? મૃગાવતીશ્રીએ કહ્યું કે, આ માર્ગે સર્પ આવી રહ્યો હતો માટે. આવો જવાબ સાંભળવાથી શ્રીમતી ચંદનબાલાશ્રીજીને આશ્ચર્ય થયું. કારણકે એ વખતે ત્યાં રાત્રિનો ગાઢ અંધકાર વ્યાપેલો હતો અને એવા અંધકારમાં ચર્મચક્ષુથી સર્પને જોઈ શકાય એ અશક્ય હતું. આ આશ્ચર્યે શ્રીમતી ચંદનબાલાશ્રીજીમાં જિજ્ઞાસા પ્રગટાવી એટલે આશ્ચર્યથી અને જિજ્ઞાસાથી, ચંદનબાલાશ્રીએ મૃગાવતીશ્રીને પૂછયું કે-

આવા ગાઢ અંધકારમાં તેં સર્પને શી રીતે જોયો? મૃગાવતીશ્રીએ કહ્યું, જ્ઞાનથી જોયો... ઝટ શ્રીમતી ચંદનબાલા બેઠાં થઈ ગયાં અને પૂછયું કે કેવા જ્ઞાનથી? પ્રતિપાતિ કે અપ્રતિપાતિ? મૃગાવતીએ કહ્યું કે અપ્રતિપાતી જ્ઞાનથી... આ રીતે ચંદનબાલાએ જાણ્યું કે મૃગાવતીને તો કેવલજ્ઞાન થયું છે, એટલે એમના અંતઃકરણમાં એવા પશ્ચાત્તાપની ભાવના પ્રગટી કે મેં અનાભોગથી કેવલજ્ઞાનીની આશાતના કરી. અને એથી એમણે મૃગાવતીશ્રીની સાથે ક્ષમાપના કરવા માંડી એમાં એ પણ ક્ષમાપનાના ભાવમાં એવાં ચઢી ગયાં કે ત્યાં જ એમણે પણ ક્ષપકશ્રેણિ માંડી અને કેવલજ્ઞાન ઉપાર્જ્યું. આમ, એ બંનેય પુણ્યાત્માઓ ઉપશમ્યા, આરાધક બન્યા અને આરાધના પરમ ફળને પામ્યા.

કેવલજ્ઞાનને પણ પરમ ફળ કહેવાય. કેમકે, એ ક્ષાયિક ગુણ છે. કેવલજ્ઞાન પ્રગટે એટલે, તદ્‌ભવ, આયુષ્યને અંતે મુક્તિ નિશ્ચિત જ. ક્ષમાપના એ પણ આપણે ત્યાં કેવી ઊંચી કોટિના ધર્મ તરીકે પ્રરૂપાયેલી છે? કમસે કમ, બારે મહિને સંવત્સરીએ તો સર્વની સાથે સર્વ પ્રકારે ક્ષમાપના કરી જ લેવી જોઈએ. સંવત્સરી જાય ને પ્રગટેલો કોઈ પ્રત્યેનો કષાય ઉપશાંત થયા વિનાનો રહી જાય એવું તો નહિ જ બનવું જોઈએ.

ત્રીજું કર્ત્તવ્ય પરસ્પર ક્ષમાપના સમાપ્ત

# ચોથું કર્ત્તવ્ય.....અઠ્ઠમનો તપ.

હવે પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વનું ચોથું કર્ત્તવ્ય છે અઠ્ઠમનો તપ પર્યુષણામાં અઠ્ઠમનો તપ અવશ્ય કરવો જોઈએ. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પક્ખીનો ઉપવાસ, ચોમાસીનો છઠ્ઠ, અને સંવત્સરીનો અઠ્ઠમ કરવો, એમ ખાસ કહેલું છે. આથી, ચતુર્વિધ શ્રી સંઘે દર પક્ખીએ ઉપવાસ, ચોમાસીએ છઠ્ઠ અને સંવત્સરીએ અઠ્ઠમનો તપ કરવાની ખાસ કાળજી રાખવી જોઈએ. ખાસ કારણને અંગે, તે તે અવસરે તે તે તપ જો ન થઈ શકે તેમ હોય તો પણ તે તપ તે દિવસની આગળ-પાછળના સમયમાં પણ જરૂર કરવો જોઈએ.

વળી જેઓમાં તેવો તપ કરવાની શકિત ન હોય, તેઓએ આયંબિલ આદિ કરીને પણ એ તપને પુરો કરવો જોઈએ. અહીં અઠ્ઠમ તપનો પ્રસંગ હોવાથી કહે છે કે, જેઓ અઠ્ઠમનો તપ કરવાને માટે શકિતમાન ન હોય, તેઓએ આ અઠ્ઠમતપની પૂર્તિને માટે ત્રણ છૂટક ઉપવાસ કરવા જોઈએ. અને તેય ન બની શકે તો છ આયંબિલ કરવાં જોઈએ. જો છ આયંબિલ કરવાની શકિત પણ ન હોય તો જેટલી શકિત હોય તે મુજબ, કાં તો નવ નિવિ કરવી જોઈએ. કાંતો બાર એકાશણાં કરવાં જોઈએ. અને કાંતો ચોવીસ બેસણાં કરવાં જોઈએ. જેઓમાં આટલી પણ શકિત ન હોય, તેઓએ છ હજાર પ્રમાણમાં સ્વાધ્યાય કરીને અથવા તો છેવટ આઠ નવકારવાળી ગણીને પણ, આ તપની પૂર્તિ કરવી જોઈએ.

આ સંબંધમાં શાસ્ત્રોમાં ફરમાવેલ છે કે આમ કોઈ પણ રીતે તપની પૂર્તિ કરવામાં ન આવે તો આજ્ઞા ઉલ્લંઘનનો દોષ લાગે છે. સઘળો ય તપ શલ્યરહિતપણે કરવો જોઈએ. દુષ્કર એવો પણ તપ કરવામાં આવ્યો હોય, પણ જો તે તપ શલ્યસહિતપણે કરવામાં આવ્યો હોય તો તે તપ નિરર્થક નીવડે છે.

શલ્ય ત્રણ પ્રકારનાં કહેવાય છે. માયાશલ્ય, મિથ્યાત્વશલ્ય, અને નિયાણશલ્ય, તપ કરનારે જો તપ સાચા ફળને પ્રાપ્ત કરવું હોય તો, તેણે પોતાના તપને આ ત્રણેય પ્રકારનાં શલ્યોથી અકલંકિત રાખવાની કાળજી રાખવી જોઈએ. તપમાં માયાને પેસવા દેવી ન જોઈએ. અને મિથ્યાત્વને અવકાશ ન મળે તેવી કાળજી રાખવી જોઈએ. તેમ જ, તપને આચરવા માંડતાં પહેલાં કે તપને આચર્યા પછીથી, નિયાણું કરવાની ભૂલ પણ ન કરવી જોઈએ. આ ત્રણેય પ્રકારનાં શલ્યોથી રહિત જે તપ થાય, તે તપ સુંદર ફળને આપ્યા વિના રહે નહિ અને એમાં ય જો ભાવવૃદ્ધિ થઈ જાય તો તો એના ફળની કોઈ સીમા રહે જ નહિ.....

તપ શલ્યરહિતપણે કરવો જોઈએ, એ વાતના સમર્થનમાં લક્ષ્મણા નામની સાધ્વીનું દૃષ્ટાંત છે.

પ્રાયશ્ચિત્ત કરવાની વૃત્તિ હોવા છતાં પણ અને મહાદુસ્તર તપને તપવા છતાં પણ એ સાધ્વીની એક માયાના જ કારણે શુદ્ધિ થઈ શકી નહિ. એ સાધ્વીને એના માન કષાયે, માયા કષાયે આધીન બનાવી દીધાં. પોતાના પાપને છૂપાવવું, કોઈકના નામે એ પાપનું પ્રાયશ્ચિત્ત માંગવું, અને પછી પ્રાયશ્ચિત કરવા ઘણો તપ કરવો એ બને, પણ એ તપ એના ફળને આપનારો નીવડે નહિ.

ઘણા પ્રાચીન કાળની આ વાત છે. આ અવસર્પિણીની ચોવીસીથી પૂર્વે એંશીમી ચોવીશમાં બનેલી આ ઘટના છે.

એક રાજાને ઘણા દીકરા હતા, પણ એકેય દીકરી ન હતી. એનું દુઃખ રાજાને ઘણું જ હૈયે હતું. એટલે દીકરાના બાપ બનવા માટે એણે કેટલીય માનતાઓ કરી હતી. એમાં એને એક પુત્રી થઈ. રાજાના આખા કુટુંબમાં એ દીકરી બહુમાન્ય બની ગઈ હતી. એ દીકરી પોતાના ઈચ્છા મુજબના પતિને પરણી શકે, એ માટે રાજાએ સ્વયંવર મંડપ રચ્યો. એ મંડપમાં જે રાજકુમારો એકઠા થયા હતા, તેમાંના એકને પસંદ કરીને રાજકુમારીએ તેના કંઠમાં વરમાળાનું આરોપણ કર્યું અને વિધિમુજબ લગ્નક્રિયા કરવાને માટે ત્યાં ચોરી રચવામાં આવી. પણ એ ચોરીમાં જ પેલો રાજકુમાર મૃત્યુ પામ્યો.

રાજકુમારી નિર્ણય કરી લે છે કે, હવે મારા વૈધવ્યને નિષ્કલંક રાખવું જોઈએ. એથી એ રાજકુમારી એવી સુશીલ બની જાય છે કે, એની ગણતરી સુંદર શીલવાળી સતીઓમાં થાય એવા પ્રકારે એ જીવે છે. એટલું જ નહિ, પણ એ રાજકુમારી શ્રાવકધર્મનું પાલન કરવામાં એક નિષ્ઠાવાળી બની જાય છે. રાજકુમારી લક્ષ્મણાએ સતીધર્મનું સુંદર પાલન કરવા સાથે, શ્રાવકધર્મના સેવનમાં પણ એકનિષ્ઠાવાળી બનીને હૈયાને એવું કેળવી લીધું કે, જતે દિવસે તે સાધ્વી બની શકી. તેણે, સર્વ પાપ વ્યાપારોનો સર્વથા ત્યાગ કરી દીધો. અને એકમાત્ર સદ્ધર્મના સેવનરૂપ વ્યાપારને આદર્યો. આથી તે રાજકુમારી શ્રીમતી લક્ષ્મણા આર્યા તરીકે પ્રસિદ્ધ થઈ.

એકવાર લક્ષ્મણા માટે એવું બન્યું કે, કોઈ એક દિવસે તેણે કોઈ એક ચકલાના યુગલને જોયું. એ યુગલ કામક્રીડા કરી રહ્યું હતું. તે લક્ષ્મણા યુગલને કામક્રીડા કરતું જોઈને જરાક ભાનભૂલી બની ગઈ. એણે એવું દૃશ્ય નજરે પડતાંની સાથે જ, આંખને પાછી ખેંચી લઈને વિચાર થાય (થયો) પરંતુ એવો વિચાર કરવો જોઈતો હતો કે, કામ પશુપંખીઓને પણ કેટલો બધો રંજાડે છે? એને બદલે, લક્ષ્મણા આર્યા પોતાની આંખને તરત જ પાછી ખેંચી શકી નહિ. અને તેણીને એવો તો ખરાબ ભાવે ખેંચી લીધી કે, કામી એવા પણ શ્રદ્ધાળુને જેવો વિચાર ન ઉદ્ભવે તેવો વિચાર તેના હૈયામાં ઉદ્ભવ્યો. !

તેણે વિચાર કર્યો કે, આવી કામક્રીડા કરવાની શ્રી અરિહંતદેવે કેમ અનુમતિ નહિ આપી હોય? અને પોતાના આવા વિચારના સમાધાનમાં તેણે એમ પણ વિચાર્યું કે, શ્રી અરિહંતદેવ આની અનુમતિ શાના આપે ? કારણકે, એ પોતે અવેદી હોય છે, એટલે વેદોદયવાળાના દુઃખને એ કયાંથી જાણે ? આવો ખરાબ વિચાર આવતાં તો આવી ગયો, પણ પછી તો ક્ષણમાત્રમાં જ તેનામાં સાવધાનગિરિ આવી ગઈ.

શ્રી અરિહંતદેવોને વેદનો ઉદય ન જ હોય એ વાત સાચી છે, પણ વેદનો ઉદય ન હોય એથી કાંઈ, વેદના ઉદયના કારણે જીવોને જે દુઃખનો અનુભવ થાય છે, તેનું જ્ઞાન એ તારકોને ન હોય એ બને? એ તારકોને તો સર્વજીવોની, સર્વ પ્રકારની પીડાઓનું જ્ઞાન પણ હોય જ ! પણ પીડાના જોરથી કોઈવાર સારા માણસોને પણ, નહિ આવવા જેવા વિચારો આવી જાયને? અને આવા વિચારો, કાંઈ મિથ્યાત્વનો ઉદય થયા વિના આવે ? કેવું નિમિત્ત ને કેવું પરિણામ?

આર્યા લક્ષ્મણાને વિચાર તો આવ્યો, પણ પાછી તરત જ સાવધગિરી આવી ગઈ. તેના હૈયામાં પશ્ચાત્તાપનો ભાવ પ્રગટ્યો. એમ થઈ ગયું કે, મેં બહુ ભયંકર ચિંતન કરી નાખ્યું... તેને પોતાના એ પાપની શુદ્ધિ કરવાનો પણ વિચાર આવ્યો. એક તરફ એવો વિચાર આવ્યો કે, આવા મારા પાપની આલોચના હું કેવી રીતે લઈ શકીશ ? અને સાથે સાથે એવો વિચાર પણ આવ્યો કે, શલ્યસહિતપણે તો શુદ્ધિ થાય જ નહિ. આમ માનકષાયે જોર કરવા માંડ્યું, અને આમ શુદ્ધિની અભિલાષાએ પ્રાયશ્ચિત્ત લેવાની પ્રેરણા કરવા માંડી.

પ્રાયશ્ચિત્ત લેવા માટે, જે જેમ બન્યું હોય, તે તેમ પ્રાયશ્ચિત્તદાતા ગુરૂને કહેવું જોઈએ, પણ આ પાપ એવું હતું કે, જેવી રીતે એ થયું હતું, તેવી રીતે પ્રાયશ્ચિત્તદાતા ગુરૂની પાસે કેમ વર્ણવી શકાય? જો કે ખળ જીવોએ તો યોગ્ય સ્થાને અવશ્ય વર્ણવવું જોઈએ, પણ એ માટે જીવે ખૂબ જ શુદ્ધિના અર્થી અને કષાયના વિજેતા બનવું પડે.

આ તો રાજકુમારી છે, બાલ્યકાળથી બ્રહ્મચારિણી છે, ધર્મની આરાધનામાં ય સારી ખ્યાતિ પામેલી છે, અને સ્ત્રી જાત છે, એટલે, એને આવા પાપની આલોચના કરવામાં ખૂબ ખૂબ સંકોચનો અનુભવ થાય છે. લક્ષ્મણાના મનમાં માનકષાયના યોગે ક્ષોભ તો છે જ, પણ એ ક્ષોભને જેમ તેમ કરીને, દબાવીને આલોચના કરવાને માટે તત્પર બને છે. કારણ કે, લજ્જા રાખીને, શલ્ય રાખવાથી શુદ્ધિ તો થાય જ નહિ, એમ એ સમજતી હતી.

માનકષાયથી પીડાતા પોતાના આત્માને તેણે જેમ તેમ કરીને આલોચનાને માટે ઉત્સાહિત તો કર્યો, અને આલોચના કરવાને જવા માટે પગ પણ ઉપાડ્યો પણ ત્યાં તો દુર્ભાગ્યે તેને અણચિંત્યો કાંટો વાગ્યો ને તે ભાંગ્યો પણ ખરો. આથી તેણે કેવલજ્ઞાનીની પાસે જઈને એમ ન કહ્યું કે, મને આવો ખરાબ વિચાર આવ્યો છે, પણ એવી રીતે પૂછયું કે, જો કોઈને આવો ખરાબ વિચાર આવે તો તેનું પ્રાયશ્ચિત્ત શું આવે ? આવી રીતે પૂછીને તેણે જવાબ મેળવ્યો, અને તે મુજબ પચાસ વર્ષ સુધી તેણે તીવ્ર તપ આચર્યો. લક્ષ્મણાએ કરેલા તપનું વર્ણન કરતાં, શાસ્ત્રકાર મહાત્મા ફરમાવે છે કે,-

છઠના પારણે અઠ્ઠમ, અઠ્ઠમના પારણે ચાર ઉપવાસ, અને ચાર ઉપવાસના પારણે પાંચ ઉપવાસ, તેમાં પણ પારણે તો નિવી જ. આવી રીતે તેણે દશ વર્ષ સુધી તપ કર્યો. તે પછી બે વર્ષ સુધી ઉપવાસના પારણે ઉપવાસ કરીને, બે વર્ષ સુધી માત્ર શેકેલા અનાજથી તપ કર્યો. તે પછી સોળ વર્ષ સુધી માસખમણના પારણે માસખમણ કરીને, વીશ વર્ષ સુધી આયંબિલનો તપ કર્યો. આવો દુસ્તર તપ ૫૦ વર્ષ સુધી કરવા છતાં પણ લક્ષ્મણા આર્યા શુદ્ધિ પામી શકી નહિ. કારણકે, તેણીના મનમાં શલ્ય તો હતું જ. એટલા તપથી એની શુદ્ધિ તો ન થઈ પણ માયા શલ્યના યોગે તેનું મૃત્યુ આર્ત્તધ્યાનમાં થયું. તેણી અસંખ્ય ભવોમાં તીવ્રતર દુઃખને ભોગવ્યા પછીથી શ્રી પદ્મનાભ ભગવાનના તીર્થમાં મુક્તિ પામશે.

ઉપકારીઓ ફરમાવે છે કે, શલ્યસહિતપણે આત્મા કદાચ દેવતાઈ હજાર વર્ષો સુધી ઘોર, ઉગ્ર અને વીર તપની આચરણા કરે, તો પણ તેનો તે તપ, શલ્યના કારણે નીષ્ફળ નિવડે છે. શલ્યના યોગે જરૂરી ભાવ આવતો નથી. કોઈવાર એકલા ભાવથી પાપ જાય એ બને, પણ ગમે તેમ કરેલા

એકલા તપથી તો પાપ ન જ જાય. આલોચના શુદ્ધભાવે, વિધિ બહુમાનપૂર્વક કરાય તો જ એવો તપ કરવાથી પાપની શુદ્ધિ થાય. સામાન્ય તપ પણ જો નિરાશંસભાવે, ભગવાને આ તપ કર્મક્ષય માટે કહ્યો છે, આ ભાવે અને શલ્યરહિતપણે કરાય તો ય મહાલાભ થાય. બાકી તો દુષ્કર તપ પણ આ રીતે નિષ્ફળ નીવડે.

## ચોથું કર્ત્તવ્ય.... અઠ્ઠમ તપનો મહિમા નાગ કેતુનું દૃષ્ટાંત

વાત્સલ્યમૂર્તિ માતાની મમતાભરી મીઠી હુંફમાં પોઢેલો બાળક કેટકેટલા ઉપાયો કરવા છતાં ય સ્તનપાન કરતો નથી. માતાને ખૂબ ખૂબ દુઃખ લાગે છે, ચિંતા થાય છે, પોતાના પ્રાણેશ્વર શ્રીકાંતને જણાવે છે કે,-

પ્રિય, આજે બાળક સ્તનપાન કરતો નથી, વિચાર કરી વૈદ્યો બોલાવ્યા, અનેક ઉપચારો કરાવ્યા છતાં તેમનો તેમ બાળક મૂર્ચ્છિત બન્યો. સગાસંબંધી આવ્યા, તપાસ કર્યા બાદ મૃત્યુ પામેલો જાણી જમીનમાં દાટી દીધો.

ચન્દ્રકાંતા નગરી, વિજયસેન રાજા, અને તે જ નગરીમાં વસતો શ્રીકાંત વેપારી, તેની શ્રી સખી પત્નીએ ઘણા જ ઉપાયો બાદ પુત્રરત્નને જન્મ આપ્યો. પર્યુષણાના મંગલકારી દિવસો નજીકમાં આવતાં ઘરના કુટંબીઓ વાત કરે છે કે, અમે અઠ્ઠમ તપ કરીશું, અઠ્ઠમ કરીશું, આ વચનો સાંભળી માતાની મમતાભરી ગોદમાં પોઢેલા બાળકને જાતિસ્મરણ જ્ઞાન ઉદ્ભવ્યું. અને તેથી અઠ્ઠમતપ કર્યો. આ કારણથી બાળક સ્તનપાન કરતો ન હતો. માતાને ખૂબ દુઃખ થયું આ નાનકડો બાળ! કેમ દૂધ નહિ પીતો હોય? ખૂબ ઉપાયો કર્યા. પણ એકે વાતે ફાવ્યા નહિ. બાળક તો કોમળ હોઈ કરમાઈ ગયો. અને મૂર્ચ્છિત થઈ ઢળી પડ્યો. સંબંધીઓએ જાણ્યું કે, બાળક મૃત્યુ પામ્યો છે. તેથી જમીનમાં દાટી દીધો.

આ બાજુ તેના પિતા પુત્રવિરહના અત્યંત આઘાતથી મૃત્યુ પામ્યા. નગરીના રાજા વિજયસેનને જાણ થઈ કે, પિતાપુત્ર બંને મૃત્યુના ખોળે જઈ બેઠા છે, માટે લાવ તેનું ધન લઈ લઉં. સુભટોને મોકલ્યા ધન લેવા. એટલામાં આ બાજુ બાળકના અઠ્ઠમતપના અચિન્ત્ય પ્રભાવથી પાતાલલોકમાં ધરણેન્દ્રનું આસન કંપાયમાન થયું. જુઓ! તપનો કેવો અચિંત્ય પ્રભાવ! વગર વાયરલેસે કે વગર રોકેટે તપના પ્રભાવથી પાતાલલોકથી ધરણેન્દ્રનું આવાગમન થયું. ધરણેન્દ્ર દેવે અવધિજ્ઞાનના પ્રયોગથી સર્વ વૃત્તાંત જાણી, નીચે ઉતરી ભૂમિમાં દાટેલા બાળકને અમૃત છાંટી સ્વસ્થ કર્યો. બાદ બ્રાહ્મણરૂપે બાળકના ઘેર આવી ધન ગ્રહણ કરતાં સુભટોને અટકાવ્યા.

આ સમાચાર સાંભળી રાજા પણ ત્યાં આવ્યો. અને કહેવા લાગ્યો કે, હે બ્રાહ્મણ! પરંપરાથી ચાલી આવતી આ રીત તું શા માટે અટકાવે છે? ધરણેન્દ્રે કહ્યું, રાજન્ ! શ્રી કાંતનો પુત્ર તો જીવંત છે. તેથી તમો કઈ રીતે ધન ગ્રહણ કરો છો? નરપતિએ પૂછયું કે, બાળક કઈ રીતે જીવે છે? અને તે કયાં છે? ધરણેન્દ્રે બાળકને ભૂમિમાંથી જીવંત કાઢી નિધાનની જેમ રાજાને બતાવ્યો. બાલકને જીવંત જોઈ સર્વે આશ્ચર્યચકિત બન્યા. અને પૂછયું, સ્વામિ! આપ કોણ છો?

હું નાગરાજ ધરણેન્દ્ર છું. અઠ્ઠમતપ કરનાર આ બાળકની સહાયે આવ્યો છું. જન્મથી જ આ બાળકે અઠ્ઠમતપ કેવી રીતે કર્યો? નરપતિએ પૂછ્યું. ધરણેન્દ્ર જણાવે છે કે, પૂર્વભવમાં આ બાળક કોઈ વણિકપુત્ર હતો, બાલ્યકાળમાં જ તેની માતા મૃત્યુ પામેલ. સાવકી માતા ઘણું દુઃખ આપતી. એકવાર પોતાના મિત્રને જઈને વૃત્તાંત કહ્યો કે, આ રીતે હું હંમેશાં સાવકી માતા તરફથી દુઃખી થાઉં છુ. મિત્રે કહ્યું, ભાઈ! તેં પૂર્વભવમાં તપધર્મનું આરાધન નથી કર્યું માટે આ ભવમાં પરાભવ પામે છે. એટલે બાળકે શકિતમુજબ તપ કરવો શરૂ કર્યો. એક દિવસ તેણે નિશ્ચય કર્યો કે, -

આવતા પર્યુષણમાં અવશ્ય હું અઠ્ઠમતપ કરીશ! આ રીતે વિચારી તે એક ઘાસની ઝૂંપડીમાં સૂતો સાવકીમાતાને જાણ થઈ કે, તરત તેણે કોઈ પૂર્વભવના તેવા પ્રકારના વૈરાનુભાવથી ઝૂંપડી સળગાવી મૂકી. બાળક મરણ પામ્યો. પણ અઠ્ઠમતપના ધ્યાનમાં મૃત્યુ પામેલો હોઈ શ્રીકાંતને ત્યાં પુત્રપણે અવતર્યો. અને પૂર્વભવમાં ચિંતવેલ અઠ્ઠમતપ હમણાં જન્મતાં જ આ ભવમાં કર્યો. માટે હે રાજન્ ! આ બાળ તો મહાપુરૂષ છે, આ જ ભવમાં મુકિતગામી છે તેથી ભારે પ્રયત્નપૂર્વક તેનું રક્ષણ કરૂવું. જે તમોને પણ મહાન ઉપકાર કરનારો બનશે.

સમગ્ર હકીકતથી વાકેફ કરી ધરણેન્દ્ર બાળકના કંઠમાં હાર આરોપી પોતાના સ્થાને ગયા. શ્રીકાંતનું મૃતકાર્ય પતાવી બાલકનું નાગકેતુ નામ સ્થાપન કર્યું. અનક્રમે વૃદ્ધિ પામતો તે પરમશ્રાવક થયો. એક દિવસ વિજયસેન નરપતિએ ચોર નહિ હોવા છતાં તેના પર ચોરીનું આરોપણ કરી મારી નાખ્યો. તે ચોર મરીને વ્યંતર થયો. પૂર્વભવના વૈરથી નગરનો નાશ કરવા તેણે શિલા રચી, રાજાને સિંહાસનથી પાડી લોહી વમતો કર્યો.

આ સમયે નાગકેતુએ વિચાર્યું કે, અરે! હું જીવતો છતાં આ રીતે સંઘના અને જિનમંદિરના નાશને કઈ રીતે જોઈ શકું ? એ રીતે વિચારી જિનપ્રાસાદના શિખર પર જઈ તેણે શિલાને હસ્ત વડે ગ્રહણ કરી ત્યારે વ્યંતર પણ નાગકેતુની તપશકિતને સહન નહિ કરવાથી શિલા સહરી નાગકેતુને પ્રણમ્યો. તેના વચનથી રાજાને પણ ઉપદ્રવરહિત કર્યો. આ રીતે તપનો અચિન્ત્ય પ્રભાવ જાણી રાજા આદિ સર્વ નગરજનો નાગકેતુની અને અઠ્ઠમતપની પ્રશંસા કરવા લાગ્યા. તપધર્મનો મહિમા વિસ્તર્યો સર્વત્ર જયજયકાર થયો.

એકસમયે પુષ્પપૂજા કરતાં અંદર રહેલો નાગ નાગકેતુને ડસ્યો પણ વ્યથિત કે દુઃખિત ના થતાં શુભભાવનામાં રમણ કરતાં ત્યાં જ તેઓને કેવલજ્ઞાનરૂપ સૂરજ પ્રગટી ગયો. શાસનદેવે મુનિવેષ આપ્યો. બાદ અવનીતલ પર વિહરી અનેકોને પ્રતિબોધી અજરઅમર શાશ્વત સુખના ભોક્તા બન્યા. આપણે પણ નાગકેતુની જેમ અઠ્ઠમતપ કરી આધિ, વ્યાધિ, ઉપાધિના પાસમાંથી મુક્ત બનીએ એજ શુભાભિલાષા. જય હો અઠ્ઠમતપનો !.......

**ચોથું કર્ત્તવ્ય.... અઠ્ઠમ તપનો મહિમા નાગકેતુનું દૃષ્ટાંત સંપૂર્ણ**

## પાંચમું કર્ત્તવ્ય.....ચૈત્યપરિપાટી......

પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વનું પાંચમું કર્ત્તવ્ય છે, ચૈત્યપરિપાટી. સમ્યક્ત્વની નિર્મળતાનું અને શાસનની ઉન્નતિનું કારણ છે. અહીં શ્રી પર્યુષણાપર્વમાં ચૈત્યપરિપાટી કરવા દ્વારા સુશ્રાવકોએ

શાસનની ઉન્નતિ કરવી જોઈએ. એમ જણાવવા સાથે એમ પણ જણાવ્યું છે કે, ચૈત્યની ચર્ચા આદિ કાર્યો કરવા દ્વારા શાસનની ઉન્નતિ કરવી જોઈએ. એ વાતના સમર્થન માટે અત્રે એક પ્રસંગનું વર્ણન કરવામાં આવ્યું છે. એ પ્રસંગ એવા પ્રકારનો છે કે, આચાર્ય ભગવાનશ્રી વજ્રસ્વામિજી મહારાજા, કોઈ એક પ્રસંગે જ્યારે પૂર્વદિગ્‌વિભાગમાંથી ઉત્તર દિગ્વિભાગમાં પધાર્યા તે વખતે ત્યાં ભયંકર દુષ્કાળ પ્રવર્તી રહ્યો હતો.

લોકો ઓછું ખાઈને જીવતા હતા. દાનશાળાઓ પણ બંધ થવા આવી હતી. મુનિઓને તો પારાવાર મુશ્કેલીઓ સહન કરવી પડતી હતી. મુનિઓને વહોરવા જાય તો ખુદ શ્રાવકો પણ આહાર દોષિત છે, એમ કહીને વહોરાવવાનો આગ્રહ કરતા નહિ એવું ય બનતું, કેમકે, એમને આહારની તાણ હતી. દુષ્કાળના યોગે આવી કદર્થના થતી હોઈ, શ્રી સંઘે શ્રીમદ્ **વજ્રસ્વામિજી**ને વિનંતિ કરી કે, આપ વિદ્યાવાન છો, તો આવા અવસરે આપ આપની વિદ્યાનો ઉપયોગ કરીને પણ શ્રી સંઘને આ દુ:ખમાંથી પાર ઉતારો, શ્રી સંઘને માટે વિદ્યાનો ઉપયોગ કરવામાં દોષ નથી.

આથી, આચાર્યભગવાને પોતાની વિદ્યાનો ઉપયોગ કરીને પણ એક મહાપટ વિકુર્વ્યો અને તેના ઉપર સકલ સંઘને બેસાડી દીધો. પછી તે પટને સંઘસહિત આકાશમાર્ગે ઉડાડ્યો અને એમ સંઘને **પુરી** નામની મહાનગરીમાં લાવીને ઉતાર્યો. એ વખતે એ નગરીમાં સુકાળ પણ હતો અને એ નગરીની પ્રજાનો મોટો ભાગ જૈન ધર્મનું પાલન કરનારો પણ હતો, એટલે સંઘને ત્યાં કોઈ પણ પ્રકારે મુશ્કેલી નડે તેવું ન હતું. એ નગરીનો રાજા બુદ્ધ ધર્મનો અનુયાયી હતો. એ નગરીમાં બુદ્ધધર્મને માનનારાઓની મોટી સંખ્યા ન હતી. પણ રાજાનો એ લોકોને ટેકો હતો.

બૌદ્ધો અને જૈનો વચ્ચે પોતપોતાને માન્ય દેવની પૂજા કરવામાં હરિફાઈ ચાલતી હતી. એ નગરીમાં જે કાંઈ સારાં પુષ્પાદિક આવતાં, તે વધુ મૂલ્ય આપીને પણ જૈનો ખરીદી લેતા એના યોગે શ્રી જિનમંદિરોમાં રોજ ભારે પૂજાઓ થતી હતી અને બૌદ્ધમંદિરોમાં બહુ જ સામાન્ય પ્રકારની પૂજા થતી હતી. આથી બૌદ્ધલોકોએ રાજાને ફરિયાદ કરી. અને રાજા બૌદ્ધધર્મનો અનુયાયી હોવાથી તેણે પોતાની સત્તાના બળે, જૈનોને પુષ્પાદિક મળી શકે જ નહિ, એવી વ્યવસ્થા કરી દીધી.

જૈનોને માથામાં નાંખવાને માટે પણ ફૂલો આપવાં નહિ એવો રાજાએ હુકમ કર્યો હતો. કારણ કે, જૈનો એ નિમિત્તે પણ પુષ્પો લઈ જઈને, શ્રી જિનેશ્વર ભગવંતને ચઢાવશે, એવી રાજાની અને બૌદ્ધ ધર્માનુયાયી લોકોની માન્યતા હતી. આવી અટકાયત થઈ જવાથી, જૈનોને ઘણું મૂલ્ય આપવા છતાં, પણ પુષ્પો મળી શકતાં નહિ અને એથી સુખી જૈનો પણ શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા બહુ સામાન્ય પ્રકારે જ કરી શકતા હતા. માંગે તેટલું મૂલ્ય આપવાની તૈયારી હતી, પણ કોઈ મૂલ્યે જૈનોને પુષ્પ મળી શકતાં નહિ, એટલે બીજું કરે પણ શું? પરંતુ જૈનોના હૈયામાં એ વાતની બહુ જ ભારે ખટક હતી. કે છતાં ધને શ્રી જિનેશ્વરપ્રભુની સુંદર પુષ્પાદિકથી પૂજા ન કરી શકાય, એ વાતનું જૈનોને ઘણું દુ:ખ થતું હતું.

એમાં શ્રી પર્યુષણાપર્વ નજીક આવ્યું. જૈનોને થયું કે, આ પર્વાધિરાજના દિવસોમાં પણ ભગવાનની સુંદર પ્રકારે પૂજા નહિ કરી શકાય? અને એ વિચાર માત્રથી જ, જૈનો દીન બની ગયા,

ભગવાનની પૂજા કરવાની કેટલી ભાવના હશે? રાજા આગળ કાંઈ ચાલે તેમ ન હતું. નિરૂપાય દશા હતી. છતાં અંતરમાં વેદનાનો પાર નહોતો. તમને આવો કોઈ અવસર આવી લાગે તો આવું કાંઈ થાય ખરૂં? પછી તો બધા શ્રાવકો એકઠા થયા, ગયા આચાર્ય ભગવાન શ્રી વજ્રસ્વામિજી પાસે, ત્યાં તેમણે દીનવદને આંખોમાંથી આંસુ સારતે બધી હકીકત કહી સંભળાવી.

શ્રાવકોએ વિનંતિ કરતાં કહ્યું કે, શ્રી જિનચૈત્યોમાં રોજ જે વિશેષ પ્રકારે શ્રી જિનપૂજા થતી હતી, તેને જોઈને તેને ખમી શકવાને માટે અસમર્થ એવા બૌદ્ધ લોકોએ રાજાને વિનંતિ કરીને, જે માળીઓ અમને પુષ્પો આપતા હતા, તેમને તેમ કરતા અટકાવીને, અમને પરાભવ પમાડ્યો છે. એટલે, અમે પૈસાવાળા હોવા છતાં પણ કરીએ શું? રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને કોઈ પુષ્પ આપતું નથી, એટલે અમારે તો તુલસી વગેરેનાં પાંદડાંથી શ્રી જિનપૂજા કરવી પડે છે. આ તો અમારૂં કાંઈ જીવતર છે? અમે તો ધિક્કાર પાત્ર બની ગયા છીએ. શ્રી પર્યુષણાપર્વના દિવસો નજદીક આવી રહ્યા છે. પણ એ દિવસોમાંય અમારે તો પુષ્પાદિકથી રહિતપણે આપની જેમ જ ભાવપૂજા કરવાનો વખત આવી લાગશે, એમ લાગે છે.

આપના જેવા સમર્થ આચાર્યમહારાજ વિદ્યમાન હોવા છતાં અમારે આ દહાડા જોવાના ? શ્રી જિનશાસનની પ્રભાવના થાય અને અત્યારે જીવન્મૃત જેવા થઈ ગયેલા અમે પાછા સજીવન થઈએ, એવું કાંઈક કરવાની આપ કૃપા કરો. પછી તો એ મહાપુરૂષ, શ્રાવકોની વિનંતિ લક્ષ્યમાં લઈને શ્રી જિનશાસનની પ્રભાવનાના હેતુથી, પોતાની આકાશગામિની વિદ્યાનો ઉપયોગ કરીને મહેશ્વરી નામની નગરીમાં આવેલા હુતાશન નામના દેવના ઉદ્યાનમાં પહોંચ્યા, કે જે ઉદ્યાનનો તાંડવ નામનો માળી, તેઓશ્રીના સંસારીપણાના પિતા શ્રી ધનગિરિજીનો મિત્ર થતો હતો.

એ ઉદ્યાનમાં રોજ વીશ લાખ પુષ્પો થતાં હતાં. તે પુષ્પોને એકત્રિત કરી રાખવાનું એ માળીને કહીને, આચાર્ય ભગવંત હિમવંત નામના પર્વત ઉપર આવેલા શ્રીદેવીના મંદિરે ગયા. ત્યાંથી શ્રીદેવી પાસેથી પણ એક મહાપદ્મ લઈને, તેઓ પાછા હુતાશન દેવના ઉદ્યાનમાં આવ્યા. ત્યાંથી વીસ લાખ પુષ્પો લીધાં, એક સુંદર વિમાનને વિકુર્વીને તેમાં વચ્ચે શ્રીદેવીએ આપેલું મહાપદ્મ મૂક્યું અને આજુબાજુ વીસ લાખ પુષ્પોને ગોઠવ્યાં પછી જૃંભક દેવોની સહાયથી તે વિમાનમાં બેસીને એ બધાં પુષ્પોને તેઓ તે પુરી નામની નગરીમાં લઈ આવ્યા. આથી, શ્રી જિનશાસનની મહા પ્રભાવના થઈ. અને એ જોઈને રાજાએ બૌદ્ધધર્મનો ત્યાગ કરવાપૂર્વક જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

આચાર્ય-ભગવાન વજ્રસ્વામિજીમહારાજા દશ પૂર્વધર હોઈને અતિશયજ્ઞાની અને આગમવ્યવહારી હતા, એટલે એવા પુણ્યપુરૂષોની વાત જુદી છે, પણ આ ઉપરથી, સૂચિત થાય છે કે, પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની અઠ્ઠાઈના દિવસોમાં તો સુશ્રાયકોએ વિશેષ પ્રકારે શ્રી જિનચૈત્યોમાં શ્રી જિનબિંબોની પૂજા કરવી જોઈએ. શ્રાવકો પોતપોતાની શકિત મુજબ બની શકે તેટલા ઉત્તમ પ્રકારોથી ઉલ્લાસપૂર્વક શ્રી જિનપૂજા કરે, એમાં પણ શ્રી જિનશાસનની પ્રભાવના છે. શ્રાવકો ચૈત્યપરિપાટી કરવા નીકળે, ત્યારે શ્રી જિનપૂજામાં ઉપયોગી બને તેવી ઉત્તમ પ્રકારની સામગ્રીને સાથે લઈને નીકળે, તો એથી બીજાઓને પણ પ્રેરણા મળે અને ઈતર લોકો ઉપર પણ સુંદર છાપ પડ્યા વિના રહે નહિ.

ઈતર લોકોને થાય કે, આમની ભક્તિ ગજબની છે.! આપણે ત્યાં ભક્તિમાં સાધનો માટે જેવાં વિધાનો છે, તેવાં વિધાનો પણ બીજે નથી. દરેક દ્રવ્ય બને ત્યાં સુધી સુગંધયુક્ત જોઈએ, અને ઉત્તમ પ્રકારનું જોઈએ. તમે બધા જો આવો પૂજાપો લઈને નીકળો તો જરૂર આ કાળમાં પણ શાસનની સુંદર પ્રભાવના થાય. આ રીતે પર્વાધિરાજનાં પાંચ કર્ત્તવ્યોની વાત તો પૂરી થઈ સહુએ આનો અમલ કરવાનો છે. ચતુર્વિધ શ્રી સંઘે પોતપોતાની મર્યાદા, શકિત અને સામગ્રી મુજબ, આ પાંચે કાર્યો અવશ્ય કરવા યોગ્ય છે.

**પાંચમું કર્ત્તવ્ય.... ચૈત્યપરિપાટી સંપૂર્ણ**

# વ્યાખ્યાન સાતમું

## વાર્ષિક આરાધનાનાં ૧૧ સત્કર્તવ્યો....

વિવેકી શ્રાવકોએ પ્રત્યેક વર્ષે સંઘપૂજા વગેરે અગિયાર કર્ત્તવ્યો પણ વિધિપૂર્વક જરૂર એકવાર તો કરવાં જ જોઈએ. તે આ પ્રમાણે....

૧. સંઘનીપૂજા, ૨. સાધર્મિકવાત્સલ્ય, ૩. ત્રણ પ્રકારની યાત્રા, ૪. શ્રી જિનેશ્વરદેવના મંદિરમાં સ્નાત્ર મહોત્સવ, ૫. દેવદ્રવ્યની વૃદ્ધિ, ૬. મહાપૂજા, ૭. રાત્રિને વિષે ધર્મ જાગરણ, ૮. શ્રુતજ્ઞાનની વિશેષ પૂજા-ભક્તિ, ૯. તપનું ઉજમણું (ઉદ્યાપન), ૧૦. જિનશાસનની પ્રભાવના, ૧૧. પાપની વિશુદ્ધિ - આલોચના. આ અગિયાર વાર્ષિક કર્ત્તવ્યો છે.

**૧. સંઘની પૂજા**

દર વરસે ઓછામાં ઓછી એકવાર પણ કરવી. તેમાં સાધુમહારાજ અને સાધ્વીજીને નિર્દોષ આહાર-પાણી વહોરાવવા, તેમ જ વસ્ત્રપાત્ર વગેરે શ્રાવક અને શ્રાવિકાઓને યથાશક્તિ પહેરામણી - પ્રભાવના વગેરે કરવા.

આ શ્રી સંઘપૂજા શાસ્ત્રમાં ત્રણ પ્રકારની કહી છે.

**૧. ઉત્કૃષ્ટ પૂજા, ૨. મધ્યમ પૂજા, ૩. જઘન્ય પૂજા.**

તેમાં સર્વ પ્રકારના આદર અને બહુમાનપૂર્વક સર્વ સંઘની ભક્તિ કરવી તે ઉત્કૃષ્ટપૂજા છે. તથા અધિક ખર્ચ કરવાને અશક્ત હોય તો છેવટે સાધુ-સાધ્વીને સુતરની આંટી, મુહપત્તિ વગેરે વહોરાવવી. બે ત્રણ શ્રાવક તથા શ્રાવિકાને સોપારી પ્રમુખ આપીને પણ દર વરસે સંઘપૂજારૂપ આ કર્ત્તવ્ય ભાવ-ભક્તિ વડે સફલ કરવું. નિર્ધનને આટલી સંઘભક્તિ પુણિયા શ્રાવકની માફક મહાફળને આપનારી છે.

(૧) સંપત્તિમાં નિયમ, પરિગ્રહનું પરિમાણ, (૨) શક્તિ છતાં સહનશીલતા, (૩) યૌવન અવસ્થામાં બ્રહ્મચર્ય અને (૪) દરિદ્ર અવસ્થામાં થોડું પણ દાન. આ ચારે વસ્તુઓ મહાલાભને માટે થાય છે. ઉત્કૃષ્ટ પૂજા અને જઘન્ય પૂજાની વચ્ચેની શ્રીસંઘપૂજાને મધ્યમ પૂજા કહી છે.

**શ્રી સંઘપૂજા ઉપર વસ્તુપાલ મહામંત્રીનું દૃષ્ટાંત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.**

• તેઓ પ્રતિ વર્ષે સંઘને પોતાના ઘરે ભાવથી આમંત્રણ કરતા હતા અને ઘણો ધનવ્યય કરીને બહુમાનપૂર્વક સંઘની ભક્તિ કરતા હતા. સંઘ શબ્દથી અહીં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ શ્રી ચતુર્વિધ સંઘ જાણવો.

## ૨. વાર્ષિક કર્ત્તવ્ય સાધર્મિક વાત્સલ્ય

પ્રતિવર્ષે સાધર્મિકોને આમંત્રણ આપીને, ઉત્તમ આસન પર બેસાડીને જમાડવા તથા વસ્ત્રાદિકનું દાન કરવું, અને જો કોઈ સાધર્મિક આર્થિક આપત્તિમાં આવી પડ્યો હોય, સીદાતો હોય તો તેને પોતાનું ધન આપીને પણ તેની ભક્તિ કરવી. જેમણે દુઃખી માણસોનો ઉદ્ધાર કર્યો નથી, સાધર્મિક વાત્સલ્ય કર્યું નથી, અને હૃદયમાં વીતરાગદેવને ધારણ કર્યા નથી તે મનુષ્ય જન્મ હારી જાય છે. શ્રાવકોની જેમ શ્રાવિકાઓનું પણ સંપૂર્ણ ભક્તિ-વાત્સલ્ય કરવું. કારણ કે, શ્રાવિકા પણ જ્ઞાનદર્શન ચારિત્રવાળી અને શીલવાળી હોય છે. સધવા હોય કે વિધવા હોય, તેને સાધર્મિક બહેન તરીકે માનવી. શ્રાવિકાઓનું માતાની માફક, બહેનની માફક અને પુત્રીની જેમ પાલન કરવું. વાત્સલ્ય કરવું તે યુક્તિસંગત છે. સ્વાધ્યાય રત્નાવલિમાં કહ્યું છે કે -

સતી સ્ત્રીઓં નિર્મલ અને પવિત્ર છે. તે સ્ત્રીઓ મોહનું મંદિર હોવા છતાં મોહનો નાશ કરે છે. તેઓ સાચી ગૃહિણી બની ત્રિકરણયોગી ગૃહસ્થાશ્રમને દીપાવે છે. સ્ત્રીને નરકનું દ્વાર માનવામાં આવ્યું છે. પરંતુ સતી સ્ત્રીઓ વિવેકપૂર્વક સંસાર સમુદ્રથી તરી જાય છે અને બીજાને તારે છે. રમણી એ નાગણ જેવી છે, નાગણ એ કરડે છે, અને ઝેર ચઢે છે, જ્યારે સતી રમણી અમૃત પાઈને ઝેરને ઉતારી નાખે છે. કામિનીના કામણ-ટુમણથી કોઈ રસાતલ જાય તો તેનું મારણ અને વારણ એ સતીઓ છે. તેઓ તેને ઉચ્ચ માર્ગે સ્થિર કરે છે. સુલસાદિક આદિ મોટી સતીઓ છે. જેમના નામો પવિત્ર છે અને તેમનું ચારિત્ર ઉત્તમ છે.

સાધર્મિક વાત્સલ્ય ઉપર જગસિંહ અને આભુશ્રાવક વગેરેનાં દૃષ્ટાંતો છે. તે આ પ્રમાણે -

દેવગિરિ વિષે **જગસિંહ** નામે શેઠ પોતાના જેવા સુખી કરેલા મુનિમો પાસે હંમેશાં ૭૨ લાખ ટંકનો વ્યય કરાવી પ્રતિદિન એક એક સાધર્મિક વાત્સલ્ય કરાવતા હતા. આ રીતે દર વર્ષે ત્રણસો ને સાઠ સાધર્મિક વાત્સલ્ય કરાવતા હતા. આ રીતે દર વર્ષે **ત્રણસોને સાઠ સાધર્મિક વાત્સલ્ય** થતાં હતાં.

થરાદમાં **શ્રીમાળી આભુ** નામના સંઘપતિએ ત્રણસોને સાઠ સાધર્મિક ભાઈઓને પોતાના સરખા ધનવાન કર્યા, અને તેમની પાસે ધર્મનાં કાર્યો કરાવ્યાં.

શ્રી સંભવનાથ ભગવાન પણ પૂર્વના ત્રીજા ભવમાં ધાતકીખંડમાં ઐરાવત ક્ષેત્રની ક્ષમાપુરી નગરીમાં **વિમલવાહન** નામે રાજા હતા. તેમણે મોટા દુકાળમાં સર્વ સાધર્મિક ભાઈઓને ભોજનાદિક આપીને જિનનામકર્મ બાંધ્યું. પછી દીક્ષા લઈને કાળધર્મ પામીને આનત નામના નવમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી શ્રાવસ્તિ નગરીમાં સેનાદેવીની કુક્ષિએ સંભવનાથજી તરીકે અવતર્યા. ત્યારે મોટો દુકાળ છતાં તે જ દિવસે ચારે તરફથી સર્વ જાતનું ધાન્ય આવી પહોંચ્યું, તેથી તેમનું નામ સંભવનાથ પાડ્યું.

**આ રીતે બીજું વાર્ષિક કર્ત્તવ્ય જાણવું.**

### ૩. વાર્ષિક કર્ત્તવ્ય ત્રણ યાત્રા

### (૧) અષ્ટાન્હિકા મહોત્સવરૂપી યાત્રા, (૨) રથયાત્રા, (૩) તીર્થયાત્રા

આ ત્રણ પ્રકારની યાત્રા શાસ્ત્રકારોએ ફરમાવી છે. સર્વ અઠ્ઠાઈ પર્વોમાં સર્વ ચૈત્યોમાં પૂજા ભણાવવી. આઠ દિવસનો મહોત્સવ કરવો. (૧) પ્રથમ **અષ્ટાન્હિકા** યાત્રા જાણવી.

(૨) બીજી રથયાત્રા. તે મહારાજા કુમારપાળે કરી હતી તે આ પ્રમાણે.... ચૈત્ર મહિનાની શાશ્વત અઠ્ઠાઈના પ્રથમ દિવસે ચોથે પ્રહરે મોટા આડંબર સહિત સંપત્તિ તથા હર્ષસહિત એકઠા થયેલા લોકોએ કરેલા જય - જય શબ્દના ઘોષ સાથે શ્રી જિનેશ્વર દેવનો સોનાનો રથ તૈયાર કર્યો. તે રથ ચાલતો હતો ત્યારે મેરૂપર્વત જેવો શોભતો હતો.

તે રથ ઉપર મોટા દંડવાળી ધ્વજા હતી અને છત્ર ધરેલાં હતાં. તથા બંને બાજુએ વીંઝાતા મનોહર ચામરની શ્રેણિઓથી તે શોભતો હતો. આ રથમાં પ્રક્ષાલન, વિલેપન, ફુલ વગેરેથી અંગરચના કરેલી શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ સ્થાપન કરી હતી. સમસ્ત મહાજને ઉત્સાહભેર તે રથને કુમારપાળ રાજાના રાજદ્વાર પાસે મોટી ઋદ્ધિ સહિત લાવીને સ્થાપન કર્યો. તે વખતે વાજિંત્રોના નાદ દશે દિશાઓને પૂરી રહ્યા હતા, અને સુંદર એવી તરૂણ સ્ત્રીઓનો સમૂહ રથની આગળ નૃત્ય કરતો હતો.

આવા રથને સામંતો તથા પ્રધાનો રાજમહેલમાં લઈ ગયા. પછી કુમારપાળ રાજાએ રથમાં રહેલી પ્રભુની મૂર્તિની પટ્ટવસ્ત્ર તથા સોનાના અલંકારાદિ વડે પોતાની જાતે પૂજા કરી અને વિવિધ જાતિનાં નૃત્ય કરાવ્યાં. ધાર્મિક આનંદપૂર્વક રાત્રિ પસાર કરીને રાજા રથસહિત નગર બહાર નીકળ્યા. ત્યાં ધ્વજસહિત વસ્ત્રનો સુંદર મંડપ બાંધેલો હતો. તે મંડપમાં રથને રાખ્યો. ત્યાં રાજાએ રથમાં રહેલી જિનપ્રતિમાની પૂજા કરી અને ચતુર્વિધ સંઘ સમસ્ત પોતે જ આરતિ ઉતારી. પછી હાથી જોડેલા તે રથને આખા નગરમાં ફેરવીને ઠામે ઠામે બાંધેલા મંડપમાં વિસ્તારવાળી રચના કરાવી તે ઉત્સવને દીપાવ્યો. આ પ્રમાણે (૨) **રથયાત્રા** જાણવી.

(૩) ત્રીજી યાત્રા તીર્થયાત્રાઃ તીર્થો એટલે **શ્રી શત્રુંજય, શ્રી ગિરનારજી** અને **શ્રી સમ્મેતશિખરજી** આદિ....

વળી શ્રી તીર્થંકરદેવોના જ્યાં જન્મ, દીક્ષા, કેવલ તથા નિર્વાણ કલ્યાણક થયા હોય, તે પવિત્ર ભૂમિઓ, વિહાર ભૂમિઓ પણ તીર્થો ગણાય છે. ઘણા ભવ્ય પ્રાણીઓને શુભ ભાવના ઉત્પન્ન કરાવીને ભવોદધિથી તારે તેથી તેને તીર્થ કહેવાય છે. તેવા તીર્થોમાં દર્શનાદિની શુદ્ધિને માટે વિધિપૂર્વક યાત્રા કરવી જોઈએ.

**પૂ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી** મહારાજાના ઉપદેશથી પ્રતિબોધ પામેલા મહારાજા **વિક્રમાદિત્યે** શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાનો છરી પાળતો બહુ મોટો સંઘ કાઢ્યો હતો. તેમાં ૧૬૯ સોનાના જિનાલયો, ૫૦૦ હાથીદાંતના તથા સુખડના જિનાલયો હતાં. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી વગેરે ૫૦૦૦ હજાર આચાર્યો હતા. ૧૪ મુકુટબદ્ધ રાજાઓ, ૭૦ લાખ શ્રાવકના કુટુંબો, એક કરોડ, દશ લાખ, નવ હજાર ગાડાં, ૧૮ લાખ ઘોડા, સાત હજાર છસો હાથી અને મોટા

પ્રમાણમાં ઊંટો, બળદો વગેરે પણ હતાં. મહારાજા કુમારપાળના સંઘમાં ૭૦૦ જિનમંદિરો હતાં અને તેની યાત્રામાં બાર કરોડ સોનાનાણું ખરચ્યું હતું.

સાધુ **પેથડે** તીર્થયાત્રામાં અગિયાર લાખ રૂપાનાણું ખરચ્યું હતું. અને તેના સંઘમાં બાવન દેવાલયો તથા સાત લાખ માણસો હતા.

મહામંત્રી વસ્તુપાળની સાડાબાર યાત્રા પ્રસિદ્ધ છે.

આ રીતે ત્રીજું વાર્ષિક કર્ત્તવ્ય જાણવું.

**ચોથું વાર્ષિક કર્ત્તવ્ય, સ્નાત્ર મહોત્સવ**

શ્રી જિનેશ્વર દેવોના મંદિરોમાં પર્વ દિવસોમાં વિસ્તારથી સ્નાત્રમહોત્સવ કરવો.

આ રીતે બધા પર્વોમાં તેવો મહોત્સવ કરવાને શક્તિ ન હોય તો દરેક વર્ષે એક મહોત્સવ જરૂર કરવો જોઈએ. શાસ્ત્રમાં સંભળાય છે કે સાધુ **પેથડે** શ્રી રૈવતગિરિ ગિરનાર ઉપર સ્નાત્ર મહોત્સવમાં છપ્પન ઘડી પ્રમાણ સુવર્ણનો વ્યય કરીને ઈન્દ્રમાળ પહેરી હતી અને શત્રુંજયથી ગિરનાર સુધીનો ધ્વજ ચડાવ્યો હતો. તેના પુત્ર **ઝાંઝણે** રેશમી વસ્ત્રનો એવડો મોટો ધ્વજ ચડાવ્યો હતો.

આ રીતે ચોથું વાર્ષિક કર્ત્તવ્ય જાણવું.

**પાંચમું કર્ત્તવ્ય દેવદ્રવ્યની વૃદ્ધિ**

દરેક વર્ષે શ્રાવકે દેવદ્રવ્યની વૃદ્ધિ થાય તે માટે માળા વગેરેની ઉછામણી બોલવી જોઈએ. ઈન્દ્રમાળા અથવા બીજી માળાની ઉછામણી બોલીને તે લેવી જોઈએ. જે પ્રમાણે ગિરનારજી ઉપર એક વખત શ્વેતાંબર અને દિગંબરના સંઘો એક સાથે યાત્રા કરવા આવ્યા હતા. ત્યારે તે તીર્થ કોનું ? એનો વિવાદ થયો. એટલે વૃદ્ધોએ જે ઈન્દ્રમાળા પહેરે તેનું આ તીર્થ. એ પ્રમાણે નિર્ણય આપ્યો. તે વખતે સાધુ **પેથડે** છપ્પન ઘડી સોનાની ઉછામણી બોલીને ઈન્દ્રમાળા પહેરી હતી, અને ચાર ઘડી સોનું યાચકોને આપ્યું હતું.

એ પ્રમાણે તીર્થ શ્વેતાંબરોનું કર્યું હતું.

મધુમતી મહુવાના શ્રાવક **જગડુશાહે** મહારાજા કુમારપાળના સંઘની સંઘમાળ સવાક્રોડ સોનાની ઉછામણી બોલીને પોતાની વયોવૃદ્ધ માતાને માળ પહેરાવી હતી.

આ પ્રમાણે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી.

**છટ્ઠું કર્ત્તવ્ય... મોટીપૂજા (મહાપૂજા)**

દરેક વર્ષે જિનમંદિરમાં મહોત્સવપૂર્વક મોટીપૂજા ભણાવવી. અઠ્ઠાઈમહોત્સવ આદિ ઉત્સવો કરવા. છેવટે વરસગાંઠને દિવસે પણ સારી પૂજા ભણાવીને વિશિષ્ટ ભક્તિ કરવી. ચૈત્ય શબ્દનો અર્થ જિનમૂર્તિ થાય છે. શ્રી જિનમૂર્તિના દર્શનથી પણ આર્દ્રકુમારની જેમ સમકિતની પ્રાપ્તિ થાય છે.

**સાતમું કર્ત્તવ્ય રાત્રિજાગરણ**

તીર્થયાત્રામાં તીર્થના પ્રથમ દર્શને, કલ્યાણકાદિ દિવસોએ મોટા ગુરૂમહારાજના સ્વર્ગવાસ

દિવસોમાં અને શ્રી કલ્પસૂત્ર આદિ પધરાવવું વગેરે પ્રસંગે રાત્રિજાગરણ કરાવવું. આ રાત્રિ જાગરણમાં શ્રી વીતરાગ પ્રભુના ગુણગાન, દાંડિયારાસ, નૃત્ય વગેરે સારા ઉત્સવ કરવા એ સાતમું કર્ત્તવ્ય જાણવું.

### આઠમું કર્ત્તવ્ય શ્રુતજ્ઞાનની ભક્તિ

શ્રુતજ્ઞાનની ભક્તિ રોજ કરવી. ન કરી શકાય તો દરેક માસે અથવા દરેક વર્ષે કરવી. શ્રુતજ્ઞાનની ભક્તિથી આત્માના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે. અને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. આ આઠમું કર્ત્તવ્ય છે.

### નવમું કર્ત્તવ્ય ઉદ્યાપન ઉજમણું

શ્રી નવપદજી સંબંધી તપ, ઓળી એકાદશી તપ, પંચમી તપ, વીશસ્થાનક તપ, રોહિણી તપ વગેરે જ્ઞાન, દર્શન, ચારિત્રના આરાધનભૂત વિવિધ તપ સંબંધી ઉદ્યાપન કરવાં. ઓછામાં ઓછું પ્રત્યેક વર્ષે એકેક ઉદ્યાપન વિધિપૂર્વક કરવું. કહ્યું છે કે, તપસ્યાનું જે ઉદ્યાપન કરવું, તે તપરૂપ મંદિર ઉપર કળશ ચઢાવવા બરોબર છે. અક્ષતપાત્રને માથે ફળ મૂકવા સમાન છે અને ભોજન કરાવ્યા પછી પાનનું બીડું આપવા તુલ્ય છે. દરેક ઉજમણામાં અજવાળી પાંચમ વગેરે વિવિધ તપના ઉજમણામાં ઉપવાસની સંખ્યા પ્રમાણે નાણું, નાળિયેર, લાડુ વગેરે શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે મૂકવા એ નવમું કર્ત્તવ્ય છે.

### દશમું કર્ત્તવ્ય તીર્થપ્રભાવના

શ્રી ગુરૂમહારાજના પ્રવેશ મહોત્સવમાં સર્વ પ્રકારની ઋદ્ધિ અને આડંબર સહિત ચતુર્વિધ સંઘે સન્મુખ જવું જોઈએ. અને શ્રી ગુરૂમહારાજનો તથા શ્રી સંઘનો યથાશક્તિ સત્કાર કરવો જોઈએ. ઔપપાતિક સૂત્રમાં **કોણિક** રાજાએ મોટા આડંબર પૂર્વક કરેલ સામૈયાનું રોચક અને ભાવવાહી વર્ણન છે. તે પ્રમાણે અથવા પ્રદેશી રાજાની જેમ ઉદયનરાજા તથા દશાર્ણભદ્ર રાજાની જેમ ગુરૂવંદન પ્રવેશ મહોત્સવ કરવો. ઉદારદિલે પુણ્યવાન**પેથડે** માંડવગઢમાં **શ્રી ધર્મઘોષસૂરીજી**ના પ્રવેશોત્સવમાં ૭૨ હજાર ટંક દ્રવ્યોનો ખર્ચ કર્યો હતો. સંવિજ્ઞ ત્યાગી સાધુનો પ્રવેશ ઉત્સવ કરવો ઉચિત નથી, એમ ન કહેવું, કારણ કે, વ્યવહારભાષ્યમાં સાધુપ્રતિમા વહનના અધિકારમાં કહ્યું છે કે -

સાધુ સંપૂર્ણ પ્રતિમા વહન કરી લે, ત્યારે એકાએક નગરમાં પ્રવેશ ન કરે, પરંતુ નજીકમાં આવીને કોઈ સાધુ કે શ્રાવકને પોતાના દર્શન આપે, અથવા સંદેશો પહોંચાડે, જેથી નગરનો રાજા કે મંત્રી, કે ગામનો અધિકારી મહોત્સવપૂર્વક પ્રવેશ કરાવે. તેના અભાવે શ્રાવકવર્ગ અને સંઘ પ્રવેશોત્સવ કરે. શાસનોન્નતિ કરવાથી તીર્થંકરપણાની પ્રાપ્તિરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે દશમું કર્ત્તવ્ય જાણવું.

### અગિયારમું કર્ત્તવ્ય આલોચના

આલોચનાદ્વારા શુદ્ધિ કરવી એ અગિયારમું કર્ત્તવ્ય છે. ગુરૂનો યોગ હોય તો ઓછામાં ઓછા દર વર્ષે એક વખત તો જરૂર ગુરૂ પાસે આલોચણા દરેક શ્રાવકોએ લેવી જ જોઈએ. કહ્યું છે કે,

જંબુદ્વીપમાં જેટલા પર્વતો છે, તે બધા સોનાના થઈ જાય, અને તેનું કોઈ સાતે ક્ષેત્રમાં દાન દઈ દે તો પણ આલોચના કર્યા વિના એક દિવસના પાપથી પણ મુક્ત થવાતું નથી. વળી જંબુદ્વીપમાં જેટલી વેળુ, (રેતીના કણો) છે તે સર્વ રત્નો થઈ જાય, અને એનું દાન કોઈ સાતે ક્ષેત્રોમાં આપી દે તો પણ આલોચના કર્યા વિના એક દિવસના પાપથી પણ મુક્ત થવાતું નથી. તો પછી આલોચના એટલે ગુરૂમહારાજની પાસે સરલદિલે પાપનું પ્રાયશ્ચિત માંગી શુદ્ધિ કરવી.

તેના વગર ઘણા દિવસનાં ઉપાર્જિત થયેલાં પાપોથી કેવી રીતે મુક્ત થવાય ? માટે વિધિપૂર્વક આલોચના લઈને ગુરૂમહારાજ જે પ્રાયશ્ચિત આપે તે પ્રમાણે જો કરવામાં આવે તો તે જ ભવે પણ પ્રાણી શુદ્ધ થાય છે. જો એમ ન હોય તો દઢપ્રહારી પ્રમુખની તે જ ભવે સિદ્ધિ કેવી રીતે થાય ?

આ પ્રમાણે અગિયારમું કર્ત્તવ્ય સમજવું.

આ પ્રમાણે વિવેકી શ્રાવકો દરેક વર્ષે અગિયાર કર્ત્તવ્યો ભાવથી કરે છે. તેઓ કર્ત્તવ્યોથી થયેલી પુણ્યની પુષ્ટિવડે કૃતાર્થ થાય છે ને જિનેશ્વર પ્રભુના ધર્મમાં રાગપ્રેમવાળા તેઓ સ્વર્ગાદિ સદ્‌ગતિના પરિણામે નિર્મળ બની પોતે મુક્તિની વરમાળને નિશ્ચે વરે છે.

## પર્યુષણ પર્વ માહાત્મ્ય

કેવલજ્ઞાની મહાપુરૂષ પણ પર્યુષણા મહાપર્વનો મહિમા વર્ણવવા અસમર્થ છે. આકાશના તારાની સંખ્યા, ગંગાનદીની રેતીની કણિયાની સંખ્યા, સમુદ્રના પાણીના બિંદુની સંખ્યા, ગુરૂના હિતોપદેશના મહિમાની સંખ્યા, કોઈ ધીરપુરૂષ કદાચ કહી શકે પણ પર્યુષણપર્વનું માહાત્મ્ય કહેવા કોણ સમર્થ છે ?

ગુણોમાં વિનય, વ્રતોમાં બ્રહ્મચર્ય, નિયમોમાં સંતોષ, તપમાં સમતા, તત્ત્વોમાં સમ્યગ્દર્શન, મંત્રોમાં પરમેષ્ઠિમંત્ર, તીર્થોમાં શત્રુંજય, દાનમાં અભયદાન, રત્નોમાં ચિંતામણિ, રાજામાં ચક્રવર્તી, ધર્મોમાં જિનધર્મ, ચારિત્રમાં યથાખ્યાત, જ્ઞાનમાં કેવલજ્ઞાન, ધ્યાનમાં શુક્લધ્યાન, રસાયણોમાં અમૃત, શંખમાં દક્ષિણાવર્ત શંખ, જ્યોતિષચક્રમાં સૂર્ય, મંડનમાં તિલક, અલંકારોમાં મુગુટ, દેવોમાં ઈન્દ્ર, ફૂલમાં કમળ, પંખીમાં ગરૂડ (હંસ), પર્વતમાં મેરૂ, ગણધરોમાં પુંડરિકસ્વામિ, નદીમાં ગંગા, સરોવરમાં માનસરોવર, સર્વદેશોમાં સૌરાષ્ટ્રદેશ, દિવસોમાં દિવાળીના દિવસ, માસમાં ભાદરવો માસ, શ્રેષ્ઠ ગણાય છે, તેમ લૌકિક-લોકોત્તર સર્વ પર્વોમાં પર્યુષણપર્વ શ્રેષ્ઠતમ છે.

આ વાર્ષિક પર્વની આરાધના વિના શ્રાવકનો જન્મ નિષ્ફળ છે. જેમ શસ્ત્ર વિના વીર, બુદ્ધિ વિના મંત્રી, પ્રાકાર વિના નગર, દંતશૂળ વિના હાથી, કલા વિના મુનિ, શીલ વિના સતી, દાન વિના ધનવાન, વેદ વિના બ્રાહ્મણ, સુગંધ વિના ફૂલ, હંસ વિના માનસરોવર, દયા વિના ધર્મ શોભે નહિ, તેમ પર્યુષણા પર્વની આરાધના વિના સાધુનું કુલ શોભે નહિ.

ક્ષમાપના અને ઉપશમદ્વારા આ પર્વની આરાધના કરનાર સાધુ અને શ્રાવકનું કુળ શોભે છે. જેમ ચંદ્રથી રાત્રિ, સૂર્યથી આકાશ, બિંબથી પ્રાસાદ, નાસિકાથી મુખ, પુષ્પથી વેલ, સત્પુત્રથી કુળ, શીલથી કુળવધૂ, જ્ઞાનથી ગુરૂ શોભે તેમ સાધુ અને શ્રાવક શોભે છે.

# વ્યાખ્યાન આઠમું

## ક્ષમાનું અમૃત.... સુંદર દૃષ્ટાંતો

### **૧. ક્ષમા એ સંસારનું અમૃત છે** (ભારતીય દૃષ્ટાંત)

ભારતીય વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝ. તેમના પિતા **ભગવાનચંદ્ર** ફરીદપુરમાં ન્યાયાધીશ હતા. એક વખત તેમની પાસે એક લૂંટારાનો કેસ આવ્યો. એની ભયંકરતાને લક્ષમાં રાખીને **ભગવાનચંદ્રે** એને આકરી સજા ફટકારી. લૂંટારાએ સજા પૂરી કરી. પણ મનમાં એક ગાંઠ વાળેલી કે, સજા પૂરી કરૂં અને સાથે સાથે **ભગવાનચંદ્રને** પણ પૂરા કરૂં.

સજા પૂરી કરી લૂંટારો ભગવાનચંદ્રને બંગલે આવ્યો. રાતે બધાં ઘસઘસાટ ઊંઘતાં હતાં. લૂંટારાએ બહારથી બંગલો સળગાવ્યો. ઊંઘતા ભગવાનચંદ્ર નાનકડા જગદીશચંદ્રને લઈને બહાર આવ્યા. બહાર લૂંટારો ઊભો જ હતો. ભગવાનચંદ્રની અને તેની આંખો એક થઈ. છતાં ભગવાનચંદ્ર એક શબ્દ શુદ્ધાં ન બોલ્યા. એ ધારત તો એ લૂંટારાને પલવારમાં પકડાવી શકત. પણ એમ ન કરતાં એ મૌન રહ્યા.

લૂંટારાના મનમાં વિચાર આવ્યો, મેં આનો બંગલો સળગાવી માર્યો, છતાંય મુખ પર કેવી શાંતિ છે ? એમની આંખમાંથી કેવી કરૂણા ટપકે છે ! લૂંટારો ભગવાનચંદ્રના પગમાં પડી ગયો, તે રડી પડ્યો, ભગવાનચંદ્રે કહ્યું, ભાઈ ! તને માણસનું તન મળ્યું છે, એનાથી કાળાં કર્મો કરવાં છોડી દઈ નીતિનો રોટલો ખા, એમાં તારૂં કલ્યાણ છે. લૂંટારાએ મનોવેદના ઠાલવતાં કહ્યું, પણ નીતિનો રોટલો કોણ ખાવા દે છે ! મારે મહેનત મજૂરી કરીને પેટગુજારો કરવો છે, પણ મને કામ કોણ આપે છે ? આથી જ મારે લૂંટનો ધંધો કરવો પડે છે.

ભગવાનચંદ્રે તેને નાનકડા જગદીશને નિશાળેથી લાવવા - લઈ જવાનું કામ સોંપ્યું. લૂંટારે લૂંટનો ધંધો છોડી દીધો. **સાર:** ક્ષમા આપવાથી ઉભયની ચિત્તવૃત્તિ શાંત અને નિર્મળ થાય છે અને પોતાને પોતાનું સાચું કર્ત્તવ્ય સમજાય છે. જ્યારે ક્રોધની સામે ક્રોધ કરવાથી બન્નેની વિવેકબુદ્ધિ ભ્રષ્ટ થાય છે. અને ન કરવાનાં કામો કરી બેસે છે. જીવનમાં સાચી શાંતિ મેળવવી હોય તો, ક્ષમાને ધારણ કરવી જ પડશે. દુનિયાના દરેક ધર્મમાં, દરેક સમાજમાં ક્ષમાને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. માનસિક અને શારિરીક સ્વાસ્થ્ય માટે ક્ષમા અજોડ ઔષધ છે.

### **૨. ઈસુ ખ્રિસ્તની મનોભાવના**

ઘરમાં કોઈની સાથે બોલાચાલી થાય છે, ત્યારે આપણું મન કેવું દુ:ખી બની જાય છે ? ઘરની કોઈ વાતમાં રસ રહેતો નથી. કોઈને બોલાવવાનું મન થતું નથી. મનમાં અનેક જાતના માઠા વિચારો આવે છે. આ બધા વેરઝેર, કકળાટ, કજીયો, દ્વેષ વગેરેને દબાવવાં હોય તો, આપણે કાં તો બીજાને ક્ષમા આપવી જોઈએ, કાં તો બીજાની ક્ષમા માંગવી જોઈએ. આ વિના વેરઝેર, કજીયા, કંકાસનો અંત આવતો જ નથી.

ઈસુ ખ્રિસ્તે એક ભાઈને પૂછ્યું, કેમ ભાઈ ! ક્યાં જઈ રહ્યો છે ?

દેવને આહૂતિ ચઢાવવા.

પણ તારા મુખ ઉપર તો શોકની છાયા છે ? દેવ પાસે જઈએ ત્યારે મુખ પર પ્રસન્નતા હોવી જોઈએ. તે ભાઈ કહેવા લાગ્યો, મુખ ઉપર પ્રસન્નતા ક્યાંથી હોય ? ઘેર ભાઈ સાથે ઝઘડો થયો છે. મનમાં તો એના ઝઘડાના વિચારો જ ઘૂમ્યા કરે છે.

ઈસુ ખ્રિસ્તે કહ્યું, ત્યારે તો ભાઈ ! તું તારી આહૂતિ દેવળને ઓટલે મૂકીને તારે ઘેર જા. તારા ભાઈની ક્ષમા માંગ. એનું મન મનાવ. એની સાથે મૈત્રી કર. પછી પ્રસન્ન મુખે પાછો આવજે. ત્યારે જ તારી આહૂતિ દેવ સ્વીકારશે.

ઈસુ ખ્રિસ્તે એક પ્રવચનમાં કહ્યું છે કે - મિત્રો ઉપર તો સહુ કોઈ પ્રેમ કરે, શત્રુઓ ઉપર પ્રેમ રાખો ત્યારે જ તમો ખરા. જે વ્યક્તિ શત્રુઓ ઉપર પ્રેમ રાખતી હોય, શાપ આપનારાને આશીર્વાદ આપતી હોય, એમના જીવનમાં અશાંતિ હોઈ શકે ખરી ? શાપ આપનારને આશીર્વાદ આપવો એ કેટલું કઠણ કાર્ય છે ? એટલે જ એવી વ્યક્તિઓને દિવ્યવ્યક્તિઓ કહે છે. ગાળની સામે ગાળ દેવી, શાપની સામે શાપ આપવો કે ક્રોધની સામે ક્રોધ કરવો એમાં માનવતા નથી. **મિરાત - ઈ સિકંદરીમાં** લખ્યું છે, બુરૂં કરનારને સખત સજા કરવી ઘણી સહેલી છે, જો તું ખરો મર્દ હોય તો તારી સાથે જે બુરાઈ કરે છે અને ખરાબ રીતે વર્તે છે, તેની સાથે સારી રીતે વર્ત.

માનવતા તો એ છે કે, શાપની સામે આશીર્વાદ આપવો. ઈસુ ખ્રિસ્તને જ્યારે વધસ્તંભે લઈ ગયા અને તેમને ક્રોસ ઉપર જડી દીધા ત્યારે ઈસુની આંખમાંથી નરી કરૂણા વરસી રહી. તે બોલ્યા, હે પિતા, તું આ બધાંને માફ કરજે. કારણ કે, તેઓ શું કરી રહ્યા છે, તેનું પણ તેમને ભાન નથી. આનું નામ ક્ષમા. બુરૂં કરનારનું મનથી પણ અહિત ન ઈચ્છ્યું તે. આપણને તો કોઈ ચાર શબ્દો કડવા કહી જાય તો લાલ-પીળા થઈ જવાના. બળવાન હોઈએ તો મારવા દોડવાના. મારી શકીએ તેમ ન હોઈએ તો ગાળાગાળી કરવાના. ઉઘાડે છોગ ગાળો બોલી ન શકીએ તો મનમાં ને મનમાં હજાર ગાળો ભાંડવાના. મનમાં આવી કટુ ભાવનાઓ ભરી હોય તો પછી સુખ ક્યાંથી મળે ?

કૂતરો બચકું ભરવા આવે અને આપણે સામું બચકું ભરવા જઈએ તો આપણામાં અને કૂતરામાં ફેર શો ? દુર્જન ભલે દુર્જનતા દાખવે, આપણે તો સજ્જનતા જ બતાવવાની. દુર્જન ભલે, ક્રોધનું, ગાળનું કે શાપનું હથિયાર ઉગામતો આવે, આપણે તો ક્ષમાનું ખડ્ગ તૈયાર રાખવાનું. ક્ષમાના ખડ્ગ પાસે બધાં હથિયાર નાકામયાબ નીવડશે. જેની પાસે ક્ષમાનું ખડ્ગ છે, તે સાચો વીર. એટલે તો કહ્યું છે કે, **क्षमा वीरस्य भूषणम्** ક્ષમા એ વીરનું ભૂષણ છે, કાયરનું નહિ. આપણી પાસે સત્તા હોય અને કોઈ પણ વ્યક્તિને કોઈ પણ ભૂલની ક્ષમા આપીએ તો એ વીરની ક્ષમા છે. કોઈ રીતે આપણું ઉપજે તેમ ન હોય ત્યારે કહીએ. જા, જા, તને ક્ષમા આપી. આ ક્ષમા નથી, કાયરતા છે. મોંએ માફ અને અંદર પાપ, તે સાચી ક્ષમા નથી.

સિકંદરે એરિસ્ટોટલને પૂછ્યું, ગુનેગારને ગુના માટે કઈ સજા યોગ્ય કહેવાય ?

એરિસ્ટોટલે કહ્યું - ક્ષમા.

ક્ષમા કયે વખતે કરવી ?

જ્યારે દુશ્મન આપણા હાથમાં સપડાયો હોય ત્યારે અહિત કરનારો પણ સકંજામાં સપડાયો હોય ત્યારે ઉદાર દિલથી માફી આપે એનું જ નામ વીર.

**૩. દયાનંદ સરસ્વતી**

એક બ્રાહ્મણે સ્વામી દયાનંદ સરસ્વતીનો કાંટો કાઢી નાખવાની યોજના કરી. એક દિવસ તે સ્વામીજી પાસે ગયો. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. બે ચાર મીઠી મીઠી વાતો કરી. પછી ઊઠતી વખતે ઝેર ભેળવેલું પાન સ્વામીજીના હાથમાં આપ્યું. સ્વામીજીએ પાન મોંમાં મૂક્યું. મોંમાં મૂકતાં જ સમજી ગયા કે, આમાં ઝેર છે. તરત જ થૂંકી નાખ્યું. ગંગા તટે જઈ કોગળા કર્યા. ઊલટી કરી. ઝેર ઓકી નાખ્યું. આ વાતની જાણ શહેરના તહેશીલદાર **સૈયદ મહમદ**ને પડી. સ્વામીજીના એ ભક્ત હતા. તેણે પાનમાં ઝેર આપનાર બ્રાહ્મણને પકડી મંગાવ્યો અને જેલમાં નાખ્યો.

સ્વામીજીએ આ વાત જાણી એટલે સૈયદને કહ્યું, ભાઈ સૈયદ ! હું તો મનુષ્યને બંધનમાંથી છોડાવવા આવ્યો છું, બંધનમાં નાખવા નહિ. અત્યારે ને અત્યારે એ બ્રાહ્મણને છોડી દે. ભૂંડો ભૂંડાઈ ન છોડે તો મારે ભલાઈ શા માટે છોડવી ? સ્વામીજીએ બ્રાહ્મણને ક્ષમા આપી. પાછળથી બ્રાહ્મણને પસ્તાવો થયો, મેં ભૂંડાએ આવા ધર્માત્માને ક્યાં ઝેર આપ્યું ?

પસ્તાવાના પુનિત ઝરણામાં ડૂબકી દઈને તે બ્રાહ્મણ નિર્મળ બની ગયો. એની ચિત્તવૃત્તિ નિર્મળ બની. સાચી ક્ષમા એ જ કહેવાય કે, કોઈ પણ વ્યક્તિ ભૂતકાળમાં આપણું અહિત કરી ગઈ હોય, અને આપણે એને દિલથી માફી આપી હોય, તે જ માણસ ફરી પાછો આપણી પાસે આવે, ત્યારે આપણે કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના એની સાથે કામ પતાવીએ એનું જ નામ સાચી ક્ષમા.

**૪. સંત તુકારામ**

કોઈ વ્યક્તિને એની ભૂલો બદલ કે એના ખરાબ વર્તનની ક્ષમા આપીએ, પણ આપણે એના ખરાબ વર્તનને, આપણા મનના એક ખૂણામાં સંઘરી રાખીએ એ સાચી ક્ષમા નથી. આમ કર્યાથી આપણા મનની નિર્મળતા જોખમાય છે. પરિણામ એ આવે છે કે, ધીમે ધીમે તે વ્યક્તિ તરફ અણગમો થતો રહે છે. મનમાં કઠોરતા ઉત્પન્ન થાય છે. આપણા ચારિત્ર્ય અને વ્યક્તિત્વ માટે તે હાનિકારક છે. ક્ષમા આપવી એટલે વેરઝેરનું પૂરાણું ખાતું સર્વાંશે ચૂક્તે કરવું. પછીથી વૈરી પ્રત્યે ભૂતકાળનો કોઈ પણ પ્રસંગ યાદ ન કરવો જોઈએ.

**શિવો કંસારો** એટલે તુકારામનો કટ્ટર વિરોધી. તુકારામનું નામ સાંભળે અને એ પ્રાયમસની જેમ ભભૂકી ઊઠે. તુકારામને બે ચાર સંભળાવીને તો એ વાત કરે. એક દિવસ એવું બન્યું કે, ગામમાં એક બ્રાહ્મણ આવી ચડ્યો. તેની દીકરી પરણાવવા લાયક થઈ હતી. માટે તે ટીપ કરવા આવ્યો હતો, ગામના જુવાનિયાઓએ તેને તુકારામને ત્યાં ચઢાવી દીધો. તુકારામે તેને આવકાર આપ્યો. બે ઘડી વાતચીત કરી પછી પૂછ્યું, કહો બ્રાહ્મણ દેવ ! કેમ આવવું થયું ? બ્રહ્મદેવે વાત કરી એટલે

તુકારામે કહ્યું, એમ કરો ત્યારે, સૌ પ્રથમ તમે શિવાભાઈની પાસે જાવ. એ લખાવશે એટલે હું લખાવીશ. બ્રહ્મદેવે કહ્યું, હું તો પરદેશી છું. શિવાભાઈને તો હું ઓળખતો પણ નથી. ભલે, હું એક ભાઈને તમારી સાથે મોકલું છું. તમને શિવાભાઈનું ઘર એ બતાવશે.

તુકારામે મંડળીના એક ભાઈને બોલાવ્યો, અને કહ્યું, ભાઈ ! આ બ્રહ્મદેવને શિવાભાઈને ત્યાં લઈ જા. અને જો, શિવાભાઈ કાંઈ ન લખાવે ત્યાં સુધી પાછા ફરતા નહિ. મંડળીનો ભાઈ તો અવાક્ થઈ ગયો અને બોલ્યો, ભગત ! સવારના પહોરમાં શિવા કંસારાને ત્યાં ક્યાં મોકલો ? તમારૂં નામ સાંભળાતાં જ એ તો મણમણની જોખવાનો ? સંત બોલ્યા, એ ગમે તેમ બોલે, તમે શાંતિ જાળવજો. તમારે તો એક જ વાત કહેવાની. તમે કંઈક પણ ભરો. બંને જણા શિવા કંસારાને ત્યાં ઉપડ્યા. તે વખતે શિવાભાઈ દાતણ કરતા હતા. સવારના પહોરમાં તુકારામના માણસને આંગણે જોતાં જ એમની લૂલી ચાલવા માંડી. બે પાંચ મિનિટમાં તો કંઈનું કંઈ કહી નાખ્યું.

જ્યારે શાંત થયો, ત્યારે મંડળીના ભાઈએ કહ્યું, શિવાભાઈ ! તમારે જેમ કહેવું હોય તેમ કહો, પણ આ બ્રહ્મદેવની ટીપમાં કાંઈક લખાવો, જ્યાં સુધી તમે નહિ લખાવો ત્યાં સુધી અમે તો અહે દ્વારિકા કરવાના છીએ. શિવાભાઈ ક્રોધમાં ને ક્રોધમાં ઘરમાં ગયા, ઘરમાંથી ઘસાઈ ગયેલો તાંબાનો મોટો ઢબુ (પૈસો) કાઢ્યો, અને તેમની સામે ફેંકતા કહ્યું, લો, બાળો, આ મારા બે પૈસા.

બ્રહ્મદેવે ટીપ કાઢી લખ્યું, શિવાભાઈ કંસારાના બે પૈસા. બંને આવ્યા તુકારામ પાસે, અને કહ્યું, ભગત ! હું પહેલેથી જ કહેતો હતો કે, એ કંસારા પાસે ન મોકલો. એ વાત પછી પણ એણે આપ્યું શું ? તુકારામે પૂછ્યું. આ ઘસાયેલો ઢબુ. બ્રહ્મદેવે તુકારામના હાથમાં ઢબુ મૂક્યો. તુકારામે તે ઢબુ, આગળ પડેલી સગડીમાં મૂક્યો. થોડીવાર પછી તેને બહાર કાઢી, તેના ઉપર રાખ ઘસી. ચમત્કાર તો એ થયો કે, તાંબાનો ઢબુ સોનાનો થઈ ગયો.

તુકારામે તે ઢબુ બ્રહ્મદેવને આપ્યો, અને કહ્યું, બ્રહ્મદેવ, હવે ટીપ કરવાની જરૂર નથી. બે તોલા સોનામાં તમારી દીકરીનું લગન પતી જશે. બ્રહ્મદેવ તો હરખાતા હરખાતા ચાલ્યા ગયા. આ વાત વાયુવેગે ગામમાં પ્રસરી ગઈ. શિવા કંસારાએ પણ આ વાત જાણી તેણે વિચાર કર્યો, કહો, ન કહો, પણ તુકારામ પાસે પારસમણિ હોવો જોઈએ, નહિતર તાંબાનું સોનું બનાવે કઈ રીતે ? શિવો કંસારો આ પારસમણિના લાભે-લોભે તુકારામ પાસે આવ્યો, લાકડી પડે તેમ પગમાં પડી ગયો. ચોધાર આંસુએ રડ્યો અને પોતાની વર્તણુક બદલ માફી માગી. ભોળા ભગતે ઉદાર દિલે માફી આપી.

હવે તો શિવાભાઈ તુકારામની સાથે ને સાથે રહે છે. ભગત પણ સ્વજનની જેમ સાથે ને સાથે રહે છે. સાથે બેસે ને ઊઠે છે. કોઈ વાતમાં શિવાભાઈનો અણવિશ્વાસ નથી. પહેલાંની વાત ભગતને યાદ પણ આવતી નથી. શિવાભાઈના દિલમાં એક જ વાત છે, ભગત પાસે પારસમણિ છે. એ ક્યાં મૂકે છે એ જ એમને જાણવું છે.

આમને આમ છ મહિના વહી ગયા. શિવાભાઈએ સ્નેહીજનના દાવે ભગતનું આખું ઘર ફેંદી નાંખ્યું. પણ પારસમણિ ન જડ્યો. એક દિવસ શિવાભાઈએ પૂછ્યું, ભગત ! મેં એમ સાંભળ્યું છે કે, તમારી પાસે પારસમણિ છે એ વાત સાચી ?

ભગતે હસીને કહ્યું, શિવાભાઈ ! આટલા દિવસ તમે મારી સાથે રહ્યા છતાં ય જાણ્યું નહિ ? અમારી પાસે તો પારસમણિ નહિ, આખો રસમણિ છે. પારસમણિ તો લોઢાને સોનું બનાવે, જ્યારે અમારો રામનામરૂપી આ રસમણિ તો બીજો પારસમણિ સર્જે છે. શિવાભાઈના અંતરમાં રહ્યું-સહ્યું અજ્ઞાન હતું એ પણ આ શબ્દોથી ટળી ગયું. પછીથી તો તે તુકારામના પરમ હિતસ્વી બની રહ્યા.

વિરોધીને પરમહિતસ્વી બનાવવો હોય તો તેને ઉદારદિલે માફી આપવી જોઈએ. આપણી માનસિક અને શારિરીક સ્વસ્થતા માટે એ એટલું જ આવશ્યક છે.

ભગવાન શ્રી મહાવીરદેવે કહ્યું છે, તેમ એકવાર નહિ, અનેકવાર થતી ભૂલો માટે, દોષો માટે બીજા પાસે ક્ષમા માંગીએ અને આપીએ. આવી ભાવના જેમ જેમ ફાલતી જશે, તેમ તેમ એકબીજાના સંબંધ પણ સુદૃઢ બનશે. ત્યારે જ આપણા જીવનમાં સાચી સુખ શાંતિ માણી શકીશું. ખરેખર, સંસારનું સાચું અમૃત **ક્ષમા** જ છે.

# વ્યાખ્યાન નવમું

## સાધર્મિક ભક્તિનો પ્રભાવ

સંસારમાં પરિભ્રમણ કરતા જીવને મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ છે. તેમાં આર્યક્ષેત્રાદિ યુક્ત, સુંદર સામગ્રી સહિત મનુષ્યભવ, અતિશય દુર્લભ છે. મનુષ્યભવાદિ સામગ્રી પામીને એકમાત્ર ધર્મનું સેવન કરવું જોઈએ. નિરંતર ધર્મ નહિ કરી શકનારા જીવોએ અઠ્ઠાઈઓ આદિ પર્વ દિવસોએ અવશ્ય ધર્મની આરાધના કરવી જોઈએ. સર્વ પર્વમાં શિરોમણી, કર્મના મર્મને ભેદવામાં સમર્થ આ પર્યુષણ મહાપર્વ છે. આ પર્વમાં પાંચ કર્ત્તવ્યોનું સેવન કરવા દ્વારા જ સુંદર આરાધના થઈ શકે છે. માટે પાંચ કર્ત્તવ્યોના પાલન કરવામાં પ્રમાદ ન કરવો જોઈએ.

પાંચ કર્ત્તવ્યો પૈકી સાધર્મિક ભક્તિ અંગેનું પણ સ્વરૂપ જાણવા જેવું છે. શ્રી જિનેશ્વર ભગવંતના શાસનમાં શ્રી જિનભક્તિ, ગુરૂભક્તિ ઉપર ભાર મૂકેલો છે. તેમ સાધર્મિક ભક્તિ કરવાનું પણ વિધાન કરેલ છે. સમાન ધર્મમાં રહેલા હોય, અથવા સમાનધર્મનું આચરણ કરતા હોય તે, સાધર્મિક કહેવાય.

**સાધર્મિક બે પ્રકારના**

સાધુને સાધુ સાધર્મિક, અને શ્રાવકને શ્રાવક સાધર્મિક. સાધર્મિકનું બહુમાન અને પૂજાસત્કાર કરવો જોઈએ. સંસારના કોઈ પણ પદાર્થની ઈચ્છા રાખ્યા સિવાય સાધર્મિકને દાન કરવું જોઈએ. સાધર્મિક શ્રાવક શ્રાવિકાની પણ જે જે જરૂરી ભક્તિ હોય તે કરવી જોઈએ. આ ઉપર વિશાખાદત્તનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

**કૌશાંબી** નામની નગરીમાં ધર્મથી યુક્ત **વિશાખાદત્ત** નામે શેઠ વસે છે. એકદા શ્રી **ધર્મઘોષસૂરિજી** નામના આચાર્ય મહારાજ તે નગરમાં પધારતાં, અને તેમનો ઉપદેશ સાંભળ્યા બાદ વિશાખાદત્ત શેઠે શ્રાવકના બારવ્રતો ગ્રહણ કર્યા. બારવ્રતોનું સુંદર રીતે પાલન કરતાં દિવસો પસાર

થાય છે. એકવાર પાછલી રાત્રે જાગી જતાં પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર્યા બાદ મનમાં વિચાર કરે છે કે, જેના ઘેર કર્કેટક, હંસગર્ભ આદિ રત્નો છે, તે મહાન ધનવાન છે. બીજા ધનથી શું ? આ પ્રમાણે વિચાર કરી શેઠ રત્નો મેળવવા માટે પોતાના નગરથી નીકળી, ગામોગામ ફરે છે. તેવામાં એકવાર રસ્તામાં લૂંટારા મળતાં વિશાખાદત્ત પાસે જે હતું, તે બધું લૂંટી લીધું.

ધનરહિત વિશાખાદત્ત એકાકી ભમી રહ્યો છે, ત્યાં એક કાપાલિક મળ્યો. પોતાના કાર્ય માટે લક્ષણવાળો જાણી કાપાલિકે પૂછ્યું કે, મહાભાગ ! તમે ચિંતાવાળા કેમ દેખાઓ છો ? તમારે શી ચિંતા છે ? વિશાખાદત્તે પોતાની સઘળી વાત કાપાલિકને જણાવી. પછી કાપાલિકે કહ્યું કે, જો તારે ખૂબ ધન મેળવવાની ઈચ્છા હોય તો મારી સાથે ચાલ. સરળ આત્મા વિશાખાદત્ત નિર્ભયપણે તેની સાથે ચાલવા લાગ્યો. કાપાલિક તેને એક પર્વતના શિખર ઉપર કાલિકાદેવીના ભવન પર લઈ ગયો. અને કહ્યું કે, આ દેવી મહાપ્રભાવવંતી છે. નમસ્કાર કર. આના પ્રભાવથી તને ઘણો લાભ થશે.

વિશાખદત્તે કહ્યું કે, હું જિનેશ્વરદેવને મૂકીને અન્ય દયાહીન કોઈ દેવદેવીને નમસ્કાર કરતો નથી. જેણે શ્રી જિનેશ્વરદેવને નમસ્કાર કર્યા છે, તે બીજા દેવને કેમ નમે ? જેણે અમૃતપાન કર્યું છે, તે કાંજી કેમ પીએ ? આ સાંભળી કાપાલિક રોષાયમાન થઈને બોલ્યો, અરે ! જો તું નહિ નમે તો તારા આ મસ્તકથી આ દેવીનું હું પૂજન કરીશ. આમ બોલી તરવારથી ઘા કરવા જાય છે, તેટલામાં તે મંદિરના એક ખૂણામાં વિશ્રામ કરી રહેલ શુદ્ધવ્રતવાળા વાત્સલ્યમતિવાળા, વિદ્યાસિદ્ધ ધન નામના શ્રાવકે કાપાલિકને પડકાર્યો કે, અરે ! પાપી ! સદાચારવાળા આ શ્રાવકને મૂકી દે ! આમ કહીને વિદ્યાથી કાપાલિકને સ્તંભિત કરી દીધો. સ્તંભિત થઈ જતાં કાપાલિક કરગરવા લાગ્યો એટલે વિદ્યાસિદ્ધે દયાથી તેને છૂટો કર્યો, તે પોતાના સ્થાને ચાલ્યો ગયો.

પછી વિદ્યાસિદ્ધે વિશાખદત્તની બધી વાત સાંભળીને સાધર્મિક વાત્સલ્યથી રત્નના ગુણદોષ, પરિક્ષા, કિંમત વિગેરે રત્નો સંબંધી જ્ઞાન આપ્યું અને સાથે સાથે કહ્યું કે, ઘણો આરંભ - પરિગ્રહ, સંપદાની મૂર્છા, વગેરેના યોગે પરલોકમાં દુઃખી થવાય છે. માટે સુકૃતમાં ઉત્તમ એવું સાધર્મિક વાત્સલ્ય કરી, ભક્તિ કરી, અક્ષય એવું પુણ્યાનુંબંધી પુણ્ય ઉપાર્જન કરવાનું ધ્યેય ચૂકશો નહિ.

શ્રી તીર્થંકર ભગવંતોએ પણ સાધર્મિક ભક્તિ કરવા માટે ભાર મૂકેલો છે. સુકૃતની ઈચ્છાવાળા તમારે હંમેશાં સાધર્મિક વાત્સલ્ય કરવું. વિદ્યાસિદ્ધની પ્રેરણાનું આકંઠ પાન કરીને વિશાખદત્તે કહ્યું કે, હું હંમેશાં ઓછામાં ઓછા એક સાધર્મિકને જમાડીને પછી જ ભોજન કરીશ. આ પ્રમાણે નિયમ અંગીકાર કર્યો.

વિશાખદત્ત પોતાના નગર તરફ પ્રયાણ કરતાં વજ્રની ખાણવાળા ધનપુર નગરમાં આવ્યો. ત્યાં શ્રી જિનેશ્વર ભગવંતના મંદિરમાં દર્શન કરી ભોજન તૈયાર કર્યું. ભોજન કરતાં પહેલાં સાધર્મિકની તપાસ કરે છે, ત્યાં જિનમંદિર નથી એમ માની કપડું પાથરીને પંચાંગ પ્રણિપાત કરવા પૂર્વક શ્રી જિનેશ્વર ભગવંતની સ્તુતિ કરતો એક માણસ જોવામાં આવ્યો. એટલે વિશાખદત્તે તેની પાસે જઈ પ્રણામપૂર્વક પૂછ્યું કે, તમે ક્યાંથી આવો છો અને ક્યાં જાવ છો ? તેણે કહ્યું કે, હું ભરતક્ષેત્રના

તીર્થોની યાત્રા કરતો આવ્યો છું. પછી વિશાખદત્ત તેને પોતાના સ્થાને લઈ જઈ ભક્તિ બહુમાનપૂર્વક ભોજન કરાવી ખૂબ અનુમોદના કરતાં પાત્રદાનથી ખૂબ પુણ્ય ઉપાર્જન કર્યું.

ત્યારપછી વિશાખદત્ત રત્નની ખાણ ઉપર ગયો. તેના પુણ્યથી સંતુષ્ટ થયેલ ખાણના અધિષ્ઠાયક દેવે રાત્રે સ્વપ્નમાં ક્રોડ મૂલ્ય જેટલાં પ્રભાવશાલી સંપત્તિના હેતુભૂત રત્નો આપ્યાં. સવારમાં સ્વપ્ન પ્રમાણે રત્નો જોતાં વિશાખદત્ત ખૂબ હર્ષિત થયો. હંમેશાં એક એક સાધર્મિકની બહુમાનપૂર્વક ભક્તિ કરતાં પોતાના નગરમાં આવી પહોંચ્યો. સ્વજનો મળ્યા, બધા આનંદ પામ્યા. જેમ ફલિત થયેલા વૃક્ષ પાસે પંખીઓ આવે તેમ વિશાખદત્ત પાસે સહુ આવવા લાગ્યા. વિશાખદત્તે પોતાના રત્નોમાંથી એક સુંદર રત્ન રાજાને ભેટ ધર્યું. રાજાએ વિશાખદત્તને નગરશેઠ પણે સ્થાપન કર્યો. ધર્મના પ્રભાવથી સમૃદ્ધિમાન બનેલો જો તે ધર્મથી પરાઙ્મુખ બને તો સ્વામીદ્રોહમાં મૂર્ધન્ય એવો સદ્ગતિ કેવી રીતે પામે ?

આ પ્રમાણે વિચાર કરતો વિશાખદત્ત વિશેષ ધર્મ કરે છે. સાધર્મિકને સારી રીતે જમાડતો દર વરસે વૃદ્ધિ કરે છે. સાધર્મિકને ભોજન, પહેરામણી વિગેરેથી ખૂબ ભક્તિ કરે છે. આ તરફ સૌધર્મ દેવલોકના શક્રેન્દ્રે વિશાખદત્તની સાધર્મિકભક્તિની પ્રશંસા કરતાં કહ્યું કે, હાલમાં ભરત ક્ષેત્રમાં સાધર્મિકની જેવી ભક્તિ વિશાખદત્ત શેઠ કરે છે, તેવી ભક્તિ કરનાર બીજું કોઈ દેખાતું નથી. ઈન્દ્રની આ વાત સાંભળી શ્રદ્ધા નહિ કરતો એક દેવ વિમાનમાંથી નીકળી વિશાખદત્તનું ચિત્ત ચલાયમાન કરવા માટે નવા શ્રાવકનું રૂપ કરી નીચે આવ્યો. અને ભૂખ્યો તરસ્યો તેના ઘરમાં પ્રવેશ્યો.

વિશાખદત્ત શેઠે તેને ભોજન કરવા બેસાડ્યો. થોડી જ વારમાં જેટલું અશન - પાન - આદિમ અને સ્વાદિમ વગેરે ભોજન હતું તે હજમ કરી ગયો. છતાં એ કહેવા લાગ્યો કે હું ભૂખ્યો છું. બીજું નવું ભોજન તૈયાર કરાવી પીરસ્યું, તે પણ ખલાસ કરી ગયો. ત્યાં શેરડીના રસના ભરેલા ઘણા ઘડા આવ્યા હતા, તે પણ તેને આપતાં ક્ષણવારમાં ઘડાના રસને પણ પી ગયો. આટલું બધું ખાઈ જવા છતાં વિશાખદત્તને મનમાં જરાપણ રોષ આવતો નથી. કે, આટલું બધું ખાવા છતાં હજુ ભૂખ્યો ને ભૂખ્યો છે ? તેનું પેટ છે કે પટારો છે ? એ મનમાં વિચારે છે કે, આજે મારા પુણ્યમાં ખામી છે કે એક સાધર્મિકને પણ હું પેટપૂરતું જમાડી શકતો નથી.

મનના પરિણામ જોતો દેવ વિચારે છે કે, આવા પુન્યશાલીના દર્શન કરી હું ધન્ય બન્યો. સાધર્મિકની ભક્તિમાં આનું ધન ઉપયોગી બને છે. આમ વિચાર કરી દેવ પ્રત્યક્ષ થઈને, તેના ગુણની પ્રશંસા કરે છે. પછી સર્વ આધિ-વ્યાધિ દૂર કરનાર ચંદ્રકાંત મણિમય સુંદર શ્રી શાંતિનાથની પ્રતિમા અર્પણ કરી પોતાના સ્થાને જાય છે. શેઠ પણ વિશેષ સાધર્મિક ભક્તિ આદિ ધર્મની સાધના કરતાં અંતે સમાધિપૂર્વક મૃત્યુ પામી બારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. બારમા દેવલોકમાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરી વિશાખદત્તનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી ચક્રવર્તી બનશે.

અંતે છ ખંડની ઋદ્ધિ તજીને ચારિત્ર ધર્મનો સ્વીકાર કરી, અંતે કેવલજ્ઞાન ઉપાર્જન કરી મોક્ષના સુખ પામી પોતાનું શાશ્વત કલ્યાણ કરશે. વિદ્યાસિદ્ધ ધન(શ્રાવક) પણ સદ્ગુરૂ પાસે

ચારિત્રધર્મ સ્વીકારી દેવગતિમાં ગયો. ત્યાંથી તે મનુષ્યભવ પામી, કેવલજ્ઞાન પામી મોક્ષે જશે. આવા તો સાધર્મિક અંગે ઘણાં દૃષ્ટાંતો છે. પર્યુષણા મહાપર્વની આરાધના દ્વારા પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી આપણે થોડા ભવોમાં મોક્ષ પામીએ એ જ શુભ મંગલ કામના.

### 'મ' ની મારા મારી

મોરબીના મણિલાલે મુંબઈમાં મહાલતા મામા મગનલાલ માટે મીઠાઈ મોકલી. મીઠાઈ મગનલાલને ન મળતાં માસા મોહનલાલને મળી. મગનલાલે મનમાં માન્યું કે મિઠાઈ મને મળે. માટે મગનલાલે મોહનલાલને માર મારીને મિઠાઈ મેળવી. મગનલાલને મોહનલાલની મારામારી માટે માણસોએ મણીલાલને મેણું માર્યું. મણીલાલે મુંબઈ મુકામે મામા મગનલાલ તથા માસા મોહનલાલને મળીને મનાવ્યા. મામા, માસા અને મણિલાલે મળીને મધુર મિઠાઈની મિજબાની મનથી માણી. મોરબીના મેણાં મારતાં માણસોને મણિલાલ મળ્યા. મોરબીના માણસોએ મણિલાલને મામા - માસાની મારામારી મિટાવી તેથી માનપત્ર મોકલ્યું. માનપત્ર મેળવી મણિલાલ મનમાં મહાલ્યા.

# વ્યાખ્યાન દશમું

## પર્યુષણની પ્રભાવના

નરેશ... અને.... દિનેશ.... બંને જિગરજાન દોસ્તો. નરેશની ઉંમર નવ વરસની અને દિનેશની વય દશ વરસની... સાથે રમે - સાથે ભણે - અને સાથે ફરે. બંનેને એકબીજા વિના ન ચાલે. આવી હતી તેમની ગાઢ મિત્રતા. પરિક્ષાના દિવસો આવ્યા. વર્ગમાં બંને મિત્રો પરીક્ષા આપે છે. અંગ્રેજીનો વિષય... દિનેશને અંગ્રેજીનું પેપર અઘરૂં લાગ્યું. પાસે બેઠેલા નરેશને ઈશારાથી જણાવ્યું. મને જવાબ લખી આપ. પણ નરેશને પરીક્ષામાં આ રીતે ચોરી કરવી કરાવવી ઠીક ન લાગી. તેણે ના પાડી દીધી. આથી દિનેશને ખોટું લાગ્યું.

મુશ્કેલીમાં મદદ કરે તે મિત્ર. હું મુશ્કેલીમાં હતો, છતાં તેણે મને મદદ ન કરી. સર્યું આવા મિત્રથી. બસ, તે દિવસથી બંને વચ્ચે અબોલા થઈ ગયા. મિત્રતાનો તાર તૂટી ગયો. એક બીજાને મળ્યા વગર જેમને ગમતું નહિ એવા નરેશ - દિનેશ હવે તો એકબીજાના જાણે કટ્ટર શત્રુ ન હોય તે રીતે વર્તવા લાગ્યા. દિવસો વીતી ગયા. ચોમાસું આવ્યું. ગામમાં વિદ્વાન મુનિરાજશ્રીનું ચાતુર્માસ. વીરવાણીનો વરસાદ વરસે. નરેશ - દિનેશ પણ વ્યાખ્યાનમાં જાય. જૈન તો ખરાને ! વ્યાખ્યાનમાં નવી નવી પ્રભાવનાઓ થાય.

એકવાર મહારાજશ્રીએ કહ્યું, રોજની તો સંઘની પ્રભાવના તમે લો છો, આજે તો અમારી આ પર્યુષણ પર્વના પ્રથમ દિનની પ્રભાવના સ્વીકારો. એક થાળમાં ચીઠ્ઠીઓ હતી. સૌને એક ચિઠ્ઠી મળી. ચિઠ્ઠીમાં જે લખ્યું હોય તે નિયમ ગ્રહણ કરવાનો. કોઈને ચિઠ્ઠીમાં ઉપવાસ, કોઈને આયંબિલ...

કોઈને નવકારશી... તો કોઈને માળા... નરેશ - દિનેશને પણ ચિઠ્ઠી મળી... શું લખ્યું હતું એ બંનેની ચિઠ્ઠીમાં... ?

**વૈરીની સાથે સાચી ક્ષમાપના...**

જોગાનુજોગ બંનેની ચિઠ્ઠીમાં એક જ લખાણ. વાંચીને બંને જણ વિચારમાં પડ્યા. શું કરવું ? નિયમનું પાલન તો અવશ્ય કરવું જ પડશે. ગર્વને ઓગાળી શરમ ત્યજી બંને પરસ્પર નજીક આવ્યા. ચિઠ્ઠીના નિયમની વાત એકબીજાને કરી. બંને જણાએ પોતપોતાની ભૂલ કબૂલ કરી પરસ્પર હાર્દિકભાવે ક્ષમાયાચના કરી. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું ઉભયના અંતરમાં પૂર્વવત્ વહવે લાગ્યું...

# વ્યાખ્યાન અગિયારમું

## ગણધરવાદ

## પ્રથમ ગણધરના સંશયનું નિરાકરણ

**લેખક : પૂ. વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

શ્રી ઈન્દ્રભૂતિજી અનેક શાસ્ત્રોના જ્ઞાતા હતા. અત્યારસુધી કોઈપણ વિદ્વાન એમનો સમોવડીઓ પૂરવાર થયો નથી. એમનું અભિમાન એમને અંધ બનાવંનાર હતું. છતી વસ્તુને વસ્તુ તરીકે જોવાની એમની શક્તિ જીવંત હતી. એનો જ પ્રભાવ છે કે, સમવસરણને જોતાં વિસ્મય પામે છે, અને ભગવાનને જોતાં તેમને પોતે માનેલી શ્રેષ્ઠ વસ્તુઓમાંની કોઈની પણ સાથે તેમની સરખામણી થઈ શકે તેમ નથી લાગતું. પછી વાંચેલા શાસ્ત્રો યાદ કરતાં તેમને તરત જ ખાત્રી થઈ ગઈ કે -

સકલ દોષોથી રહિત અને સકલ ગુણોથી સહિત છેલ્લા તીર્થંકર થવાના હતા તે આ જ, પણ બીજા નહિ. આથી સુવર્ણના સિંહાસને બેઠેલા અને ઈન્દ્રોથી પૂજાતા ભગવાન મહાવીરને જોવાથી શ્રી ઈન્દ્રભૂતિજીને આલ્હાદ જરૂર થયો પણ પોતાનામાં અભિમાન બેઠું હતું, તેના યોગે હવે પોતાની મહત્તા સાચવવી શી રીતે ? એની તેમને મૂંઝવણ થઈ. અને એથી શ્રી ઈન્દ્રભૂતિજી વિચારવા લાગ્યા કે, હવે મારૂં શું થાય ? અત્યાર સુધી પેદા કરેલી મહત્તાનું રક્ષણ શી રીતે કરવું ? જગતના તમામ પંડિતો જીત્યા પછી આમને જીતવા આવ્યો તે એક ખીલી માટે મહેલ તોડવા જેવું કર્યું છે. એક આમને ન જીત્યા હોત તો જગતને જીતનારા એવા મારી કઈ માનહાનિ થવાની હતી ? હવે શું કરૂં ? આ જગદીશના અવતારને જીતવા માટે હું આવ્યો તે મંદ બુદ્ધિવાળા એવા મારૂં અવિચારીપણું થયું. એમની પાસે હું બોલીશ કેવી રીતે ? બોલવાની વાત તો દૂર રહી પણ એ જગદીશના અવતારની પાસે હું જઈશ પણ શી રીતે ? ખરેખર, હું તો સંકટમાં આવી પડ્યો. હે શિવ ! હવે તો તમે જ મારા યશનું રક્ષણ કરો. સાચી સ્થિતિ સમજાવાની સાથે જ ઈન્દ્રભૂતિજીનું અભિમાન ઓગળી ગયું.

સમજદાર આત્માનું માન પણ હિતકર હોય છે. પણ એ માન હજી એકદમ નાશ નથી પામતું, કારણ કે, હજી પોતાને જગતના વિજેતા તરીકેના યશને સાચવવાનું મન છે. માટે પોતાના યશને જાળવવા પોતાના ઈષ્ટદેવને યાદ કરે છે. પણ હવે અહીં ઈષ્ટદેવ પણ શું કરે ? અભિમાનના પ્રેરાયા ઈન્દ્રભૂતિ ફરી પાછા વિચારવા લાગ્યા કે, ભાગ્યયોગે કોઈ પણ રીતે જો આમની સાથે વાદ કરતાં મારો જય થઈ જાય તો ત્રણેય ભુવનના સઘળા ય પંડિતોમાં હું મૂર્ધન્ય શ્રેષ્ઠ થઈ જાઉં.

ભગવાન તો એવા ઉપકારી છે કે, એમને પ્રતિબોધ પમાડવાના ઉદેશથી જ અહીં આવ્યા છે. આગળ વર્ણવી ગયા એવી વિચારણામાં મગ્ન એવા શ્રી ઈન્દ્રભૂતિજીને પ્રભુએ તેમનાં નામ અને ગોત્રના ઉચ્ચારણપૂર્વક અમૃત જેવી વાણીથી બોલાવ્યા. પરમ ઉપકારી ભગવાન જે કહેવાથી સામાનો ઉપકાર થાય, તે જ કહે. અને જેવી રીતે કહેવાથી ઉપકાર થવાનો હોય તેવી રીતિએ જ કહે અને કહેવરાવે.

પોતાના ઉપર તેજોલેશ્યા મૂકનારો ગોશાળો જ્યારે પોતાની જ એ તેજોલેશ્યાથી પીડાવા લાગ્યો ત્યારે હવે કઠોર શબ્દો કહેવરાવવાથી તેના ઉપર ઉપકાર થાય તેમ છે, એમ ભગવાને જ્ઞાનથી જાણીને શ્રી ગૌતમસ્વામીજી આદિ મહામુનિઓ પાસે અતિ કઠોર શબ્દો કહેવરાવ્યા અને એ કઠોર પણ સાચા શબ્દોના પ્રતાપે જ ગોશાળો અંતે સમ્યક્ત્વ પામીને બારમા દેવલોકે ગયો.

અમૃત જેવી મધુર અને ગંભીર વાણીથી નામ અને ગોત્રના ઉચ્ચારપૂર્વક ભગવાને શ્રી ઈન્દ્રભૂતિજીને પૂછ્યું કે, હે ગૌતમ ગોત્રીય ઈન્દ્રભૂતે ! તું સુખે કરીને આવ્યો છે ? આવો પ્રશ્ન સાંભળીને પ્રથમ તો ઈન્દ્રભૂતિજીને આશ્ચર્ય થયું અને વિચારવા લાગ્યા કે, અહો ! આ તો મારૂં નામ પણ જાણે છે ! વળી મિથ્યાભાવના યોગે અભિમાને જોર કર્યું અને વિચારે છે કે... ત્રણ જગતમાં પ્રસિદ્ધ એવા મારા નામને કોણ ન જાણે ? સૂર્ય શું આબાલગોપાલ જન એટલે કે કોઈથી પણ છૂપો છે ? નહિ જ.

આથી મારા નામને તથા ગોત્રને કહે એમાં કાંઈ વિશેષ નથી. પણ જો મારા મનમાં રહેલો એક ગુપ્ત સંશય કે જેને આજ દિન સુધી મારા સિવાય કોઈ જ જાણતું નથી, તેવા મારા હૈયાના સંદેહને કહે તો જ માનું કે આ સર્વજ્ઞ સાચા, અન્યથા નહિ.

ખરેખર, મારા હૃદયની એ કાયમની શંકાને તે જણાવે તો પછી એમના સર્વજ્ઞપણામાં શંકા કરવાનું કાંઈ જ કારણ નથી, પછી તો એમની સેવામાં જ લાગી જાઉં. કહો, છે કાંઈ તકરાર ! કેવી સીધી અને સાદી વાત છે ? ભગવાનને પણ વાર ક્યાં હતી ! એ તો પાત્રની આતુરતાની જ રાહ જોતા હતા. જ્ઞાનીઓ જ્યારે લાભ દેખે ત્યારે જ ઉચિત હોય તે બોલે. ભગવાને પણ કહ્યું કે, હે ઈન્દ્રભૂતિ ! તને જીવનો સંશય છે, પણ તું વેદની શ્રુતિના અર્થને બરાબર વિચારતો નથી.

આ સાંભળતાં જ ઈન્દ્રભૂતિજી એક બાળકની જેમ હાથ જોડી સામે જઈને ભગવંતના ચરણોમાં શિર ઝુકાવે છે. આજે આ રીતે નમ્રતા બતાવનારા મળે ? ભગવાન હવે વેદના તે પદોના ઉચ્ચાર કરે છે. તે કેવી રીતે, એનું સ્વરૂપ કહેતાં ગ્રંથકાર મહર્ષિ કહે છે કે, મંથન કરાતા સાગરના ઘૂઘવાટા જેવા, પૂરવેગમાં વહેતી ગંગાના ખળખળ કરતા નાદ જેવા, અને વેદાંતીઓના કથનની

અપેક્ષાએ બ્રહ્માના આદિ ધ્વનિ જેવા અત્યંત ધીર અને ગંભીર સ્વરે ભગવંતે એ વેદની શ્રુતિઓનો ઉચ્ચાર કર્યો.

## પ્રથમ ગણધર.... જીવનો સંશય...

આપણે જોઈ ગયા છીએ કે, કેવલજ્ઞાનથી કશું જ છૂપું નથી હોતું. ભગવાન, ઈન્દ્રભૂતિને શંકા પેદા કરનારી વેદની તે શ્રુતિને સંભળાવતા કહે છે કે...

विज्ञानधन एवैतेभ्यो, भूतेभ्योः समुत्थाय ।
ताप्येवानु विनश्यति, न प्रेत्य संज्ञा अस्ति ॥

વેદપદની આ શ્રુતિથી શ્રી ઈન્દ્રભૂતિજીને આત્માના અસ્તિત્વમાં શંકા પેદા થઈ ગઈ છે. વળી એ જ વેદપદની એક બીજી શ્રુતિ આત્માના અસ્તિત્વને સિદ્ધ કરનારી હોઈ, બંને પરસ્પર વિરોધી જણાયાથી તેઓ શંકામાં પડી ગયા છે. જો પ્રથમ શ્રુતિનો ભગવાને ફરમાવેલો સાચો અર્થ પરિણામ પામી જાય તો બંને શ્રુતિઓના અર્થ સંગત થઈ જાય. સાચી ચાવી હાથમાં આવે, પછી તાળાં ઉઘડતાં વાર ન લાગે.

શ્રી ઈન્દ્રભૂતિજી સમર્થ જ્ઞાની છે, તેમાં શંકા નથી. શ્રી ગણધરદેવો બીજબુદ્ધિના ધણી હોય છે. જેમ થોડા બીજથી હજારો મણ અનાજ ઊગે છે, તેમ એ બીજબુદ્ધિના માલિક, उपन्नेइ वा, विगमेइ वा, અને धुवेइ वा એ ત્રણે પદની પ્રાપ્તિ માત્રથી સંપૂર્ણ દ્વાદશાંગીની રચના કરવાના છે. આજના અલ્પજ્ઞાનીઓને તો ઘણું વાંચવા છતાંયે બહુ થોડું જ યાદ રહે છે.

ચાર ચોપડી ભણીને તેત્રીશ માર્કે તો જે પરાણે પાસ થાય, તેમાંય જે પહેલે નંબરે આવે, એ તો આશ્ચર્ય મનાય, અને એને વળી સ્કોલરશીપ મળે, આવી વિદ્વત્તા ધરાવનારાઓ પણ શ્રી જિનાગમોની સામે પોતાના ડહાપણનો દરિયો ડહોળે એ મૂર્ખતા નથી ? તેમને ખબર નથી કે, શ્રી જિનેશ્વરદેવનું આગમન કેવલ યુક્તિગોચર નથી પણ શ્રદ્ધાગોચર પણ છે. જ્યાં યુક્તિ ન લાગે તેવાં આગમવચનોમાં યુક્તિ લગાડવામાં આવે તો મિથ્યાત્વ આવ્યું સમજો. કેવળ આગમગમ્ય વસ્તુમાં યુક્તિ ન હોય. બધી વાતમાં બુદ્ધિવાદ ન ચાલે. બુદ્ધિમાં બેસે તે જ વસ્તુ સારી હોય, એમ હોય તો ભીલની બુદ્ધિમાં બેસે તે એને સારૂં લાગે, અને આપણી બુદ્ધિમાં બેસે તે આપમને સારૂં લાગે. પછી ઉપદેશ આપવાની કશી જરૂર ન રહે.

આપણામાં પણ એક પંથ છે કે, જે માત્ર મૂલસૂત્રને જ માને છે. પણ નિર્યુક્તિ, ભાષ્ય અને ટીકા આદિને નહિ. આવી માન્યતાવાળા પણ મૂળનો પોતે જે અર્થ કરે તેને જ માને છે. જ્યારે પૂર્વાચાર્યોકૃત નિર્યુક્તિ, ભાષ્ય અને ટીકા વિગેરેને માનતા નથી. એટલે કે, પંચાંગીને સ્વીકારતા નથી.

**પંચાંગી એટલે શું ?**

(૧) સૂત્ર (૨) નિર્યુક્તિ (૩) ભાષ્ય (૪) ચૂર્ણિ (૫) ટીકા આ **પંચાંગી** કહેવાય છે.

૧. સૂત્ર

શ્રી જિનેશ્વરદેવ કથિત અર્થોને શ્રી ગણધર ભગવંતોએ સંક્ષેપમાં ગૂંથ્યા તેનું નામ **સૂત્ર**. તે સિવાય શ્રી પ્રત્યેકબુદ્ધો, શ્રુતકેવલી એટલે કે ચૌદપૂર્વીઓ તથા દશપૂર્વીઓએ રચેલ આગમ પણ **સૂત્ર** કહેવાય. સૂત્રો પ્રાકૃત ભાષામાં રચાયેલ હોય છે.

૨. નિર્યુક્તિ

સૂત્રનાં ગંભીર રહસ્યોને પ્રગટ કરનાર નિર્યુક્તિ છે. નિર્યુક્તિ વિના જિનશાસનના સૂત્રોના રહસ્યને પામી શકાય તેમ નથી. તે મુખ્યત્વે ચૌદપૂર્વીઓએ રચેલ હોય છે અને તે પ્રાકૃત ભાષામાં જ હોય છે. વર્તમાન શાસનમાં પ્રાયઃ દશ સૂત્રો પર ચૌદ પૂર્વધર શ્રી **ભદ્રબાહુસ્વામીજી** રચિત નિર્યુક્તિઓ.

૩. ભાષ્ય

નિર્યુક્તિમાં જણાવેલ અર્થોને વિસ્તારથી સમજાવનાર ભાષ્ય છે. તે ભાષ્ય મુખ્યત્વે પ્રાકૃત ભાષામાં હોય છે. કોઈ કોઈ ભાષ્યની રચના સંસ્કૃતમાં પણ થયેલ છે.

૪. ચુર્ણિ

સૂત્રમાં આવેલ કઠીન શબ્દોની મુખ્યત્વે વ્યાખ્યા સ્પષ્ટીકરણ જેમાં હોય તે **ચૂર્ણિ** કહેવાય છે. ચૂર્ણિ સંસ્કૃત અને પ્રાકૃત બંને ભાષામાં હોય છે.

૫. ટીકા

સૂત્ર - નિર્યુક્તિ - ભાષ્ય - ચૂર્ણિ આ બધાના અર્થોનું વિગતવાર સ્પષ્ટીકરણ જેમાં હોય તે ટીકા. ટીકા સંસ્કૃત ભાષામાં હોય છે. આ પંચાંગીને માનનારાઓ જ પ્રભુ આગમના વાસ્તવિક રહસ્યને પામી શકે છે.

જે લોકો વ્યાકરણ, શબ્દકોષ કે પરંપરાના જ્ઞાનને માનતા નથી, મહાપુરૂષોએ કરેલા અર્થને સ્વીકારતા નથી અને તેમના પંથની વ્યક્તિ એટલે કે પંચ - જે અર્થ કરે તેને જ માનવાનો આગ્રહ ધરાવે છે. તેમની કમનશીબીની તો વાત જ શી કરવી ? આવો પણ એક પંથ છે. એ સિવાય અમારી બુદ્ધિમાં બેસે તે જ શાસ્ત્ર, ન બેસે તે શાસ્ત્ર નહિ. એવું માનનારા અને શાસ્ત્ર તથા શાસ્ત્રકારોને માટે યદ્વા તદ્વા બોલનારા પણ આજે ઘણા છે.

એ બિચારા આર્યદેશમાં જનમ્યા છતાં આર્યત્વને વેચી અનાર્ય જેવા બન્યા છે, એટલું જ નહિ પરંતુ અનાર્યને પણ સારા કહેવરાવે તેવા બન્યા છે. બધા જ આસ્તિક દર્શનકારો આત્માને તો માને છે, પણ સમાન રીતિએ નથી માનતા. શબ્દની સમાનતાથી બધાંને સમાન ન મનાય. કલિકાલ સર્વજ્ઞ શ્રી **હેમચંદ્રસૂરિમહારાજા** શ્રી વીતરાગસ્તવમાં કહે છે કે -

હે ભગવન્ ! તારા શાસન તથા ઈતર શાસનને સમાન માનનારા વિષ તથા અમૃતને સરખા માનનારા છે. શ્રી હેમચંદ્રસૂરિજી મ. માટે કોઈને શંકા નથી. સાડા ત્રણ ક્રોડ શ્લોકો પ્રમાણ ગ્રંથોની એમણે રચના કરી છે. નાની વયે એમની દીક્ષા થઈ છે. ચોરાશી વર્ષનું આયુષ્ય છે, એમાં રાજાને

પ્રતિબોધ કર્યો, વ્યાખ્યાન, ચર્ચા વાદ અને શાસન પ્રભાવનાના અનેક કાર્યો કર્યાં, ઉપરાંત આટલું સાહિત્ય રચ્યું, એ કેટલા સમર્થ ! આવા શક્તિસંપન્નને પણ આમ જ કહેવું પડ્યું ને ?

સૂરિ પુરંદર શ્રી **હરિભદ્રસૂરિજી** મહારાજા ચૌદ વિદ્યાના પારગામી હતા, છતાં એમણે પણ કહ્યું કે, હે નાથ ! દુષમ કાળના દોષથી દૂષિત એવા અમને, જો શ્રી જિનાગમ ન મળ્યું હોત, તો અનાથ એવા અમારૂ શું થાત ? શબ્દમાત્રથી બધા દર્શનને સમાન કરવાની, સમાન ગણવાની દુર્બુદ્ધિ ન કેળવો. આચાર્ય ભગવાન શ્રી **હરિભદ્રસૂરિજી**એ કહ્યું છે કે -

હે ભગવન્ ! તારા શાસન પ્રત્યે અમને પક્ષપાત નથી, અને ઈતર શાસન પ્રત્યે અમને દ્વેષ નથી, પણ તારામાં સત્ય જોયું, માટે અમે અહીં આવ્યા છીએ. આત્મા માનવાની દૃષ્ટિએ બધા આસ્તિક. જેઓ આત્મા, પુણ્ય, પાપ, આગમ, પરલોક નથી માનતા તે નાસ્તિક છે. આ કાંઈ ગાળ નથી, પણ વાસ્તવિક વસ્તુસ્થિતિનું દર્શન છે. આત્માદિને નહિ માનનારાઓના કપાળમાંથી એ કાળો ચાંલ્લો ભૂંસાય તેમ નથી.

આત્માને માન્યા પછી પણ તેના સ્વરૂપની માન્યતામાં અનેક મતભેદો છે. કેટલાક દર્શનકારો એને નિત્ય જ માને છે. એટલે કે એમાં કશો જ ફેરફાર ન થાય એવું માને છે. કેટલાક એને અનિત્ય જ માને છે. એટલે ક્ષણે ક્ષણે નાશ પામનારો માને છે. હવે જો નિત્ય જ હોય, તો તેમાં ફેરફાર ન સંભવે, પણ તે તો દેખાય છે. જો અનિત્ય એટલે ક્ષણ વિનાશી જ હોય, તો આ ક્ષણે ક્રિયા કરે, એક આત્મા અને બીજી ક્ષણે ભોગવે બીજો આત્મા, એ કેમ સંભવે ? માટે શ્રી જૈનદર્શન તો આત્માને દ્રવ્યરૂપે નિત્ય માને છે. અને પર્યાયની દૃષ્ટિએ અનિત્ય માને છે. કેટલાક, આત્માને અણુ પ્રમાણ જ માને છે, અને કેટલાક તેને સર્વવ્યાપી જ માને છે.

જૈન દર્શન કહે છે કે, કેવલજ્ઞાન રૂપે આત્મા સર્વવ્યાપી છે. અને નિગોદમાં અંગુલના અસંખ્યાતમા ભાગમાં અનંતા આત્મા રહે છે ત્યાં અણુ જેવો પણ છે. તેથી આત્મા ન અણુ, કે ન સર્વવ્યાપી, પણ જે દેહમાં રહે તે પ્રમાણવાળો છે. અને જ્ઞાનદ્વારા સર્વવ્યાપી છે.

કોઈ વળી એક જ આત્મા માને છે અને બધા ભિન્ન ભિન્ન આત્માઓ તે એક જ આત્માના અંશ છે, એમ માને છે. પરંતુ, જો એમ હોય તો એક સુખી અને એક દુઃખી કેમ ? કેટલાક એમ માને છે કે, ઈશ્વરની મરજી થાય ત્યારે બધા તેનામાં સમાઈ જાય, અને ઈશ્વરને મન થાય, ત્યારે તે બધાને જુદા કરે. વિગેરે...

કોઈ શ્રી આનંદઘનજીના **ષડ્ દર્શન જિન અંગ ભણીજે**, એ પદને આગળ કરીને કહે છે કે - છ યે દર્શન શ્રી જૈન દર્શનના અંગ છે, પણ તેઓ એ નથી વિચારતા કે હાથ, પગ, પેટ, માથું વગેરે શરીરનાં અંગ ખરાં, પણ ક્યારે ? સંલગ્ન હોય ત્યારે, હાથ કપાઈને જુદો પડે ત્યારે અંગ કહેવાય ? તેવી રીતે નયની સાપેક્ષ માન્યતા એ જ દર્શન છે, નિરપેક્ષ નય તો કુનય હોઈ કુદર્શન છે. આ બધી વાતો સાપેક્ષપણે જ માનવાની છે. બાકી બધાંને 'સમ' કહીને ખીચડો ન બફાય. જો એમ જ હોય તો, આટલાં ખંડન મંડન શાં ? એ માટે તો શ્રી તીર્થંકરદેવે દ્વાદશાંગી અર્થરૂપે કહી, અને ગણધરદેવોએ સૂત્રરૂપે રચી અને એ રીતે જગત સમક્ષ શુદ્ધ દર્શનની સ્થાપના કરી.

શ્રી જૈનદર્શનમાં જુદી જુદી દૃષ્ટિએ આત્માને નિત્ય પણ, વિભુ પણ, અણુ પણ, ભિન્ન પણ, અભિન્ન પણ એમ અનેક પ્રકારે માનેલ છે. બીજે એવું નથી. માત્ર આત્માને માને એટલા ઉપરથી બધાં સમાન ન કહેવાય. જો એમ હોય તો બધા જ આદમી સમાન છે, છતાંય સહુ સહુના ઘર જુદા કેમ ? આ ઘર આનું અને આ ઘર તેનું એમ કેમ ? બધા મનુષ્ય છતાં મોટા નાનાના, શેઠ નોકરના, ગુરૂ શિષ્યના, એવા બધા ભેદ શા માટે ? મેળ થતો હોય ત્યાં જ થાય ; અયોગ્ય યોગ્યનો મેળ ન જ હોય.

દૂધ અને સાકરનો જ મેળ હોય પણ દૂધ અને મીઠાનો મેળ ન કરાય. રોટલી સાથે શાક જ કેમ ? કોલસા કેમ નહિ ? કોઈ વક્તા અને કોઈ શ્રોતા જ કેમ ? સમજ વિના સમાનતાની વાતો કરી યોગ્ય - અયોગ્યને સાથે ખાતા પીતા કરવા એ ઈરાદાપૂર્વક ધર્મતત્ત્વના નાશ માટે છે.

પરિણામે થોડી પણ સુબુદ્ધિ હોય તે નાશ પામે. આચારહીન બનવાનો એ માર્ગ છે. છ એ દર્શનકારો નાસ્તિક સામે એક સરખી રીતે ઊભા છે. પણ જૈનદર્શન તમામથી અલગ છે. વિશિષ્ટ છે. એ બધી વાતો તમારે વિસ્તારથી સમજવાની છે. અને તે સમજવી જરૂરી છે. આજે એક જ દિવસમાં એ બધું ન સમજાય.

હવે જે શ્રુતિ ભગવાને કહી, તે શ્રુતિમાં આવતાં પદોનો અર્થ કરતાં ભગવાન સમજાવે છે કે, હે ઈન્દ્રભૂતે ! વેદની આ શ્રુતિમાં આવતાં **विज्ञानघन** આ આદિ પદોનો તું જે અર્થ કરે છે તે અર્થ અયુક્ત છે.

**વર્ણવેલી વેદની શ્રુતિનો શ્રી ઈન્દ્રભૂતિજીએ કરેલો અર્થ....**

પ્રથમ શ્રી ઈન્દ્રભૂતિ, એ વેદની શ્રુતિના પદોનો જે અર્થ કરે છે, તેનું નિરૂપણ કરતાં ભગવાન ફરમાવે છે કે, **વિજ્ઞાનઘન** એટલે, ગમનાગમનાદિ ચેષ્ટાઓને કરનારો આત્મા. મદ્યને બનાવવા માટેના જે સાધનો, તે બરાબર એકત્રિત થાય છે, તો તેમાંથી જેમ મદ્ય શક્તિ પેદા થાય છે તેની માફક.

**एतेभ्यो भूतेभ्य: समुत्थाय**

આ પ્રત્યક્ષપણે દૃશ્યમાન થતાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થઈને, પાણીમાં પેદા થયેલ પરપોટા જેમ, પાણીમાં જ નાશ પામે છે તેમ, તે ભૂતોમાં વિલીન થઈ જાય છે. તે કારણથી પાંચ ભૂતોથી અતિરિક્ત એટલે ભિન્ન એવી કોઈ આત્મા જેવી વસ્તુ નહિ હોવાથી **न प्रेत्य संज्ञाऽस्ति** એટલે કે પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ નથી. શ્રી ઈન્દ્રભૂતિની જેવો અર્થ કરતા હતા, તેવો જ અર્થ ભગવાને શ્રી ઈન્દ્રભૂતિને કરી બતાવ્યો અને પછી ફરમાવ્યું કે -

હે ઈન્દ્રભૂતિ ! તમે જે આવા પ્રકારનો અર્થ કરો છો તે તમારો અર્થ અયુક્ત છે. આવા પ્રકારનો અર્થ કરવાથી જ ઈન્દ્રભૂતિજી આત્માના અસ્તિત્ત્વમાં શંકાશીલ બન્યા હતા. જો તે વેદની શ્રુતિનો સાચો અર્થ સમજી શક્યા હોત તો આત્માના અસ્તિત્ત્વમાં શંકાશીલ બન્યા જ ન હોત. કારણ કે એ જ વેદમાં આત્માના અસ્તિત્ત્વને સિદ્ધ કરનારી બીજી શ્રુતિ પણ હતી.

### વર્ણવેલી વેદની શ્રુતિનો ભગવાને ફરમાવેલો સાચો અર્થ

હવે ભગવાન શ્રી મહાવીરદેવ શ્રી ઈન્દ્રભૂતિજીને તે વેદપદનો સાચો અર્થ સમજાવતાં ફરમાવે છે કે - વિજ્ઞાનઘન આ પદમાં રહેલ **'વિજ્ઞાન'** શબ્દ છે તેને તમારે જ્ઞાન-દર્શનના ઉપયોગ સ્વરૂપ સમજવો જોઈએ. અને આત્મા એ ઉપયોગમય હોવાથી વિજ્ઞાનઘન શબ્દથી જ્ઞાન-દર્શનનો ઉપયોગ છે, સ્વરૂપ જેનું, એવો આત્મા સમજવો જોઈએ. આત્માને જ્ઞાન-દર્શનના ઉપયોગ સ્વરૂપ એટલા માટે મનાય છે કે, અસંખ્યાત પ્રદેશી આત્માના અસંખ્યાત અસંખ્યાત પ્રદેશ જ્ઞાનના અનંત પર્યાયવાળા છે.

હવે આવા વિજ્ઞાનઘન એટલે જ્ઞાનદર્શનના ઉપયોગ સ્વરૂપવાળા આત્મામાં પોતાના વિષયરૂપે રહેલાં પાંચે ભૂતો અથવા પાંચભૂતોથી બનેલ ઘટ આદિ પદાર્થો દ્વારા ઘટપટનો જ્ઞાનોપયોગ પેદા થાય છે. આ ઘટાદિના જ્ઞાનથી પરિણત થયેલો આત્મા એ અપેક્ષાએ વિષય સ્વરૂપે હેતુંભૂત બનેલા ઘટાદિથી ઉત્પન્ન થયેલો કહેવાય. કારણ કે, ઘટાદિના જ્ઞાનનો પરિણામ ઘટાદિ વસ્તુઓની અપેક્ષાવાળો જ હોય છે. એટલે કે, ઘટાદિ જે જે વસ્તુ જ્યારે આત્માની સામે આવે, ત્યારે તે તે વસ્તુના જ્ઞાનસ્વરૂપ ઉપયોગ પેદા થાય છે અને એથી એ ઉપયોગ સ્વરૂપ એ આત્મા બને છે, માટે તે ઉપયોગ સ્વરૂપ આત્મા પેદા થયો એમ કહી શકાય.

આ પ્રમાણે, આ પ્રત્યક્ષ સ્વરૂપે રહેલા ભૂતોથી અથવા એનાથી બનેલી ઘટ આદિ વસ્તુઓથી તે તે વસ્તુઓના ઉપયોગ સ્વરૂપે આત્મા ઉત્પન્ન થઈને તે વસ્તુઓ નાશ પામે અથવા દષ્ટિની બહાર નીકળી જાય, ત્યારે, તે તે વિષયોના ઉપયોગવાળો આત્મા પણ નાશ પામે છે, અને અન્ય ઉપયોગ સ્વરૂપ પેદા થાય છે અને સામાન્યરૂપે આત્માનું અસ્તિત્ત્વ કાયમ છે જ. તે કારણથી **પ્રેત્યસંજ્ઞા** નથી, એનો એવો અર્થ કરવો જોઈએ કે, પ્રથમના ઘટનો ઉપયોગ થઈ ગયા બાદ પછીથી જ્યારે પટ આદિ ભિન્ન પદાર્થનો ઉપયોગ પેદા થાય. ત્યારે પ્રથમની ઘટવિષયક ઉપયોગ સ્વરૂપ સંજ્ઞા નથી. કારણ કે વર્તમાનના પટ આદિના ઉપયોગે તે સંજ્ઞાનો નાશ કરેલો છે.

આ પ્રમાણે સાચો અર્થ સમજાય એટલે આત્માના અસ્તિત્ત્વની જે શંકા પેદા થઈ છે, તે પેદા થઈ ન શકે. પૃથ્વી આદિ જડ પદાર્થોથી આત્મા જેવા સજ્ઞાનની ઉત્પત્તિ માનવી એ તો ભારેમાં ભારે અજ્ઞાન છે. આ વિષયમાં ઘણી ઘણી સમજૂતી મહાપુરૂષોએ આપી છે. ભગવાને ઈન્દ્રભૂતિજીને કહ્યું કે, હે **ઈન્દ્રભૂતિ** ! તું વેદનો અર્થ અયોગ્ય કરે છે. ભગવાન તો વીતરાગ હતા, એ પણ અયોગ્ય શબ્દ વાપરે ખરા ? ઝવેરી પથ્થરને હીરો કહે ? શ્રી વીતરાગદેવ ખોટાને ખોટું જ કહે. સાચાને સાચું અને ખોટું કહેવા માત્રથી જ કોઈને ખોટું લાગે, તો એટલા માત્રથી સાચા-ખોટાના જાણનારે તે સાચું-ખોટું હિતબુદ્ધિથી કહેવાનું માંડી વાળવું એ હિતકર નથી જ.

### ભગવાને સાચો અર્થ સમજાવ્યો તેનો પરમાર્થ

ભગવાને જે સાચો અર્થ સમજાવ્યો, તેથી આપણે સમજી ગયા કે, જ્ઞાનદર્શનના ઉપયોગાત્મક આત્મા તે **વિજ્ઞાનઘન.** વિજ્ઞાન એટલે જ્ઞાનદર્શન બંનેનો આત્માનો ઉપયોગ. કોઈ પણ આત્મા જ્ઞાન દર્શનના ઉપયોગથી રહિત નથી. આત્મા એ અખંડ વસ્તુ છે. અને એ અસંખ્યાત પ્રદેશવાળો

હોવાથી એ સ્કંધ કહેવાય છે. એનો અમુક ભાગ એ દેશ કહેવાય, અને જેના એકથી બે વિભાગ કલ્પાય નહિ એવા એના નાનામાં નાના ભાગને પ્રદેશ કહેવાય.

પુદ્ગલ દ્રવ્ય છૂટું પડી શકે એવું હોવાથી એના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર ભેદ પડે છે, ત્યારે આત્માના સ્કંધ, દેશ અને પ્રદેશ એ ત્રણ જ ભેદ પડી શકે છે. રબર પોતાની મર્યાદામાં લાંબું, પહોળું થાય તેમ જેવું શરીર તેવો આત્મા લાંબો - પહોળો થાય. આત્માના અસંખ્યાત પ્રદેશમાં પ્રત્યેક પ્રદેશ ઉપર જ્ઞાન દર્શનના અનંતા પર્યાયો રહેલા છે. આત્માનો એક પણ પ્રદેશ જ્ઞાન દર્શનના ઉપયોગ રહિત નથી. આવો ઉપયોગ મિથ્યાત્વની હાજરીમાં હોય, તે ઉપકારક નથી.

મિથ્યાત્વનાં કાળમાં આત્માં ઉપરથી જ્ઞાન દર્શનના આવરણ જેટલા પ્રમાણમાં ખસ્યા હોય, તેટલાં એનાં જ્ઞાનદર્શન કહેવાય. પણ એ નુકશાનકારક થાય છે. દર્શન મોહનીયનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય સધાય, તે પછીનો દર્શન જ્ઞાનનો ઉપયોગ ઉપકારક થાય છે. જેમ જેમ અધિક અધિક ક્ષયોપશમ થાય તેમ તેમ આત્મા વધુ ને વધુ શુદ્ધ બનતો જાય છે. પછી તો એ આત્મા દર્શનમોહનીયનો પૂર્ણ ક્ષય કરી, દર્શન અને જ્ઞાનને આવરણ કરનારાં સઘળાં ય કર્મોનો સંપૂર્ણ ક્ષય સાધી કેવલજ્ઞાની અને કેવલદર્શની બને છે.

ભગવાને ફરમાવેલી દીક્ષા, પણ એ કર્મના નાશ માટે છે, ભગવાન શ્રી મહાવીરદેવની આજ્ઞા મુજબ ચાલવાનું છે. તમારી, અમારી સાંકળ એક જ છે, ખીલો એક છે, અને તમારો, અમારો બાપ પણ એક છે. મને રાજી રાખવા કાંઈ ન કરતા. અહીં કેવલ, કુલ, જાતિ કે નામની પૂજા નથી. યોગ્યતાની પૂજા છે. આત્માની દબાઈ ગયેલી અનંતી શક્તિને પ્રગટાવવા માટે ધર્મક્રિયાઓ છે. આજના તત્ત્વજ્ઞાની કે જેઓ એકલા આત્મા - આત્માનો કોરો જાપ કરે છે, તેઓ તે અજ્ઞાન છે. આત્માનો જાપ કર્યા કરે છે, અને અરધી રાતે અભક્ષ્ય પદાર્થો ખાય છે. એ કહે છે કે, અંતરમૂહુર્ત્તમાં તો એ જીવો મરવાના હતા, તો મેં ખાધા એમાં શું ? આવું જ્ઞાન એ તો સડેલું તત્ત્વજ્ઞાન છે, ક્રિયાહીન છે. સાચો જ્ઞાની ન કહેવાય.

પાંચ ભૂત કયા ? પૃથ્વી તે ઘટ - પટ વિગેરે પાણી તે કૂવા, તળાવ, સરોવર વગેરેમાં હોય છે તે. અગ્નિ તે અંગારા, જ્વાલા વિગેરે. વાયુ તે શીત, ઉષ્ણ, પવન વિગેરે.. અને આકાશ તે પોલાણ. સર્વજ્ઞને જ્ઞાનનો ઉપયોગ મૂકવો પડે નહિ. જ્યારે અજ્ઞાનીને, અલ્પજ્ઞાનીને બધી વસ્તુઓ ખ્યાલ ઉપર લાવવી પડે. સર્વજ્ઞનો આત્મા અરિસા જેવો છે, કે જેમાં ત્રણે જગતના પદાર્થો પ્રતિબિંબિત થાય, વગર મહેનતે, વગર ક્રિયાએ એમાં આપોઆપ દેખાય. ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સઘળી વાત ઉપયોગ મૂક્યા વિના તે તે સ્વરૂપે સર્વજ્ઞ જાણે જ. અજ્ઞાનીને તો સામે આવે તે દેખાય, તે પણ પૂરૂં નહિ દેખાય, અગર ન પણ દેખાય.

ઘટ, એવા જ્ઞાનનો ઉપયોગ, આત્મા ઘટને દેખીને ઘટમય બને, ત્યારે થાય અને ઘટને ખસેડીને પટ મૂકો, ઘટના ઉપયોગવાળો આત્મા, ઘટના ઉપયોગવાળો મટી, પટના ઉપયોગવાળો થાય અને ખસેડીને ત્રીજી ચીજ મૂકો, તો તેના ઉપયોગવાળો એ બને. 'न प्रेत्य संज्ञाऽस्ति' બીજો

ઉપયોગ આવ્યો, એટલે પૂર્વનો ઉપયોગ ગયો, એમ અર્થ કરાય, તો તમામ વાત સીધી થઈ જાય. પાંચ ભૂતોમાંથી આત્મા ઉત્પન્ન થઈને વિનાશ પામે છે, એ કલ્પના હવે ટકી શકતી નથી.

જડથી ચૈતન્ય પેદા ન થાય. જગતની વસ્તુ માત્રમાં ત્રણ ધર્મ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય. સોનાની લગડી ભાંગીને મુદ્રિકા બનાવી. તેમાં લગડીરૂપે સોનું ગયું, મુદ્રિકારૂપે ઉત્પન્ન થયું, અને સુવર્ણરૂપે કાયમ છે. આત્મા પોતાની ગતિમાંથી બીજી ગતિમાં ગયો, તો પૂર્વની ગતિરૂપે નાશ પામ્યો, બીજી ગતિરૂપે ઉત્પન્ન થયો, અને આત્મારૂપે એ કાયમ છે જ. જેનામાં આ ત્રણ ધર્મ ન ઘટે, તે વસ્તુ જ નથી. આત્માને એકલો નિત્ય કે એકલો અનિત્ય ન મનાય.

શ્રી **ઉમાસ્વાતિજી** મહારાજા તત્ત્વાર્થસૂત્રના પાંચમા અધ્યયનમાં જણાવે છે કે - <u>उत्पादव्ययध्रौव्ययुक्तं सत्</u> કાળમાં પણ અતીત ગયો, અનાગતને વર્તમાનરૂપે ઉત્પન્ન થાય, અને કાળરૂપે કાયમ છે જ. આકાશમાં પણ પર્યાયો ફરે છે, તેથી એ ત્રણે ધર્મો ઘટે છે. ભગવાન શ્રી મહાવીરદેવ શ્રી ઈન્દ્રભૂતિજીને સાચો અર્થ સમજાવી વધુમાં વધુ ફરમાવે છે કે - હવે તમારી વેદની બીજી... स वै अयं आत्मा ज्ञानमयः ઇત્યાદિ શ્રુતિને વિચારો. આત્માનું અસ્તિત્ત્વ નક્કી થઈ જવાથી, એમાં કંઈ જ હરકત નહિ આવે, કારણ કે, એ શ્રુતિ દ્વારા આત્માને જ્ઞાનમય આદિ સ્વરૂપે ઓળખાવેલ છે. હવે જે આત્મા આ સંસારથી છૂટી પોતાના મોક્ષ સ્વરૂપને પ્રાપ્ત કરવાની યોગ્યતા ધરાવે છે, એવા જીવનું સ્વરૂપ બતાવતાં. ભગવાન ફરમાવે છે કે -

ત્રણ 'દ' એટલે દયા, દમ અને દાનને જે જાણે તે જીવ... આ વ્યાખ્યા પોતાની મુક્તિ સાધવાને યોગ્ય એવા જીવની છે, નહિ તો સંજ્ઞી પંચેન્દ્રિય વિના દમ, દયા, દાનને કોણ જાણે ? સાચી રીતે તો સંજ્ઞી પંચેન્દ્રિયોમાં પણ જે આત્મા દષ્ટિવાદોપદેશિકી નામની કલ્યાણકારિણી સંજ્ઞાથી સંજ્ઞી હોય, તે જ સાચો દમ, સાચી દયા અને સાચા દાનને જાણે.

એકેન્દ્રિયાદિ તો જાણે જ નહિ, એકેન્દ્રિય જીવો, વિકલેન્દ્રિય જીવો સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવો અને દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાને નહિ પામેલા અન્ય સંજ્ઞી જીવો પણ સાચા દમને, વિવેકપૂર્વકના દાનને, અને વાસ્તવિક પ્રકારની દયાને જાણે જ નહિ, પરંતુ, એટલા માત્રથી એકેન્દ્રિય આદિ જીવો, જીવ નથી એમ કહેવાય નહિ. ત્યારપછી ભગવાને, અનેક અનુમાનોથી શ્રી ઈન્દ્રભૂતિજીને આત્માનું અસ્તિત્ત્વ સિદ્ધ કરી બતાવ્યું છે. એમાંનું એક અનુમાન એવું છે કે - ભોજન આદિ વસ્તુની માફક શરીર પણ ભોગ્ય વસ્તુ છે, માટે એનો ભોક્તા જરૂર હોવો જ જોઈએ. મકાન, માલિક વિના ન જ હોય, શરીર પણ ભોગ્ય છે, માટે ભોક્તા વિના ન હોય. શરીર, સંપત્તિ, સાહ્યબી એ તમામનો ભોક્તા તે જ આત્મા. એ આત્મા દેહમાં જે રીતે રહ્યો છે, તે બતાવતાં ભગવાન ફરમાવે છે કે -

જેમ દૂધમાં ઘી રહેલું છે, તલમાં તેલ રહેલું છે, કાષ્ટમાં અગ્નિ રહેલ છે, પુષ્પમાં સુગંધ રહેલ છે અને ચંદ્રકાંતમણિમાં સુધા રહેલી છે, તેમ શરીરમાં આત્મા રહેલો છે, અને તે શરીરથી ભિન્ન છે. દૂધમાં ઘી જોવું હોય તો દૂધનો નાશ થયા પછી જ દેખાય, દૂધનું દહીં થાય ત્યારે દૂધના વર્ણ આદિ ફરી જાય, પછી તેમાં દૂધનું તો નામ પણ ન રહે. એ દહીમાં ઋતુ પ્રમાણે ઠંડું કે ગરમ પાણી નાખી તેનું વલોણું કરવું પડે, તે વખતે ધમસાણ મચે, કુચા પાણીને અલગ પાડી, સત્ત્વસ્વરૂપ માખણને બહાર લાવવું પડે, અને એને લાલચોળ તપાવેલા તાવડામાં નાખવું પડે. ત્યારે દૂધ ઘી થાય.

એ ઘીમાં પછી ન હોય દૂધ, ન હોય દહીં કે ન દેખાય માખણ. એ તો ચોક્ખું ઘી જ. દૂધમાં જ ઘી બતાવો એમ કોઈ હઠ કરીને કહે તો બતાવવાની કોઈની શક્તિ છે ? દૂધમાં હાથ નાંખી હલાવી હલાવીને ઘી કાઢવા જાય, તો હાથ અને દૂધ બે ય બગડે. એ જ રીતે શરીર ધારી આત્મા એના જ્ઞાનાદિ ગુણથી પણ કોઈ આંખ આદિથી પ્રત્યક્ષ બતાવવાની વાત કરે તો નહિ જ દેખાય. અને નહિ જ જણાય. કારણ કે એમાં રૂપાદિ નથી. આત્માનો સાક્ષાત્કાર તો કેવલજ્ઞાન થયા પછી જ થશે.

કેવલજ્ઞાન પામી, શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરી મોક્ષ પામવો હશે, તો ગૃહસ્થપણાનાં કપડાં ઉતારવાં પડશે, માથાના વાળ ખેંચાવવા પડશે, ગૃહસ્થપણાનું નામ ફેરવવું પડશે. ભગવાનની આજ્ઞા મુજબના અનુષ્ઠાનો કરવાં પડશે. ઉપસર્ગો અને પરિસહો વેઠવા પડશે, બારે ય પ્રકારનો તપ તપવો પડશે, અને એ બધાં દ્વારા ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં આગળ વધી ક્ષપકશ્રેણિ માંડી ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન મેળવવું પડશે, તે પછી જ, આત્માનો સાક્ષાત્કાર થશે. એટલે કે, પોતાનો આત્મા, અને અન્ય સઘળા ય આત્માઓ પછી તે સંસારમાં રહેલા હોય કે મોક્ષે ગયેલા હોય, તે બધા જેવા સ્વરૂપે છે, તેવા સ્વરૂપે દેખાશે.

આ બધું ત્યારે બનશે કે, જ્યારે આત્માની મુક્તિગમનની યોગ્યતા પ્રગટશે. એવી યોગ્યતાવાળો આત્મા, એ દૂધમાંથી દહી બનવાની લાયકાતવાળો થયો. પછી તેમાં સાચાં વિરાગસ્વરૂપ મેલવણ પડશે ત્યારે તે દહીં જેવો સ્થિર બનશે. એ વિરાગી જ્યારે સંસારના બંધનો તોડી ત્યાગી બને ત્યારે, વલોણું થતાં ધમસાણ મચે તેમ રાગીઓમાં થોડો ઘોંઘાટ થઈ જાય. આ રીતે ત્યાગી બનેલો આત્મા સંયમ તપવડે પોતાના આત્માથી અનેક કર્મોને છૂટા પાડી માખણ જેવો બને છે, અને અંતે ક્ષપકશ્રેણિરૂપ ધ્યાનાગ્નિના તાપમાં માખણ સ્વરૂપ પોતાના આત્મામાં રહેલા બાકીના સઘળા કચરાને ભસ્મીભૂત કરી શુદ્ધ ઘી જેવા પોતાના નિર્મળ આત્મસ્વરૂપને પ્રગટ કરે છે.

તે સિવાય તો જીવને આ સંસારમાં ભટક્યા જ કરવાનું છે. માટે તમે સમજો કે, જેમ તલમાં તેલ છે, કુસુમમાં સુગંધ છે, ચંદ્રકાંતમણિમાં અમૃત છે, (ચંદ્ર સામે એ મણિને ધરો તો પાણી ટપકે.) તેમ આ શરીરમાં પણ આત્મા છે, છતાં શરીરથી તે જુદો છે. તે આત્માને સદાને માટે, શરીરના સંગથી રહિત બનાવવા, અનંત જ્ઞાનીઓએ બતાવેલા માર્ગે ચાલવું જ પડશે. જે ચાલશે તે જ મુક્ત બનશે. આ બધી વાત આપણે વિચારવા જેવી છે. માટે આજે પ્રસંગ પામીને વિચારી. તમે સૌ વિચારતા બનો એ જ એક તમને સહુને હિતકારી ભલામણ છે.

ભગવાન શ્રી મહાવીરદેવના શ્રીમુખે વેદની શ્રુતિનો પોતે કરેલો અર્થ અયુક્ત હતો. એ જાણ્યા પછી શ્રી ઈન્દ્રભૂતિજી સાચો અર્થ સમજવા તત્પર બન્યા. અને એ સમજાતાં એમને પોતાને ખાત્રી થઈ ગઈ કે, વિજ્ઞાનઘન પદથી શરૂ થતી શ્રુતિનો અર્થ ખોટો કર્યો, એના જ પરિણામે આત્માનું અસ્તિત્ત્વનું પ્રતિપાદન કરનાર બીજી શ્રુતિ હોવા છતાં, હું આત્માના અસ્તિત્ત્વમાં શંકિત બન્યો. તે પછી અનુમાન આદિથી આત્માના અસ્તિત્વને સિદ્ધ કરી, આપનારાં, ભગવાનનાં વચનોથી પોતાનો સંશય નાશ પામી ગયો કે તરત જ શ્રી ઈન્દ્રભૂતિજીએ ભગવાનના શિષ્ય બનવાનો નિર્ણય કરી લીધો.

હવે તમને સમજાશે કે, શ્રી ઈન્દ્રભૂતિજીના અભિમાનનું મૂળ સાચું હતું. પોતાના કરતાં અધિક વિદ્વાન સાચો હોય, તો તેનું સત્ય પોતે સ્વીકારવું અને ખોટો હોય તો તેને પોતાનું સત્ય સમજાવી તેનો સ્વીકાર કરાવવો અને જો તેમ ન કરે તો બીજાઓને ખોટે માર્ગે દોરતો તેને અટકાવવો. આવી ભાવનામાંથી જન્મેલું અભિમાન આત્માને સારાનો સંયોગ અવશ્ય પેદા કરી આપે, એમાં કોઈ જ શંકા કરવાને કારણ નથી.

સુંદર સંયોગ મળે તો આવા સાચા અભિમાનને ધરનારા શ્રી ઈન્દ્રભૂતિજીમાં, સાચા પાસેથી સાચું સ્વીકારવા અને પોતાના ખોટાનો પરિત્યાગ કરવા માટે જે સરળતા અને સામર્થ્ય જોઈએ તે સરળતા અને સામર્થ્ય હતું. એવી સરળતા અને સામર્થ્ય એમનામાં હતું એટલું જ નહિ પણ એમની પાસે શિક્ષણ લેવાને આવેલા, અને એમના ઉપર પૂરો વિશ્વાસ ધરાવનારા વિદ્યાર્થીઓના અંતરમાં પણ તેવી જ સરળતા અને સામર્થ્ય તેમણે પેદા કરેલું હતું.

એનો જ એ પ્રભાવ હતો કે, જેવા શ્રી ઈન્દ્રભૂતિજી સંશય રહિત થયા કે તરત જ, જેમને જીતવા આવ્યા હતા તેમની આગળ પોતાની હાર કબૂલ કરવામાં જેમણે જરા પણ સંકોચ ન અનુભવ્યો. અને તત્કાલ તેઓ પ્રભુ પાસે પ્રવ્રજિત - દીક્ષિત થવા તૈયાર થયા કે, તરત તેમની સાથે આવેલા તેમના પ્રસંશક પાંચસો વિદ્યાર્થીઓ પણ તેમની સાથે દીક્ષિત થવા તૈયાર થયા. હિતસ્વી માતાપિતા જે કોઈ સારા પંડિત પાસે જ્યારે પોતાના સંતાનોને ભણવા મોકલે ત્યારે સંતાનોને કહેતાં કે, હવે તમે અમારા મટી તમારા પાઠકના બનો છો, હવે તમારે અમને ભૂલી તમારા પાઠકને તમારા સાચા હિતચિંતક માનવાના, એટલું જ નહિ, પણ એ કહે તેમ જ તમારે કરવાનું. આ જ કારણે પોતાના પાઠક જ્યારે ભગવાન પાસે દીક્ષિત થવા તૈયાર થયા, ત્યારે એ પાંચસોને પણ લાગ્યું કે, કલ્યાણનું સાચું સાધન દીક્ષિત થવું એ જ છે. અને તેઓ પણ દીક્ષિત થવાને તૈયાર થઈ ગયા.

# વ્યાખ્યાન બારમું

## કાર્તિક પૂર્ણિમા

**नमस्कारसमोमंत्रः, शत्रुंजयसमो गिरिः ।**
**वीतराग समो देवो, न भूतो न भविष्यति ॥ १ ॥**

જગતમાં ઘણા ઘણા મંત્રો છે, પણ નમસ્કારમંત્રમાં બધા જ મંત્રો આવી જાય છે, શાસ્ત્રમાં કહેવાય છે કે, પ્રત્યેક નવકારના અક્ષરમાં એક હજારને આઠ વિદ્યાઓ રહેલી છે તો સંપૂર્ણ નવકારનો પ્રભાવ કાંઈ જેવો તેવો થોડો છે ?

**नवकार एक अक्खर, पावं फेडेइ सत्तअयराणं ।**
**पन्नासं च पएणं, सागर पणसय समग्गेणं ॥ २ ॥**

નવકારના એક અક્ષરથી સાત સાગરોપમનાં પાપ નાશ પામે છે, એક પદવડે પચાસ સાગરોપમનાં અને સમગ્ર નવકારથી પાંચસો સાગરોપમનાં પાપ નાશ પામી જાય છે. શત્રુંજય

સમાન જગતમાં તીર્થ નથી કે જેનો મહિમા ખુદ શ્રી સીમંધરસ્વામિએ ઈન્દ્રની આગળ વર્ણવ્યો છે. કાંકરે કાંકરે અનંતા સિદ્ધ થયા છે તેથી તેની પવિત્રતાનું તો પૂછવું જ શું ? અને આ જગતમાં વીતરાગ જેવા દેવ થયા નથી, થશે નહિ અને છે નહિ. આ રીતે આ શ્લોકમાં મંત્ર, તીર્થ અને વીતરાગની મહત્તા બતાવી.

**વીતરાગ..... કોઈ દેવ, દેવલાંનાં, ઝાલી ઊભા હાથ;**
**મોઢે માંડી મોરલીને, નાચે રાધા નાચ નવખંડાજી હો.**

કૃષ્ણ રાધા સાથે છે. રામ સીતા સાથે છે, મહાદેવ પાર્વતી સાથે છે. કોઈ ત્રિશૂલ લઈને ઊભા છે, કોઈ અક્ષમાલા લઈને ઊભા છે. આ બધાં પ્રતીકો રાગદ્વેષને સૂચવનારાં છે. જેનામાં રાગ પણ નથી, દ્વેષ પણ નથી તેને આ વસ્તુની કાંઈ જરૂર જ નથી. વીત એટલે રહિત. રાગની સાથે દ્વેષ પણ આવી જાય છે. જ્યાં રાગ થાય ત્યાં દ્વેષની ઉત્પત્તિ છે.જ.

આપણા વીતરાગ...

**પ્રશમરસ નિમગ્નં, દૃષ્ટિયુગ્મં પ્રસન્નં;**
**વદન કમલ મંક, કામિની સંગ શૂન્યં;**
**કરયુગ મપિ યત્તે, શસ્ત્ર સંબંધ વંધ્યં;**
**તદસિ જગતિ દેવો, વીતરાગ સ્ત્વમેવ ૧**

**કાર્તિક પૂર્ણિમા**

આજનો મહામહિમાવતો પૂનમનો દિવસ એટલે જ ત્રિવેણી સંગમ.

૧. ચાતુર્માસ પરિવર્તન. સાધુસાધ્વી ભગવંતનો વિહાર ક્રમ.

૨. શત્રુંજ્ય તીર્થની યાત્રા.

૩. કલિકાલ શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા.નો જન્મ દિવસ.

આ ત્રિવેણી સંગમ હોવાથી આજનો દિવસ પ્રયાગ સમાન કહેવાય. પ્રયાગમાં સ્નાન કરનાર પાવન થયા વિના રહે નહિ, આજે આપણે પણ આ ત્રિવેણી પ્રયાગમાં સ્નાન કરી પવિત્ર થવાનું છે. સહુથી પ્રથમ ચાર ચાર મહિના એક સ્થળે સ્થિર રહેલાં સાધુસાધ્વી ભગવંતની વિહારયાત્રા શરૂ થઈ. તમને થશે કે, અમારી યાત્રાનું શું ? ભલા !

આ સંસારમાં બધા જ પ્રવાસી છે. અનંતનાં યાત્રી છે. માનવજન્મ એ અનંતયાત્રાનું રેસ્ટ હાઉસ છે. વિશ્રામગૃહ છે. યાત્રિક વિશ્રામગૃહમાં સહુની સાથે પ્રેમથી રહે છે. પરંતુ પોતે ક્યાંથી આવ્યો છે ? ક્યાં જવાનો છે ? ક્યારે જવાનો છે ? તે પોતાના દિલમાં તેને સતત ખ્યાલ હોય છે. જો ખ્યાલ ચૂકી જાય તો ઘણી પરેશાની થઈ જાય. તે પોતે ઈચ્છિત સ્થાને પહોંચી ન શકે.

પરંતુ દુનિયારૂપી વિશ્રામગૃહમાં આવેલો આ અનંતનો યાત્રી આત્મા કોણ જાણે, આ બધું કેમ ભૂલી જાય છે ? ને પોતાને પ્રવાસી માનવાને બદલે નિવાસી માની બેસે છે. પરંતુ જ્યારે રેસ્ટ હાઉસમાંથી વિદાય થવાનો સમય આવશે ત્યારે એને રહેવું હશે તો પણ એક ક્ષણ પણ વધુ રહી

શકશે નહિ. અને ત્યારે તેની હાલત એક ભટકતા મુસાફર જેવી થઈ જશે. માટે હું યાત્રી છું, એવો સતત ખ્યાલ રાખવાની જરૂર છે. આજનો આ મંગલમય દિવસ પ્રથમ સંગમના રૂપમાં આપણને એક મધુર સંદેશ આપે છે કે, ભલા તું યાત્રી છે.

**બીજો સંગમ... શત્રુંજ્ય તીર્થની યાત્રા**

કલિકાલમાં પવિત્રમાં પવિત્ર જો કોઈ પણ હોય તો તે શત્રુંજ્ય તીર્થ છે. આજના દિવસે હજારો લોકો એ તીર્થમાં જશે અને હૃદયપૂર્વક આદીશ્વરદાદાને ભેટીને ઘણી ઘણી ખુશી અનુભવશે. આ બીજો સંગમ શત્રુંજ્યની યાત્રા.

**ત્રીજો સંગમ... કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીનો જન્મ દિવસ**

તેઓશ્રીની જીવનકહાણી ઘણી જ સુંદર છે. તેઓશ્રીનાં જીવનમાં ડોકિયું કરીએ, તેનાથી આપણને પણ અનેક શુભ આદર્શો મળે છે. આ રીતે આજના દિવસે ત્રિવેણી સંગમ હોવાથી આજનો દિવસ ખૂબ જ પવિત્ર અને મંગલકારી છે. ચાર ચાર મહિના ક્યાં પસાર થઈ ગયા તે ખબર ન પડી. અરે, આ રીતે સમસ્ત જીવન પણ પૂરૂં થઈ જશે. શાંત ચિત્તે એકાંતની પળોમાં આંતર નિરિક્ષણ કરવાની જરૂર છે. આપણે આપણા જીવનમાં શું મેળવ્યું ? ધન દોલત મેળવીને પણ યાદ રાખવું કે, આ બધું છોડીને જવાનું જ છે. માટે જીવનને હરિયાળું અને નવપલ્લવિત રાખવા ધર્મની સાધનામાં લાગી જઈએ એ જ આજના દિવસનો ઉપદેશ છે.

**ચૈત્ય પરિપાટી અંગે વક્તવ્ય**

આજના મંગલમય દિવસની સોનેરી ઉષા આત્માને કોઈ દિવ્ય પ્રકાશ અર્પી જાય છે. અહીં આવેલ સંઘનાં દરેક ભાઈ બહેનોનાં અંતરમાં અનેરો હર્ષ છે કે, અમે ચાલતાં ચાલતાં શ્રી જિનેશ્વરના દર્શન કરવા આવ્યાં છીએ. પરમાત્માના દર્શન કરી મનમયૂર નાચી ઊઠ્યો. આમ તો સવારે ઊઠીને હંમેશાં મંદિરમાં આવી દર્શન પૂજા કરીએ છીએ, પરંતુ આજનું દર્શન પૂજન કોઈ અલૌકિક ભાવોલ્લાસ સાથેનું હશે, કારણ કે, આજે ચાલી ચાલીને શ્રમિત બન્યા, અને ત્યારબાદ પરમાત્માના પુનીત દર્શન પામ્યા, ત્યારે અંતરમાંથી શબ્દો સરી પડે છે કે, વાહ ! પ્રભુ વાહ ! આજે તારાં દર્શનથી મારાં નયનો ધન્ય બન્યાં, તારી સ્તુતિથી મારી જીવ્હા પવિત્ર બની. તારાં દર્શન માટે ચાલીને આવતાં ચરણ ધન્ય બન્યાં.

આજે આપણે ચૈત્ય પરિપાટિ લઈને આવ્યાં છીએ, કારણ કે, પર્વાધિરાજ મહાપર્વના પ્રથમ દિવસનાં પાંચ કર્ત્તવ્યનું પાંચમું ચૈત્યપરિપાટી કર્ત્તવ્ય બાર મહિનામાં અવશ્ય કરવાનું હોય છે. આ કર્ત્તવ્ય પરમાત્માના અનંત અનંત ઉપકારો પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવનારૂં છે. આ વિશ્વમાં સર્વોચ્ચ તત્ત્વ કોઈપણ હોય તો એક પરમાત્મા છે. હીરા - માણેક - મોતી - ઝવેરાત - બાગ - બગીચા - બંગલા જે જે કિંમતી વસ્તુઓ છે. તેની કિંમત જીવને આભારી છે. શરીરમાંથી જો જીવ નીકળી જાય તો ભોગ્ય સામગ્રીની કોઈ જ કિંમત નથી. ભોગ જડ છે, ભોગવનાર ચેતન છે. કિંમત ચેતનની છે. પણ અફસોસની વાત એ છે કે, જડના સંગે જીવની કિંમત ઘટી રહી છે.

જીવ જેમ જેમ જડ પ્રત્યે અનાસક્ત બને છે, તેમ તેમ તે મહાન બનતો જાય છે. માટે જ અનાસક્ત યોગીપુરૂષો મહાન છે. અને તીર્થંકર ભગવંતો તો જડના પૂર્ણ અનાસક્તિ ભાવવાળા અને રાગદ્વેષના ત્યાગી હોવાથી જગતપૂજ્ય છે. એવા જગતપૂજ્ય દેવાધિદેવના દર્શન, વંદન, પૂજન અને નમનસ્તવનથી જનમ જનમનાં પાપ નાશ પામે છે. માટે જ કહ્યું છે કે, दर्शनं पापनाशनं. દુનિયાના જડ પદાર્થોના રાગમાં નરક અને નિગોદ રહેલા છે. જ્યારે પરમાત્માના દર્શનથી અરે નામ માત્રના સ્મરણથી પણ સ્વર્ગ અને મોક્ષ મળે છે. માટે જ કહ્યું છે કે, दर्शनं स्वर्ग सोपानं, दर्शनं मोक्ष साधनं પરમાત્માના દર્શનથી છેક મોક્ષ સુધીની સિદ્ધિ મળે છે. ચૈત્યપરિપાટીનો મુખ્ય ઉદેશ જ એ છે કે, આ રીતે બધા સાથે મળે ચાલીને મંદિરોનાં દર્શન કરે ત્યારે જ સાચી ચૈત્યપરિપાટી બને છે. બસમાં કે ગાડીમાં આવવાથી એટલો લાભ મળતો નથી.

# વ્યાખ્યાન તેરમું

## कुरुधर्मे रतिं पापे, विरतिं च प्रयत्नतः

## સૌભાગ્ય નંદીસૂરિ મૌન એકાદશી કથા

**વ્યાખ્યાતા : શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.**

### धर्मे रतिं कुरु, पापे विरतिं कुरु

બાવીશમા તીર્થંકર પ્રભુ દ્વારિકા નગરીના ઉદ્યાનમાં પધાર્યા છે, માળીએ કૃષ્ણરાજાને સમાચાર આપ્યા, ખલાસ, આખી નગરીમાં સમાચાર વ્યાપી ગયા... यथा राजा तथा प्रजा. જિનવાણીનો સાર એ જ છે કે, તું ધર્મમાં ઓતપ્રોત બની જા. પાપની તલ્લીનતા કાઢી નાખ. આ જીવડો પાપ કેવી તન્મયતાથી કરે છે ? ખાવા માટે કેવો સીધો બેસી જાય છે ? મુખનો કોળિયો નાકમાં જાય છે ? પાપથી પાછા હઠવાનું કામ પચ્ચક્ખાણથી થાય, પાપથી છૂટા છેડા આજે તમે લીધા છે. પોસહ કરીને વિરતિમાં આવી ગાય છો. પોસહનું પચ્ચક્ખાણ લીધું માટે વિરતિ કહેવાય. પચ્ચક્ખાણ કર્યું છે. પાપનાં ફળ બહુ કડવાં છે.

કૃષ્ણમહારાજા નાનામાં નાનું પણ પચ્ચક્ખાણ ન લઈ શકે એવી અવિરતિ તેમનામાં હતી. પણ સાથે બીજા કેટલા સુંદર ગુણો તેમનામાં હતા. (૧) કન્યાદાનનું નિવારણ, (૨) બીજો એવો ગુણ હતો કે, તેમને બીજાના ગુણ જ દેખાય, તીર્થંકરોના જીવની આ વિશેષતા લગભગ હોય છે કે તેઓને લગભગ બીજાના ગુણ જ દેખાય. કેટલાક માણસો સાથે રાજા જઈ રહ્યા હતા, મરેલી કૂતરી ગંધાતી હતી, લોકોએ નાકે ડૂચા દીધા ત્યારે કૃષ્ણમહારાજાએ તેની દંતપંક્તિ કેવી સુંદર છે તે વખાણી. આપણે ગુણવાન હોઈએ પણ બીજા ઉપર દ્વેષ જાગે, કવિને કવિ ઉપર, પંડિતને પંડિત ઉપર પણ સાચો ધર્માત્મા ધર્મ પામ્યો હોય તો તેને બીજા ઉપર દ્વેષ, ઈર્ષ્યા ન હોય.

ત્રીજો તેમનો ક્ષાયિક ગુણ જોરદાર હતો, નેમનાથ પ્રભુના અઢાર હજાર સાધુ હતા, પણ તેમણે જે વંદન કર્યું તે જુદું, આપણે બત્રીશ દોષ રહિત કરી શકીએ ? આ બધું સમજવા જ્ઞાન મેળવવું પડે. ગુરૂવંદનના છ લાભ કયા ? નીચે પ્રમાણે

(૧) વિનયોપચાર (૨) માનાદિભંગ (૩) ગુરૂપૂજા (૪) તીર્થંકરની આજ્ઞા (૫) શ્રુતધર્મની આરાધના (૬) ક્રિયા

કૃષ્ણમહારાજાએ ઉછળતા ભાવથી વંદન કર્યું, થાક લાગ્યો ભગવાને કહ્યું, તારો થાક ઉતરી ગયો, ચાર નરક તૂટી ગઈ. વંદન નામના ધર્મથી નીચેની વસ્તુ પ્રાપ્ત થાય છે.

(૧) સૌભાગ્ય નામ કર્મ મળે (૨) ઉચ્ચગોત્રની પ્રાપ્તિ (૩) નીચ ગોત્રનો નાશ.

પછી કૃષ્ણરાજાએ પોતાના ઉદ્ધાર માટે પણ વાત કરી. મને રાજ્યકાજમાં વધુ સમય મળતો હતો કૃપા કરી એક દિવસની આરાધના બતાવો. ભગવાને મૌનએકાદશી બતાવી. પરમાત્માની મહત્તા સમજાય તો કલ્યાણકની મહત્તા સમજાય.. પરમાત્માની ત્રણ મહત્તા છે. (૧) પ્રથમ મહત્તા તેમનું પુણ્ય જોરદાર છે. પરમાત્મા પારસમણિ છે. બાર ગુણથી સહિત છે. ચોસઠ ઈન્દ્રો દેવલોકને છોડી, ધડાધડ રાગનાં સાધનો છોડી ભગવાનના ચરણમાં લીન બની જાય છે. અશોકવૃક્ષાદિ બાર પ્રાતિહાર્યોથી સહિત પ્રભુ ધ્યાન કરવા યોગ્ય છે. પ્રભુના પાંચ કલ્યાણકોની આરાધના રાગને છોડાવે છે. મોહનો ત્યાગ કરાવનાર છે. ચોત્રીશ અતિશયની શોભા પણ અવર્ણનીય છે. પરમાત્માનું એક કલ્યાણક યાદ કરી લઈએ, પછી જે જાપમાં લયલીનતા આવી જાય'તેનાથી પણ કર્મનાં ભૂક્કા બોલાઈ જાય.

માનો કે આજે મલ્લિનાથ ભગવાનનાં ત્રણ કલ્યાણક છે, તો જન્મ વખતે પ્રભુને ખોળામાં લઈને સૌધર્મેન્દ્ર બેઠા છે. અન્ય ૬૪ ઈન્દ્રો ધારાબદ્ધ ક્ષીરકલશોથી પ્રભુના મસ્તક ઉપર પ્રક્ષાલ કરી રહ્યા છે. દીક્ષા વખતનું દશ્ય. સુંદર વરઘોડો ચઢી રહ્યો છે, જોવાને માટે લોકો પંડાપડી કરી રહ્યા છે. બાઈઓની હસાહસી જેવાં દશ્યો, સહુ પોતાનામાં જ ગુલતાન, કોઈ કોઈનું જોતાં નથી. ભગવાનને જ જોવામાં પોતે લોકોમાં કેવાં કપડાં, અધૂરા શણગાર વિગેરે કર્યા છે, તેનું ધ્યાન પણ બાઈઓને ખબર નથી. અને મલ્લિનાથજીનું કેવલજ્ઞાન કલ્યાણક નજર સમક્ષ લાવવું હોય તો,

**જ્યારે વિહાર કરી વિચરતા, આપ અવની ઉપરે;**
**નવકમલ ઉપર પાદ ઠવતા, નિરખતાં નયણો ઠરે;**
**દોય બાજુ ચામર ઢાળતા, સુર હોય શિવસુખ કારણા;**
**અતિશાયી તારા ધર્મચક્રને, ભાવથી કરૂં વંદના.**

આ રીતે કેટલાંય દશ્યો કેવલજ્ઞાન પછીનાં દૃષ્ટિ સન્મુખ લાવીને ભાવવિભોર બનીને આરાધના થાય તો. જનમોજનમનાં પાપ પણ આજના દિવસે ખપી શકે.

અરનાથ ભગવાનની દીક્ષા... જેમ કે... ઓહોહોહો, આજના દિવસે પ્રભુએ ચક્રવર્તી જેવી મહાન રિદ્ધિસિદ્ધિનો ત્યાગ કરીને ભગવાને દીક્ષા લીધી. તૃણ સમ છોડી સકલ ભોગને વર્યા જે

સંયમ પદવીને. પ્રભુ પંચમુષ્ટિ લોચ કેવી રીતે કરી રહ્યા છે તે દશ્ય નજર સમક્ષ લાવી શકાય. અને નમિનાથજીને કેવલજ્ઞાન.

**દીક્ષા લઈને એક પણ પ્રભુજી ઉપદેશ ન આપે, મૌન.**
**જે ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરતા મોહમલ્લ વિદારીને...**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું...**
**જ્યાં પૂર્ણ કેવલજ્ઞાન લોકાલોકને અજવાળ તું**

આ રીતે આ વર્તમાન ચોવીશીના પાંચ ભગવાનનાં કલ્યાણકો વિચારો અને જાપ ધ્યાંન કરો તો પણ આખો દિવસ સુંદર સોહામણો બની જાય, મૌનસહિત પૌષધ જાપ પણ થઈ જાય અને આરાધનાનો ઉલ્લાસ આવી જાય.

આ ભગવાનનું આપણે પુન્ય વિચાર્યું. (૧)

બીજી મહત્તા ભગવાનની પાત્રતા કેવી હતી ! (૨)

તત્ત્વાર્થકાર શ્રી ઉમાસ્વાતિજી મહારાજે છઠ્ઠા અધ્યાયમાં આ માટે એક સુંદર સૂત્ર તીર્થંકરોની પાત્રતા વિષે મૂકી દીધું.

દર્શનવિશુદ્ધિર્વિનયસંપન્નતા આ સૂત્રમાં તીર્થંકરોની સોળ વિશેષતા પાત્રતા છે. (૧) સમકિતની વિશુદ્ધિ (૨) વિનય (૩) શીલવ્રતમાં અનતિચારિતા (૪) વારંવાર જ્ઞાનમાં ઉપયોગ (૫) સંવેગ (૬) યથાશક્તિ ત્યાગ અને તપ (૭) સંઘ અને સાધુઓની સમાધિ (૮) વૈયાવચ્ચ (૯) અરિહંતની ભક્તિ (૧૦) આચાર્યની ભક્તિ (૧૧) બહુશ્રુતની ભક્તિ (૧૨) પ્રવચનની ભક્તિ (૧૩) વ્રતોમાં અપ્રમાદ (૧૪) આવશ્યક ક્રિયાઓનું સમ્યગ્ પાલન (૧૫) મોક્ષમાર્ગની પ્રભાવના (૧૬) પ્રવચનવાત્સલ્ય આ સોળ પ્રકાર પ્રભુની પાત્રતા વિષે કહ્યા.

ત્રીજો પ્રકાર (૧) પવિત્રતા (૨) ભગવાનની આત્મ નિર્મળતા કેવી ! (૩) અઢાર દોષ રહિત જીવન.

**અન્નાણ કોહ મય માણ, લોહ માયા રઈ ય અરઈ ય;**
**નિદા સોઅ અલિયવયણ, ચોરિઆ મચ્છર ભયા ય.**
**પાણિવહ પેમ કીલા પસંગ... હાસા ય જસ્સ એ દોસા,**
**અઠારસવિ પણઠ્ઠા, નમામિ દેવાહિદેવં તં...**

**સંબોધસત્તરિ ગાથા ૪-૫**

આ રીતે પ્રભુના ત્રણ વિશેષણો વારંવાર વિચારવાથી આપણું અભિમાન ઉતરી જાય. મરિચિને આદીશ્વરદાદાનું સમવસરણ જોવાથી જ વૈરાગ્ય આવ્યો હતો. આપણી પાસે તો રૂપ નથી, પુણ્ય નથી, પાત્રતા નથી, પવિત્રતા નથી છતાં છાતી કાઢીને ફરીએ છીએ. પ્રભુનું જ્ઞાન પણ કેવું ? બીજાને અને પોતાને ઉપકારક. પ્રભુની કરૂણા પણ કેવી ? અનંત કાળની અનંત માતાઓની કરૂણા કરતાં પણ પરમાત્માની અપાર કરૂણા છે. ચોવીશ તીર્થંકરો કરતાં આ ભાવના ઉત્કૃષ્ટ કરૂણા બીજા જીવોને તો સ્પર્શે પણ નહિ. થોડી સ્પર્શે પણ ખરી, પણ ઉત્કૃષ્ટ નહિ.

આ રીતે આજના પવિત્રતમ દિવસે આપણે ભગવાનનાં (૧) પુણ્ય (૨) પાત્રતા (૩) પવિત્રતા ત્રણ પ્રકારો વિશદ રીતે વિચાર્યા.

૧. પુણ્યમાં અષ્ટપ્રાતિહાર્યાદિ ઋદ્ધિ - અવસ્થા વિચારાય.

૨. પાત્રતામાં - દર્શન વિશુદ્ધિના સોળ પ્રકારો વિચારી શકાય.

૩. પવિત્રતામાં અઢાર દોષ રહિતપણું વિચારી શકાય.

દશ ક્ષેત્રો એટલે પાંચ ભરત - પાંચ ઐરવત. તેમાં ત્રણ કાળના ભૂત - ભવિષ્ય - વર્તમાનના જિનેશ્વરો.

૧ ભગવાનના ત્રણ ત્રણ કલ્યાણક.

આ રીતે આ કલ્યાણકની આરાધનાથી ભવિષ્યમાં આપણને પણ સાક્ષાત્ કલ્યાણકો જોવા મળે. અને કલ્યાણકની આરાધનાથી નીચે લખેલી વસ્તુઓના મહાન લાભ થાય.

(૧) મોહનો નાશ (૨) અજ્ઞાનનો નાશ (૩) પુણ્યનો પ્રકર્ષ (૪) ઉત્તરોત્તર મોક્ષ.

સુવ્રત શેઠને આ દિવસની આરાધનાથી ગયા ભવમાં અને આ ભવમાં ઋદ્ધિ - સિદ્ધિ પરિવાર મોહક્ષય વિગેરે થયું.

કૃષ્ણમહારાજાને ચાર નરકનું નિવારણ, તીર્થંકર નામકર્મની પ્રાપ્તિ વિગેરે મહાન લાભ થયા.

જાપ કરીએ અને તન્મયતા ન આવે તો લુક્ખો જાપ કહેવાય. તન્મયતા આવે તો તે ચોપડો જાપ કહેવાય. આ રીતે મૌન એકાદશીના દિવસે આરાધના કરી પરમ મૌનમય સ્થાનને અર્થાત્ મુક્તિમાર્ગને વરીએ.

**સુલભં વાગનુચ્ચારં, મૌનમેકેન્દ્રિયેષ્વપિ**
**પુદ્‌ગલેષ્વપ્રવૃત્તિસ્તુ, યોગાનાં મૌન મુત્તમમ્**

**જ્ઞાનસાર ૧૩ અષ્ટક**

મૌનની સાચી વ્યાખ્યા

એકેન્દ્રિય વિગેરેમાં મૌન જ હતું તેથી વાણીનું નહિ બોલવું તે સહેલું છે પણ ખરેખર તો મૌન પુદ્‌ગલમાં અપ્રવૃત્તિ અર્થાત્ પુદ્‌ગલમાં અરમણતા તે જ યોગોનું ઉત્તમ મૌન છે.

## ધનતેરસ-કાળીચૌદશનાં વ્યાખ્યાન

ભગવાન મહાવીરે જે દેશના સોળપ્રહરમાં આપી અને **શ્રી જિનસુંદરસૂરિએ** દિવાળી કલ્પની રચના કરી તે અહીં કિંચિત્ કહેવાય છે.

**सम्यक्त्वं निर्मलं धार्यं, पूजनीया जिनेश्वराः**
**सेव्याः सुसाधवः कार्यो, दानादिकः धर्मः सदा...**

નિર્મળ એવા સમ્યક્ત્વને ધારણ કરવું. જિનેશ્વરોની રોજ પૂજા કરવી, સુસાધુઓની સેવા કરવી અને દાનાદિ ધર્મ રોજ કરવો.

**સંપ્રતિરાજા સોળમી પાટે હતો.**

बुभुक्षितः किं न करोति पापं, સંપ્રતિરાજાના પૂર્વના જીવે તો ખાવા માટે જ ચારિત્ર લીધું હતું, પણ રાજા બનીને બીજા ભવમાં ચક્વર્તી- વાસુદેવ સુખ ન ભોગવે તેવું સુખ તેણે ભોગવ્યું. શાનો પ્રભાવ? ચારિત્ર ધર્મની અનુમોદના માત્ર વીશ-બાવીશ કલાક જ કરી હતી. सेव्याः सुसाधवः આ શ્લોકની ચાર વાતો સંપ્રતિરાજાને કરી હતી. કોણે! ઉપકારી ગુરૂવર શ્રી **આર્યસુહસ્તિ** મહારાજાએ.. પર્વોમાં આ કાર્યો વિશેષ કરવાં તેમ સૂચન કરેલ છે.

**પુન્યપાલરાજાને આઠ સ્વપ્ન આવ્યાં તેનો ફલાદેશ..**

**૧. હાથી :**

ખાવામાં હાથી કયારેય દીનતા કરતો નથી, હાથી મુખસેં દાણો નીકળે, કીડી કુટુંબ સહુ ખાવે, (શ્રાવકો ફ્રીજનાં પાણી પીશે) હાથીને ભૂખ જરૂર લાગી છે. પણ માન માગશે સદ્ગુરૂ શ્રાવકોને ઘણું કહેશે, આ સંસારમાં સુખ નથી પણ તે જીર્ણશાલા છોડી શકશે નહિ. શ્રાવકો ફ્રીજનાં પાણી પીશે પણ ઠંડક આપનારી પ્રભુની વાણી નહિ સાંભળે. એનો પૈસો આમતેમ જશે, પણ એક સાધર્મિકને બેઠો નહિ કરે. હાથીને સુખશીલાયાપણું ગમે તેમ શ્રાવકોને પ્રમાદીપણું, એશઆરામીપણું ગમશે, સંસાર છોડનાર શ્રાવકો બહુ જ ઓછા. ઊંઘમાં, સ્વપ્નમાં, દુઃખમાં પણ સંસાર નહિ છોડે.

**૨. સ્વપ્ન વાંદરો :**

વાંદરામાં પરાક્રમ જરાય હોતું નથી, પણ તેને સુગરીનો માળો પીંખી નાંખતાં આવડશે. આચાર્ય બની જશે પણ ચંચળતા નહિ જાય. જેમની જાહોજલાલી ઘણી થતી હશે, તીર્થયાત્રા કરાવતા હશે, તે સાધુ આ કાળમાં સારા કહેવાશે. આ કાળમાં સાચા સાધુને ઓળખનારા ઓછા થશે. સાચાસાધુની, શાસનની ખ્યાતિ આજ્ઞાની વફાદારીથી છે. કેટલાક ચંચળ એવા સાધુઓ પોતાની પૂજા કરાવવા શ્રાવકને પોતે જ માન આપશે. પોતાની વાત મનાવવા ગપ્પા પણ મારશે અને ધર્મના નામે અધર્મના માર્ગે લઈ જવાનું કામ આ સાધુઓ કરશે. આવા ઉન્માર્ગે ચઢાવનારા સાધુને અનંતસંસારી કહેવાય. હિતશિક્ષા આપનારને ઊંધા રવાડે ચઢાવશે.

**૩. સ્વપ્ન વૃક્ષ :**

એક વૃક્ષ જોયું પણ કેવું કાંટાળું. કાંટાથી વીંટળાયેલું કુસાધુઓ અધર્મ માટે શ્રાવકોને ઉશ્કેરશે. શ્રાવકોને કેવા સાધુઓ સારા લાગશે? હોસ્પિટલો બંધાવી આપે, સામાજીક કામો કરી આપે તે પસંદ પડશે. તેઓ સુસાધુઓ ઉપર ખોટાં કલંક ચઢાવશે. ધર્મને અધર્મરૂપ બનાવશે. વિવેકી શ્રાવકોનાં નાણાં પણ કઢાવશે. ગોખે બેઠી બીલ્લી ચણા ખાવે તેનો અર્થ જ કાંઈ નથી, પણ આવા ધર્મગુરૂઓ થશે. સુસાધુઓને વિહાર પણ ભારે પડી જશે એટલે કે, સ્થાન પણ નહિ આપે. કુસાધુઓનો રાફડો ફાટશે અને સારા સાધુઓ ઓછા મળશે.

**૪. સ્વપ્ન કાગડો :**

આ સ્વપ્ન શું કહે છે? આ મુનિઓનો સ્વભાવ કાગ જેવો થશે. જેમ કાગડો, હંમેશ માટે નિર્મળ સરોવરમાંથી પાણી નહિ પીએ પણ કોઈકનો ઘડો હશે તેમાંથી પાણીને બગાડશે. કાંતો ગંધાતું પાણી પીશે. ચાંદા નહિ હોય ત્યાં ચાંદા પાડશે. કાગડાની જાત લુચ્ચી કહેવાય.

બહુમતિ ખરાબની રહેશે વેષની સાથે સુસાધુતા પણ જોવાની છે. લોભિયા હોય ત્યાં ધુતારા કદી ભૂખે ન મરે. શ્રાવકો મંતરજંતરના લોભીયા રહેશે. અને સાધુઓ કાગડા જેવા બીજે બીજે રાચશે. **જૈસા ગુરૂ વૈસા ચેલા, દોનોં નરકમેં ઠેલંઠેલા** પોતાના કૌભાંડો બહાર પડી ન જાય તેથી આવા શ્રાવકોનાં ભળેલા રહેશે. (ખરાબ નક્ષત્રના પાણીનો મહિમા પ્રજા આખી ગાંડી દૃષ્ટાંત)

**૫. સ્વપ્ન સિંહ :**

સિંહથી બધા જ ડરે તેમ જિનદર્શનની એક રાડ નીકળશે અને બધા દર્શનો ભાગી જશે. પણ પુન્યપાલ રાજાએ આ સિંહને જીવતો નતો જોયો, માત્ર સિંહનું કલેવર જ જોયેલું તેથી જિનશાસનના અનુયાયીઓ જેટલું શાસનને નુકશાન કરશે તેટલા અન્ય દર્શનીઓ નહિ કરે. વિશિષ્ટ જ્ઞાનીના અભાવે જિનશાસનને હાલ કલેવરની ઊપમા આપી છે. મંત્ર-તંત્ર અત્યંત ઓછા થઈ જશે. સાધુઓ અન્ય દર્શનીઓને સમજાવી શકશે પણ જૈનોને સાચું ઠસાવી નહિ શકે. જેટલું નુકશાન જૈનેતરોએ નથી કર્યું તેટલું જૈનોએ જ કર્યું છે. અને આ સ્વપ્ન દ્વારા વેષધારીઓ જ આ શાસનને નુકશાન કરશે. પોતાની માને ડાકણ કોઈ ના કહે, પણ આ જૈનો જ પોતાના શાસનને ડાકણ કહેશે.

**૬. સ્વપ્ન કમલ :**

સ્વપ્ન સારૂં પણ ઉકરડામાં ઊગેલું દેવતાના દીકરા કોયલા આ ઉક્તિ અનુસાર માબાપને ધર્મ ગમશે પણ તેના પરિવારને નહિ ગમે. નાનપણમાં ઘણા પંપાળ્યા એટલે મોટા થઈને સામા થશે. સંસ્કાર આપવા તે લોઢાના ચણા ચાવવા જેવું છે. ધાર્મિક થશે તો પણ કુસંગનો ભોગ થશે. આજની સ્કુલ-કોલેજોનાં વાતાવરણ પણ એવાં જ છે. સારા સંસ્કારને ઉડાડવા તે કાચી પળનું કામ છે. સારા બનાવતાં ડુંગર જેવું કામ લાગે. ડુંગર ચડવા દોહ્યલા, ઉતરતાં શી વાર. સંસ્કાર પાણી જેવા છે. જેવાં નિમિત્ત મળે તેવી ચઢ ઉતર થાય.

ઘરનાં વડિલોને છોકરાંની આરાધનાની કેટલી ચિંતા? અને દવાની, ખાવાની, સ્કુલની, ફીની કેટલી બધી ચિંતાઓ છે? તમારો નોકર તમને દબડાવે તે તમને ગમે છે. પણ ગુરૂ તમને કાંઈ હિતશિક્ષા આપે તે ગમે? સંયમપાલન કપરૂં છે, તે બરાબર છે, પણ સંસારની ય કઠિનતા કાંઈ ઓછી નથી. જૈનોને પરલોકની ચિંતા ઘણી હોય. જૈનતરોમાં આ લોકની છે. પણ આજે શીર્ષાસન થઈ ગયું. આ લોકનાં જ સુખો પ્રત્યક્ષ ગમે . જૈનધર્મને વિશ્વધર્મ બનાવવાની વાતો ઘણી કરશે પણ ધર્મ સાથે તેને કાંઈ લેવાદેવા નહિ હોય. આ સ્વપ્ન ઉપરથી ત્રણ વાતો હંમેશાં ધ્યાન રાખવી. ૧. પોતાને ત્યાં જન્મેલો ધર્મપ્રભાવક બને. ૨. સ્વયં કુસંગથી બચવા ધ્યાન રાખવું. ૩. ધર્મની કિંમત આંકતાં શીખવું.

**૭મું સ્વપ્ન : ખેડૂત બીજ વાવે છે પણ કયાં ઉખરભૂમિમાં :**

આ સ્વપ્ન શ્રાવકો માટેનું છે. એ ધરતીની કાંઈ કિંમત નથી. સાત ક્ષેત્રોમાં દાન કરવાની બુદ્ધિ નહિ થાય. પણ સામાજીક કાર્યોમાં, શોસ્યલગ્રુપોમાં પૈસા આપશે. પણ સુપાત્રમાં નહિ આપે. સુપાત્રનું દાન એટલે કલ્પવૃક્ષનું બીજ એની પાસેથી જે માંગો તે મળે. યુગલિઆઓની માટી પણ ભૂખ ભાંગનારી હતી. માટી અભક્ષ્ય છે, તેનું કારણ જુનાં દેડકાંનો એમાં અંશ હોય છે. માટીમાં પાણી ભળે તો તરત જ ચૂર્ણ જેવી માટીમાંથી દેડકાં ઉત્પન્ન થઈ જાય. જિનમંદિરાદી સાતક્ષેત્રો કાળી માટી જેવાં છે, કે જે કલ્પવૃક્ષ જેવાં બીજને ઉત્પન્ન કરે છે. અનુકંપા ક્ષેત્રનો કયાંય નિષેધ નથી જ. મુહાદાઈ, મુહાજીવી, દોવિ ગચ્છઈ સુગ્ગઈ.

**૮મું સ્વપ્ન : સોનાનો કળશ પણ કેવો મેલોમેલો :**

જ્ઞાનાદિ ગુણવાળા અને નિર્મળ ચિત્તવાળા સાધુઓ ઘણા બનશે પણ જ્ઞાન અને ક્રિયામાં શિથિલ બનશે. સુસાધુઓ સાથે ઝઘડા કરશે, સામાન્ય ગૃહસ્થો તેને સમજી નહિ શકે. આ રીતે સ્વપ્નનાં અર્થ સાંભળીને પુન્યપાલરાજા ધ્રુજી ઊઠ્યા. અને દીક્ષા લઈ, પાળી, સ્વર્ગમાં ગયા.

**ઈતિ સ્વપ્નફળ સમાપ્ત**

# નૂતનવર્ષનું સંભારણું સં. ૨૦૫૨ - પાર્લા

નૂતનવર્ષ દરેક કાળ ફ્રેશ હોય છે. દરેક ક્ષણ તાજી હોય છે. જે કયારેય આવેલી નહિ હોય. વીરસંવત ૨૦૫૧નું વર્ષ ગયું, અને હવે ૨૦૫૨ બેઠું એકાવનમાં ગયેલા ૩૬૫ દિવસ પાછા આવતા નથી. દર વરસની જેમ આજે પણ મંગલિક કર્યું, ગઈ સાલ પણ કરેલું પણ આપણે હજુ ઊંચા આવતા નથી. પેલો રણમાં જતો વણઝારો પણ પાછળ વળીને જુએ છે કે કેટલો માર્ગ કપાયો અને કેટલો બાકી છે. પેલો નાવ ચલાવનાર નાવિક પણ જયારે મધ્ય દરિયે પહોંચે ત્યારે પોતાનું હોકાયંત્ર કાઢીને જોઈ લે છે કે, કિનારાથી કેટલે દૂર આવ્યા છીએ. અને કઈ દિશા છે. ત્યારે નિશ્ચિંત એવા આપણે વીતેલાં એ વર્ષોને, દિવસોને કેવા ગયા એ વિચાર્યું છે? હું કેવો છું? કયાં છું તે પણ વિચાર્યું?

દિવાળીના દિવસે નવાં કપડાં, પેન્ટ નવા, રસોઈમાં પણ આઈટમ ચેન્જ, અરે, બંગડી અને જુત્તાની જોડી પણ મેચીંગ અને નવી નવી જોઈએ. રોટલી અને ખીચડી તો જોવાય ન મળે પણ આશ્ચર્ય એ છે કે, બધું નવીન ઈચ્છનારો માણસ પોતાના જુના થઈ ગયેલા સ્વભાવને નવીન બનાવતો નથી, ચેન્જ કરતો નથી. જેમ બેસતા વર્ષે માણસ ડાહીમાનો દીકરો થઈને બેસી જાય છે, કોઈ આપણા ક્રોધને વધારે એવી પ્રવૃત્તિ કરી લે તો પણ આપણે આજના દિવસે સામનો કરતા નથી. કારણ આજનો મોટો દિવસ છે. તમે આજે માઈન્ડ પર કેવો કંટ્રોલ રાખો છો? બસ... રોજ નવી નવી ક્ષણ એ રોજનું નવું બેસતું વર્ષ છે. તો રોજ માઈન્ડ પર કંટ્રોલ રાખતાં શીખી જાઓ. તમારા આ મનુષ્ય જન્મના દિવસો રોજ મોટા જ છે.

**નાની બાલકીનું દૃષ્ટાંત...**

બેસતા વર્ષે એક નાનકડી બાલકી ફૂલની છાબડી લઈને રસ્તા પર દોડી રહી હતી. કોઈએ પૂછયું, તું કયાં જાય છે? બાલકીએ કહ્યું, ભગવાન પાસે, વરસો વીત્યાં તે બાલકી કિશોરી થઈ ફૂલ લઈને જતી તેને પૂછવામાં આવ્યું, અય બાલકી! તું કયાં જાય છે? તેણીએ જવાબ આપ્યો, આ ફૂલ હું મારી વેણીમાં નાખવા લઈ જાઉં છું. વરસો વીત્યાં તે બાળા યુવાન થઈ, ફૂલ લઈને જતી હતી, એય! ફૂલ લઈને કયાં જાય છે? આ તો હું એમના માટે(મારા પતિ માટે) ફૂલો લઈને જાઉં છે. પછી તે યુવતી વૃદ્ધ બને છે, વિધવા પણ થાય છે. હાથમાં લાકડી લઈને ઠક ઠક ચાલી રહી છે, પૂછયું કોઈકે, માજી! કયાં જાઓ છો? જવાબ મળ્યો, બેટા! ભગવાન પાસે જાઉં છે. આ ચાર અવસ્થાની વાત કરી ઉપદેશનો સાર એટલો જ છે.

તમારૂં નવું વર્ષ ભગવાનથી અને વરસનો અંત પણ ભગવાનથી અમાસના દિવસે પણ આપણે ભગવાનને સંભારીએ છીએ. બાળકીની જેમ બે અવસ્થા, એક પોતાના માટે ફૂલોની હતી તેમ એક વચલી અવસ્થામાં આત્મકલ્યાણ કરવું જોઈએ. અને યુવાન અવસ્થામાં તેમના માટે (પતિ માટે) ફૂલોની જેમ બીજાના પરોપકારનાં કાર્યો કરવાં જોઈએ.

ગૌતમસ્વામિને આજે યાદ કર્યા વિના રહેવાય નહિ વીર પાસે દીક્ષા લીધા પછી ગૌતમ બાળક જેવા સરળ રહ્યા. નમ્ર હતા તો સરળતા આવી. કેવી? પ્રભુ જયારે જયારે આજ્ઞા કરતા તો સ્વીકાર કરી લેતા. આનંદશ્રાવકના અવધિજ્ઞાન અંગે જયારે ઉપયોગ વિના બોલીને આવ્યા અને ભગવાને કહ્યું કે, આ તું બરાબર કરીને નથી આવ્યો જા, મિચ્છામિ દુક્કડં દઈ આવ. તો દોડતા ગયા અને મિ. દઈ આવ્યા. આવા મોટા ચાર જ્ઞાનના ધણી જો અભિમાન હોત તો ન ગયા હોત. છેલ્લે પાવાપુરીના ચાતુર્માસમાં.. ખબર હતી કે બધા જ દેશના સાંભળે છે, અને મને જ દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલે છે? અપીલ જ નહિ.. ભગવાનની આજ્ઞા એ જ એમને મન મહાન ચીજ હતી.

પચાસ હજાર શિષ્યોના ગુરૂ હોવા છતાં ગજબની નમ્રતા ગજબનો વિનય. એટલા જ માટે તેઓ જેને જેને દીક્ષા આપતા તેને અવશ્ય કેવલજ્ઞાન થાય આવી તેઓની લબ્ધિ હતી. ગૌતમસ્વામિનું અભિમાન ગણધરપદ અપાવનારૂં બન્યું. તેમનો રાગ ગુરૂભકિત કરાવનાર થયો તેમનો ખેદ કેવલજ્ઞાન અપાવનાર થયો.

ગૌ-ગાય-કામધેનુ જેવા ગૌતમ

ત-તરૂ-કલ્પતરૂ જેવા ગૌતમ

મ-મણિ-ચિંતામણિ જેવા ગૌતમ

આ રીતે ગૌતમસ્વામિનું નામ મહામંગલકારી છે.

# જ્ઞાનપંચમીનું વ્યાખ્યાન સં. ૨૦૫૧, ગોરેગાંવ

જ્ઞાનપંચમીને સૌભાગ્ય પંચમી કહેવાય છે, લાભપાંચમ પણ કહેવાય છે. ગરીબકુટુંબ હોય છતાં જ્ઞાન હોય ત્યાં વિવેક-ઔચિત્ય જળવાતું હોય તો તે કુટુંબ સૌભાગી કહેવાય. પરમ સૌભાગ્ય જ્ઞાનને કહેવાય જ્ઞાનની પરિણતિથી સૌભાગ્ય પાંચમ કહેવાય. સ્વદેશે પૂજયતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજયતે. જ્ઞાન એજ મહાન લાભ છે. જ્ઞાન વિનાનો લાભ કિંમત વિનાનો છે. જેને પૈસાની જ કિંમત હોય તેને જ્ઞાનનો લાભ ન દેખાય અને જ્ઞાનનો ક્ષયોપશમ પણ ન થાય.જ્ઞાનાવરણના ક્ષયોપશમ માટે મોહનીયનો ક્ષયોપશમ જોઈએ. જ્ઞાનનો જે વિવેકપૂર્વક ઉપયોગ કરે, વિસ્તાર કરે, પચાવે તે ચારિત્રને ઉદ્ધારે છે. ધર્મના અધિકારી બને છે.

સાધુપણામાં ગુરૂને વંદન ન કરે તેનું સાધુપણું ન કહેવાય. જ્ઞાનનું ફળ નમ્રતા, સમર્પિતતા, પાપથી નિવૃત્ત થઈ સત્કાર્યમાં પ્રવર્ત્તવું તે છે આચાર પાલનથી જ્ઞાનનો ક્ષયોપશમ વધે. સમય હોવા છતાં સામાયિક આદિ ન કરે તે અજ્ઞાન છે. જ્ઞાનનો ક્ષયોપશમ તેનું કારણ ધર્મમાં પ્રવૃતિ કરવી. આપણે કોઈને ઊંધું સમજાવીએ તો જ્ઞાનાવરણ બંધાય મનમાં આડાઅવળા, ઊંધાચત્તા વિચારો કરવાથી જ્ઞાનાવરણીય બંધાય. એક નાના છોકરાને ૧ મહિનો રોટલી સાથે ગોળ આપો અને પછી ન આપો તો વ્યસન પડે છે, જીવને જેવી ટેવ પાડીએ તેવી પડે છે. અને પછી જ્ઞાનાવરણીય અને મોહનીય બાંધે છે.

આ જીવનમાં સ્વતંત્ર સિદ્ધ ભગવંત છે. અરિહંતો છ કલાક દેશના આપે છે. જ્ઞાન સ્વચ્છંદતાને રોકીને પરતંત્ર બનવા દ્વારા સ્વતંત્ર બને છે. પુન્ય જે પરતંત્ર બને તેને સ્વતંત્ર બનાવે છે. એકલવ્ય મૂર્તિરૂપ પરતંત્રતાને રાખીને ભણ્યો. જ્ઞાનાવરણ કર્મ બાંધવાના ઉપાય સ્વચ્છંદતા અનંતજ્ઞાની પરમાત્માના શાસનમાં આત્મા મોક્ષને આરાધે છે. જયાં સુધી જીવ આ સંસારમાં પરમાત્માના શાસનની આરાધના ન કરે ત્યાં સુધી તેનો નિસ્તાર થતો નથી.

વિપરીત જ્ઞાન-ક્રિયાના કારણે જીવ ભવોભવ ભટકે છે. જ્ઞાનની આરાધના એટલે શું? સમ્યગ્જ્ઞાન મેળવવાથી સંસાર પરિમિત બની શકે છે. અવિવેકના કારણે વરદત્તને જ્ઞાન ઉપર દ્વેષ જાગ્યો. વરદત્તને એકવાર ઊંઘ આવતી હતી તે જ સમયે શિષ્ય પ્રશ્ન પૂછવા આવ્યો અને ઊંઘમાં અંતરાય થવાથી જ્ઞાન ઊપર કંટાળો આવ્યો અને મુર્ખ માણસ સુખે ખાય, સુખે ઊંઘે વિગેરે આઠ ગુણોના વખાણ કર્યા, જ્ઞાનની અવગણના થઈ, કિંમત ગઈ. મોહના કારણે જે જ્ઞાન અધ્યાત્મની ઉન્નતિ કરનાર હતું તે જ્ઞાને ભૌતિક સુખને માન્ય કર્યું. અવિવેકથી જ્ઞાનાવરણીય બંધાયું.

ગુણમંજરીએ છોકરાઓની મમતાના કારણે જ્ઞાનાવરણ બાંધ્યું. ગુણમંજરીએ વ્યવહારિક જ્ઞાનની આશાતના કરી, વરદત્તે ધાર્મિક જ્ઞાનના અંતરાયથી મોહનીય બાંધ્યું. અક્ષર, લીપી, અને શબ્દ એ વ્યવહારિક જ્ઞાન છે. ગુણમંજરી અક્ષરજ્ઞાનને બાળે છે. માસ્તર ઉપર દ્વેષ કરે છે. તેથી જ્ઞાનાવરણ બાંધે છે. જયાં, ત્યાં, જે, તે ન લખાય. કોરા કાગળ પર રમતરૂપે ન લખાય. ચિત્રો ન ચીતરાય. અક્ષરવાળી વસ્તુ વાપરવાથી આપણા હૃદયમાંથી અક્ષર પ્રત્યેનું માન ઘટી જાય છે. આજે

પગના જોડાથી માંડી, વાસણ વગેરેમાં પણ અક્ષરો હોય છે. ચપ્પૂથી કાઢીને વાપરવા, જેથી હૃદયમાં આશાતનાના પરિણામ ન આવે અક્ષર પ્રત્યે બહુમાનભાવ ઉત્પન્ન થાય.

અક્ષરવાળી પ્લાસ્ટીકની થેલીઓ નીચે ન મૂકાય. ન્યૂઝપેપરમાં ચેવડા-સેવ વાપરવાથી જ્ઞાનની આશાતના લાગે છે. વળી પેપરનો યુઝ બાળકોની અશુચિ માટે તો ન જ કરાય. ખાવા,પીવા, ઊંઘવા, માટે કરવાથી મૂર્ખા બનાય. જ્ઞાન અને તેજ જેના શરીરમાં હોય તેને વળગાડ ન વળગે. સામે કોઈ વ્યકિત પ્રયોગ કરે તો આપણું તેજ જોઈને એ આપણા તેજને સહન ન કરી શકે. પાછળ જ હેરાન કરે જ્ઞાનની આરાધનાથી ક્ષુદ્ર ઉપદ્રવો ન થાય.

ચૌદ વિદ્યાના પારગામી સિદ્ધસેનદિવાકર વૃદ્ધવાદિસૂરિ સાથે વાદ કરવા ગયા. તેઓએ વિહાર કર્યો હતો સિદ્ધસેનને થયું કે, મારાથી ડરીને ગયા છે. તેથી પાછળ જંગલમાં ગયા. વાદ ચાલુ થયો. પહેલા સિદ્ધસેન સંસ્કૃતમાં બોલે છે. પાછળથી વૃદ્ધવાદી રાસડો લે છે. વાદ નથી કરતા. સામી વ્યકિત જયારે સમજે નહિ એ વાતનું વિવરણ કરવાથી જ્ઞાનાવરણનો ક્ષપોપશમ થતો નથી. આવેશમાં જીવની કેવી દશા થાય? છદ્મસ્થ માણસ કયાંક તો ભૂલ કરી બેસે છે જ્ઞાનના ઉપયોગ, સાવધાની વગરનો એક સમય પણ પસાર ન કરવો એટલે જ મહાવીરપ્રભુએ ચાર જ્ઞાનના ધણીને પણ **સમયં ગોયમ મા પમાયએ** કહીને વારંવાર ચેતાવ્યા હતા. તેઓ પણ ભૂલ્યા હતા. અક્ષરવાળી જે ચીજો હોય તેના અક્ષર નાબૂદ કરવાથી પાપ લાગે? હા.. અક્ષરો કાઢી નાખવાથી ઓછું લાગે. પગલૂંછણિયા પર પણ અક્ષરો હોય છે. પુસ્તક તથા અક્ષરવાળી વસ્તુઓ નીચે તથા જયાં ત્યાં ન મૂકવી.

જૂની મૂર્તિ ખંડીત થઈ હોય તો ભરસમુદ્રમાં તેને પધરાવી દેવી અથવા ઊંડો ખાડો કરી પધરાવાય. પુસ્તકોની સફાઈ કરવી જોઈએ. નહિતર ઉધઈ થઈ જાય. પુસ્તકો અસ્તવ્યસ્ત પડ્યા રહે તે પણ આશાતના છે. એંઠા મોંએ ન બોલાય. મોઢાનું થૂંક સતત અપવિત્ર હોય છે. તેની શુદ્ધિ ન થાય. પણ થૂંકને અમૃતરસ કહેવાય. બહાર નીકળે ત્યારે અશુચિ માટે મોઢું બાંધી પૂજા થાય છે. અશુચિ સ્થાનમાં ઊભા રહીને વાતો ન થાય. આપણી વાણી સ્વાર્થ વિનાની, ક્રોધ, માન-માયા વિનાની જોઈએ. ગુરૂના ઉપકારને ઢાંકવાથી, પ્રદ્વેષ, મત્સર, અંતરાય કરવાથી અપલાપ કરવાથી પણ જ્ઞાનાવરણ બંધાય.

બીજાને છેતરવાની બુદ્ધિ કરવાથી પોતાનો આત્મા અવશ્ય છેતરાય. જડતા ઊભી થાય. આળ આપવું તે પણ જ્ઞાનનો દુરૂપયોગ જ છે. ભગવાનને સાડાબાર વર્ષમાં કાનમાં ખીલા ઠોકવાનો સંગમનો, ગોવાલનો ઉપસર્ગ થયો. પણ કયા કારણે? આજ્ઞાપાલનના ભંગના કારણે. ત્રિપૃષ્ઠવાસુદેવે નિયાણું કર્યું તે પણ આજ્ઞાભંગ છે. સત્તાના રાગના કારણે પોતાના વચનની મહત્તાના કારણે પણ કાનમાં ખીલા નાંખવાનું કર્મ ઉપાર્જન કર્યું.

કુરગડુને તપના મદથી અંતરાય થયો. તેમ જ્ઞાનના મદથી પોતાની હોંશિયારીની બડાઈથી જ્ઞાનાવરણ બંધાય. જ્ઞાનનો બેફામ રીતે દુરૂપયોગ કરવાથી, તિરસ્કારથી તેમ જ કાળવેળાએ ભણે ગણે નહિ તો પણ જ્ઞાનાવરણ બંધાય. ચોથા આરામાં જ્ઞાનનું કારણ એકલા સાધુઓ જ હતા.

પાંચમા આરામાં ૧. પુસ્તક, ૨. સાધુ, ૩. શ્રાવકો છે. આજે જ્ઞાનભંડારો ન હોત તો શું દશા થાત? પુસ્તકો લખાવવા, છપાવવા સાચવવા આ કાર્ય સંઘનું છે. સાધુનું માર્ગદર્શન લઈ શ્રાવકો તે કાર્ય કરે. સાધુ ભંડાર કરે તે ન ચાલે. જ્ઞાનની સેવા તથા રક્ષણ અને સહાયક થવા શ્રાવકોએ તૈયાર થવું જોઈએ.

જયરાજર્ષિએ દીક્ષા લીધી અને ભગવાન મહાવીરને કહી દીધું, તમે બધા ભણો, મારે ભણવું નથી... દૃષ્ટાંત સંપૂર્ણ કહેવું તેમને છેવટે જ્ઞાનની મહત્તા સમજાઈ. ગુસ્સો આવે ત્યારે સમતા રાખવી, એવું જ્ઞાન પહેલાં મેળવી લેવું અને વિષમ અવસ્થા આવે ત્યારે અમલ કરવો. જ્ઞાન મેળવ્યા બાદ જેને વિષય, કષાય, ઉલ્લંઠતા,અવિવેક, સ્વચ્છંદતા વધે તો અજ્ઞાન અને મોહ કહેવાય. જ્ઞાનનું કાર્ય એટલે સંસારને પરિમિત કરે. **જ્ઞાનસ્ય ફલં વિરતિઃ** આ લક્ષ્ય રાખી જ્ઞાનમાં સહુ રકત બનો એ જ શુભાભિલાષા.

**શંખેશ્વર પાર્શ્વનાથપ્રભુ અંગે પ્રકાશ.**

અનંતજ્ઞાની પરમાત્માના શાસનને આરાધવાના અનેક ઉપાયો છે. કોઈપણ આરાધના કરતાં દેવગુરૂ પ્રત્યે સમર્પિતભાવ, સંસાર ઉપર તિરસ્કારભાવ, અરૂચિ ઉત્પન્ન થાય તો જ આગળ વધાય. ભકિતયોગ- ક્રિયાયોગ બે માર્ગમાંથી કોને સ્થાન આપવું? ક્રિયામાંથી ભકિત આવે, ભકિતમાંથી ક્રિયા આવે. જેને જેવી રૂચિ હોય તે કરે. જ્ઞાનવાળાને જ્ઞાનની રૂચિ તપવાળાને તપની રૂચિ પણ બધાનું ફળ શું? તપ કરે તેને તપના અંતરાય તૂટે, જ્ઞાન ભણે તેને જ્ઞાનના તૂટે. તપનો પ્રભાવ જૈનશાસનમાં જ છે. કયાંય પણ જોઈ આવો આઠ વર્ષનો બાળક અઠ્ઠાઈ કરે? તપનો આ પ્રભાવ છે તેનું શું કારણ? તપમાં એક શકિત છે. આઠે કર્મોનો નાશ તપથી થાય. તપમાં બીજી શકિત છે, દેહનું દમન, સ્વાર્થનો નાશ કષાયનો નાશ, પાપનો પક્ષપાત તૂટે, ઈન્દ્રિયોને જય થાય. તપ કરનારને કોઈ પ્રત્યે દુર્ભાવ ન રહે, ક્ષમા કરી દે. તપ કરવાથી મન નમ્ર, સરલ અને આરાધનાને અનુકુલ બને છે. બાહુબલિને બારમહિના તપ કર્યા બાદ અભિમાન ગયું.

તપશ્ચર્યાની શકિત શું? અંદર રહેલા વૈરાનુબંધને તોડી નાખે. અંદર રહેલા અંતરાયો, આશાતના તોડવી હોય તો તે માટે તપ છે. સુંદરીએ સાઠહજાર વર્ષ આંબિલ તપ કર્યો તો દીક્ષાની રજા મળી. તપ માટે શરીરની શકિત અને મનની શકિત પણ જોઈએ. શરીરની શકિત હોય પણ મનની ન હોયતો? એક મરણિયો હજારને ભારે પડે. મન જયારે મજબૂત બને ત્યારે અંતરાયો ઊભા ન રહે. માણસ નિશ્ચય કરીને તપની સાધના કરે તો કાલાંતરે પણ કર્મ તૂટે. દુઃખી આત્માને તપમાં જોડાવાથી અંતરાય તૂટી જાય. બુદ્ધિ વગરના, કષાયવાળા, વિષયલંપટ, શસકત, જ્ઞાની ધ્યાની, જૂનાં કર્મોને તોડવા તપ કરી શકે. તપ બધા માટે સમાન. મહાપર્વના નજીક દિવસો તપ-જપ આરાધના કરવામાં સરળ બને છે.

**શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમ શા માટે?**

લોકને જે કાંઈ હાજર જોઈએ તે અધિષ્ઠાયક દેવ હાજરા હજૂર કરે છે. જે હૃદયમાં જેનો આદરભાવ વધારે હોય તેના આલંબનથી મન વધુ એકાગ્ર બને. પુરિસાદાનીય પાર્શ્વપ્રભુનો વધારે

આદર છે. પ્રભુએ સમતાભાવની સિદ્ધિ પ્રથમ ભવથી કરી. પ્રભુની સમતા દરેક ભવમાં હતી. શાંતિનાથપ્રભુ જીવદયાના બળથી આગળ આવી ગયા. ચોવીશે ભગવાન આદરણીય હોવા છતાં પુરિસાદાનીય પાર્શ્વપ્રભુનો અચિંન્ત્ય પ્રભાવ છે. સમતા એ સત્ત્વથી સાધ્ય છે. સહનશીલતાથી સાધ્ય છે. સાધના એ ઐચ્છિક વસ્તુ છે. માટે એમાં સત્ત્વ ફોરવવાનું નથી. સિંહ અને આનંદ તેમાં આનંદ તે સાધના કરીને આનંદથી મર્યો. સૂર્યકાંતાએ પ્રદેશીરાજાને ઝેર આપીને મારી નાખ્યો પણ સાવધ બની ગયા અને સમતા રાખી...મરણ સાધીને દેવ થયા.. પાર્શ્વનાથ શકિતસંપન્ન અને પુન્યવાન હતા. સાધનાના આધારે સમતાના આધારે પ્રકૃષ્ટ પુન્ય બંધાય.

**સહન કરવાના બે પ્રકાર.**

૧. પરવશતાથી અને ૨. ઈચ્છાથી...

કોઈના તરફથી સહન કરવાનું આવે તે પરવશતા. અને અઠ્ઠમ કરે તે સ્વેચ્છા. પાર્શ્વપ્રભુની સાધના ચિત્તને નિર્મળ કરવા માટે છે. દરેક જીવને કોઈ પ્રકારે અશાંતિ હોય છે. ખાય છે માનભેર પણ અપમાન કોઈનાં સહન થતાં નથી તે અશાંતિ છે. પુદ્ગલ અને માણસ બંને તરફ સમતા જોઈએ. પાર્શ્વપ્રભુની સાધના એટલે મરણાંત કષ્ટ આવે છતે પણ સદ્ગતિ અને મોક્ષ સુધી પહોંચાડશે. ધીરજ અને અડગતા માટે, વિહવલતા ન આવે તે માટે પાર્શ્વનાથનો તપ અને જપ જોઈએ. અઠ્ઠમ એકવાર થાય પણ જાપ રોજ જોઈએ. મંગલમૂહૂર્તે કરેલો જાપ ફળદાથી બને છે. જેમ કાયોત્સર્ગમાં શકિત છે. ક્ષુદ્રઉપદ્રવનો નાશ કરે છે.

ઘેરથી નીકળ્યા અપશુકન થાય તો નવકાર ગણવા. દહેરાસરમાં ચૈત્યવંદન કરીને નીકળવું. સાધ્ય કર્મો હોય તો ખસી જાય. નિષ્ઠુર હોય તો મંગળ વધારે જોઈએ. ભગવાન કર્ત્તવ્યનિષ્ઠ થઈ ગયા, તેમના આલંબનથી આપણામાં સમતાનાં બીજ આવે તપસ્વીની ભકિતથી તપનાં બીજ જ્ઞાનીની ભકિતથી જ્ઞાનનાં બીજ આવે. અઠ્ઠમના પ્રભાવથી નિર્વિઘ્નતા, ધર્મની સામગ્રી મળે. ઉલ્લાસ અને ઉત્સાહ આવે, અંતરાયો તૂટે. સાધનસામગ્રી હોય પણ ઉલ્લાસ ન હોય તો શું થાય? છોકરો સ્કૂલમાં ભણતો હોય એક દાખલો સીધો પડે તો બીજો દાખલો કરતાં ઉલ્લાસ આવે પણ પછી દાખલો કરવાનું છોડી દે તો ઉત્સાહ ન આવે.

**પ્રભાવના કરવાથી ઉત્સાહ વધે.**

પ્રભાવના કરવાથી ઉત્સાહ વધે. સંઘપૂજન હોયતો જ પ્રભાવના કરવાની કે તપ કર્યા બાદ પણ થાય? તપથી આત્માની યોગ્યતા વધે છે. વ્યકિતગત તપસ્વીઓનું પણ પૂજન થઈ શકે છે. કોઈને પણ અંતરાય ટાળવા હોય, વિઘ્ન દૂર કરવાં હોય, ધર્મમાં ઉલ્લાસ પ્રગટાવવો હોય તો શકિતપ્રમાણે અઠ્ઠમ કરવો જ જોઈએ. નરકમાં અનંતીવાર ગયા, ત્યાં પરવશતાથી ભૂખ સહન કરી, ઉપવાસ જેવા દિવસો કાઢ્યા પણ હવે અહીં કોઈ માસક્ષમણ કરવા કહે તો ગમતું નથી, ઘણાને શકિત હોય છતાં મન થતું નથી. કરેંગે યા મરેંગે. કદાચ મરી જાય તો પણ દેવલોકમાં જ જાય. મનની શાંતિથી જાય, મરણ ખાસ તો ન આવે અને આવે તો સદ્ગતિ મળે મૃત્યુંજય તપ કહેવાય. અસમાધિ, દુર્ધ્યાન ન થાય, મૃત્યુનો કાયમી નાશ થાય તે માસખમણનો પ્રભાવ.

માણસ પરવશતાથી આવેલા ઉપદ્રવ-વેદનાને સહન કરે કરોડરજ્જૂ તૂટી ગઈ હોય તો સહન કરીને સૂતો રહે પણ ધર્મ કરવો ન ગમે. ડાહ્યા માણસો શરીર સાથે જ યુદ્ધ કરે. ભગવાનનું શાસન ગુણરત્નાકર છે. અંતરબાહ્ય બધી જ શકિતઓ છે. આત્માની ઉન્નતિ કરવી હોય તો શરીર સામે લડ્યા વિના નહિ ચાલે. અનાદિકાળની અવળી પ્રવૃત્તિમાંથી કયારે અટકશું ? ચોવિહાર છઠ કરી સાત જાત્રા કરનારની ગાડી સીધા પાટે ચઢી છે. તેથી બીજ વવાય છે. અને આરાધનાના માર્ગે વધ્યા જ કરાય બાહ્ય પરિસ્થિતિને ગૌણ કરીને સામે ચઢીને સહન કરીને જો ધર્મ અને તપ કરવામાં આવે તો મેઘકુમારના જીવ હાથીની જેમ મરણાંત કષ્ટ પણ સહન કરવાનું થાય પણ તેનું ફળ કેટલું મહાન? એ શાંતિ- સમાધિ અપૂર્વ પુન્યાનુબંધી પુણ્ય બક્ષે છે.

દાન કરવું કે તપ કરવો? દાનવાળો શીલ, તપ અને ભાવવાળો ન પણ હોય. શીલવાળો અભયદાન પાળનારો હોય અને પાપનો ત્યાગ કરનારો હોય. શીલ પાળનાર દાન દેનારો કહેવાય. તપમાં પાપની નિવૃત્તિ હોવાથી શીયળ પણ પળાય. તેથી તપમાં દાન અને શીયળ બંને આવી જાય. ભાવ આવ્યા વિના દાનાદિ ત્રણ આવતા નથી. તેથી વ્યવહારથી તપ એ વધુ કઠિન છે. તપથી કર્મો વધુ તૂટે છે તેથી તેમાં વધુ પ્રવૃત્તિ કરવી જોઈએ. સાબુ બધા મેલને કાપે, તેમ તપ જુના અને નવાં બધાં જ કર્મોને કાપે. અંતરમાં શાંતિ જોઈતી હોય તેણે અઠ્ઠમ મૌનપણે કરવો જોઈએ. આઠ કલાક મૌનમાં જાપ તો વાંધો નહિ. જાપથી ચિત્તમાં શાંતિનો ધોધ વહેશે. પાતાલકૂવાને ખોદવાથી પાણીની શેરો ફૂટે તેમ તપ સહિત જપ કરવાથી શાંતિની શેરો મળે. સમાધિ મળી જાય પછી બીજું જોઈએ પણ શું ? અઠ્ઠમ કરનારને સો ઉપવાસનું ફળ મળે. તેમાં મૈત્ર્યાદિ ભાવો આવવા જોઈએ તે સિવાય સાચો ધર્મ ફળતો નથી.

બીજા ઉપર કોમળ રહેવાથી, તિરસ્કાર, નિંદા આદિ દોષો ચાલ્યા જાય છે. તેનાથી ધર્મની રૂચિ નાશ પામે છે. બીજાને સહાય કરવાની વૃત્તિ ધર્મના ભાવ જગાડે છે. અઈમુત્તા મુનિ પાત્ર રમાડતાં કેવલજ્ઞાન પામ્યા, પાપનો પસ્તાવો કર્યો, બીજા મુનિ તિરસ્કાર કરતા રહ્યા.

**શ્રીશંખેશ્વરપ્રભુ અંગે વધુ પ્રકાશ.**

ભગવાનની આરાધના કરવા માટે, શાસનની આરાધના કરવા માટે આલંબન કોણ? દાદર ચઢવા માટે દોરડું આલંબન કે પગની શકિત? દોરડું તો ખરૂં પણ પ્રધાન આલંબન પગની શકિત જોઈએ. ભગવાનનું શાસન આરાધવા ત્રણ વસ્તુ છે.

૧. ચતુર્વિધસંઘ. ૨. આગમ. ૩. ભગવાન...

ભગવાનનું સ્થાન પૂરૂં કરવા કોઈ કેવળી પણ સમર્થ નથી. કોઈ તીર્થ સ્થાપી ન શક્યા, અજિતનાથ સુધી પણ ન સ્થપાયું આ તાકાત તીર્થંકરની જ. પણ ભગવાનના વિરહમાં ચતુર્વિધ સંઘ જ મુખ્ય આલંબન કહેવાય. કેવલજ્ઞાની પણ ત્રિપદી આપીને ગણધર સ્થાપી ન શકે. શાસન જેનાથી ચાલે છે. એવા ચૌદપૂર્વની સ્થાપના પણ તીર્થંકર સિવાય તેના ઉપર કોઈ મહોર છાપ મારી શકે નહિ.

લાઈટ એકની એક હોવા છતાં કેવળજ્ઞાનનો પ્રકાશ વધારે છે. તીર્થંકર અને કેવળીનું કેવલજ્ઞાન એક સરખું હોવા છતાં પુન્ય તો તીર્થંકરનું જ વધારે હોય. ગામેગામ તીર્થંકરની મૂર્તિ ભરાવે પણ કેવળીની નહિ જ. ભગવાનનાં કલ્યાણકો ઉજવ્યા બાદ નંદીશ્વરદ્વીપે જાય કેમ? મહોત્સવ કરવા. સ્થાપનાજી પ્રતિમા પાસે જ થાય. અરિહંત ભગવાનની ભકિત મર્યાદિતપણે તીર્થંકર વિચરતા હોય ત્યાં જ થાય પણ અમર્યાદિતપણે કયાં થાય? સ્થાપના તીર્થંકર પાસે જ થાય. ભગવાન પરિમિત, આયુ પરિમિત, છતાં મૂર્તિ શાશ્વત હોય છે. અષાઢી શ્રાવકને ખબર પડી કે મારે શ્રી પાર્શ્વનાથના તીર્થમાં મોક્ષે જવાનું છે, તો તેણે મૂર્તિ ભરાવી. જૈનો જૈન તરીકે ગણાય તેમાં મૂર્તિ મુખ્ય છે. આજે દર્શન પૂજન કરનારા ઘણા છે. ભગવાનની મૂર્તિ દ્વારા આગમ અને ગુરૂનો સંપર્ક સધાય છે. ભગવાનથી ગુરૂનો સંપર્ક મળે અને ગુરૂથી મૂર્તિનો સંપર્ક મળે. વર્તમાનમાં મૂર્તિનો સંપર્ક વધારે હોય. સાક્ષત્ તીર્થંકર થોડા, પ્રત્યક્ષ ગુરૂ થોડા પણ વધારે આલંબન મૂર્તિનું જ....

તમારે ઘેર સંઘને બોલાવો તો આવે નહિતર કોણ આવે? સંઘ મર્યાદિત છે, કયારેક હોય, કયારેક ન હોય. અપેક્ષાએ સંઘનું આલંબન પણ મોટું છે. પણ સંઘ મર્યાદિત છે. સંઘને પણ પૂજય મૂર્તિ જ છે. પણ મૂર્તિને પ્રતિમારૂપે નિર્માણ કરનાર સંઘ છે. પણ તે પરિમિત છે. પ્રતિમા રાતદિવસ જંગલ અને શહેરમાં આલંબનભૂત છે. પ્રતિમાની ભકિતથી પણ જિનનામ નિકાચિત થાય છે. એટલે સંઘનું આલંબન હોય છતાં મૂર્તિનું આલંબન કદી ન છોડાય. આપણે જ મૂર્તિ ભરાવી હોય છતાં આપણે જ આરાધના કરવાની. પ્રતિમા એ સાક્ષાત્ તીર્થંકર સ્વરૂપ છે. જયાં જાઓ ત્યાં પ્રતિમા મળી શકે.

**કઈ કઈ પ્રતિમા શાની બની?**

છાણ માટી અને વેળુના પણ પ્રતિમા બનાવ્યા. તેની પણ પૂજા, ધૂપ, દીપ થાય, ભટેવા, પાર્શ્વનાથ વેળુના છે. લાખો વરસોથી પૂજાય છે.

**પ્રશ્ન.** જે જે રાજાઓએ જંગલમાં મૂર્તિ બનાવી તેની વિધિ કોણે કરી? છતાં પૂજન માન્ય છે?

**ઉત્તર.** જેનું નિર્માણ થાય તેની વિધિ જોઈએ નીચેથી નીકળે ત્યારે વિધિ થયેલી સમજવી. શાશ્વતી મૂર્તિનું શાશ્વતપણું તેજ તેની વિધિ છે.

ભગવાનનું શાસન વિદ્યમાન હોય ત્યારે ય મૂર્તિ વિદ્યમાન હોય, શાસન ન હોય ત્યારે હોય ન હોય, છઠ્ઠા આરામાં નહિ હોય પણ ધરતીમાં હોય, દેવો પણ માને પૂજે શંખેશ્વર એ ભગવાનનું નામ છે. પાર્શ્વનાથ તે પુરિસાદાનીય કહેવાય. શંખેશ્વરની આરાધના તે સ્થાપનાજીની આરાધના છે. ચોવીશે ભગવાન ભીડભંજન પાર્શ્વ જેવા જ છે, ભીડ ભાંજનારા જ છે છતાં ભીડભંજન પાર્શ્વ તે તેમના નામપૂર્વકની સ્થાપના છે. પાર્શ્વપ્રભુની યાદગિરિમાં શંખેશ્વર પાશ્વનાથ છે, મૂર્તિએ ભગવાન કરતાં વધુ પૂજાય છે. મૂર્તિ વધારે તારે છે. ઋષભદેવ વિચરતા ભગવાનને માનનાર અને પૂજનાર પરિમિત સંખ્યાવાળા કહેવાય.

શંખેશ્વર મૂર્તિને પૂજનારા અસંખ્ય જીવો છે, ઈન્દ્રો પણ વિદ્યમાન ભગવાનને થોડા કાળ પૂજે પણ મૂર્તિને તો ઘણા ટાઈમ પૂજે અપેક્ષાએ મૂર્તિ ચઢી જાય મૂર્તિની આરાધનાથી આજ્ઞાની આરાધના થાય. બાપને પગે લાગનારને બાપ પ્રત્યેનો સમર્પણભાવ છે. ભગવાનની મૂર્તિની પૂજા કરવાથી

ભાવમાં વધારો થાય. બે ફોટા હોય તો બાપાના ફોટાને નમે, કાકાના ફોટાને ન નમે. આપણા હૃદયમાં સમર્પિતભાવ હોવાથી પૂજીએ છીએ. ભગવાનની મૂર્તિની પૂજા કરનારને જિનશાસનના યોગ પ્રત્યે, આરાધના પ્રત્યે, આરાધનાના સદ્ભાવ મળે. જિનદર્શન પૂજન જે કરે તેને આરાધનાના બધા જ યોગો મળે. અને સાથે યોગ્યતા પ્રગટે સ્તવન-નમન, પૂજન, વંદન, કીર્તન અર્ચન તપ અને જપમાં આજ્ઞાપાલન કરવાની શકિત આવે. આરાધનાના યોગોના અંતરાય તૂટે. આજ્ઞાનું પ્રાધાન્ય અને યોગોની યોગ્યતા આવે. આ બધું મૂર્તિના પ્રભાવે આવે. જેને મૂર્તિ પ્રત્યે અહોભાવ નથી તેના માટે ધર્મના દરવાજા બંધ છે.

શાસ્ત્ર એ જ્ઞાન છે. આત્માનો સ્વભાવ છે. સ્થાપના જ્ઞાન છે. આ સ્થાપના જ્ઞાન આપે તો આ આ સ્થાપના મૂર્તિ ભાવમંગલ છે. આપણાં વિઘ્નોને દૂર કરે છે. ભગવાનની મૂર્તિ જયાં બિરાજમાન હોય ત્યાં દુષ્ટ દેવતાઓના ઉપદ્રવ શાંત થઈ જાય. તેમને શાંતિ થઈ જાય, ન્હવણજળથી વિઘ્નો પણ દૂર થઈ જાય. ભગવાનની મૂર્તિ બધા ગુણોને વિકસાવનાર છે. આપણા હૃદયમાં ધ્યાન ઉત્પન્ન કરવાનું છે. તે ધ્યાન બધી લબ્ધિઓને ઉત્પન્ન કરે છે.

ભગવાનની મૂર્તિનું આલંબન બાળજીવોને હૃદયમાં સ્થાપિત કરવાનું સાધન છે. ભગવાનના ફોટા સામે ઘરમાં પણ ધ્યાન ધરાય. ધ્યાન-સ્મરણ કરાય. ત્રણ નવકારથી સ્થાપન કરાય. મૂર્તિ ન રાખે તે ફોટા વસાવી પણ ધ્યાન કરે. નામસ્મરણની જરૂર કોને? ભગવાન મૂર્તિરૂપે હોય તો નામરૂપે પાકા થાય. છોકરો ન જન્મે ત્યાં સુધી નામ પડાતું નથી, આદિનાથ નામ લઈએ તો સિદ્ધગિરિ યાદ આવે. શંખેશ્વર દાદા ખુદ આપણી આરાધનાની વૃત્તિઓ પૂરી કરે છે.

**પ્રશ્ન.** અધિષ્ઠાયકો વાંછિત પૂરા કરે?

**ઉત્તર.** પાવર હાઉસથી લાઈટ થાય કે સ્વીચથી? પાવર.. અધિષ્ઠાયકોને પૂજવાથી જો મળી જતું હોય તો કોઈ દુઃખી ન રહે. દેવતા કોને સુખી કરે? પુન્યવાનને જ સુખી કરે પણ પુન્યને ઉત્પન્ન કરાવનાર કોણ? ભગવાન જ સર્વ પુન્યના ઉત્પન્નકર્તા છે. ભગવાનની બાહ્ય ઉપાસનાથી પુન્ય બંધાય. ભકિત એ આત્માની શુદ્ધિ કરીને મોક્ષે પહોંચાડે છે. શંખેશ્વરનું ધ્યાન ધરીએ, ભકિત, ત્યાગ, તપથી અંતરાય તૂટે અને કાર્યની સિદ્ધિ થાય છે. અને તે સિદ્ધિ ભગવાનની બાહ્ય ઉપાસના, આરાધનામાં છે. ભગવાન આપે કે ન આપે પણ ભગવાન પ્રત્યેનો ભાવ જ આપણને આપે છે. મુખ્ય ભાવ પ્રધાન બને છે. પ્રભુની ઉપાસના શું આપે? પરમાત્મ બનવાની યોગ્યતા આપે. માટીમાં ભીનાશ હોય તો બધું તેમાંથી બને તેમ ભગવાનના આલંબનથી યોગ્યતા પ્રગટે છે. આલંબન ન લઈએ તો યોગ્યતા નાશ પામે છે.

**પ્રશ્ન.** ભગવાન તો બધું જ જાણે છે, તો કહેવાની શું જરૂર?

**ઉત્તર.** સંપૂર્ણ કેવલજ્ઞાની પણ બોલાવ્યા વિના પ્રાયશ્ચિત્ત આપતા નથી, નાનો માણસ મોટા આગળ ૧ હાથ અતડાઈ કરે તો મોટા ૩ા હાથ દૂર રહે. જીવતા બાપને પૂજતા નથી તો ફોટાને કોણ માને? ગુરૂ જીવતા હોય તો શિષ્ય આજ્ઞા લઈને કામ કરે ભગવાનની પાસે પણ અંતર ખોલી વાત કરવી જોઈએ. ત્રણ દિવસ શાસ્ત્રીય આજ્ઞા મુજબ જાપમાં રહેવું, શકિત હોય તો મૌન કરવાનું. ૨૦ કલાક જાપ કરવો ઊંઘ ચાર કલાક લો તો ચાલે. પરમાત્માના પ્રભાવે ઊંઘ ન આવે સ્થાપના

પ્રભુજી પાસે વ્યાક્ષેપ વિના જપ કરવો. તપ ગૌણ થાય, દેહનું દમન થાય, જપની મુખ્યતા થાય. પ્રતિષ્ઠાનો આટલો ખર્ચો મંદિરમાં પ્રભુજીને પધરાવી પછી હૃદયમંદિરમાં પધરાવવા માટે છે.

નેમિનાથપ્રભુએ શંખેશ્વરમૂર્તિ મંગાવી, ન્હવણ કરાવી જરા દૂર કરાવી. ધ્યાન, જપ, ઉપાસનાથી વિઘ્નો દૂર થાય. ખુદ ભગવાનના ચરણનો સ્પર્શ કરત તો પણ જરા દૂર ભાગી જાત પણ ભગવાને ન્હવણનું મહત્ત્વ કર્યું, પોતાની પાસે શકિત હોવા છતાં ગૌરવ વધારવા પ્રયત્ન કર્યો. ત્રણ દિવસ પોતે જ ચોકી-પહેરો ભર્યો, શા માટે? ઈન્દ્રે ત્રણ દિવસ રથ ભમાવ્યો, લશ્કરમાં સૈન્ય જેવો દેખાવ કર્યો, બધો જ વ્યવહાર ભગવાને કર્યો. બાહ્ય પરિસ્થિતિ ઉપરથી લોકોને જલ્દી ખ્યાલ આવે છે. બાહ્ય રક્ષણ કરવા ભગવાને આ બધો દેખાવ કર્યો છે. શંખેશ્વરની મૂર્તિ શા માટે લાવી? ભગવાનની આરાધનાથી શુદ્ધિ પામે, સદગતિમાં જાય, સમકિત પામે. રોગનો ઉપદ્રવ નિમિત્ત છે. બાકી રક્ષણ નિમિત્તે આવેલી મૂર્તિ આલંબનરૂપ બની છે.

નવકાર ગણતાં ગણતાં રોગ જતો રહે પણ શ્રદ્ધાથી ગણાયેલો નવકાર જીંદગી સુધી, ભવોભવ સુધી પકડાઈ જાય. આપત્તિ નિવારણ માટે પકડેલો ધર્મ પછી પણ ભવોભવ સુધી પકડાયેલો રહેશે. શંખેશ્વરપ્રભુની સાધના તે આપત્તિ નિવારણ માટે જ નહિ પણ ધર્મમાં સ્થિરતા કરવા માટે કરવાની છે. શંખેશ્વરની સાધના સમતાને સ્થિર કરવા માટેની છે. શંખેશ્વરની સાધના સમાધિને પ્રાપ્ત કરવા માટે કરવાની છે. **સમતાકી દો બુંદ મુઝે ભી દો** વીતરાગ મહાન. સુખ-દુખમેં સમચિત્ત રહું મૈં, ઓ મેરે ભગવાન. સમતારસકો પાકર યહ મેરા મનવા, કહીં લલચાયેના..

# આસોવદ ચૌદશ.

## ઉત્તરાધ્યયનનાં ૧૮ અધ્યયન

### संजोगा विप्पमुक्कस्स, अणगारस्स भिक्खुणो

શ્રમણ ભગવાન મહાવીરે અંતિમ ચોમાસું પાવાપુરીમાં કર્યું. તેઓ કેવલી હતા તેથી તેમને આયુષ્યની ખબર હતી તેથી લગાતાર સોળપ્રહર દેશના આપી. છેલ્લે ઉત્તરાધ્યયન સૂત્રની ૩૬ અધ્યયનની દેશના આપી તેમાં વિનય અધ્યયન પહેલું છે. ચતુર્વિધ સંઘ બેઠો છે. પણ મુખ્ય શાસન સાધુ-સાધ્વીથી ચાલશે તેથી પ્રભુએ વિનય નામનું પહેલું અધ્યયન બતાવ્યું છે.

**૧. વિનય :** વિનય વિના કોઈ આરાધના ફલવતી બનતી નથી. શિષ્યે ગુરૂનો કેવો વિનય કરવો? કેવી રીતે ચાલવું? કેવી રીતે બેસવું? વિગેરે વાતો બતાવી છે. અને આ રીતે વિનયવાન આત્મા સંસારથી કેવી રીતે મુક્ત બને છે, કેવું પાલન કરે છે, તે રીત બતાવી છે.

**વિનયમૂલો ધમ્મો :** ચારિત્રધર્મનું નિરતિચાર પાલન વિનયથી થાય છે. તપ કદાચ ઓછો હોય તો પણ વિનયથી સંસાર તરી જાય છે. ગુરૂને સમર્પિત થવાથી ગુરૂ જ તેને ઊંચે ચઢાવી પાર કરે છે.

**પંથગ અને શેલગનું દૃષ્ટાંતઃ**

પંથગજીનો વિનય અદભૂત હતો. ગુરૂ બિમાર હતા, બધા સાધુઓ છોડીને જવા છતાં તેઓ ગુરૂ આગળ રહ્યા. પરિસહ સહન કરે તે જ વિનય કરી શકે.. ચોમાસી ચૌદશ આવી ગુરૂને ખામણાં કરવા જતાં ગુરૂ જાગૃત થયા...અને આરાધના કરીને સિદ્ધક્ષેત્ર પર સિદ્ધિ પામ્યા.

**૨. પરિસહ સહન :** સમતાભાવથી જે સહન કરે તે જ વિનય કરી શકે છે. ગુરૂમહારાજના કડવા શબ્દો પણ પ્રેમથી સહન કરવા જોઈએ.. હસતાં કષ્ટો સહન કરવાં જોઈએ તે માટે જ્ઞાન અધ્યયન છે.

**૩. જ્ઞાનાધ્યયન :** મનુષ્યજન્મમાં જ્ઞાન-શ્રુતશ્રવણ અતિદુર્લભ છે. माणुसत्तं, सुइ, सद्धा, संजमं तह विरियं. કષ્ટની સામે જો આર્ત્તધ્યાન આવી ગયું, દીનતા આવી ગઈ તો સાધુજીવન હારી જવાશે.

**૪. મનુષ્યજીવનની ક્ષણભંગુરતા :** પાંદડા ઉપર પડેલું ઝાકળનું બિંદુ જેમ પવન આવતાં નષ્ટ થાય તેમ કાળરાજાની ઝાપટ આવતાં જીવન સમાપ્ત થઈ જાય. તેવું આ જીવન ક્ષણભંગુર છે. અનેકોને આ રીતે મરતાં જોઈને જીવનનો વિચાર કરવો જોઈએ. (સમયં ગોયમ મા પમાયએ) કાલે હું ધર્મ કરીશ, પણ આ કાળ જીવને ઊઠાડીને લઈ જશે.

**૫. મૃત્યુને બગાડનાર તત્ત્વ અને સુધારનાર તત્ત્વ :**

જયાં સુધી મૃત્યુ આવે નહિ ત્યાં સુધી, મૃત્યુને સુધારનાર પ્રવૃત્તિ કરવાથી મૃત્યુ સુધરે અને તે માટે જીવન સારૂં જીવો.

**૬. જીવનને બગાડનાર બે તત્ત્વ, અજ્ઞાન અને અસદાચાર :**

આત્મા, પરલોક અને પરમાત્માનો બરાબર વિચાર કરવાથી, તેમજ સમ્યગ્જ્ઞાનથી અને સદાચારથી જીવન સુધરે છે. અને એ માટે ખાસ જ્ઞાન મેળવવું જોઈએ. હિતકર શું? અહિતકર શું? આ જણાય છે.

**૭. ગાય અને વાછરડાનું દૃષ્ટાંત.. એલક અધ્યયન :**

જે સારકખાયા સે તયકખાયા, જે તયકખાયા સે સારકખાયા

જે માલ ખાય છે, તે માર ખાય છે, લાડવા, ભજીયાં ખાય. તે પણ માલ ખાવાથી જે બચે તે માર ન ખાય. જે સંસારનાં સુખો ભોગવે છે, તે પાપના ઉદયે કેવાં કર્મો ભોગવે તે આ અધ્યયનમાં બતાવે છે. માટે મનુષ્યજીવન ભોગ માટે નથી પણ ત્યાગ માટે છે. જે સ્વેચ્છાથી સહન કરે છે તે પુણ્યાનુબંધી પુણ્ય ઉત્પન્ન કરે છે. તૃષ્ણામાં ફસાયેલો માનવી કાંઈ પણ ધર્મારાધના કરી શકતો નથી...

**૮. તૃષ્ણા.. કપિલ કેવળીનું દૃષ્ટાંત :**

જ્ઞાની મોહવશ કદાચ પડી જાય પણ જ્ઞાન તેને પાછું રસ્તા ઊપર લાવી દે છે. લોભ તૃષ્ણાનો કાંઈ અંત નથી આ રીતે રાજય સુધી માંગવાના વિચારમાં આવતાં જ કપિલકેવળી એકત્વભાવનાથી તરી ગયા. લોભનો ત્યાગ કરવો, સંતોષમાં સુખ છે, આ રીતે સાધુ-સાધ્વીને આઠમા અધ્યયનમાં પ્રભુમહાવીરે ઉપદેશ આપ્યો છે. ઈચ્છાઓ આગાસસમા..

**૯. નમિરાજર્ષિનું દૃષ્ટાંત શરીરની અનિત્યતાઃ**

અનેક હોવાથી ટકરાય છે, એકમાં શાંતિ છે, અને આ રીતે નમિરાજા વૈરાગ્ય પામી દીક્ષા લઈ લે છે. જેને વૈરાગ્ય આવ્યો તેને કોઈ રોકનાર નથી. નમિરાજા જ્ઞાનના માર્ગે બરાબર દૃઢ હતા.

ઈન્દ્રે પરિક્ષા કરી ત્યારે ઉત્તર આપ્યો, મિહિલાએ ડજઝમાણીએ ન મે ડજઝઈ કિંચિવિ... નમિરાજર્ષિને શરીર ઉપરથી વૈરાગ્ય થયો.

**૧૦. દ્રુમપત્રિકા અધ્યયનઃ**

શરીર સ્વસ્થ છે ત્યાં સુધી જ ધર્મ સારી રીતે થઈ શકે જીંદગીની ક્ષણભંગુરતા બતાવે છે. અશાતા વેદનીયનો ઉદય જાગે તો સૂતેલો માનવી ઊઠતાં માંદો થઈને જાગે છે. આ કાળમાં તો રોગોની બહુલતા છે.

**૧૧. બહુશ્રુત અધ્યયનઃ**

વિશિષ્ટજ્ઞાની બનવા બહુશ્રુત પાસે જ્ઞાન મેળવો. જોરદાર પુરૂષાર્થ કરો, જેટલો પુરૂષાર્થ પૈસા મેળવવા કરો તેટલાથી અર્ધો પુરૂષાર્થ જ્ઞાન મેળવવા કરો તો પણ જીવન સફળ છે. જ્ઞાની બનવું ઘણું જરૂરી છે. ઉપદેશ સાંભળવા માત્રથી જ્ઞાની નથી બની શકાતું પરિશ્રમ કરો, વાંચો, વિશેષ ભણો. એક વ્યકિત ૩૬ કલાક ખાધા પીધા વિના જે કર્મ ખપાવે તેના કરતાં જ્ઞાની શ્વાસોશ્વાસમાં ખપાવે. ૩૬ કલાક મજૂરી કરીને જે મેળવે તેના કરતાં જ્ઞાની વધુ કર્મો ખપાવે. જ્ઞાની બનવાથી વિપુલ-માત્રામાં કર્મોની નિર્જરા કરી શકે છે.

**૧૨. ભાવયજ્ઞ-જ્ઞાની પુરૂષ ભાવયજ્ઞ કરે છે હરિકેશી અધ્યયનઃ**

જ્ઞાન એ અગ્નિ છે. તે અગ્નિમાં કર્મ ઈંધન નાખો અને ધ્યાનરૂપી ઘી નાંખો, જે સાધુ જ્ઞાનધ્યાનમાં મગ્ન નથી થતા તે યજ્ઞ નથી કરી શકતા.

**૧૩. ચિત્તસંભૂઈ અધ્યયન તેમાં ભાવયજ્ઞ ન કરનાર મુનિની કેવી દશા થાય છે તે બતાવેલ છેઃ**

આગનો એક કણિયો કપાસના ગંજને બાળી નાંખવા સમર્થ છે તેમ અશુભના એક કણિયાએ સંભૂતિનું સાધુજીવન બાળી દીધું (સનતકુમારની સ્રીરત્નનો કેશનો સ્પર્શ તે દૃષ્ટાંત.) બ્રહ્મદત્ત ચક્રવર્તી બને છે. માંગીને જે સુખ મેળવેલું હોય તે ભોગવ્યા વિના છૂટકો નથી.

**૧૪. ઈષુકારીય અધ્યયનઃ** ભરપૂર વૈરાગ્યથી યુક્ત વ્યકિતએ દીક્ષા લીધી.

**૧૫. ભિક્ખૂઅધ્યયનઃ** સાધુ કેવા થવું તે પૂર્ણ સામાચારી.

**૧૬. બ્રહ્મચર્ય પાલન અધ્યયનઃ** કેવી રીતે પાલન કરવું તે.

**૧૭. પાપશ્રમણ અધ્યયનઃ** શું કરવાથી પાપી બને તે..

**૧૮. રાજાઓનાં અધ્યયનઃ** રાજાઓએ સંસાર ત્યાગ કર્યો તે હળુકર્મી આત્માઓને આ અધ્યયન સાંભળવાથી જરૂર વૈરાગ્ય થાય છે..

**વિષય ઉત્તરાધ્યયન**

દિવાળી આસોવદ અમાસ સોલાપુરનગરે ૨૦૪૨ સાલેઃ

મગધદેશની **અપાપાનગરી હસ્તિપાલરાજાની** સભામાં દેશના આપતાં ભગવાન નિર્વાણ પામ્યા. સર્વકર્મ દુઃખથી મુકત થયા. અંતિમ ઉપદેશમાં સંપૂર્ણ સાર આપી દીધો. લગભગ ૩૬ અધ્યયનમાં ઘણું ઘણું આપી દીધું. બીજા વિષયો મળતા નથી પણ જે છે તે ઘણું રહ્યું છે આપણા ભાગ્યથી.

**૧૯. મૃગાપુત્ર ૩૨ સ્ત્રીઓનો પતિઃ**

ભાગવતી દીક્ષા માટે અનુમતિ માંગે છે, ભગવાન મહાવીરે માતા અને પુત્રનો સંવાદ રોમાંચક વર્ણવ્યો છે. છેવટે માતા રજા આપે છે, મૃગાપુત્ર દીક્ષા લે છે અને પછી કેવો આચાર પાળે છે તે સર્વ આપેલ છે.

**૨૦. અનાથી મુનિનું દૃષ્ટાંત શ્રેણિકને પ્રતિબોધઃ**

અશરણ એવા આ સંસારમાં કોઈ કોઈનું નથી. સ્વજનાદિ, પૈસો, પરિવાર હોવા છતાં શરીરના રોગથી વૈરાગ્ય પામી દીક્ષા લઈને સનાથ બન્યા. અને જંગલમાં આવેલા શ્રેણિકને પ્રતિબોધ આપ્યો.

**૨૧. સમુદ્રપાલ શ્રેષ્ઠિનું દૃષ્ટાંતઃ**

મુનિરાજનો સંયોગ અને શેઠની દીક્ષા મોક્ષપ્રાપ્તિનો વિશુદ્ધ માર્ગ આ અધ્યયનમાં છે.

**૨૨. રહનેમિનું દૃષ્ટાંતઃ**

રાજીમતીનું સત્ત્વ અને રહનેમિની લજ્જા આ બે વાતો આમાં મુખ્ય આપી છે. મીઠાં વચનોથી ન માન્યોતો કડક શબ્દોમાં અગંધનકુલના નાગનું દૃષ્ટાંત આપીને પણ સમજાવે છે. અને તેણે પણ બલાત્કાર ન કર્યો અને સમજાવટથી કામ થયું, રહનેમિની પણ ખાનદાની નજરે પડે છે. રાજુલનો ઉપકાર માને છે વિગેરે વાતો બતાવી છે.

**૨૩. કેશીગણધર અને ગૌતમસ્વામિનો સંવાદઃ**

જેમાં બિલકુલ વાદવિવાદ નહિ પણ પ્રેમપૂર્ણ સંવાદ છે. શ્રાવસ્તી નગરીમાં તિંદુકવનમાં કેશી ગણધર હતા, કોષ્ટુક વનમાં ગૌતમગણધર હતા.

**૨૪. અષ્ટપ્રવચનમાતા...નું વર્ણન છેઃ**

સંસારમાં મા વિના ચાલે નહિ તેમ સાધુને આ આઠમાતા વિના ન ચાલે.

**૨૫. કઃ માહણઃ**

તે વખતે પ્રભુના ગણધરો બ્રાહ્મણ હતા, વણિક ન હતા, બ્રાહ્મણવર્ગ વધારે હતો. જયઘોષમુનિનો વિજયઘોષ સાથે થયેલ વાર્તાલાપ છે.

૨૬. સવારથી માંડીને સાંજ સુધીની દીનચર્યા બતાવી છે.

૨૭. ગર્ગાચાર્યના શિષ્યો આળસુ હતા, બળદગળિયા હોય તે ઉપરનું વિવેચન.

૨૮. સમયગ્જ્ઞાનાદિની, મોક્ષમાર્ગની, દ્રવ્ય-ગુણ-પર્યાયની, ત્રિપદી તથા ષડ્દ્રવ્યનું આમાં વર્ણન છે.

૨૯. સમયગ્દર્શન અંગેની પ્રશ્નોત્તરી છે, તેમજ સમ્યક્ત્વ પરાક્રમ નામ છે.

૩૦. તપસ્વરૂપ અધ્યયન, છ બાહ્ય, છ અભ્યંતર તપનું વર્ણન છે.

૩૧. ચારિત્રધર્મનો સંક્ષેપવિધિ પ્રમાદ શત્રુ છે તે ઉપરનું વિવેચન.

૩૨. પાંચ પ્રકારના પ્રમાદ મજ્જં વિષય કષાયા, નિદા વિકહાય પંચહા ભણિઆ એ એ પંચ પમાયા, જીવં પાડંતિ સંસારે.

૩૩. કર્મનાભેદ, અવાંતરભેદ, કર્મ ઉપર વિજય.

૩૪. છ લેશ્યાથી કર્મબંધ જાંબુવૃક્ષનું દષ્ટાંત.

૩૫. સાધુઓના આચાર અંગે દઢપાલનની સૂચના.

૩૬. આત્માનું મૂળસ્વરૂપ, જડ અને જીવનું વિભાગીકરણ આ રીતે પુણ્ય અને પાપની સમજણ આપે તેવાં ૩૬ અધ્યયનો અને અંતે મરૂદેવાઅધ્યયન બોલતાં પ્રભુ મોક્ષે સીધાવ્યા. રસ્તામાં આવતાં ગૌતમને કેવલજ્ઞાન અને આ રીતે **નૂતનવર્ષારંભ ગૌતમસ્વામિના મહોત્સવથી શરૂ થાય છે.**

**દિવાળી** માટેની **ચારભાવના** ભાવવા યોગ્ય છે. લોકમાં જેમ મીઠાઈ ખાઈને મોં મીઠું કરે, દીવા કરે રંગોળી કરે, અને કચરો સાફ કરે. અજ્ઞાની લોકો ફટાકડા ફોડીને આનંદ માને, ત્યારે એમાં પણ મહાપુરૂષોએ આપણા જીવનમાં કેવી રીતે બધું ઉતારી શકાય તે આ ભાવ જાણવા જેવા છે.

**માધ્યસ્થભાવના - કેવી રીતે દિવાળી અંગે વિચારવી ?**

દિવાળી, બેસતું વર્ષ આવ્યા પહેલાં લોકો ઘરને સાફ કરે, અને પોતાના ઘરનો કચરો બહાર ફેંકે, બીજાના ઘર તરફ કોઈ ધ્યાન નથી દેતું, તેવી રીતે આપણે પણ આપણા આત્મામાં રહેલા દુર્ગુણ સ્વરૂપ ક્રોધાદિને બહાર કાઢી નાખવા જેથી જીવન શુદ્ધ થઈ જાય, એના દ્વારા **માધ્યસ્થભાવના** દઢ થાય.

પછી દરરોજ રંગોળી કરે, સાચી રંગોળી જીવો પ્રત્યેની અંતરની કરૂણા રાખવી તે છે. એટલે જીવો પ્રત્યે જેટલી કરૂણા વધારે તેટલી અંતરંગ રંગોળી ઉત્તમ કહેવાય. આ **કરૂણાભાવના છે.**

દિવાળીના દીવા કરાય છે, તેથી પ્રકાશ થતાં આનંદ થાય છે, તે પ્રમોદભાવનાનું પ્રતીક છે. બીજાના જીવનમાં થોડો પણ ગુણ પ્રગટેલો જોઈને આનંદિત થવું તે **પ્રમોદભાવના** છે.

અને મીઠાઈથી મોઢું મીઠું કરવું, એટલે સર્વ સાથે મૈત્રીભાવના કેળવવી. જેની પ્રત્યે મૈત્રીભાવ હશે તેના માટે આ મુખેથી ખરાબ, આડું-અવળું નહિ બોલાય. સારૂં અને હિતકર મિત - પથ્ય જ બોલાશે. આને **મૈત્રીભાવના** કહેવાય.

આ જીવ અજ્ઞાનતાના કારણે ફટાકડા ફોડીને આનંદ માને છે. પણ હકીકતમાં તો પાપરૂપી ફટાકડા પરોપકાર ભાવનાથી ફોડાય તો કર્મબંધના બદલે પુન્યબંધનું કારણ બની જાય.

**બેસતા વર્ષે માંગલિક વસ્તુની માગણી**

(૧) ગૌતમસ્વામી જેવો વિનય મળજો.

(૨) શાલિભદ્ર જેવો પરમાત્મા પ્રત્યેનો સમર્પિત ભાવ મળજો.

(૩) અભયકુમાર જેવી સાચી સમજણ મળજો.

એના દ્વારા આત્માનું સાચું ઉત્થાન મળજો. આવી ભાવનાથી ભાવિત થઈને નૂતનવર્ષમાં નૂતન ગુણો મેળવીને ગુણીયલ બની આત્મોત્થાનમાં આગળ વધીએ એજ ઉજ્જ્વલ વર્ષની ઉજ્જ્વલ કામના.

# પર્યુષણ પર્વ અંગેનું વ્યાખ્યાન

## વૈર ઊભાં થવાનાં પાંચ કારણ

પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વ પધારી રહ્યાં છે, ધર્મી, અધર્મી સહુ એકવાર જાગી જશે, અને પર્વાધિરાજનું સ્વાગત કરશે. સમગ્ર જૈનશાસનનો મૂલાધાર પર્યુષણાપર્વ છે. પર્વપર્યુષણનો મૂલાધાર મૈત્રી છે. વર્ષ દરમ્યાન અચૂકપણે આવી જતું, આ પર્વ કહે છે કે, પ્લીઝ, કોઈને શત્રુ ન બનાવશો, જગતના જીવ માત્રને મિત્ર બનાવજો, એક નાના કુંથુઆ જીવ પ્રત્યે પણ શત્રુભાવ ધારણ ન કરશો. કોઈ સાથે ક્યારેય વૈરભાવ ઊભો ન કરશો. આ છે પર્વાધિરાજનું મહાન રહસ્ય.

આજે માણસો પર્યુષણની આરાધના કરશે, સંવત્સરી પ્રતિક્રમણ કરશે, મિચ્છામિ દુક્કડં કરશે, પણ જીવો સાથે વૈર બાંધવાનું ચાલુ ને ચાલુ રાખશે. માણસો આજે ઝેરી જંતુનાશક દવાઓ વાપરવા લાગ્યા છે. સંડાસમાં વાંદાને મારે છે, રસોડામાં કંસારીને મારે છે, આ ક્ષુદ્ર જંતુઓ પર થતું આક્રમણ પણ વૈરભાવ ઊભો કરાવે છે. દવા છાંટનારને એમ લાગે છે કે, મેં દવા છાંટીને તે ચૂપચાપ મરી ગયા, પણ હકીકતમાં તેવું નથી.

મરતાં મરતાં તે લાખો નિસાસા નાખીને મર્યા છે. આ ભવમાંથી તો તે ક્ષુદ્ર જંતુઓ વિદાય થઈ ગયા છે પણ વૈરભાવ લઈને વિદાય થયા છે. પરભવમાં ફરી પાછો ક્યાંય દવા છાંટનારનો ભેટો થશે અને તે લોકો સાપ, સિંહ, વાઘ કે વરૂ જેવા અવતારો ધારણ કરીને ફરી પાછું વૈર લેવાના. તે વેળાએ મરનારો જીવ મણ વૈરભાવ સાથે મરવાનો. એટલે એ પણ પેલા મારનારા પ્રાણી પાસેથી ભવાંતરમાં વૈર વસુલ કરવાનો. આમને આમ વૈરની ઘટમાળ ચાલ્યા કરવાની. પરસ્પર હુમલા થતા રહેવાના અને વૈર વધતું રહેવાનું. જીવો સંસારમાં ને સંસારમાં ખદબદતા રહેવાના. પરસ્પરના વૈરીઓ ક્યાં કેવા આકસ્મિક રીતે ભેગા થઈ જતા હોય છે, તેનો એક પ્રસંગ છે.

# એક પ્રસંગ - વૈરનો

એક યુવાન હીરોહોન્ડા સ્કુટર લાવેલો. તદન નવું અને પહેલવહેલું સ્કુટર હાથમાં આવતાં યુવાનના હર્ષનો પાર ન હતો. નવા સ્કુટરના સ્પેરપાર્ટ જરા બરાબર ફીટ થઈ જાય તે માટે એ યુવાન સ્કુટર લઈને જરા રોડ પર આંટો મારવા નીકળ્યો. ગામમાંથી બહાર નીકળ્યા બાદ વનવગડામાંથી પસાર થતાં તેને સંડાસની હાજત થઈ. રોડથી થોડે દૂર પાણીનું ખાબોચિયું નજરે જોતાં તેણે એક ઝાડ નીચે સ્કુટર થોભાવ્યું, પોતે રોડથી થોડે દૂર લેટરીન ગયો, તે દરમ્યાન એક સમડી પોતાના મોઢામાં સાપને લઈને ઊડી રહી હતી. સાપના વજનના કારણે સમડીની ચાંચની પકડ જરાક ઢીલી પડી અને પેલો સાપ જીવતો ને જીવતો નીચે લેટરીન બેઠેલા પેલા યુવકની પીઠ પર પછડાયો. પડતાંની સાથે જ તેમે ફેણ ચઢાવી અને પેલા યુવકની ગરદન પર ડંખ મારી દીધો.

યુવક ત્યાં ને ત્યાં ઢળી પડ્યો. સ્કુટર ઝાડ નીચે વા ખાતું રહ્યું અને આ યુવક પરલોકની વાટે ચાલી નીકળ્યો. મુખમાંથી જેનો ભક્ષ છૂટી ગયો છે, એવી સમડી આકાશમાં ચક્કરો મારી રહી હતી, નીચે પડેલો સાપ પોતાની સલામતી માટે ક્યાંક જગ્યા શોધતો હતો, એટલામાં ઉપરથી પેલી સમડી ઊતરી આવી અને ફરી પાછો સાપને સજ્જડ રીતે ચાંચમાં પકડીને આકાશમાં ઊડ્ડયન આરંભી દીધું. આ છે પૂર્વભવીય વૈરના અનુબંધો. કોઈપણ જીવ સાથે બંધાયેલું વૈર કદાપિ ફોગટ જતું નથી. એ કોઈને કોઈ રીતે વસુલ થઈને જ રહે છે.

**સામાન્યથી વૈર ઊભું થવાનાં પાંચ કારણો છે.**

**૧. પ્રથમ કારણ સ્ત્રી :** ભૂતકાળમાં રાજાઓ સ્ત્રીઓ માટે યુદ્ધે ચઢતા હતા. એકબીજાની રાણીઓને, કન્યાઓને ઊઠાવી જતા અને વૈરભાવ ઉત્પન્ન થતો. આજે પણ પોતાની સ્ત્રી સાથે આડા સંબંધો ધરાવતા માણસોની હત્યા કરી નાખવા સુધીના પ્રસંગો પણ બને છે. કોલેજમાં એક યુવક સાથે ફ્રેન્ડશીપ રાખતી કન્યા સાથેનો સંબંધ બીજા યુવકના સંબંધો ચાલુ થાય ત્યારે ભારે તોફાનો ફાટી નીકળતા હોય છે. દૃષ્ટાંત સીતાસતી - દ્રૌપદી, વનમાલા આદિ આપવાં.

**૨. કારણ - સ્થાવર, - જંગમ મિલ્કત :** એકબીજાની જગ્યા પચાવી પાડવા બદલ એક બીજાના દાગીના વગેરે દબાવી દેવા બદલ પણ યુદ્ધો થયાં છે. હાર અને સેમનક હાથી જેવી ચીજો માટે ભૂતકાળમાં ચેડારાજા અને કોણિક ટકરાયા હતા. રાજા શ્રેણિકની પુત્રવધૂ અને કોણિકની પત્ની પ્રિયતમા પદ્માવતી. રાજા શ્રેણિકે હલ્લવિહલ્લને નવસેરો હાર અને સેચનક નામનો હાથી ભેટ આપી દીધો. પુત્રવધૂ પદ્માવતીને આ ન ગમ્યું. એણે પોતાના પતિ કોણિકને આંગળી ચાંપી અને ધમસાણ મચ્યું. રણશીંગાં ફૂંકાણાં, યુદ્ધની નોબતો વાગી અને હલ્લવિહલ્લ સ્વરક્ષા માટે મામા ચેડારાજા પાસે પહોંચી ગયા.

ચેડામહારાજા વિરાટ સૈન્ય સાથે કોણિક સાથે મેદાનમાં ઊતર્યા અને મોટું ધીંગાણું મચી ગયું. બે ય પાર્ટીના મળીને કુલ ૧ કરોડ એંશી લાખ સૈનિકોનો સંહાર બોલાઈ ગયો. તો ય કોણિક વિજય મેળવી ન શક્યો, અંતે એને એક વાત જાણવામાં આવી કે, વૈશાલી નગરીમાં એક સ્તૂપ છે, જેના નીચે વીશમા તીર્થપતિ ભગવાન મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા છે, એને દૂર કર્યા વિના યુદ્ધમાં વિજય શક્ય નથી, એણે કાળા કરતૂત કરીને એ સ્તૂપને તોડાવી નાખ્યો, મૂર્તિ દૂર કરાવી દીધી અને

વિજયવાવટો ફરકાવી દીધો. કરોડો સૈનિકોની સામે પણ નગરજનોની સુરક્ષા કરતા એ જિનબિંબનો પ્રભાવ કેવો અચિંન્ત્ય. આજે પણ જર - જમીન અને જોરૂ માટે ભારે કજીયા થાય છે. કોર્ટો આવા કજીયાથી જ ઊભરાઈ રહે છે.

**૩. વૈરનું ત્રીજું કારણ વાણી :** માણસ આવેશમાં આવીને ન બોલવાના વેણ બોલી નાખે છે. પછી એ વેણમાંથી વૈર સર્જાય છે. દ્રૌપદીએ નઠારાં વેણ કાઢેલાં... આંધળાના દીકરા આંધળા... આ શબ્દોમાંથી ભારે વૈરનું સર્જન થયું અને કુરૂક્ષેત્રના મેદાનમાં ભાઈઓ ભાઈઓ યુદ્ધે ચડ્યા. અઢાર દિવસના યુદ્ધમાં કુલ બહોંતેર લાખ માણસોનો કચ્ચરઘાણ બોલાઈ ગયો, આજે પણ ઘરસંસારમાં પડોસમાં માણસો ગમે તેમ બકી નાખે છે અને પછી નાનું મોટું મહાભારત સર્જાય છે.

**૪. વૈરનું ચોથું કારણ છે અપરાધ :** કોઈ વ્યક્તિએ કાંઈ ભૂલ કરી નાખી અને એમાં પોતાનું કાંઈ ખરાબ થાય તો માણસ વ્યક્તિ પર તૂટી પડશે અને વૈરભાવનું નવું ખાતું ખોલી નાખશે. એક ગામડામાં રાત્રે દરમાંથી સાપ બહાર નીકળ્યો અને સૂતેલા કોઈક માણસનો હાથ તેની વચ્ચે આડો આવ્યો, સાપે ડંખ દીધો અને દરમાં ભરાઈ ગયો, પેલો માણસ મરી ગયો, કુટુંબીજનો વિફર્યા અને સર્પના બીલમાં ઘાસલેટ રેડ્યું, પછી કપડાંના ગાભા ભરી દીધા. બહારથી કાંડી લગાડી, અને ભડભડતી આગમાં પેલા સાપને બાળીને સાફ કરી નાખ્યો આ છે અપરાધજન્ય વૈરનું સર્જન.

**૫. કારણ વંશાનુગત વૈર :** કેટલાક કુટુંબમાં વંશપરંપરાગત વૈર વારસામાં ચાલ્યું આવતું હોય છે. હિંદુ અને મુસલમાન, બ્રાહ્મણ અને ક્ષત્રિય, ઉંદર અને બિલાડી, સાપ અને નોળિયા આ બધી જાતોમાં વંશપરંપરાગત વૈર ચાલ્યું આવતું હોય છે. કોઈ જ કારણ વિના વંશાનુગત વૈરના કારણે માણસો ભયંકર રક્તપાત સર્જી દેતા હોય છે.

આ પાંચેય કારણો જણાવ્યા, તેવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે મનને શાંત રાખવું, એકદમ આવેશમાં આવીને કોઈપણ જીવ સાથે વૈરભાવનું ખાતું ખોલવું નહિ. જરીક ધીરજ ધરતાં શીખવું જોઈએ. જીવનના કોઈપણ વ્યવહાર કરતાં સતત કાળજી રાખવી કે, મારા આવા પ્રકારના વ્યવહારથી સામેની વ્યક્તિના મનમાં વૈરભાવ તો નહિ આવે ને ? સામેની વ્યક્તિના મનોભાવ ન બગડે તે રીતે વર્તતાં શીખવું જોઈએ. બોલતાં શીખવું જોઈએ. આપણે આપણી જાતને સંકોરીને ચાલવું જોઈએ. છતાં કોઈ પરાણે ગરમ કરવાનો પ્રયત્ન કરે તો પણ આપણે ક્ષમાભાવ રાખવો જોઈએ. તે વેળાએ જો ગરમ થઈ જવાય તો એક જીવાત્મા સાથે નવો વૈરાનુબંધ ઊભો થાય અને આગામી ભવોમાં તે વૈર વધતું રહે. વારંવાર પરસ્પર હુમલા થતા જ રહે એના કરતાં બહેતર છે કે, આ ભવે જ ક્ષમાભાવને ધારણ કરીને ઊભા થતા વૈરને રોકવું જોઈએ.

## સમતાની પરિક્ષા પ્રસંગરંગ

એક સંત કબીરની જેમ વણકરનો ધંધો કરતા હતા. વણાટકામ કરીને તેઓ પોતાનો નિર્વાહ ચલાવતા અને સાથે જીવનની સાધના પણ કરતા હતા. આથી આસપાસના લોકોમાં તેમનું સારૂં માન હતું, તેઓ ઘણીવાર નજીકના ગામમાં પોતે વણેલું કાપડ વેચવા જતા, એકવાર એક ઘમંડી શ્રીમંત યુવાન તે બજારમાં આવી ચડ્યો, તેની નજર એકાએક પેલા સંત વણકર પર પડી. તેમની લાંબી શ્વેત દાઢી, અને સૌમ્ય મુખાકૃતિ પરથી જ તેઓ સંત જેવા જણાતા હતા. તેમની પાસે વેચવા

બે સાડીઓ હતી. પેલા યુવાને કોઈને એમના વિષે પૂછ્યું, ત્યારે પેલા માણસે કહ્યું, ભાઈ ! એ કાંઈ મામૂલી વણકર નથી. લોકો તેમને સંત તરીકે માન આપે છે. તેઓ ઘણા જ સૌમ્ય સ્વભાવના છે અને નવાઈની વાત તો એ છે કે, તેઓ ક્યારેય ગુસ્સે તો થતા જ નથી.

આ સાંભળીને પેલા યુવાને કહ્યું, જોયા જોયા એવા સંતને, કોઈ દિ ગુસ્સે જ ન થતા હોય એવું તે બનતું હશે ? જુઓ ! હું હમણાં જ તેમને કેવા ગુસ્સે કરૂં છું. તે યુવાન પેલા સંત વણકર પાસે ગયો, અને કહ્યું, મારે એક સાડી જોઈએ છે બોલો ! એનું શું પડશે ? પેલા સંત વણકરે કહ્યું, બે રૂપિયા, યુવાને સાડી હાથમાં લીધી, અને તેના બે કટકા કરી નાખ્યા. પછી તે બોલ્યો, મારે અડધી સાડી જોઈએ છે તેનું શું પડશે ? વણકરે શાંત ચિત્તે કહ્યું, એક રૂપિયો. પેલા યુવાને એક કકડાના બે ભાગ કરી નાખી એક કકડો બતાવતાં કહ્યું, મારે આટલો જ કકડો જોઈએ છે, તેનું શું પડશે ? એટલી જ શાંતિથી સંતે જવાબ આપ્યો, આઠ આના.

એમને શાંત જોઈ પેલો યુવાન નવાઈ પામ્યો, તેને તો કોઈપણ હિસાબે તેમને ગુસ્સે કરવા હતા. એટલે તેણે સાડીના કકડા કરી નાખ્યા અને કિંમત પૂછ્યા જ કરી. પરંતુ પેલા સંત વણકર તો જરાય ગુસ્સે થયા વિના તેને કકડાઓની કિંમત કહેતા જ ગયા. અંતે પેલા યુવાને કહ્યું, મારે આ કકડા શા ખપમાં આવશે ? મારે એ નથી જોઈતા. પેલા સંતે કહ્યું, ભાઈ ! તું સત્ય જ કહે છે. હવે આ કકડા કશાય કામમાં આવી શકે તેવા નથી. આ સાંભળતાં જ પેલો યુવાન સ્તબ્ધ થઈ ગયો. તેણે વિચાર્યું, આ તો ભારે થઈ, મેં વ્યર્થ ચડસાચડસીમાં તેમની સાડીના કકડા કરી નાખ્યા, તે પોતાના આવા કૃત્યથી શરમાઈ ગયો, તેણે મસ્તક નમાવી સંતને કહ્યું, ના, ના, એમ તે બને ? હું તમને તમારી સાડીની પૂરેપૂરી કિંમત આપી દઉં છું. લ્યો, આ બે રૂપિયા.

પેલા સંત વણકરે પૈસા લીધા નહિ અને કહ્યું, ભાઈ ! હું કકડા કોઈ પણ રીતે સાંધીને ઉપયોગમાં લઈશ. પણ તમને આ કકડા કશાય ઉપયોગમાં નહિ આવે. તો પછી હું તેની કિંમત શા માટે તમારી પાસેથી લઉં ? પેલા યુવાને કહ્યું, મારી પાસે પૈસાની ખોટ નથી તમે ગરીબ છો, અને મેં તમારી સાડી નકામી કરી નાખી છે, માટે મારે તેની નુકશાની ભરપાઈ કરવી જ જોઈએ. આ સાંભળી સંત વણકરે ગંભીર સ્વરે કહ્યું, ભાઈ ! તું શું આ નુકશાની ભરપાઈ કરી શકીશ ખરો ? તું એમ સમજે છે કે, બે રૂપિયા આપવાથી નુકશાની ભરપાઈ થઈ જશે ? તું વિચાર કે, કેટલાય ખેડૂતોની મદદથી કપાસ ઉત્પન્ન થયો હશે, તેના રૂમાંથી મારી પત્નીએ સૂતર કાંત્યું, મેં તે સૂતરને રંગ્યું, પછી સાળ ઉપર વણીને સાડી તૈયાર કરી. જ્યારે કોઈ મારી આ સાડીને ઉપયોગમાં લે ત્યારે આ સહુની મહેનત સફળ થઈ ગણાય અને એથી સહુને આનંદ થાય. પણ તેં તો આ સાડીના કકડે કકડા કરી નાખ્યા, અને તેથી આટલા માણસોની મહેનત વ્યર્થ ગઈ ખરૂંને !

સંત વણકરના મધુર શબ્દો સાંભળીને પેલા યુવાનની આંખ છલકાઈ ગઈ. તે તેમના ચરણોમાં નમી પડ્યો, અને ક્ષમા માંગી. સંત વણકરે તેને પ્રેમથી ઊઠાડ્યો, અને કહ્યું, જો હું બે રૂપિયાની લાલચમાં પડ્યો હોત, તો તારા જીવનના પણ આ સાડીની પેઠે હાલહવાલ થાત. અને તે નિરૂપયોગી બની રહેત. પણ હવે તને બધું બરાબર સમજાયું છે. એટલે આવી ભૂલ તું કદાપિ હવે

નહિ કરે. યાદ રાખ. એક સાડી બગડે તો બીજી સાડી બનાવી શકાય. પરંતુ જીવન ખરાબ થાય તો બીજું જીવન ક્યાંથી મળે ! આ વાક્યોની પેલા યુવાનના માનસપટ પર ઊંડી અસર થઈ, તે પેલા સંત વણકરને નમીને ચાલ્યો ગયો. આ સંત વણકર હતા દક્ષિણના સુપ્રસિદ્ધ સંત તિરૂવલ્લવર.... ! આ સાચી ક્ષમા કહેવાય.

# પાલિ નત્થિ

આજના યુગમાં જડ એવી યાંત્રિક સામગ્રીથી બોલાયેલી એક ભાષાનું અલગ અલગ ભાષામાં રૂપાંતર થાય છે, પણ આ જડસામગ્રી કરતાં અનંતગણું સામર્થ્ય ચેતનમાં હોય છે. યોજનપ્રમાણ માત્ર સમવસરણની ભૂમિમાં સમાવિષ્ટ ક્રોડો દેવતા તથા મનુષ્યોને પરમાત્મા અર્ધમાગધી ભાષામાં દેશના આપે છે. મનુષ્યો, તિર્યંચો તથા દેવતાઓ સહુ પોતાની ભાષામાં સમજી શકે છે. પ્રભુના એકવચન દ્વારા સર્વ જીવોને પોતાના ભિન્ન ભિન્ન પ્રશ્નોનું સમાધાન મળી શકે છે. શું એક શબ્દથી અનેક પ્રશ્નોનું સમાધાન શક્ય છે ? તે માટે દૃષ્ટાંત છે.

## બૂઢણ ભરવાડ

સંગધાર નામના રળિયામણા ગામને પાદરે બૂઢણ નામનો ભરવાડ રહેતો હતો. તેને એક બે નહિ પણ પંદર પત્નીઓ હતી. તેનો સઘળો પરિવાર સુખી હતો, તેની પત્નીઓ પણ સંપથી રહેતી હતી. સહુનો પરસ્પર પ્રેમભાવ ઘણો જ હતો, સહુને કુલડી નામની મુખ્ય પત્ની ઉપર ઘણો જ આદર હતો. સહુ તેનું વચન માન્ય કરતા. એકદા બુઢણ ભરવાડ સવારે વહેલો ઊઠીને પશુઓને ચરાવવા સીમમાં ગયો. તેને જમાડવા માટે તથા વનમાં વિનોદ કરવા માટે બધી પત્નીઓ કામથી પરવારીને સીમમાં ગઈ. સહુ એકઠા થઈને વાતવિનોદ કરી રહ્યા છે. બૂઢણે પંદર પત્નીઓને એક એક પ્રશ્ન પૂછ્યો.

પ્રશ્ન ૧. દરરોજ કરતાં આજે ખીચડી વધુ કેમ રાંધી છે ?

૨. છાશમાં મીઠાશ કેમ ઓછી છે ?

૩. દાઢી અને મૂછવાળી પડોશણ સ્ત્રી ઘરે છે કે નહિ ?

૪. આજે તારી તબિયત સારી છે ?

૫. આજે શાક આખું ને આખું કેમ બનાવ્યું ?

૬. તમારી સાથે આવતી કૂતરી કેમ પાછી ફરી ?

૭. આપણી ભેંશ ગર્ભિણી છે ?

૮. તું સીમમાં આવતાં આવતાં થાકી ગઈ છે કે શું ?

૯. શું અન્નશાળામાં ભોજન અપાય છે કે નહિ ?

૧૦. આ નહેરમાં આટલું બધું પાણી કેમ આવે છે ?

૧૧. તેં આજે ચોટલો ઓળ્યો છે ?

૧૨. કાનમાં કુંડલ કેમ પહેર્યાં નથી ?

૧૩. તું પેલા મુર્ખના ઘરને જાણે છે ?

૧૪. આપણી બકરી કેટલી છે તેને તેં ગણી છે ?

૧૫. આ ફળો મીઠા છે, તેને તું તારી પાસે રાખીશ ?

પંદર પ્રશ્નોના ઉત્તરો આપો.

ચતુર કુલડીએ સહુની વતી એક શબ્દથી જવાબ આપ્યો. **પાલિ નત્થિ.** બુઢણે કહ્યું, આ બધા પ્રશ્નોના પાલિ નત્થિ એ એક શબ્દથી કેવી રીતે ઉત્તર મળે ? ત્યારે કુલડી બધા પ્રશ્નોનું સમાધાન કરે છે.

(૧) ખીચડી બહુ રાંધી છે કેમકે, પાલી નથી, ખીચડી માપવાના સાધનને પાલી કહેવાય. માપ નહિ હોવાથી ખીચડી બહુ રંધાઈ ગઈ છે.

(૨) છાશમાં મીઠાશ ઓછી છે, કારણ કે પશુઓને ખવડાવવા માટે બોર-બુબ્બુલ વગેરેના પાંદડાના બનાવેલ ખાણાને પાલી કહેવાય, પાલી નહિ હોવાથી છાશમાં મીઠાશ ઓછી છે.

(૩) પાલી નથી, પાલી એટલે દાઢી, મૂછવાળી સ્ત્રી.

(૪) પાલી નથી, આંતરિયા તાવને પાલી કહેવાય, પાલી ન હોવાથી તબિયત સારી છે.

(૫) આજે શાક આખું જ રાંધવું પડ્યું, કારણ પાલી એટલે શાંક કાપવાની છરી નથી.

(૬) કૂતરી પાછી વળી કેમકે તે પાલી એટલે પાળેલી નથી.

(૭) ભેંશ ગર્ભવતી નથી, કેમકે પાલી એટલે ગર્ભનો કાળ હમણાં નથી.

(૮) માર્ગમાં થાકી નથી કેમકે, પાલી એટલે રથાદિ વાહન વિનાની સ્ત્રી, અર્થાત્ અમે પાલી નથી પરંતુ વાહનમાં બેસીને આવ્યાં છીએ.

(૯) અન્નશાળામાં ભોજન અપાતું નથી, કારણ પાલી એટલે ભોજન નથી.

(૧૦) નહેરમાં પાણી બહુ આવે છે કેમકે પાલી એટલે પાળ નથી.

(૧૧) ચોટલો ઓળેલો છે, કેમકે, પાલી એટલે જૂ નથી માટે.

(૧૨) કાનમાં કુંડલ પહેર્યાં નથી કેમકે, પાલી એટલે કર્ણલતા ન હોવાથી (કાનનાં એરીંગ)

(૧૩) પેલા મૂર્ખના ઘરને ઓળખતી નથી કેમકે પાલી એટલે ચિહ્ન નથી જાણતી.

(૧૪) બકરી નહિ ગણાય કેમકે, બકરીનો સમૂહ એટલો બધો છે કે, પાલી એટલે છેડો અંત.. દેખાતો નથી. એટલે બકરી નહિ ગણાય.

(૧૫) ફળો મારી પાસે નહિ રાખી શકું કેમકે પાલી નથી. પાલી એટલે ખોળાનું વસ્ત્ર. મારી પાસે નથી તેથી ફળ શામાં રાખું ?

આ અનેક પ્રશ્નોનો એક ઉત્તર સાંભળી બૂઢણ તથા તેની અન્ય સ્ત્રીઓ રાજીના રેડ થઈ ગયા. પછી પરમાત્માની તાકાતનું તો પૂછવું જ શું ?

૧૦૧

# ગૌતમસ્વામી અંગે પ્રવચન

**अहंकारोऽपि बोधाय, रागोपि गुरुभक्तये।**
**विषादः केवलायाभूत, चित्रंश्री गौतमप्रभोः ॥ १ ॥**

જેમનો અહંકાર પણ બોધ માટે થયો અને રાગ પણ ગુરૂભક્તિ માટે થયો વળી શોક કૈવલ્ય માટે થયો. આવા શ્રી ગૌતમસ્વામિનું બધું જ આશ્ચર્ય માટે થયું છે. કેટલાક મહાપુરૂષો એવું પુણ્ય લઈને આવ્યા હોય છે કે, આશ્ચર્યકારક ગણાય. એ રીતે તેઓ ખીણમાંથી બેઠા થયા હોય છે, એમના ઊભા થવાની ક્રિયા પણ આશ્ચર્યજનક હોય છે. ઊભા થયા બાદ દોડવાની એમની ક્રિયા પણ ભારોભાર આશ્ચર્ય પેદા કરે એવી હોય છે. તેમ જ શિખરને સર કરવાની એમની સિદ્ધિ તો આશ્ચર્યની સાથે અહોભાવથી આપણને ભરી દે એવી હોય છે. આવા અનેક મહાપુરૂષોમાંના જ એક ગણધર શ્રી ગૌતમસ્વામીજી એવા મહાપુરૂષ થઈ ગયા કે, જેમનું આખું જીવન જ આશ્ચર્યના ભંડારથી ભરપૂર હતું. એ ભંડારમાંથી પ્રસ્તુત સુભાષિતે મોટામાં મોટાં ગણી શકાય, એવાં ત્રણ આશ્ચર્યો આપણી સમક્ષ રજૂ કર્યાં છે. એ ત્રણ તત્ત્વોનાં નામ નીચે મુજબ છે.

**અહંકાર, રાગ અને શોક**

આ ત્રણે દુર્ગુણો એવા છે કે, એના પાપે ઘણા જીવો ભવસાગરમાં ડૂબ્યા હતા, ડૂબી રહ્યા છે અને ડૂબનારા છે. પણ આશ્ચર્ય કોનું નામ ? આ ત્રણે દોષ ગણધર શ્રી ગૌતમસ્વામીજી માટે ભવસાગરને તરવાની નૈયાની પ્રાપ્તિમાં હેતુભૂત બની શક્યા ! અહો શ્રી ગૌતમસ્વામીજીના જીવનનું આ કેવું આશ્ચર્ય ? ગણધર શ્રી ગૌતમસ્વામીજીના જીવનમાંથી આશ્ચર્યકારક ઘટનાઓનું વહેણ ડગલે ને પગલે વહી નીકળતું જોવા મળે છે એ જોઈએ.

પરાજીત બનાવીને જેને શિષ્ય બનાવી દેવાની ધૂન સાથે ઈન્દ્રભૂતિ ગૌતમ જે ભગવાન મહાવીરની સામે બાંયો ચડાવતા ગયા, એ જ ભગવાનનું શિષ્યાણુત્વ સ્વીકારતાં એમને પોતાનો હું, પદનો હિમાલય જરાય આડો પણ ન આવ્યો. ઉપરથી એ પ્રચંડ હિમાલય જાણે ઓગળી જઈને નમ્રતા વિનયના વહેણમાં પલટાઈ ગયો. ભગવાનનું આગમન સાંભળતા જ ઈન્દ્રભૂતિજીનો અહંકાર એમને ભગવાન પાસે લઈ ગયો અને આ અહંકારના નિમિત્તે તેઓ બોધ પામી ગયા. આમ, અહંકાર જાણે એમના માટે બોધ હેતુરૂપ બની ગયો. અહંકારથી પ્રેરિત બનીને એઓ પ્રભુ પાસે ગયા અને નમ્ર બન્યા, તો બોધ પામીને પ્રભુના શિષ્ય બની શક્યા.

પ્રભુમહાવીર પર શ્રી ગૌતમગણધરને પ્રશસ્ત રાગ હતો. એથી એઓને કેવલજ્ઞાન નહોતું થઈ શકતું, એથી એઓ ગુરૂભક્તિ કરી શકતા હતા. સંપૂર્ણ સંઘના નાયક ગણધર હોવા છતાં અને હજારો કેવળીઓ ઉપરાંત કેટલાય સાધુઓના ગુરૂપદે પ્રતિષ્ઠિત હોવા છતાં એઓશ્રી ગુરૂભક્તિ કરી શકતા હતા, એમાં એમનામાં રહેલો ગુરૂરાગ જ કારણ હતો. જો રાગનો અભાવ થઈ જતાં એઓશ્રી કેવલી બની ગયા હોત, તો એમને ભગવાનની ભક્તિ કરવાની તક ન મળત. આમ, રાગ એમના માટે ગુરૂભક્તિનો હેતુ બની શક્યો.

ગૌતમગણધર દેવશર્માને પ્રતિબોધ પમાડવા પ્રભુઆજ્ઞાથી ગયા અને દિવાળીની રાતે પ્રભુનું નિર્વાણ થયું. આ દિલદ્રાવક સમાચાર મળતાં જ ગૌતમસ્વામીના હૈયામાં વિષાદ-શોક છવાઈ ગયો. પરંતુ આ વિષાદ શોકના માધ્યમે જ એમનું ચિત્ત રાગમાંથી વિરાગ તરફ વળ્યું અને નૂતનવર્ષની પ્રભાતે એઓશ્રીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આમ, વિષાદ પણ જાણે એમના માટે કેવળજ્ઞાનની ભેટ અપાવનારો બની ગયો. આ સુભાષિતમાં વર્ણિત ઉપરોક્ત ત્રણ આશ્ચર્યો ઉપરાંત બીજાં પણ અનેક આશ્ચર્યોથી ગણધર શ્રી ગૌતમસ્વામીજીનું જીવન ભરપૂર હતું, જેની હવે થોડીક ઝાંખી નિહાળીએ.... **વધુ આશ્ચર્ય**

ભગવાનના નિર્વાણ પૂર્વે શ્રી ગૌતમસ્વામીજી કેવળી ન હતા, આમ છતાં એઓશ્રી જેને જેને દીક્ષાનું પ્રદાન કરતા એઓને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ જતી. જેની પાસે જે ચીજ ન હોય, એના દ્વારા એ ચીજનું પ્રદાન થવું એ સંભવિત ન જ ગણાય. આ અર્થમાં કેવળજ્ઞાનના સ્વામી ન હોવા છતાં ગૌતમસ્વામીજી કેવલજ્ઞાનનું દાન પોતાના શિષ્યોને કરતા જ રહ્યા, એ જેવું તેવું આશ્ચર્ય ન ગણાય.

દિક્ષાદિનથી જ છઠના પારણે છઠ કરવાના અભિગ્રહી શ્રી ગૌતમસ્વામીજીની કાયા ગજરાજની જેમ ભરાવદાર જ રહેવા પામી, આ પણ એક આશ્ચર્ય જ ગણાયને ?

અનંતલબ્ધિના નિધાન તેઓશ્રી હોવા છતાં પોતાના કાર્ય માટે એકાદ લબ્ધિનો ઉપયોગ કરવાનું એમને મન સુદ્ધાં ન થયું, આ તો અજબગજબનું આશ્ચર્ય કહેવાય.

ચાર ચાર જ્ઞાનના સ્વામી હોવાથી કોઈ પ્રશ્ન જાગે, તો સ્વયં સમાધાન મેળવવા સમર્થ હતા, છતાં પ્રશ્ન જાગતાં જ ભયવંના સંબોધન સાથે, બાળક પિતા પાસે પહોંચી જાય. એવી અદાથી શ્રી ગૌતમ ગણધર પ્રભુ પાસે પહોંચી જતા અને ગોયમના સંબોધનપૂર્વકનું સમાધાન મેળવીને સંતોષાતા. આ પણ ઓછું આશ્ચર્યપ્રદ ન ગણાય.

ઈન્દ્રભૂતિજી તરીકેના જીવનમાં જેમનું હુંપદ હિમાલય જેવું હતું, શ્રી ગૌતમસ્વામીજી તરીકેના જેમના જીવનમાં આ હિમાલય સાવ ઓગળી જવા પામ્યો હતો, એવા શ્રી ગૌતમસ્વામી મુખ્ય ગણધર હોવા છતાં અનુપયોગથી થયેલી ભૂલની ક્ષમા યાચવા આનંદ જેવા એક શ્રાવકના ઘેર નદીના વહેણની સ્મૃતિ કરાવે એવી નમ્રતા સાથે સામેથી ચાલીને પહોંચી ગયા અને મિચ્છામિ દુક્કડંની યાચના કરતા જરાય ખચકાયા નહિ, આ અચરજ કંઈ નાનું ન કહેવાય.

અહંકાર જેમના માટે બોધહેતુ બની ગયો, રાગને જેમણે ગુરૂભક્તિમાં હેતુભૂત બનાવ્યો, વિષાદની વાટે જેમણે કેવલજ્ઞાન મેળવ્યું, એવા શ્રી ગૌતમસ્વામીજીનું જીવન આ ત્રણ આશ્ચર્યજનક ઘટનાઓથી તો બોધક પ્રેરક બને એવું છે જ. પણ એ તારકના જીવનમાંથી બીજી બીજીય આવી અનેક આશ્ચર્યકારક ઘટનાઓ હાથ લાગી શકે છે, જેનો વિચાર કરતાં આપણું અંતર અહોભાવથી છલકાઈ ઊઠે, આપણું મસ્તક નત બની ઊઠે અને આપણા બંને હાથ તેમને જોડ્યા વિના ન રહી શકે. આવી ભક્તિની ભરતીવાળા મંગલમય ગૌમસ્વામીજીને પુનઃ પુનઃ વંદના.

**પર્યુષણના પાંચ કર્ત્તવ્યોનું વિવેચન**

**(૧) અમારિ પ્રવર્ત્તન :** પર્યુષણના પ્રથમ કર્ત્તવ્ય અમારિ પ્રવર્તનને બજાવવાથી વાઘના ભવમાં કેળવેલી હિંસકતા દૂર થાય.

**(૨) સાધર્મિક ભક્તિ :** નામના બીજા કર્ત્તવ્યમાં પ્રાણ પૂરવાથી કૂતરાના ભવમાં કેળવેલી સાધર્મિકો પ્રત્યેની જ ઈર્ષ્યા, નિંદા આદિ વાસના ટળે.

**(૩) ક્ષમાપના** કર્ત્તવ્યના પાલનથી સાપ નોળીયા જેવા ભવોથી ચાલી આવતી દ્વેષ - વેર પરંપરા અટકે.

**(૪) અઠ્ઠમતપ :** બકરીનાં ભવમાં ભડકે બળતી આહાર સંજ્ઞાને કાબૂમાં લેવા અઠ્ઠમતપ છે.

**(૫) ચૈત્યપરિપાટી :** અસ્તિત્ત્વને ટકાવવા મથતા પશુઓ અને વ્યક્તિત્વને વિકસાવવા ઝંખતા માનવોથી ઊંચે ઊઠી શુદ્ધ આત્મ અસ્તિત્ત્વ અનુભવવા અને પૂર્ણ વ્યક્તિત્ત્વ પામવા અરિહંત ભક્તિરૂપ ચૈત્યપરિપાટી કર્ત્તવ્ય છે.

**પાંચ કર્ત્તવ્યથી ચાર ભાવનાની પુષ્ટિ**

(૧) અમારિ પ્રવર્ત્તનથી મૈત્રી ભાવના થાય.

(૨) સાધર્મિક ભક્તિથી પ્રમોદ ભાવના થાય.

(૩) ક્ષમાપનાથી માધ્યસ્થ ભાવના થાય.

(૪) અઠ્ઠમતપથી કરૂણા ભાવના થાય.

(૫) ચૈત્યપરિપાટી દ્વારા પરમાત્મભક્તિ કરવાથી સમકિતની મહોર છાપ લાગે.

**કર્ત્તવ્યથી આઠકર્મ નાશે**

(૧) શ્રુતભક્તિથી જ્ઞાનાવરણીય તૂટે.

(૨) જયણાપાલનથી દર્શનાવરણ તૂટે.

(૪) ચૈત્યપરિપાટીથી મિથ્યાત્વમોહનીય તૂટે.

(૪) ક્ષમાપનાથી કષાયરૂપ ચારિત્રમોહનીય તૂટે.

(૮) અઠ્ઠમતપથી અંતરાય કર્મ તૂટે.

(૩) અમારિ પ્રવર્ત્તનથી અશાતાવેદનીય ટળે, શાતા મળે.

(૫) શુભભાવોમાં રમવાથી નરક પશુના ભવથી બચીએ.

(૬) ઉત્તમ દેવ માનવભવના આયુષ્ય પ્રાપ્ત થાય. દેવદ્રવ્યની વૃદ્ધિથી સૌભાગ્ય, સુસ્વર યશ આદિ શુભનામકર્મ ઉપાર્જિત થાય.

(૭) અને આલોચના પ્રાયશ્ચિત્ત કરવાથી નીચગોત્ર ટળે અને ઉચ્ચગોત્ર પ્રાપ્ત થાય.

**પ્રથમ દિવસ પર્યુષણાપર્વ**

માગશર પોષ મહિનામાં ઉપવાસ કરવો હોય તો વિચાર થાય, પર્યુષણમાં સહજ રીતે ઉપવાસ થાય. સાધુ અતિથિ છે, રોજ આરાધના કરે. શ્રાવકને આરંભ સમારંભમાં ધર્મ થઈ શકતો નથી. સામાન્ય દિવસોમાં ત્રણ કલાક વ્યાખ્યાન સાંભળવા કોણ બેસે ? શાસ્ત્રકારોએ આ પર્વની સુંદર કૃપા કરી છે, **અગિયારસ - બીજ- પાંચમ** જ્ઞાન આરાધના કરવાની. **આઠમ** અને **ચૌદસ** ચારિત્રની આરાધના કરવાની. **છ દિવસ** જ્ઞાનની આરાધના, **છ દિવસ** ચારિત્રની **૧૮ દિવસ** સમ્યગ્દર્શનની આરાધના છે. જે પહેલી તકે જાગતો નથી તેને પછી પણ જાગવું પડશે. જે નાની વયમાં પંચપ્રતિક્રમણ ભણી ગયો તે મોટી ઉંમરે ન કરી શકે. જે નાની વયમાં તપ કરી શકે તે મોટી વયમાં ન કરી શકે. જે નાની વયમાં પૂજામાં લાગ્યો તે મોટી વયમાં ન કરી શકે.

કેટલાક એલાર્મ વાગે ને ઊઠી જાય.

કેટલાક ડંકા વાગે ને ઊઠે.

અમેરિકામાં કંબલ રાખી છે. ઝાટકા લાગે ને ઊઠે. કેટલાક નાના પર્વોમાં જાગી જાય. કેટલાક ચૌદશ આઠમે આરાધના કરે. કેટલાક ચોમાસીએ જાગે, તો કેટલાક છેલ્લે છેલ્લે ભાદરવે પણ જાગે. આ શાસ્ત્રકારોની દયાથી ધર્મ આરાધે તે માટે યોજના છે. બે શાશ્વતી અઠ્ઠાઈ. ચાર અશાશ્વની અઠ્ઠાઈ. મહાવિદેહમાં પર્યુષણની આરાધના નથી. બે ઓળી છે. મહાવિદેહના મનુષ્યો પ્રમાદી નથી માટે બે અઠ્ઠાઈ છે.

**પ્રદૂષણ મુક્ત કરે તે પર્યુષણ**

પર્યુષણના પહેલા સાત દિવસો આરાધનાના છે. લગ્ન કરવાનાં હોય ત્યારે બે મહિના પહેલાં ધમાલ કરે. ધર્મના સ્થાનોમાં પર્વ આપણને ઢંઢોળીને ઊઠાડે છે. મહિનાના ધરથી બધા તૈયારી કરવા લાગે છે. ભાદરવા શુદ ચોથે પરમાત્મા સાથે લગ્ન કરવાનાં છે. તેથી આમંત્રણ પત્રિકા પહેલેથી મોકલાવાય છે. પથ્થર જેવા જીવને પાણી બનવાની બેલ પુકારે છે. સંવત્સરી મહાપર્વ આવી રહ્યું છે. જાગો - જાગો.

**ચાર પ્રકારના જીવો છે.**

(૧) પથ્થર જેવા જીવો, કોઈને પ્રવેશ ન આપે.

(૨) ઘી જેવા જીવો, બે ચારને પ્રવેશ આપે.

(૩) તેલ જેવા, થોડા વધુને પ્રવેશ આપે.

(૪) પાણી જેવા, બધાંને પ્રવેશ આપે.

**પર્યુષણનો અર્થ**

ચારે બાજુથી ભેગા મળીને આવવું, બેસવું, સાધના કરવી તે પર્યુષણ. પરિ-ઉષણા. પ્રદુષણથી મુક્ત થવું તે પર્યુષણ. આહાર-ભોજન હવા બધું પ્રદૂષિત છે. ફળો મધુર નથી, ઝેરી દવાઓ છાંટી

છાંટી મનુષ્યોને મારી નાખે છે. નાની વયમાં દાંત પડી જાય, વાળ ધોળા થઈ જાય. વાંકો વળીને ચાલે, વિત્ત પણ પ્રદૂષિત હોવાથી ચિત્ત દૂષિત બને છે. આકાશની હવા, નદીનું પાણી પ્રદૂષિત છે. પહેલાંના કાળમાં આવક મુજબ જાવક હતી, તે હવે નથી. તપ કરો એટલે કષાય જાય, શરીરનો વ્યાયામ થાય.

પાંચ કર્ત્તવ્ય કરો એટલે મન પ્રસન્ન બને, આત્માનો સ્વભાવ ઓળખો, સહજ સતત થાય તે સ્વભાવ, ન થાય તે વિભાવ. ઉપવાસ તે સ્વભાવ છે. ખાવું તે વિભાવ છે.

**આત્મા તરફ આગમન તે અધ્યાત્મ છે.**

થાયલેંડ જીવતા જાનવર અને વાઘના માંસની ચરબી સુધી પહોંચ્યું છે. પણ ખાઈ ખાઈને કેટલું ખાય ? તમે ક્રોધ કરી કરીને કેટલીવાર કરી શકો ? ક્ષમા સ્વભાવ હોવાથી રહી શકો. સતત ક્રોધમાં રહો તો બ્રેનહેમરેજ થઈ જાય. દોડતાં માણસ થાકે પણ બેસતાં ન થાકે. આજથી પ્રુફરીડીંગ ચાલુ થાય છે. સંવત્સરીએ બરાબર થઈ જશે. ભૂલો શોધતાં શોધતાં તમે બુક બાઈન્ડીંગ પુસ્તક જેવા તમે ક્ષમાશીલ અને દોષમુક્ત બની જશો. નવમા દિવસે તમારો વિચાર સાવ બદલાઈ જશે.

**પાંચ કર્ત્તવ્ય**

(૧) અમારિપ્રવર્ત્તન (૨) સાધર્મિકભક્તિ (૩) ક્ષમાપના (૪) અઠ્ઠમતપ (૫) ચૈત્યપરિપાટી

**પ્રથમ અમારિ**

મારી એટલે હિંસા. જીવો રડતા હોય, કકળતા હોય તો શુદ્ધિ ન કહેવાય. સાધના માટે અહિંસક ભાવનું વાતાવરણ જોઈએ. મન મૈત્રીભાવથી ભરપૂર જોઈએ. આપણે ત્યાં અહિંસા એ બધા જ કર્ત્તવ્યોનું મૂળ છે. **સવ્વે જીવા પિયાઉયા** - બધાંને આયુષ્ય પ્રિય હોય છે. સવ્વે જીવા વિ ઈચ્છંતિ, જીવિઉં ન મરિજ્જિઉં.. નારક પ્રતિક્ષણ મૃત્યુ ઈચ્છે છે, સહુને અભયદાન પ્રિય છે.

**રાજારાણી અને ચોરના અભયદાનની કથા**

અણમાનીતી રાણીએ ચોરને છોડાવ્યો તે અહિંસા છે.

(૧) ઋષભદેવે બળદને ખાવાનો અંતરાય કર્યો તો ચારસો ઉપવાસ કરવા પડ્યા.

(૨) શાંતિનાથે અમારિનો આદર્શ આપ્યો, પારેવાને બચાવ્યો.

(૩) નેમિનાથે લગ્નના નામે હિંસા નિવારી.

(૪) પાર્શ્વનાથે અગ્નિમાંથી બળતા સર્પને બચાવ્યો.

(૫) તેજોલેશ્યાથી બળતા ગોશાળાને મહાવીરે બચાવ્યો.

આ રીતે ભગવાને પાંચ અમારિ મુખ્ય રાખી.

ઋષભદેવ ૪૦૦ ઉપવાસ, શાંતિનાથ પારેવાની રક્ષા, નેમિનાથ પશુરક્ષા, પાર્શ્વનાથ સર્પની રક્ષા, મહાવીર ગોશાળાની તેજોલેશ્યા નિવારણ.

**પૃથ્વીકાયાદિ પાંચની રક્ષા**

**(૧) પૃથ્વીકાયની રક્ષા માટે :** ગજસુકુમાલે અગ્નિની સગડી સહન કરી.

**(૨) અપ્કાયની રક્ષા માટે :** અગ્નિકાપુત્ર આચાર્યે પાણીમાં લોહીનાં ટીપાં પડવાથી પાણીના જીવોની દયા કરી. તો કેવલજ્ઞાન પામ્યા.

**(૩) તેઉકાયની રક્ષા :** ભુવનભાનુસૂરિ મ. ઓપરેશન થયા બાદ શિષ્ય ચાર વાગે ચ્હા લાવ્યો તો તેઉકાયની વિરાધના મારા માટે થઈ તો ન લીધો.

**(૪) વાઉકાયની રક્ષા :** પ્રેમસૂરિજી મહારાજ - મરવાની દશ મિનિટ પહેલાં પ્રેમસૂરિજી મહારાજને પૂંઠાથી પવન નાખવા લાગ્યા તો ના પાડી દીધી આ જીવદયા પ્રેમ.

**(૫) વનસ્પતિની રક્ષા :** સોમસુંદરસૂરિમહારાજને સાપ કરડ્યો શિષ્યોએ વનસ્પતિ લસોટીને દવા આપી તો પસ્તાવો કરીને પ્રાયશ્ચિત્તરૂપે યાવજ્જીવ લીલોતરી ત્યાગ અને આયંબિલ તપ કર્યો.

**(૬) ત્રસકાયની રક્ષા :** ધર્મરૂચિઅણગાર - કીડી ત્રસજીવની રક્ષા કરી, જીવ જતો કર્યો.

**(૭) તિર્યંચપક્ષી :** મેતારજ મુનિવરે ક્રૌંચ પક્ષીની રક્ષા કરી.

કુમારપાળના રાજ્યમાં માર શબ્દ ન બોલાતો. યુદ્ધભૂમિ પર પણ પૂંજવાની પ્રવૃત્તિ, ઘોડાઓને ગાળીને પાણી અપાતું. કુમારપાલે અઢાર દેશમાં અમારિ પ્રવર્ત્તાવી. ચંપાએ તપ કર્યો તો દેવગુરૂની કૃપા જણાવી. આપણે જે કાંઈ કરીએ તેનો જશ મેં જ કર્યું તે લઈએ છીએ. જે કાંઈ શુભ અને સારૂં છે તે દેવગુરૂની કૃપા છે.

જૈન સાધુ એટલે પથ્થર જેવા, કોઈની ખોટી વાતનું પ્રતિબિંબ ન રાખે. જૈન સાધુ આરિસા જેવા જરૂર પૂરતી જ વાત કરે, જૈન સાધુ કેમેરા જેવા એટલે પ્રતિબિંબ પકડી લે તેવા. વખત આવે સંભળાવે તેવા.. અકબર મહાક્રોધી, મહાકામી, મહાહિંસક હતો, જ્યારે હીરસૂરિ મહારાજ મહાક્ષમાવાન, મહાશીલવાન અને મહાઅહિંસક હતા. અકબરને ત્રણ ગુણોથી વિભૂષિત કર્યો, ખરાબ કેરી સારી કેરીને બગાડે પણ આ ગુરૂ તો ઘણા સારા હતા તો રાજાને પણ ભગત બનાવ્યો અને સુધાર્યો. મુસ્લિમ કાચી મુરઘીને પણ ખાય જ્યારે જૈન કાચી કાકડી પણ ન ખાય. નિમિત્તની ચા ન પીવી, કાચાં શાકભાજી ખાવાં નહિ ઓછા પાણીથી સ્નાન કરવું આટલું તો તમે નક્કી કરો. લીલોતરી ઉપર પગ મૂકીને ચાલવું નહિ, **જ્ઞાનસ્ય ફલં વિરતિઃ** સડેલાં શાકભાજી લાવો, ઈયળો હોય તેને બચાવો તો આઠ આના લેખે લાગશે.

ઘરમાં ચરવળો, ચંદરવો, ચરવળી, પૂંજણી જોઈએ જ. સાધુ છ જીવનિકાયની રક્ષા કરે, જ્યારે શ્રાવક છ જીવની જયણા તો કરે જ. જે એકેન્દ્રિયની જયણા ચૂકે તે વિકલેન્દ્રિયની ચૂકે અને છેવટે પંચેન્દ્રિયની પણ હિંસા કરે. માણસ ગર્ભપાત સુધી પહોંચી ગયો છે. જૈનો હંમેશાં અહિંસાને જ આરાધનારા હોય. પ્રથમ જાતમાં અહિંસા લાવો, પછી જગત માટે લાવો.

**અહિંસા - અમારિ પ્રથમ કર્ત્તવ્ય પૂર્ણ.**

## બીજું સાધર્મિક ભક્તિ કર્ત્તવ્ય

દુનિયાના સંબંધો કરતાં સાધર્મિકનો સંબંધ મોટો છે. જ્યાં કોઈ આપણું સગું ન હોય ત્યાં જૈન મળી જાય તો આનંદ થાય. સાધર્મિક આપણને ધર્મ કરવાની પ્રેરણા આપે છે. કાલસૌકરિક કસાઈ ભગવાનથી પામી ન શક્યો પણ અભયકુમારની દોસ્તીવાળો તેનો દીકરો સુલસ ધર્મ પામી ગયો, એક સારો મિત્ર ધર્મગુરૂની ગરજ સારે છે. મલ્લિનાથ જેવા મિત્ર મળ્યા તો છ મિત્રો પાછા ભેગા મળીને દીક્ષા લઈ કલ્યાણ કર્યું. સાચો મિત્ર સાચો વિવેક આપનાર છે. જૈન પેઢીને ચલાવનાર સાધર્મિક છે. ધર્મમાં ઉત્સાહ જગાવનાર સાધર્મિક છે. તેની હુંફથી ધર્મ થઈ જાય. દાનધર્મ કરાવનાર પણ સાધર્મિક છે. ધર્મની હવા આપનાર, ભૂલેલાનો કાન પકડનાર પણ સાધર્મિક છે. મોટાભાગે જૈન હોટલમાં ન જાય, જાય તો પણ કોઈ ન જુએ તેની તકેદારી રાખે. સાધર્મિક અધર્મ કરતાં પણ રોકે છે. તે જગ્યાને રોકીને ન બેસે પણ બીજાને જગ્યા આપે. સાધર્મિકને આપત્તિમાં બચાવવો તે પણ સાધર્મિકભક્તિ છે.

થરાદના આભુ શેઠ. ચૌદશના દિવસે સાધર્મિકો આવ્યા તેની ઘણી ભક્તિ કરી. પેથડશામંત્રી હાથીની અંબાડીએ બેસીને જતા હોય પણ કોઈ સાધર્મિક મળે તો નીચે ઊતરીને ભેટતા. પુણીયોશ્રાવક કેવી ભક્તિ કરે ? રોજના બે ટંક જમી શકે એટલી જ કમાણી. પણ સાધર્મિકને જરાય ભૂલ્યા નથી. મુનિમ - પૂજારી - પહેરેગીરને સારા પગાર આપો, પ્રેમ આપો તો તેઓ પેઢીને, ભગવાનને, મંદિરને સાચવશે. આપણે તો ભગવાનને સાચવી શકતા નથી. તો તે લોકોને સાચવો તો જૈનસ્થાનો સારાં સાચવશે. **લીલાલગ્નમિવાખિલમ્** શ્રીમંતને ગરીબની પરિસ્થિતિની ખબર ન પડે. બીજાને તે શ્રીમંત જ જાણે. કરોડો કમાય પણ કંજૂસ હોય. જે જાતમાં પહોળા હોય તે બીજા માટે સાંકડા હોય. ધારાવી (મુંબઈની) ઝુંપડપટ્ટી જોવા જાઓ ત્રાસ થઈ જાય.

### શાંતનુનું દૃષ્ટાંત

પૂજા કરતાં ઘરેણાં પહેરવાં પણ સામાયિક કરતાં કાઢવા જોઈએ. તમારે પ્રોબ્લેમ છે કયાં કપડાં પહેરવાં ? ઢગલાં કપડાં છે. કઈ ચ્હા પીવી ? જાતજાતની ચ્હા છે. ગરીબોને બિચારાને શું ખાવું શું પહેરવું ? ગાંધીજીએ ગરીબોની સ્ત્રીઓની નગ્ન અવસ્થા સાંભળીને સારાં કપડાં નાખી દીધા, પોતડી સ્વીકારી લીધી. તમારે તો હું ને મારી વહુ, એમાં સમાયા સહુ એક રૂપિયો પણ વ્યક્તિદીઠ કાઢો તો ય પૂરૂં થઈ જાય. તમે ખાશો તે ગટર ભેગું થશે. પણ દેવ ગુરૂ સાધર્મિક ત્રણને રાખો. સાધર્મિકભક્તિની દાનની અનુમોદના કરો. અગિયાર કર્ત્તવ્યોમાંય બીજું સાધર્મિક ભક્તિ કર્ત્તવ્ય છે. પાંચ કર્ત્તવ્યોમાં ય બીજું છે. બધા ધર્મ કરતાં ય તે ધર્મ ચઢી જાય. આજનો સામાન્ય દેખાતો સાધર્મિક આવતી કાલનો તીર્થંકર પણ થઈ શકે છે.

### બે સાધર્મિકનું દૃષ્ટાંત

એક તીર્થંકરનો જીવ, એક ગણધરનો જીવ. ઘરવાળીનો સંબંધ સંસારને વધારનારો છે પણ સાધર્મિકનો સંબંધ રાખો તો સંસાર કપાઈ જાય. ચોલમજીઠ રંગ લાગવો જોઈએ. પણ કેવો ? કપડું ફાટે પણ રંગ ન ઊડે. આ રીતે સાધર્મિક ભક્તિ બતાવી. દંડવીર્ય રાજાનું દૃષ્ટાંત પણ પ્રસિદ્ધ છે.

**ત્રીજું કર્ત્તવ્ય - પરસ્પર ક્ષમાપના**

ચંદનબાલા - મૃગાવતી, ચંડપ્રદ્યોત - ઉદાયન વિગેરે દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. ક્ષુલ્લક સાધુ - કુંભાર જેવો ભાવ ન જોઈએ. બાર માસ સુધીની અવશ્ય ક્ષમાપના કરી જ લેવી જોઈએ. જે ક્ષમાપના કરે છે તે આરાધક બને છે, નથી કરતો તે વિરાધક બને છે. માટે આ કર્ત્તવ્ય તો અવશ્ય થવું જ જોઈએ.

**ચોથું કર્ત્તવ્ય અઠ્ઠમતપ**

દુનિયામાં મિત્રો પેટ્રોલ જેવા પણ હોય, પાણી જેવા પણ હોય, માથું કેમ દુઃખ્યું, મેં જીવદયા પાળી નહિ હોય આ સામા રોગનું નિદાન છે. તપ એ સાતેસાત ધાતુને તપાવે તેમ જ આત્મા જે કર્મથી મેલો થાય તેને પણ તપાવે છે. ત્રિકમભાઈ કાળા કોલસાને ધોતા હતા કેમકે, અક્કલ ઓછી. બહારથી ઘણો ધુઓ પણ કોલસો ધોળો ન થાય. પૂર્વે કરેલાં કર્મોને નાશ કરવાના બે ઉપાય. (૧) કાં ભોગવી લો. (૨) કાં તપથી નિકાચિત કર્મ તોડો. અઠ્ઠમથી દશ લાખ વર્ષનાં પાપો ધોવાઈ જાય. નિગોદથી માંડીને આહારસંજ્ઞાને પોષી છે. આહાર અને શરીરની મમતા તોડો તો જ તપ થાય. આંબિલમાં પણ ઘણી વાનગીઓ થાય અને સાદાં પણ થાય. મુંબઈની ખાઉધરા ગલીમાં બધી જ વાનગીઓ થાય. પાલીતાણાની આઈટમ ભેળ તેને પણ તમે પ્રસિદ્ધ કરી છે. તપથી આહારસંજ્ઞા તોડો. કેવલજ્ઞાન પામ્યા બાદ પણ મોક્ષ પામતાં પહેલાં તીર્થંકરો પણ અણશન સ્વીકારે છે. પાંચમના પારણામાં તમારી કસોટી છે. તપ કરતાં આવડે પણ જીભને જીતતાં ન આવડે. જેણે રસને જીત્યો તેણે જગતને જીત્યું છે. આખા વર્ષ દરમ્યાન થયેલા પ્રાયશ્ચિત્ત માટે **અઠ્ઠમતપ** છે.

પહેલાં છ મહિનાનો તપ કરતા હવે અઠ્ઠમતપ છે. સંઘયણ નબળાં પડી જવાથી. પેટ ગોડાઉન છે, ગંદકીની ફેક્ટરી છે. રસગુલ્લાં ખાવાં ગમે પણ મોંમાંથી નીકળેલો રસગુલ્લાંનો રસ જોવો નથી ગમતો. પારણાના દિવસે મગ રાબડીનાં સ્વપ્નાં આવે. કોઈ પણ સ્થિતિ ૭૨ દિવસ પજવે, પછી શાંત થઈ જાય. ઝઘડાનાં નિમિત્ત નાનાં હોય છે. પહેલાંના કાળમાં પર્યુષણની વાતો ઘર ઘર થતી હતી. નાગકેતુએ સાંભળ્યું અને જન્મતાં જ અઠ્ઠમ કર્યો. સારો વિચાર એટલે કાળી મેઘલી રાતમાં વીજળીનો ઝબકારો. તેમાં સોયમાં દોરો પરોવવાનો. ત્યાગમાં મરો તો સ્વર્ગમાં જશો, ખાતાં મરશો તો દુર્ગતિમાં જશો. જે વસ્તુ હયાત હોય તેના કરતાં જાય ત્યારે વધારે શોક હોય છે, હોય ત્યારે ઓછો આનંદ હોય છે.

કોઈ સત્કાર કરે ત્યારે ફૂલી ન જશો. કારણ કાલે કોઈ અપમાન પણ કરે. તમારો તપ આશંસાનો છે, ચોકખો નથી માટે જ દેવો આવતા નથી. પરમાત્માના શાસનના એક અંગને જે પકડે તેને તમામ અંગો ખેંચાઈ આવે, બધા જ ધર્મો નાગકેતુને મળી ગયા. સામાન્ય માણસ ધર્મને જલ્દી છોડી દે જ્યારે મહાપુરૂષ સંકટમાં પણ ભક્તિને નહિ છોડે.

**પાંચમું કર્ત્તવ્ય ચૈત્યપરિપાટી**

જગતનાં દર્શન કરાવનાર પરમાત્મા માટે કેટલા ઓવારી જવું જોઈએ. હે ભગવાન્ ! તારૂં મંદિર ૫૦ લાખનું, ૫૦ કરોડનું. તારા ચઢાવા પાંચ લાખના લઈએ પણ પછી અમે ભગવાન કોને

સોંપી દઈએ ? પૂજારીને.... પૂજા... અરિ.... પૂજાનો જે શત્રુ છે એવો પૂજારી કેવા વાળાકુંચી પ્રક્ષાલ બધું કરે છે ? તે ધ્યાન રાખો છો ? પરમાત્મા સાથે એકમેક થવાની ક્રિયા તે **ચૈત્યપરીપાટી.**

મુસાભાઈનાં વા પાણી.... કંજૂસના સરદાર મુસાભાઈ, બધા પાછળ લાગ્યા મુસાભાઈ ! એકવાર તો જમાડો. જમણવાર તો રાખ્યો, બધાંને આગ્રહ, મનવાડ કરી કરીને જમાડ્યા. બધા આશ્ચર્ય પામ્યા, વાહ શું જમણવાર કર્યો છે ત્યારે મુસાભાઈ કહે મારાં તો વા અને પાણી છે, આ બધું તો તમારૂં જ છે. જમીને જ્યાં નીચે ઊતરે છે બધા ત્યાં બુટ-ચંપલ ગાયબ કારણ મુસાભાઈએ મહેમાનોનાં બુટ-ચંપલ વેચીને જમણવાર કરેલો.

દેરાસરના ભગવાનને દેરાસરની સામગ્રીથી જ બધું કરાય ? જે ખાલી હાથે જાય તે ખાલી હૈયે પાછો આવે. દૂધ કેવું ? ડેરીનું. લાઈટો થોકેથોક. ભીવંડીના વિમલભાઈ નવલાખની સામગ્રીથી રોજ પૂજા કરે છે. દર્શનાત્ દુરિત ધ્વંસી, વંદનાત્ વાંછિત પ્રદઃ પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ.

કલ્પવૃક્ષ તો જે માંગો તે આપે પણ જિનરૂપી કલ્પવૃક્ષ તો અચિંન્ત્ય ચિંતામણી જેવા છે. કલ્પવૃક્ષથી શાશ્વત સુખ ન મળે ત્યારે આ જિનેશ્વર મોક્ષ આપે. નંદમણિયાર દેડકાનો જીવ. ભગવાનના વંદનના ભાવથી દેવ બન્યો. દુર્ગતાનારી ફૂલપૂજાના ભાવથી દેવ બને છે. ભગવાનની કરૂણા સર્વ જીવો ઉપર હોય છે, પણ કૃપાપાત્ર તો અમુક જીવ જ થઈ શકે. જેમકે, ગૌતમસ્વામી ભગવાનના એવા કૃપાપાત્ર બન્યા કે, અનંતલબ્ધિના ભંડાર બની ગયા. જેને જેને દીક્ષા આપી તે કેવલ પામી ગયા, આવા ગુરૂ ઉપરના વિનયથી કૃપાપાત્ર બન્યા. કૃપા કોને મળે ? નોંધ રાખો કે, સમર્પિત ભાવવાળાને જ મળે.

### ક્ષમાપનાના ત્રીજા કર્ત્તવ્ય વિષે વધુ પ્રકાશ

જો ઉવસમઈ તસ્સ અત્થિ આરાહણા. ક્ષમાભાવ તમામ આરાધનાનો સાર છે. પરઃ પ્રવિષ્ટઃ કુરુતે વિનાશં... આત્મામાં કષાય ઘૂસ્યા કે ઘરનું સત્યાનાશ થાય. નાનો ભાઈ દશ વર્ષનો, મોટોભાઈ મોટો. લગ્ન થઈ ગયું છે. મા મરી ગઈ, હવે મોટો નાને મોટો કરે છે. નાનાનું લગ્ન થયું, પણ નાની વહુ કહે છે કે, મારે ઢસરડા કરવાના ? હું પતિને પરણી છું ઘરને નહિ. કામ કરવાના ઘણા ઝઘડા હોય છે. હિસાબ રાખો એટલે દિવાલ ઊભી થવાની. ભેદ પડવાનો જ. બુદ્ધિમાન હોંશિયાર સમજે કે, ઘર મારાથી ચાલે છે, પણ એમ નથી સમજતા કે, પુન્યથી બધું થાય છે. દરેકને પોતાનું પુન્ય કામ કરે છે, બે આની અક્કલ ઓછી હોય તો પણ પુન્ય હોય તો કામ ચાલે છે. દરેકને એમ હોય છે કે, હું ઘણું કરૂં છું પણ મારી કદર નથી, કરતાં સહુ ઘરનાં.

પંક્તિભેદ કરો એટલે ધીમે ધીમે સંઘર્ષો ઊભા થાય. બોલતાં ન આવડે તો ઝઘડા ઊભા થઈ જાય, પિતા-પુત્ર પંદર વર્ષે મળ્યા છતાં બોલતાં ન આવડ્યું બગડી ગયું, દ્વેષભાવ દુર્ભાવ ન છોડો તો ઝેરની લીંબોળી જ ઊગવાની. પાંચસો માણસ મરી જાય ત્યારે આપણને ન લાગે, પણ કોઈ બે અક્ષર બોલી જાય તે સહન ન થાય. તમારા સુખની ચાવી તમારી પાસે નથી, કોઈ આડું અવળું બોલે તો તમે ભડકે બળી જાઓ છો, તેથી તમને સુખી કરનાર કોઈ નથી. માણસનું મન બગડ્યું તો દરેક

પ્રસંગે તેને ઓછું જ આવવાનું છે. જે પંદર દિવસે ક્ષમા ન કરે તે સાધુ નહિ. જે ચાર મહિને ક્ષમા ન કરે તે શ્રાવક નહિ. બાર માસે ક્ષમા ન આપે તે સમકિતી ન કહેવાય. ક્ષમાથી સર્વ ધર્મોની કિંમત છે, નહિતર દાનાદિ ચાર નિષ્ફળ છે. ઉવસમસાર ખલુ સામણ્ણં. ભગવાનની બધી વાત સાંભળવી ગમે છે પણ જ્યાં ક્ષમાની વાત આવે ત્યાં આપણે ના પાડીએ છીએ. ગમે તેટલા ઊંચા નીચા થાઓ પણ કર્મનાં ખાતાં ચૂકવ્યે જ છૂટકો છે.

આકાશની મર્યાદા નથી તેમ સહન કરવાની હદ નથી. સમતા રાખશો તો હિસાબ ચૂકતે થશે. નહિતર બીજા ભવમાં સમતા નહિ મળે તો નવાં કર્મો બંધાશે. સમજણના ભવમાં સહન કરશો તો જલ્દી પતશે. જેને આગળ વધવું છે તેને પાછળ જોવું ન જોઈએ. ગાથા યાદ ન રહે પણ ગાળ યાદ રહે તે આગળ વધી ન શકે. જે પોતાની ભૂલ જોઈ શકે તે બીજાને માફ કરી શકે અને તે જ આગળ વધી શકે. તમામ આરાધના - સાધના તો જ સારી થાય કે, તમે જગતના જીવો સાથે મૈત્રીભાવ રાખી શકો. ક્ષમા આપનાર કરતાં ક્ષમા માંગનાર મહાન છે. પોતાની જાતને અપરાધી માની ભૂલની માફી માંગવી તે ઘણી અઘરી વાત છે. આ જ મોટામાં મોટી સાધના છે.

જેને બીજાની ભૂલ દેખાય તેને કારણો મળવાનાં પણ કેવલજ્ઞાન નહિ મળવાનું, દેરાસરમાં કોઈ સાથે બગડે તો પૂજા બંધ ઉપાશ્રયમાં બગડે તો વ્યાખ્યાન બંધ. વાવાઝોડામાં દિવાસળી સળગાવી શકનારા તમે ધર્મસ્થાનોમાં કોઈ કાંઈ કહે તો ધર્મ છોડી દો છો. **ધર્મસાગરજી** ઉપાધ્યાય હતા. બે શ્રાવક વચ્ચે આડ હતી, એક શ્રાવકે ઉપાશ્રય છોડી દીધો. સંવત્સરીએ વ્યાખ્યાન ન આવ્યો, તેથી ગુરૂમહારાજ તે શ્રાવકને ઘેર ગયા, થોડા શ્રાવકો સાથે હતા, દૂરથી સહુને આવતા જોયા કે ઘરનાં બારી બારણાં બંધ કરી દીધાં, વરંડી કૂદીને ગયા તો અંદર પેસી ગયો. ઉપાધ્યાયજી મહારાજને જોઈને ત્રાંસો થઈ ગયો. છતાં સાધુ તેના પગમાં પડી ખમાવવા લાગ્યા. પછી પેલાને ઝાટકો લાગ્યો. ક્ષમાપના થઈ ગઈ. કોઈ પણ પ્રશ્નનું સમાધાન કરી લો વાત પૂરી.

પ્રેમ કરનારો માણસ ક્યારેય ન્યાય કરી શકતો નથી. ન્યાય કરનારો પ્રેમ કરી શકતો નથી. મા ક્યારેય ન્યાય કરી ન શકે. મિત્રતાનો ભાવ પ્રસન્ન કરી દે છે. ઈર્ષ્યા, દ્વેષ, ક્રોધ મગજને તપાવે છે. ક્ષમાવાનને ક્યારેય બ્રેનહેમરજ થતું નથી. ક્ષમા માંગનારો પ્રથમ છે. ક્ષમા માંગનારો માન-કષાયને તોડે છે. વિજય સહુથી માન-કષાયનો કરવાનો છે. તેનાથી અનંતકર્મો ખતમ થાય છે. ક્ષમાપના વચ્ચે છે, બે બે કર્ત્તવ્યો આસપાસ છે. જેણે ક્ષમાપના કરી તેનાં પાંચેય કર્ત્તવ્યો પૂરાં થઈ જાય છે.

### અગિયાર કર્ત્તવ્યો

(૧) સંઘપૂજા (૨) સાધર્મિક વાત્સલ્ય (૩) ત્રણ પ્રકારની યાત્રા (૪) સ્નાત્ર મહોત્સવ (૫) દેવદ્રવ્યની વૃદ્ધિ (૬) મહાપૂજા (૭) ધર્મ જાગરિકા (૮) શ્રુતભક્તિ (૯) ઉદ્યાપન (૧૦) પ્રભાવના (૧૧) આલોચના. આ ૧૧ કર્ત્તવ્યો વર્ષ દરમ્યાન કરવાનાં છે.

### પ્રથમ કર્ત્તવ્ય સંઘપૂજા

સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા રૂપ. ચતુર્વિધ સંઘ. પ્રથમ કેવલજ્ઞાન પામીને પ્રભુ ચૈત્યવંદન કરે અને તીર્થને નમસ્કાર કરે. સંઘ હતો માટે તીર્થંકર બન્યા. તીર્યતે અનેન તીર્થમ્. જ્ઞાન-દર્શન-

ચારિત્ર પણ તીર્થ છે. સંઘ દાનાદિચાર ધર્મનો પ્રોત્સાહક છે. માણસ વ્યક્તિગત ઝનૂની નથી, ટોળું ભેગું થાય તો પાપ કરે. સંઘ ભેગો હોય ધર્મ કરાવે. દાદાનાં દર્શન કરનાર સંઘની કોઈ પણ વ્યક્તિનાં તમે દર્શન કરો તો પણ પુન્ય બંધાઈ જાય. સામાન્ય માણસ વ્યક્તિગત ધર્મી નથી, પણ સંઘમાં ભાવોલ્લાસ વધી જાય તો ધર્મી બની જાય. શુભભાવોનો ઉલ્લાસ પણ સંઘના કારણે જ થાય છે. સમુદાયમાં કરાવેલો ધર્મ સામુદાયિક પુન્ય બંધાવે. સમુદાયમાં કરેલું પાપ સામુદાયિક પાપ બંધાવે. અકસ્માત કરાવે. મોત, મરકી, દુકાળ, રોગ સમુદાયના પાપે થાય, આ કાળ સામુદાયિક પુન્ય ઊભું કરવાનો છે.

સંઘના કાઉસ્સગ્ગ બળના ધ્યાનથી... યક્ષા સાધ્વી માટે ખુદ શાસનદેવી આવી ગયાં અને પ્રશ્નોના નિરાકરણ કરીને આવ્યાં. ભસ્મગ્રહની અસર નષ્ટ થઈ હોવા છતાં આશાતના ઘણી છે. આશાતના ટળે તો ચમત્કાર થાય. આવા સંઘનું એકવાર તો બહુમાન થવું જ જોઈએ. નમોઽર્હત્ આ પંક્તિ સિદ્ધસેનદિવાકરે બનાવી નથી પણ ચૌદપૂર્વની પંક્તિ હોવાથી બેનોને બોલાતી નથી. સંમતિતર્ક ગ્રંથ ઘણો જ કઠિન છે તે **સિદ્ધસેન દિવાકરે** બનાવેલ છે. સંઘની સ્થાપના તીર્થંકરો કરે માટે આવા સંઘની આશાતના ન થાય. દેરાસર - મૂર્તિ જોઈને આનંદ અનુભવો છો પણ તીર્થંકરે જે સંઘની પ્રતિષ્ઠા કરી તેને જોઈને આપણને આનંદ ન થવો જોઈએ ? એવા સંઘની નિંદા આશાતના પણ થાય ? ઝાંઝણશાને રાજાએ કહેવરાવ્યું કે, મોટા માણસોને લઈને જમવા આવો, ઝાંઝણે ના પાડી, મારે મન તો બધા જ મોટા છે.

સંઘની ધૂળ એટલે તેજંતૂરી છે. એ ધૂળ જ્યાં જ્યાં પડે તે પણ તીર્થ બને છે. સંઘ એટલે રત્નાકર. સંઘની ઉપાસના કરવાની છે. સંઘના કામમાં આડા ન પડાય. જે શેત્રુંજી નદી પર બેસીને ભૂતકાળમાં સંઘે નિર્ણયો લીધા છે તે જ શેત્રુંજી આપણને મળી છે. જે સંઘની પૂજા ઉપબૃંહણા કરે છે તે તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે. ઓછામાં ઓછી સોપારીથી પણ સંઘપૂજા કરવી જોઈએ. ગરીબ માણસની શક્તિ ન હોય તો કંકુ લઈને આવે ચાંલ્લા કરે તો પણ સંઘભક્તિ જ કહેવાય. સંઘનો સત્કાર કરો, મૂલ્યાંકન કરો, તમો નથી ભોગવી શકતા નથી ખરચી શકતા તો હવે ભેગા મળીને કરો.

**બીજું સાધર્મિક વાત્સલ્ય યાત્રાત્રિક ત્રીજું કર્તવ્ય**

રોજ પરમાત્મભક્તિનો ઘસારો તમને પહોંચે છે ! કેસર હાથે ઘસો છો ? જાતે ઘસવાથી જરૂરી જ ઘસાય. મા પુત્ર માટે હોટલની રોટલી નથી બનાવતી પણ પોતે જ બનાવે છે.

(દૃષ્ટાંત - મૂળદેવ - અચલ - દેવદત્તા) અચલની ભક્તિ કેવી ? મૂલદેવની ભક્તિ કેવી ? અચલે દેવદત્તાને ગાડાં ભરી શેરડી મોકલી ત્યારે દેવદત્તા કહે છે, હું હાથણી છું તે ગાડાં ભરી શેરડી ખાઉં ? મૂલદેવ એક જ ટુકડાથી સમારીને ટુકડા ગોઠવી મોકલે છે. તે આ દેવદત્તાને ગમ્યું કારણ આમાં કલા, પ્રેમ ભક્તિ ભરેલાં છે. ઘરની સામગ્રીથી પૂજા કરવામાં જે આનંદ આવે તે ભાડૂતી મંદિરની સામગ્રીથી આનંદ આવે ? તમારી રોજીંદી ભક્તિમાં કચાશ છે તેથી રથયાત્રામાં તમને કંટાળો આવે છે. દેવો નંદીશ્વર દ્વીપ જઈ આનંદ વ્યક્ત કરે.

**પ્રથમ યાત્રા અઠ્ઠાઈ મહોત્સવ**

(૧) સંઘ ભેગો મળીને કરે, અથવા વ્યક્તિગત પણ કરે. રોજ દાળ-ભાત-શાક-રોટલી.... રવિવારે મીઠાઈ તેમ રોજ કરતાં અઠ્ઠાઈ મહોત્સવ મીઠાઈ જેવો કહેવાય. તમે ધર્મના પ્રસંગમાં સંસાર ઘુસાડ્યો છે પણ ખરી રીતે સંસારમાં ધર્મ ઘુસાડવો જોઈએ. સાધુ અને પોસાતી વાપર્યા પહેલાં ચૈત્યવંદન કરે, વાપર્યા પછી પણ ચૈત્ય કરે. ભક્તિ દરેક પ્રસંગે ઘુસાડી દેવી જોઈએ.

(૨) રથયાત્રા : જૈનો પ્રત્યે, ભગવાન પ્રત્યે, આકર્ષણ જાગે તે તેની વિશેષતા છે. વરઘોડામાં માથે પાઘડી પહેરે પગ ઉઘાડા. હવેના કાળમાં માથું ઉઘાડું પગ બંધ. જૈનોએ રથયાત્રામાં જોડાવાનું છે, માત્ર વરઘોડો જોવાનો નથી. અરિહંતની દૃષ્ટિ જ્યાં જ્યાં પડે ત્યાં ત્યાં અમૃતવૃષ્ટિ થાય.

(૩) તીર્થયાત્રા : દશ દિવસમાં વીસ દિવસની યાત્રા તમે કરો છો. આ યાત્રા ન કહેવાય પણ પર્યટન કહેવાય. મંદિરોમાં ન જાય પણ હોટલોમાં જાય.

છહરીપાલિત - (૧) બ્રહ્મચારી, (૨) પાદચારી, (૩) એકલઆહારી, (૪) ભૂમિસંથારી, (૫) સચિત્તપરિહારી, (૬) ગુરૂસાથચારી રસ્તામાં આવતા મંદિરોને ઓળંગી જાય તો પ્રાયશ્ચિત્ત આવે. હીરો ઘોઘે જઈને આવ્યો, પણ ડેલીએ હાથ દઈ આવ્યો. આપણી વાત કંઈ આવી જ છે. બનારસી સાડીનું સુંદર વર્ણન આવડે, પણ તીર્થયાત્રામાં ભગવાન કેવા હતા વિગેરે ન આવડે. તીર્થોમાં રાત્રિભોજન ચાલે તે વાસ્તવિકતા નથી જ. નાથ માટે યાત્રા નથી કરતા પણ નાક માટે કરો છો. કુમારપાલ રાજા... રસ્તે આવતાં હજારો વૃક્ષોને નમસ્કાર કરે છે, કારણ ઝાડોએ છાંય આપી છે. વસ્તુપાલે સાડાબાર સંઘ કાઢ્યા પણ નામનાનું નામ નહિ **અન્યસ્થાને કૃતં પાપં, તીર્થસ્થાને વિનશ્યતિ તીર્થસ્થાને કૃતં પાપં, વજ્રલેપો ભવિષ્યતિ.** અરિહંત અરિહંતમય બની જાઓ તો ભ્રમર ઈલિકાન્યાય લાગે ભાવનિક્ષેપાના તીર્થંકર કોણ ? નોઆગમથી સમવસરણમાં બેઠેલા. સંસારના કામો માટે ટાઈમ કાઢો છો તેમ હવે તીર્થયાત્રા માટે પણ કાઢો.

**૪. કર્ત્તવ્ય, સ્નાત્ર મહોત્સવ**

જૂનામાં જૂની સ્નાત્રપૂજા છે. તમે સિદ્ધચક્ર કે, કોઈપણ પૂજન ભણાવો પણ પહેલી સ્નાત્રપૂજા જોઈએ જ. આતમભક્તિ ચાલતી હોય અને તમે પ્રક્ષાલ કરવા દોડી જાઓ એ અવિધિ છે. દેવ ગમે તેટલી ભક્તિ કરે પણ ચોથા ગુણસ્થાનકથી પાંચમે ન પહોંચે. ભક્તિ કરતાં સાડા ત્રણ ક્રોડ રોમરાજી ખીલી ઊઠવી જોઈએ. વર્ષાઋતુથી કદંબપુષ્પ ખીલી ઊઠે તેમ ભક્ત ખીલી ઊઠે. એકલી ક્રિયાથી કામ ન ચાલે, ભાવ ભરતા રહો.

**પાંચમું કર્ત્તવ્ય દેવદ્રવ્યની વૃદ્ધિ**

(૧) વૃદ્ધિ (૨) રક્ષણ (૩) વિનિયોગ

દેવદ્રવ્ય અંગે આ ત્રણ નિયમો જે પાળે તે તીર્થંકર બને અને આશાતના કરે તે ભવમાં ભટકે. સંકાસ નામનો શ્રાવક દેવદ્રવ્યના ઉપભોગથી ઘણો ઉપદ્રવ પામ્યો, કોઈ કેવલજ્ઞાની મળ્યા પછી નિયમ લે છે, કે જે કમાણી થાય તે ભક્તિમાં વાપરવી. મોટામાં મોટો ભય પરિગ્રહનો છે, માટે

વાપરી લો. એક શેઠે મંદિરના ચોખામાંથી ભાત બનાવ્યા, સાધુ વ્હોરવા ગયા, ભાત ખાધોને વિચાર ફર્યો. સાધુ ઓઘો પાછો આપવા ગયા. ગુરૂ ચેતી ગયા. શું થયું ? તપાસ કરાવી, શેઠને સમજાવ્યા. દેવદ્રવ્યનો કણિયો જો આટલું નુકસાન કરે તો ઘણું ખાય તેને શું ન થાય? શેઠ ન સમજ્યા, હારી ગયા, સાધુને નેપાલાની ગોળી આપી બધું નીકળ્યું ત્યારે સ્વસ્થ થયા. રક્ષણ અને વિનિયોગ બરાબર જોઈએ.

**કરકસરી શેઠ**

વહુને મોતી ઘસીને આપ્યાં, માથાની ચિંતા કરી. તેલનું ટીપું જોડા ઉપર ઘસ્યું. દેવદ્રવ્યમાં વાપરો તે સોના જેવું છે. પરભવમાં રૂપિયા કામ ન આવે પણ દાનમાં ખરચી લો તો બીજા ભવમાં રૂપિયા ટપકી પડે. ખુદા દેતા હૈ તો ખપ્પર ફાડકે દેતા હૈ.

**ત્રણ પ્રકારના લક્ષ્મી... પુત્ર**

(૧) **લક્ષ્મીદાસ** - પૈસાની આરતિ જ ઉતારે. ભેગા જ કરતો રહે વાપરે જ નહિ.

(૨) **લક્ષ્મીપતિ** - ભોગવે જ જાય.

(૩) **લક્ષ્મીનંદન** - લક્ષ્મીને મા સમજે, ઉત્તમ સ્થાનોમાં વાપરે.

**ઈતિહાસની વાર્તા**

એક શેઠ અને પુત્ર હતા. સોળક્રોડની મિલ્કત હતી, વધારવા આકાશ-પાતલ એક કરે, પણ જ્યારે સરવૈયું કરે ત્યારે સોળનો જ આંકડો આવે. એકવાર કેવલજ્ઞાની પધાર્યા, કારણ પૂછ્યું, પૂર્વભવમાં તમે પિતા-પુત્ર હતા, એકવાર સોળ સાધુ ભગવંત પધાર્યા, બાપે કહ્યું, સોળ સાધુ મહારાજને સોળ લાડવા આપ. પણ પુત્રે વિચાર્યું સોળ જ શા માટે ? તેણે વધારે લીધા. બાપે જે સોળ જ આપ્યા તો સોળનો જ આંકડો રહ્યો, પછી બાપે આ ભવમાં વધારે સુકૃત કર્યું તો આગળ વધ્યા.

**મહાપૂજા છટ્ઠું કર્ત્તવ્ય**

માત્ર પૂજા જ નહિ મહાપૂજા. ગભારો, શિખર, જવા - આવવાનો રસ્તો પૂજવો તે મહાપૂજા. મંદિરનાં પગથિયાંએ કેટલાંને ચઢાવ્યા, રંગમંડપમાં કેટલાં વર્ષ સુધી આરાધનાઓ થઈ ? તેથી તેની પણ પૂજા થાય. ભગવાનના પગ રોજ સ્પર્ધા કરે છે, ચરણકમલની પૂજામાં બધી પૂજા આવી ગઈ. જે રંગમંડપમાં આઠ આઠ પૂજા રોજ થાય તે રંગમંડપની પૂજા કરવાની છે. ભગવાન ગંભીર છે, ભક્તોને ભગવાન રીઝવવાનું સ્થાન તે જ રંગમંડપ. કોઈ મોટો માણસ જલ્દી હસે નહિ પણ ભક્તો સારૂં સારૂં ગાઈ બોલી રીઝવે, તેમ ભક્તો અષ્ટપ્રકારી પૂજા કરી ભગવાનને ખુશ કરે છે. ગભારો - હવા વગરનો હોય.

અંગપૂજા કરનારને હું પકડી રાખીશ. બહારની હવા હું અંદર નહિ આવવા દઉં. જ્યાં ત્રણ પ્રકારની અંગપૂજા થઈ રહી છે, એવો આ ગર્ભગૃહ કેટલો પવિત્ર છે. શિખર કહે છે કે, હું છત્રરૂપ છું, ધજાથી દરેકને આ મંદિરમાં હું બોલાવું છું, બહાર શાંતિ નથી, અહીં મંદિરમાં આવો, ભગવાન તો પૂજનીય છે જ પણ પેલા જડપદાર્થોય પૂજનીય છે. દાઢા જડ છે પણ બે ઈન્દ્રો લડે ત્યારે

ભગવાનની દાઢાનું જ પ્રક્ષાલ જલ તેને છાંટે ત્યારે શાંત થાય. નાનાને શાંત કરી શકાય, મોટાને કોણ કરે ? દાઢાઓ પુદ્ગલ હોવા છતાં તેની તાકાત ઘણી છે.

**સાતમું કર્ત્તવ્ય રાત્રિજાગરણ**

કલ્પસૂત્ર અને બારસાસૂત્ર બંને મહાનગ્રંથ છે. આગમ ઘેર આવે ને જાગરણ કરે. આગમની ભક્તિ કરવી. મહાપુરૂષોનાં ગીતો ગાઈને ભક્તિ કરવી. ડિસ્કોડાન્સ અને રાત્રિભોજન થવું ન જોઈએ. અર્ધો કલાક બધાં ભેગાં બેસો, મળો, એકબીજાને વાતો પૂછો, ધર્મમાં સહાય કરો, તો ઘર પણ સંસ્કારી બને, બાળકોને સંસ્કાર આપો, માજીને પણ સુંદર વાતો કરીને રાજી રાખો.

**આઠમું કર્ત્તવ્ય શ્રુતભક્તિ**

જ્ઞાન એ દીવો છે, પ્રકાશ છે. જ્ઞાન વિના અંધારૂં છે, અંધારામાં ભટકાઈ જવાય, દિશા ભૂલાય. જ્ઞાન એ વિવેક છે. પૈસો એ ઠોકરે ચઢાવશે, પણ જ્ઞાનનો પ્રકાશ એ વિવેક આપે છે. અજ્ઞાની વ્યાખ્યાનમાં નહિ બેસે, મિત્રને લઈને હોટલમાં જશે.

મનુષ્યજન્મમાં આવ્યો હતો યોગની સાધના કરવા, પણ પડ્યો ભોગમાં, આવ્યો હતો આત્મોદ્ધાર કરવા પણ લપટાઈ ગયો પુદ્ગલમાં, જ્ઞાન વિના ભૂલો પડ્યો. **પઢમં નાણં તઓ દયા.** સાપને દોરડું માને અજ્ઞાની આત્મા વિષયોને સુંવાળા માની પકડી લે છે. જ્ઞાની છોડાવે છે પણ તે માનતો નથી. વિષયો એ વિષનાગ જેવા છે. મરવાની તૈયારીવાળી કીડીને પાંખ આવે છે. જેટલી સામગ્રી વધે તેટલી તમને મારનારી જ છે.

**મજ્જત્યજ્ઞ કિલાજ્ઞાને, વિષ્ઠાયામિવં શૂકરઃ**
**જ્ઞાની નિમજ્જતિ જ્ઞાને, મરાલ ઈવ માનસે.**

**જ્ઞાનસાર -**

ના કલાક તો શ્રુતજ્ઞાનની આરાધના કરવી જ જોઈએ. **સા વિદ્યા યા વિમુક્તયે** તે જ જ્ઞાન ભણવું જે મુક્તિ માટે થાય. શ્રુતજ્ઞાનની ભક્તિ કરો, ભણતાને સહાય કરો. ઘેર ઘેર પાઠશાળા કરો, ધર્મની ચર્ચા કરો. ભગવાન ઘરમાં આવે તો આશાતના થાય, અને નટનટીઓનાં ચિત્રો આવે તો આરાધના થાય ? ધાર્મિક ઉપકરણો આવે તો ન ગમે. તમારા ઘરમાં ચિત્રો કેવાં ? વહોરવા આવતાં વિચાર થાય. અમે સ્થૂલિભદ્રના અવતાર નથી. શ્રુતજ્ઞાનનો પ્રેમ તમને નથી, ચરવળાની જરૂર તો સંવત્સરીએ જ પડે ને ? સાધુની પાસે આવીને કટાસણાં માગે. મુહપત્તિ માગે. શ્રાવકોને નવકાર માંડ આવડે. ઓછામાં ઓછું સામાયિક લેતાં પારતાં, ચૈત્યવંદન કરતાં તો આવડવું જોઈએ ને ? કર્મગ્રંથનાં વર્ણન બંધ રાખવાં પડે છે. ભગવાનની ભક્તિ શ્રુતજ્ઞાન શીખવાડે છે. કેવલજ્ઞાન કરતાં પણ શ્રુતજ્ઞાન ચઢિયાતું કહેલ છે. શ્રુતજ્ઞાન બોલતું છે, ધોરી નસ જેવું છે. કાગળ પર જ ભેળ ખાય, ફટાકડા ફોડી કાગળ બાળી દો છો, એંઠા મોંએ બોલો, સંડાસમાં જ્ઞાન - ઘડિયાળ લઈને જાઓ, આશાતનાનો પાર નથી, આરાધનાનું નામ નથી. જેણે શ્રુતજ્ઞાનની ભક્તિ કરી નથી તે પાગલ જેવા છે.

વિદ્યાર્થીને શિક્ષકે કહ્યું, માયહેડ એટલે મારૂં માથું, શીખ. વિદ્યાર્થીએ ગોખ્યું, શિક્ષકે કહ્યું, બોલ. પેલો બોલ્યો, શિક્ષકનું માથું. ઘેર ગયો. પપ્પાએ કહ્યું, મારૂં માથું તો પપ્પાનું માથું ગોખ્યું,

સમજી ન શક્યો, અજ્ઞાન છે. તમને ધર્મની વાતો સમજાતી નથી, કારણ શ્રુતજ્ઞાન મળ્યું તો ઉપેક્ષા કરી, આશાતના કરી. કાગળ રખડતા મૂકવા નહિ, ઉપર ખાવું નહિ, બાળવા નહિ, વિગેરે આશાતના છે. આશાતનાનો ખટકો લગાડો, તો કર્મ ઓછાં બંધાશે. જૈનના કપડામાં કોઈ મોરના ચિત્રોને ધોકા મારે તો પાપ લાગે.

**નવમું કર્ત્તવ્ય ઉદ્યાપન ઉજમણું**

દુર્ગતિમાં પાડે તે અધિકરણ. મોક્ષમાર્ગમાં ઉપકાર કરે તે ઉપકરણ. તમારૂં મકાન ડૂબાડનારૂં પણ ઉપાશ્રય કરો તો તારનાર બને. ઘરમાં ઓઘો રાખો તો તારનાર બને. નાચવાનું મન થાય. ઘરમાં પાત્રાં રાખો તો દીક્ષા બાદ ગોચરી મળે. કપડાં હોય તો પહેરવાનું મન થાય. દર્શનનાં ઉપકરણ રાખો તો સમ્યકૃત્વ નિર્મળ બને. જે આ ભવમાં ઉજમણું કરે તેને ચારિત્ર મળે. તેને સીમંધર સ્વામી પણ મળે, ચારિત્ર લેવાનું પુન્ય ઊભું થાય.

**દશમું કર્ત્તવ્ય તીર્થ પ્રભાવના**

એવી પ્રભાવના કરો કે જિન શાસનનાં બી વવાય. તપસ્વીનાં બહુમાન કરાય, પૂજામાં આવેલાને કદાચ ન આપો પણ રસ્તે જતા સાધર્મિકને જરૂર આપો. તીર્થની પ્રભાવના કરવી હોય તો પહેલાં જીવદયા અનુકંપા કરો. તીર્થંકર પરમાત્મા પણ દ્રવ્યદયા પહેલાં કરે છે. કોઈ ગળામાં હાર, માથે મુગુટ પણ ધોતિયું ન પહેરે તો પાગલ કહેવાશે. ધોતિયું એ જીવદયા છે. અનુકંપા એ કપડું છે. ગુરૂભક્તિ એ નેકલેસ છે. આ બધું હોય તો પ્રભાવના થાય. જીવદયા, અનુકંપાથી અહો અહો થાય. બીજાને અહોભાવ થયો તે જૈન બને જ. આપણે પણ આ રીતે જૈન બન્યા હોઈશું. ધર્મનાં બીજ પડે. તીર્થ પ્રભાવના ન કરી શકો તો કાંઈ નહિ પણ હીલના તો ન જ કરો.

લોકો તમને જૈન તરીકે ઓળખે અને તમે તેને રાત્રિભોજન કરાવો, બટાટાં ખવડાવીને ચાંલ્લાને લજવો છો. પાપ કદાચ કરે તો પણ જાહેરમાં પાપ કરનારો જૈન અધમાધમ કોટિમાં આવે. જૈનત્વને કલંક લગાડો છો. હોટલમાં જૈનો જ ઘણા જાય. મરદ બનીને રાત્રિભોજનના રીસેપ્સનમાં ન જાઓ. મિત્રને ભલે ખોટું લાગે, મારા ભગવાન અને ગુરૂને ખોટું ન લાગવું જોઈએ.

**અગિયારમું કર્ત્તવ્ય, આલોચના શુદ્ધિ**

જેની સાથે આપણું વૈર થયું તે તો આપણે ક્ષમાપનાથી શુદ્ધ થયાં પણ ભૂતકાળમાં કષાયો થયા તેના ડાઘ રહી ગયા. તો તે ડાઘાની શુદ્ધિ કરવી જરૂરી છે. અઢાર પાપસ્થાનક - ૮૪ લાખ જીવયોનિ સાથે કરેલાં વૈર એની જો શુદ્ધિ કરવામાં ન આવે તો પાપોનું દેવું વધી જાય, દેવું વધે તો મન ભારે થાય, તેમ લાગવું જોઈએ. પાપ તે પાપરૂપે લાગવાં જોઈએ. આપણે આપણી જાતને દોષી, અપરાધી માનતાં નથી, પાપો કર્યા પછી દંભનું સેવન કરીએ છીએ. પાપને છુપાવી જાતને સારી દેખાડવી તે જ દંભ છે. ગુરૂભગવંતને આરાધનાનું લીસ્ટ બતાવો છો પણ જે વિરાધના કરો તે જણાવતા નથી.

ડૉક્ટર પાસે જઈને તબિયતની ગરબડ બતાવાય તેમ ગુરૂ પાસે જઈ દોષ જ ગાવાના હોય, ગુણ ન ગવાય. શ્રાવકને, સાધુ ન બન્યો તેનો અસંતોષ હોવો જોઈએ, સાધુને, કેવલજ્ઞાન ન પામ્યો

તેનો અસંતોષ હોવો જોઈએ. તમારી સાધના મોળી છે, અને પાપો રસ આસક્તિથી ભરેલાં છે, પછી ક્યાંથી ઊંચા અવાય ? ભોજન કેવી આસક્તિથી કરો છો ? અને ભજન કેવું કરો છો ? આંખ મીંચાયા પહેલાં પાપનો એકરાર કરી લો. પાપ ન કરો તે પહેલી ભૂલ. પ્રાયશ્ચિત ન કરો તે બીજી ભૂલ. કર્મસત્તા કહે છે કે, પહેલી ભૂલ હું ચલાવી લઈશ પણ બીજી ભૂલ હું નહિ ચલાવું. અનાદિના સંસ્કારથી પહેલી ભૂલ થાય, પણ બીજી ભૂલનું પ્રાયશ્ચિત તમારા હાથમાં છે. બહારનું જોવું તે જ પાપ છે. લક્ષ્મણા સાધ્વી જે પોતાનાં પાપો છૂપાવે છે, તેમને કેવલજ્ઞાનીઓ પણ પ્રાયશ્ચિત આપતા નથી. ક્રોધી, માની, લોભીને પ્રાયશ્ચિત આપે, પણ માયીને નહિ. પોતાના મનથી આલોચના કરી, ચોરાશી ચોવીશી સુધી રખડી, હવે આવતી ચોવીશીમાં મોક્ષે જશે.

રૂક્મિ સાધ્વી - માયાના પ્રતાપે, ૧ લાખ ભવ નપુંસકના અને તિર્યંચના કરશે. પાપીનાં નામ લેવાથી ભોજન પણ ન મળે. આલોચનાની શુદ્ધિ કરનારને દેવો પણ નમે છે. દુનિયા પાપને છૂપાવીને બહાદુરી માને, જ્યારે મરદ આલોચના કરીને માને. પાપના એકરાર કરનારને ગુરૂમહારાજ પ્રેમથી આલોચના આપે છે. પાપ કરનારા પાપની શુદ્ધિની ભાવના ભાવતાં ભાવતાં જ અનંતા કેવલજ્ઞાન પામી ગયા. સંભળાવતાં અનંતા મોક્ષ માનસંજ્ઞા તોડનાર માનવમાંથી મહામાનવ બને છે. ઉપદેશકાર કહે છે કે, બધાં ધર્મસ્થાનોને આરાધે પણ કરેલા પાપોનું જે પ્રાયશ્ચિત કરતો નથી તે ગુણસ્થાનકમાં આગળ વધી શકતો નથી. પરંતુ નીચે ઊતરતો જાય છે. પાપની આલોચના એ મહામંગલકારી કાર્ય છે, ગુરૂમહારાજ પાંચસો માઈલ દૂર હોય તો ય કરવા જવું જોઈએ. સારી ઘડી, સારૂં મૂહૂર્ત જોઈને જવાનું, અને ગુરૂ મહારાજના ખોળામાં માથું મૂકી શુદ્ધિ કરવાની. જેણે એકવાર પ્રાયશ્ચિત નામની ફેક્ટરીમાં પાપ ધોઈ નાખ્યું તેને ફરીથી પાપ કરતાં આંચકો લાગે છે, મસોતાં જેવાં કાળાં કપડાં પહેરનારને ગમે ત્યાં બેસે તો ચાલે પણ સફેદ કપડાં પહેરનાર ન બેસે. એકવાર આલોચના લઈ શુદ્ધ થઈ જાઓ.

**ચાર મહાપાપી**

(૧) દેવદ્રવ્યનું ભક્ષણ કરનારો (૨) સાધુનો હત્યારો (૩) સાધ્વીનું શીલ ખંડન કરનારો (૪) આલોચના શુદ્ધિ ન કરનારો.

જો તમે આ ભવમાં જ પ્રાયશ્ચિત કરી લો તો આ જ ભવમાં મોક્ષ. ઝાંઝરિયા ઋષિને મારનાર રાજા મોક્ષ પામ્યો. કર્મસત્તા ઘણી ઉદાર છે, પ્રાયશ્ચિત કરનાર માટે. પાપનો સ્વીકાર રહી ગયો તો પરમાધામી મારીને રોવડાવશે. ક્યારેક ભરૂચના પાડા થઈને પાણી ખેંચવા પડશે. તે વખતે કર્મસત્તા દયા નહિ કરે. છોતરાં ઉખેડી નાખશે. માટે મરતાં પહેલાં પાપ સ્વીકારીને શુદ્ધ બની જાઓ. નહિતર ત્રિપૃષ્ઠના ભવમાં કરેલાં પાપ મહાવીર બનીને ઉદયમાં આવશે. ભગવાને તો સમતાથી સહન કર્યાં પણ તમે શું કરશો ? અહીં થોડી પીડામાં અકળાઈ જનારો ત્યાં કેવી રીતે સહન કરશે ? દશ કર્ત્તવ્ય કરો પણ આલોચના ન લો તો સંવત્સરી ફેલ થઈ જવાની.

અતિચાર આવે ત્યારે સૂઈ જાય, કાં તો માત્રું કરવા જાય. જો ભવનાં પાપ શુદ્ધ નહિ કરો તો પ્રતિક્રમણ ભંગાર ખાતે થશે. પાપોનો એકરાર કરો, કબૂલ કરો, રડતા હૈયે, કકળતા દિલે પસ્તાવો

કરો. **ઓહરિહ ભરૂવ્વ ભારવહો.** પાપોનાં સાપોલિયાં ઘણાં કરડી રહ્યાં છે, ભયંકર દશ્યો આપે છે. આત્મશુદ્ધિ એ સાધનાનો પાયો છે.

અગિયારમું કર્ત્તવ્ય લખીને પણ આપી દો, એકરાર કરવો ઘણો આકરો છે. આપણી સામે કોઈ પાપી વ્યક્તિ આવે તો આપણને નથી ગમતો, પણ આપણે પોતે પાપ કરતાં શરમાતા નથી. અનીતિ કરનાર નથી ગમતો આપણે પોતે કરીએ છીએ. આપણે કરીએ છીએ તે બરાબર લાગે છે. જગતને જોતાં પહેલાં જાતને તપાસી લો. ધર્મદાસગણિવર કહે છે, હોય વિપાકે દશગણું રે એકવાર કિયું કર્મ. નાગદત્તનો બાપ બોકડો થઈ ગયો.

બે મુખ્ય કર્ત્તવ્ય, એક ક્ષમાપના

બીજું આલોચના

**આ રીતે અગિયાર કર્ત્તવ્ય પૂર્ણ થયા.**

# કલ્પસૂત્રનાં છૂટક વાક્યો

કલ્પનો અર્થ મર્યાદા, આચાર છે, ઓળખાણ તો સાધુથી અપાય. ભગવાનની દેશના સાધુધર્મ ઉપર છે.

**કલ્પસૂત્રના ત્રણ વિભાગ**

(૧) ઋષભદેવનો (૨) અજિતનાથથી પાર્શ્વનાથનો (૩) મહાવીરસ્વામિનો છે.

**શય્યયા તરતિ ઈતિ શય્યાતર :**

કોઈની પણ અપેક્ષા વિના આપે તે મુહાદાઈ. રાજાનો પિંડ લઈ સાધુ પ્રમાદી બની ન જાય. તે ધ્યાન રાખવા કહેલ છે. પાંચમા આરામાં તરવા માટે જ્ઞાન અને ચારિત્ર નથી પણ સમ્યગ્દર્શન શ્રદ્ધા છે, તેમાં ફરક પડતો નથી પણ જ્ઞાનચારિત્ર વધવા સાથે તર્ક વધી ગયા હોવાથી શ્રદ્ધા ઘટી ગઈ છે. માયા કપટ કરે તે મોક્ષ પામી શકતો નથી, જે એમ કહે કે, હાલ ધર્મ નથી, તપ જપ નથી, તો મોક્ષ નથી, પણ જે થોડી સરળતા છે તે જ તારનાર છે. (૧) આહાર, (૨) વસતિ, (૩) આહાર ઠંડાં હોય તો સાધુ માંદા પડે, પૂર્વકૃત કર્મ પણ છે જ. કોઈ કહે કે, સાધુ માંદા કેમ પડે ? તો ઉપરનાં ત્રણ કારણો છે.

અસંખ્ય નમસ્કાર થાય તો જ એક સામર્થ્યભાવનો સાચો નમસ્કાર થાય. માટે તપ, જપ બધું અસંખ્ય કરવું જ પડે. ૧૬૩૮૩ હાથી પ્રમાણ શાહીથી ચૌદપૂર્વ લખાય છે. જેને ભગવાનના દર્શનમાં હર્ષ, રોમાંચ, સંભ્રાંત થાય તેના યશ - આદેય - સૌભાગ્ય વધી જાય. દીક્ષા લીધા બાદ છ મહિના સુધી ઘણી કસોટી થાય. એક જીવે સસલાની દયા કરી, તે જીવદયાથી સર્વવિરતિ મળી. પ્રથમ હાથીના ભવમાં ૭ દિવસ રહ્યા પણ સ્વાર્થથી પોતાની જાતને બચાવવા માંડલું કર્યું તો બીજા ભવમાં હાથી થયો, પણ બીજીવાર સાત દિવસ ધર્મધ્યાનમાં કાઢ્યા તો મેઘકુમાર થયા.

**તીર્થંકરોની વિશેષતા**

| | |
|---|---|
| જિણાણં જાવયાણં | દશમું ગુણસ્થાનક |
| તિન્નાણં તારયાણં | બારમું ગુણસ્થાનક |
| બુદ્ધાણં બોહયાણં | તેરમું ગુણસ્થાનક |
| મુત્તાણં મોઅગાણં | ચૌદમું ગુણસ્થાનક |
| થોડી વાતમાં જેને સંતોષ નથી | તે તુચ્છ છે |
| બીજાની ઈર્ષ્યા કરે | તે ક્ષુદ્ર છે |
| સંગ્રહખોરી કરે | તે કૃપણ છે |
| માંગ માંગ કરે | તે દરિદ્ર છે. |

ભગવાન અતુચ્છ, અક્ષુદ્ર, અકૃપણ, ખુમારીવાળા છે. વૈરાગ્ય વિના જ્ઞાન નથી, વીતરાગત્તા નથી.

જ્ઞાન, વિદ્યા, સંપત્તિ, સત્તા, રૂપ આ પાંચ વિવેક વિના મળે તો મારનાર થાય. આસુરી તત્ત્વથી ભગવાન પોતાનું રક્ષણ કરી શકે તેમ હતા, ગૌતમસ્વામી પણ લબ્ધિવંત હતા. પણ પ્રમત્તદશા આવે તો જ લબ્ધિ પ્રયુંજી શકે, ભગવાન કોઈને પણ પ્રમત્ત બનાવવા માંગતા ન હતા, ભગવાન પાસે દેવો પણ હતા પણ ભગવાને કોઈની સહાય ન લીધી. (નિશ્ચિતભાવ સ્વીકાર).

**પડતા કાળનું પ્રતીક**

એક કાળ એવો હતો કે, ભણે તે કૃતજ્ઞતા બતાવે, ભણ્યા પછી ભવોભવ ઉપકાર ભૂલે નહિ.

આજે ભણતાં ભણતાં પણ ગુરૂનો તિરસ્કાર કરે, ભગવાન ક્યારેય કઠોરભાષા ન વાપરે પણ ગોશાળા વખતે વાપરી કારણ તેને તારવો છે. કરોડો દેવ જીરો છે, એક માનવ હીરો છે પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ. કારણ માનવ ન હતો.

**વનમાલા**

નબળો માણસ સારી વસ્તુ રાખવાથી આપત્તિ પામે. જ્યાં વધુ હર્ષ ત્યાં શોક. જ્યાં ઘણું હસો ત્યાં ઘણું રડો. પીંજારો ઘણું રૂ જોઈ પાગલ થઈ ગયો. કાંતશે કોણ ને પીંજશે કોણ ? વનમાલાના તાપસપતિએ દ્વેષભાવથી યુગલને રાજારાણી બનાવી પાંચે ઈન્દ્રિયોના સુખમાં પાગલ બનાવી દુર્ગતિમાં મોકલ્યાં તે હિતચિંતક ન કહેવાય. તો તમે તમારાં છોકરાંને સંસારની જે જે જરૂરિયાત આપો તે હિતકારી કે અહિતકારી ?

ચમરાનો ઉત્પાત. દ્રવ્યતીર્થંકરની તાકાત. છદ્મસ્થ અવસ્થાવાળો પણ ભગવાનનું શરણું લીધું તો બચી ગયો, દ્રવ્યતીર્થંકરનો પણ એટલો બધો પ્રભાવ છે. સીમંધરસ્વામી હાજર હતા છતાં મહાવીરનું શરણું લીધું.

ચમરેન્દ્ર એટલે આપણે, સૌધર્મેન્દ્ર એટલે કર્મસત્તા. વજ્ર પડશે ક્યાં ને ફેંકાઈ જશું ક્યાં. માટે પરમાત્માનું શરણ સ્વીકારો. માફ કરી દેશે. ભગવાન એ ધર્મસત્તા છે.

**નયસારનો ભવ**

તેન ત્યક્તેન ભુંજીથા: આપો અને છોડો.

**ધર્મસ્યાદિપદં દાનં, દાનં દુર્ગતિનાશનં;**
**જનપ્રીતિકરં દાનં, દાનં કીર્તિ વિવર્ધનં.**

કોઈ તીર્થંકર સમકિત પામીને નરકે નથી ગયા, સિવાય મહાવીર ઘણી ભૂલો કરી, લાગણીમાં તણાતા ગયા, બાવીશમા ભવે લાઈન બરાબર થઈ. જે સતત કરૂણાભાવનામાં રમતો હોય, તેને જ જિનનામ કર્મનો બંધ ચાલુ હોય. દશમા દેવલોકમાં પણ સમકિત ઝલાહલ અને કરૂણા જોરદાર.

**જન્મ પહેલાં**

પહેલાના કાળમાં પત્ની, પતિનું નામ ન દેતી અને પતિ પત્નીને નામથી ન બોલાવતો, પણ દેવાનુપ્રિય ! દેવાનુપ્રિયા બોલતા હતા. નામથી બોલાવે તો પવિત્રતા નાશ પામે અને ભોગની ઉત્કંઠા જાગે. કોઈ ભોળી બાઈનો પતિ માંદો પડ્યો, કોઈએ તેને જાપ આપ્યો. **ૐ નમો વાસુદેવાય.** પણ પત્નીના પતિનું નામ વાસુદેવ હતું, તેથી નામ કેમ બોલાય ? તેથી બબલાના બાપાને નમસ્કાર હો... નમસ્કાર હો... જે એક સારા કૃત્યની અનુમોદના, ઉપબૃંહણા નથી કરતો તે હજાર સુકૃતોની અનુમોદના કરી શકતો નથી.

સારાં સ્વપ્નાં આવ્યા બાદ જો ઊંઘી ગયા તો સ્વપ્નાં નિષ્ફળ જાય તેમ સારી ભાવના આવ્યા બાદ સારા કામોમાં જ સ્થિર રહો નહિતર ભાવના નાશ પામે. બીજા-ત્રીજા વિચારોમાં અટવાયા તો સારા વિચારો નાશ પામે. સિદ્ધાર્થ રાજાના દરબારમાં નોકરવર્ગને કૌટુંબિક કહીને બોલાવતા, માન આપતા. સજ્જન પુરુષો કદાચ ક્રોધ કરે તો પણ **આપ ઐસા ક્યું કરતે હો** એવી માનવાચક ભાષા જ બોલે, મોટી મારવાડના પુરૂષો ઝઘડા કરે તો પણ આપ જ બોલે.

નોકરોને બોનસ સારૂં આપો તો આપણાં કામો સારાં કરે. એક ડાહ્યાલાલ નામનો નોકર હતો, શેઠ માંદા પડ્યા અને નોકર ડોક્ટરને બોલાવવા ગયો, બે કલાકે પાછો આવ્યો, ઠાઠડીનો સામાન લેતો આવ્યો, શેઠે પૂછ્યું, આ બધું શું ? તો નોકર કહે, તમે કહેલું કે બધાં કામો સાથે કરવાં, તેથી હું બધું ભેગું પતાવતો આવ્યો.

**જોક્સ**

પપ્પા ! મારી મમ્મી જાદુગર છે ? હા બેટા, એ બાજુના પડોશીને કહેતી હતી કે, આમ તો બબલાના બાપા સિંહ જેવા હતા પણ મારા લગ્ન પછી શિયાળ જેવા થઈ ગયા છે.

**ગણધરવાદનાં સુવાક્યો**

તર્કથી તમે ધર્મમાં આગળ વધી ન શકો, ધર્મમાં વધવા શ્રદ્ધા જ જોઈશે.

તર્કથી સંસાર ચાલતો નથી, એક અમેરિકન બાઈને ભારતીય બાઈએ કેળાનું ભજીયું ખવરાવ્યું પછી અમેરિકન બાઈને થયું કે, ભજીયામાં કેળું કેવી રીતે ઘૂસી ગયું ? આ તર્ક છે, શ્રદ્ધા નથી.

નાનકડું બાળક માને વળગીને ચાલે તો જ સલામતી છે.

બુદ્ધિ આપણી તેજ નથી. ગૌતમે ભગવાન સાથે વાદ કર્યા જ નથી. પ્રશ્નોનાં ઉત્તર જ આપ્યા છે અને શ્રદ્ધાથી સમર્પણ કર્યું છે.

સૂર્યના કિરણોની શક્તિ ઘણી છે, આખા જગતને પહોંચે છે.

વૈજ્ઞાનિકો કબૂલ કરે છે તેમ આપણે ધ્યાનદ્વારા અષ્ટાપદ પહોંચી શકાય. શુક્લધ્યાનદ્વારા કેવલ થાય તે નિર્વિવાદ છે.

ગરૂડ પણ આકાશમાં ઊડી શકે છે, માછલી પાણીમાં તરી શકે છે, આમાં શું મોટી વાત છે ! બાકી તો સમ્યગ્દર્શન મેળવવું એ જ મોટી વાત છે.

આત્માને ઉપમા આપી ન શકાય.

એકવાર ઊંટ અને ગધેડો ભેગા થઈ ગયા, અને ગધેડાએ ઊંટનાં વખાણ કરવા માંડ્યા. અહો રૂપં અહો રૂપં કામદેવ જેવું અને ઊંટે ગધેડાંના વખાણ કરવા માંડ્યા. અહો ધ્વનિઃ અહોધ્વનિઃ સુંદર રાગ છે.

**મોક્ષ અંગે**

જીવને માનનારો આસ્તિક છે, મોક્ષને માનનાર સમકિતી છે. સંસાર એ પ્રવૃત્તિ છે, મોક્ષ એ નિવૃત્તિ છે. પૂર્વમાં અંત નથી પણ ઉત્તરમાં એન્ડ મળી શકે. પૂર્વના દાદા બાપા છે, પણ ક્યારેક અસંતાનનો પુત્ર ન હોય તો વિચ્છેદ છે મોક્ષમાં શું છે ? વેરાયટી અલગ અલગ નથી. એક જ વસ્તુ શું મજા ? ખાવાનું, પીવાનું કાંઈ નહિ શું મજા ?

છોકરો અને મા જમવા બેઠાં. મીઠાઈ હતી, છોકરાએ મીઠાઈ ખાઈ લીધી, અને પેંડા તરફ નજર કરી, માએ આપી દીધો. ભોગ કરતાં ત્યાગની વિશેષ મજા છે. જગતના તમામ જીવોને દુઃખ આપતા હતા તેને છોડી મોક્ષમાં જઈએ તો કેટલો આનંદ ? જીવોને દુઃખ આપી સંસારમાં સુખ આપી નથી શકતા.

ઊંઘમાં શાનો આનંદ ? છતાં છ કલાક ઊંઘીએ તો ફ્રેશ થઈ જઈએ છીએ. તેના કરતાં સતત જ્યાં આનંદ જ છે ત્યાં કેવી મજા.

એક સુંદર કથા વાંચતાં જે આનંદ આવે તે વાત કરતાં આવે નહિ. અનંત અનંત સંસારી જીવોની વાતો જાણતાં સિદ્ધના જીવોની વાતો જાણી રહ્યા છે.

સિદ્ધના જીવનો એક સેકંડનો આનંદ ત્રણે લોકમાં માઈ ન શકે.

એક માણસને જન્મટીપની જેલની સજામાંથી મુક્ત કરે નિર્ધનને દેવ પ્રસન્ન થઈ ચિંતામણી રત્ન આપે તેના કરતાં અનંતગુણો આનંદ સિદ્ધના જીવને છે.

**મોક્ષની મજા**

એક ભાઈ જમણવારમાં જમવા ગયેલા, ત્યાં જલેબી, પૂરી, ભજીયાં બહુ ઠોક્યાં, પછી દૂર જવાનું હતું તેથી ચાલવા માંડ્યું, પણ રસ્તામાં સંડાસ જવાની શંકા થઈ, તેથી બસમાં બેસી ગયો, પણ ઘેર જતાં બહુ ટ્રાફિક હતો, વચ્ચે સારા મિત્રનું ઘર આવી ગયું, સંડાસ જોરથી જવું હતું, મિત્રને

ઘેર જઈ જલ્દી ઘંટડી વગાડી, દ્વાર ખૂલ્યું, મિત્રે આવકાર આપ્યો, અને ચા-પાણી માટે કહ્યું, આ ભાઈ કહે, સંડાસ ક્યાં છે ? મિત્રે બતાવ્યું અને જલ્દી ગયો, હવે સંડાસ ગયા બાદ જે હાશકારો અનુભવ્યો તે ભોગનું સુખ કે ત્યાગનું ? ત્યાગનું જ મોક્ષનો વાસ એટલે સંસારવાસનો ત્યાગ. ખુલ્લી હવામાં જે આનંદ આવે તે પંખામાં આવે ? મુક્તિ તે ખુલ્લી હવા જેવી છે.

**જોક્સ**

પતિ પત્નીને કહે, આજે મહેશને જમવા બોલાવ્યો છે. પત્ની કહે, આજે કેમ બોલાવ્યો છે ? મારી તબિયત સારી નથી. શરદી લાગી છે, તાવ જેવું છે. બાબલો માંદો પડ્યો છે. પતિ કહે, એટલા માટે જ મેં એને આજે બોલાવ્યો છે. કારણ એને પરણવાના કોડ છે. પણ મારે એને બોલાવીને બતાવી દેવું છે કે, તું બાયડીમાં ફસાતો નહિ.

**નેમિનાથની વિચારણા :** જેને મહાન બનવું છે તે ઘરકુકડી થઈને બેસી ન રહે. તે લગન ન કરે, ઘરકુકડી ન બને.

**ભવદેવનો ભવ-જંબુકુમાર**

સજ્જન માણસ જે કાંઈ આપણા માટે કહે, કામ ભળાવે, તો ના પાડવી નહિ. આ દાક્ષિણ્યતા ગુણના કારણે સૌભાગ્ય અને દેવલોકમાં તેજકાન્તિ ઘણી મળી હતી. સારા કામમાં જલ્દી ઝુકાવી દેવું તો જ સફળતા છે. યા હોમ કરીને પડો, ફત્તેહ છે આગે. સારા કામમાં કોઈને અંતરાય કરવો નહિ. સારૂં કામ કરીને કોઈ દિવસ પસ્તાવું નહિ.

**સંવત્સરી દિનની ક્ષમાપના**

પર્યુષણના છેલ્લા દિવસે સંવત્સરીએ આપણે સમ્યગ્દર્શનની આરાધના કરવી છે. સર્વ જીવોને ખમાવ્યા બાદ હવે દ્વેષ ઊભો ન રહેવો જોઈએ. જ્ઞાનપંચમી એ જ્ઞાનની આરાધના છે. મૌનએકાદશી એ ચારિત્રની આરાધના છે. ક્ષમાપના વરસોવરસ દેતા જઈએ પણ એવી ભૂમિકા ઉત્પન્ન કરી દેવી જોઈએ કે, હવે પછી ક્ષમાપના દેવાની જ જરૂર ન પડે.

શાસ્ત્રકાર કહે છે કે, હવે આપણને સંક્લેશની ભાષા જ ભૂલાઈ જવી જોઈએ. કોઈ ગામડિયાને ફાંસવાળો ગાળો આપે તો ય ખબર ન પડે, અપમાનમાં ય આવકાર લાગે. આપણે બીજાના દોષ જોવામાં સાંભળવામાં અને બોલવામાં આંધળા, બહેરા અને મૂંગા થઈ જવું જોઈએ. (ત્રણ વાંદરા). બેઈન્દ્રિય, ચઉરિંદ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિય અને ભેંસના ભવમાં ય ભાંભરતાં જ આવડતું હતું, દેવના ભવમાં ય બહુ ઓછા સંબંધ હતા, પોતપોતાના સુખોમાં મસ્ત હતા, યુગલિક કાળમાં ય તકલીફ ન હતી, જે તકલીફ છે તે અહીં મનુષ્યમાં જ છે. એકલા ફાવે નહિ. ટી.વી. ઉપર બેસીને ય છેવટે થાકી જાઓ. એકલાથી સાધના થાય નહિ, બધા સાથે રહેવાય તો કલેશ થાય તો શું કરવું ? વ્યવસ્થિત બોલતાં શીખી જાઓ તો કજીયા ન થાય. મૌનની ભાષા, મૌનનો મંત્ર શીખી જાઓ. ખોટું જોવાથી, ખોટું બોલવાથી, ખોટું સાંભળવાથી દુર્ભાવ થાય માટે ખોટું બોલવું, સાંભળવું, જોવું જ બંધ કરો. ભક્ખરં પિવ દઠ્ઠૂણં, દિટ્ઠિં પડિસમાહરે બસ દષ્ટિને ફેરવી દો. ઓછું બોલનારો ઓછા કર્મ બાંધે છે.

# ભાદરવા સુદ અગિયારસ

### પૂજ્યપાદ શ્રી હીરસૂરીશ્વરજી મ.સા.નું વ્યાખ્યાન

ભાદરવા સુદ અગિયારસ એટલે જગદ્ગુરૂ શ્રી **હીરસૂરીશ્વરજી** મહારાજનો સ્વર્ગગમનનો દિવસ. ૧૫૮૩ પાલનપુરમાં જન્મ. **કુરાશા** પિતા, **નાથીબાઈ** માતા, ચારભાઈ - ત્રણ બેન. ચરિત્રનાયક **હીરજી** સહુથી નાના. મોટા પુરૂષોની કસોટી ઘણી મોટી. કષ, છેદ, તાપ - તાડન બાર વર્ષે માતપિતા ચાલ્યાં ગયાં.

આજના કાળે માબાપે ઉપેક્ષા કરી છે. શું કરીએ સાહેબ ! છોકરા અમારૂં કહ્યું માનતા નથી, છતે માબાપે છોકરાઓને સંસ્કાર નથી. હીરજી માબાપ વિના રડે છે. બે બેનો પાટણમાં પરણેલી તે હીરજીને લઈ જાય છે. છતાં માબાપ વિના આ છોકરાને ગમતું નથી. આ પાટણમાં **દાનવિજયજી** મ. નું ચોમાસું હતું, બંને બેનો હીરજીને ત્યાં લઈ જાય છે, પૂ. દાનસૂરિ મ. કહે છે કે, આ છોકરાને તમે જૈનશાસનમાં સોંપી દો તો ઉજ્જવળ બનાવશે.

ક્રીશ્ચિયન ગણાતા છોકરા ક્રોડપતિ માબાપને છોડીને ગરીબ અપંગની સેવા કરવા જાય છે. આપણા જૈનો પાસે ઘણું હોવા છતાં ગરીબ માયકાંગલા દેખાય છે. નાચવા, મહાલવા હોટલોમાં દોડી જાય છે, ધર્મ માટે ખુમારી રહી નથી. બંને બેનો રાજી થઈને ગુરૂદેવને કહે છે, જો આની ભાવના હશે તો દીક્ષા આપીશું. આપ તૈયાર કરો. ચાર મહિનામાં તો હીરજી તૈયાર થઈ ગયો, વિનયમાં એક્કો બન્યો દીક્ષા આપી, **હીરહર્ષ** નામ રાખ્યું. બુદ્ધિના બાદશાહ હોવાથી ભણાવવાની જરૂર હતી, પણ ગુજરાતમાં ખાસ કોઈ પંડિત ન હતા, તેથી ભણવા માટે દેવગિરિ મોકલ્યા. ત્રણ મુનિ સાથે મોકલ્યા. બ્રાહ્મણ પંડિતો પગાર માગે છે, પૈસા વિના શું કરવું ? જૈનો ખાસ હતા નહિ, મૂંઝવણ થઈ. તે વખતે એક શ્રાવિકા વંદન કરવા આવી. આપણી શ્રાવિકાઓ એટલે અનુપમા દેવીઓ પેલી શ્રાવિકાને ખ્યાલ આવી ગયો, મહારાજ કાંઈ મૂંઝવણમાં છે. સંકોચ ન રાખો ખુલાસો કરો તેમ શ્રાવિકા વિનવે છે. ધર્મસાગર નામના મુનિ કહે છે કે, નાના મુનિને ભણાવવા આવ્યા છીએ પણ પગાર નથી.

શ્રાવિકા કચ્છી હતી તે કહે ચિંતા ન કરો, હું પિતાજીને મોકલું છું. અને પૂરેપૂરો લાભ ઉઠાવવા કહ્યું, જેટલું ભણવું હોય તેટલું ભણો. મુનિ હીરહર્ષ ષડ્દર્શન ભણી ગયા તેમને જૈનદર્શન ઉપર બહુમાન વધી ગયું, જૈનદર્શન સ્યાદ્વાદ છે. જુદી જુદી માન્યતા ષડ્દર્શનની બોગસ છે તેમ લાગ્યું. ભણીને ગુરૂ પાસે આવ્યા. ગુરૂએ તેમની યોગ્યતા જાણી ચૌદ વર્ષના દીક્ષાપર્યાયમાં આચાર્યપદવી આપી. ૧૫૯૬માં દીક્ષા અને સત્તાવીશ વર્ષની વયે તો આચાર્ય થઈ ગયા. ૧૬૬૨માં ગુરૂએ કાળ કર્યો.

પૂ. આચાર્યદેવે ખંભાતમાં ઘણું સહન કર્યું, રત્નપાલ શેઠનો બાળક મરવા પડેલો, તે વખતે મંગલિક સંભળાવવા ગયેલા, બાળક બચી ગયો, આઠ વર્ષે ફરી ખંભાતમાં આવ્યા, વાત કરી, હવે બાળકને શાસનમાં સોંપો. પણ મોહવશ શેઠે ઊંધી વાત કરી, તેની બેને તો કહ્યું, કોર્ટમાં વાત કરો,

અને આ રીતે મામલો વધી ગયો, મહારાજ સાહેબ કહે કે, મેં કાંઈ દાવો નથી કર્યો કે મને આપો પણ જૈનશાસનમાં સોંપો તો સારૂં છે. પણ આપત્તિ આવી ત્યાંથી તેઓ બોરસદ આવ્યા. ત્યાં જગમાલ મુનિ હતા, તેમને ગુરૂ પુસ્તક આપતા ન હતા, વિનય હોય તો જ્ઞાન પચાવવાની તાકાત આવે ને ? જગમાલે હીરસૂરિ મ.ને વાત કરી, આચાર્ય મ. કહે, તું વિનય નહિ રાખતો હોય તેથી તને નહિ આપતા હોય, જગમાલ ઊંધો હતો, સુગરીનો વાંદરાને ઉપદેશ જેવો ઘાટ ઘડાયો. **મૂર્ખાણાં ઉપદેશઃ પ્રકોપાય જાય તે.** જગમાલ કોપ્યો. તેના સૂબા મુસલમાન પાસે ગયો, ત્યાં આપત્તિ આવી, પછી સંઘે નિવારણ કરાવી.

કસોટીમાં જે ડગે નહિ તે આગળ વધી શકે. કુણઘેરમાં ચોમાસું કર્યું, સોમસુંદરસૂરિ મ. ત્યાં હતા, તેમના શિષ્યે આવીને હીરસૂરિ મ.ને કહ્યું કે, તમે મારા ગુરૂને વંદન કરો તેઓ ચૈત્યવાસી હતા. ત્યારે આચાર્ય મહારાજે કહ્યું, અમારા સમુદાયનો રિવાજ નથી. પેલા શિષ્યે પાટણ જઈને કહ્યું, હીરસૂરિ મંત્રતંત્રવાળા છે. પાંચસો સૈનિકોએ ઘેરો ઘાલ્યો, ચોમાસાના બે મહિના બાકી છે અને, વરસાદ બાંધ્યો છે તેવી અફવા ફેલાવી, અને ત્યાંથી ભાગવું પડ્યું, અને પોતાના ગુરૂ વડાવલી મુકામે કાળ કરેલો ત્યાં જઈને છૂપાઈને રહ્યા. અમદાવાદમાં પણ આપત્તિ આવી. કુંવરજી ઝવેરીએ સૂબાને સમજાવ્યા. વારંવાર આપત્તિ આવે છે તેમ જાણી કુંવરજીએ દાનનો પ્રવાહ ચાલુ કર્યો, એક મુસ્લિમ ઑફિસરને ઓછું પડ્યું, ફરી કોટવાલ, ફરી સૂબાની કનડગત ત્યાંથી ભાગ્યા, છૂપાવ્યા. દક્ષિણમાં વિહાર કરાવ્યો, સમતાભાવમાં પાસ થઈ ગયા. છેવટે સોનાનો સૂરજ ઊગ્યો, ગંધારમાં પુન્યોદય જાગ્યો. બાદ દીલ્હીની - ચંપાશ્રાવિકાની વાતો પ્રખ્યાત છે.

ભયંકર હિંસક, ક્રોધી, કામી, સ્રીઓના બજારો ભરનારો રૂપવતી સ્રીઓને ઉપાડી જનારો આવો પણ બાદશાહ ગુરૂના સત્સંગથી સુધરી ગયો. જગદ્‌ગુરૂની પદવી આપી. સોમસુંદરસૂરિને સવાઈ પદવી આપી. કહેવાય છે કે, જે આમ્રવનમાં ભાદરવા મહિને કેરીઓ ન આવે ત્યાં કેરીઓ આવી ગઈ અને જે વાણિયો ખેતરમાં રાત્રે સૂતો હતો ત્યાં નાટારંભ થયો હતો. એક બેઠકે બેહજાર સાધુની ગોચરી થતી હતી. બાવન પંન્યાસો હતા, એકસો આઠ પંડિતો હતા. આવાશ્રી જગદ્‌ગુરૂ હીરસૂરિ મહારાજ હતા. કાળ કર્યો ત્યારે સેનસૂરિ મહારાજ રોઈ શકતા ન હતા સ્તબ્ધ થઈ ગયા હતા, ત્યારે શ્રાવકોએ કલ્પાંત કરીને રડાવ્યા હતા. ૪૦૨ વર્ષ કાળ કર્યાંને થયાં. આ રીતે જૈનશાસનને આવા મહાન આચાર્ય મળ્યા હતા.

દિવાળીનાં વ્યાખ્યાન શરૂ

# અંતિમ દેશના

## ધનતેરસ - કાળી ચૌદશ

**વ્યાખ્યાનકાર : શ્રી અજિતશેખર વિજયજી મ.સા.**

ઘાટકોપર આ.વ. ૧૩ તા. ૨૯-૧૦-૧૯૯૭

ભગવાન મહાવીરની અડતાલીશ કલાકની દેશના હતી. ચોપન પુન્યનાં, ચોપન પાપનાં અધ્યયન અને છત્રીશ ઉત્તરાધ્યયનનાં અધ્યયન પ્રભુએ પ્રકાશ્યાં. પ્રથમ આરો સુષમ સુષમ. બીજો સુષમ. ત્રીજો સુષમ - દુષમ. યુગલિયાનો કાળ, છ માસમાં જ યુવાન બને, મરણ પહેલાં છ માસ પહેલાં જ માતપિતા યુગલને જન્મ આપે. છીંક, બગાસું આવે ને મૃત્યુ થાય. વિશેષ કોઈ જ પીડા નહિ.

આગળ જતાં અસમાનતા વધી. અસમાનતા આવે ત્યાં જ વિરોધ આવે. સામાન્ય પ્રજા બીજાને વિશેષ ધનવાન જુએ ત્યાં ઈર્ષ્યા થાય. અહંકારમાંથી ઈર્ષ્યાનો જન્મ થાય છે. અહંકારને ઊભો થવા સાધનો જોઈએ અને પુષ્ટ કરવા માણસો જોઈએ. અહંકારી ઈચ્છતો હોય છે કે, મારૂં સુખ જોઈ બીજા બળે. માકુરૂ માકુરૂ મકારનીતિ, નાના અપરાધમાં હા હા હકાર. મોટા અપરાધમાં મકાર ધિક્કાર ત્રીજી નીતિ.

ઋષભદેવ રાજા થવા પહેલાં લગભગ કલ્પવૃક્ષ નષ્ટ થવા લાગ્યા હતાં, પહેલા આરાના જીવોને ક્યારેક જ કહેવું પડતું હતું. બીજા આરામાં થોડું વધારે, ત્રીજા આરામાં થોડું વધારે, ચોથા આરામાં વધારે વરસે. પાંચમા આરામાં રોજ શીખામણ આપવી પડે. ઋષભદેવે બીજાં શીલ્પો શીખવ્યાં, અગ્નિ નહિ, કારણ પૃથ્વી અત્યંત સ્નિગ્ધ હતી. અત્યંત પ્રેમ હોય ત્યાં સંઘર્ષની આગ લાગે. કુંભાર-લુહારની વ્યવસ્થા ત્રીજા આરાના અંતમાં થઈ. દુષમા સુષમામાં દુઃખ વધારે સુખ ઓછું. મહેનત કરવા છતાં ફળ પૂરૂં ન મળે. મોક્ષની પરંપરા ચાલી અને સિદ્ધ કરંડિકા થઈ. ભરત ચક્રવર્તીથી માંડી સગર ચક્રવર્તી સુધી બધા જ રાજાઓએ દીક્ષા લીધી. પહેલાં અસંખ્ય મોક્ષે જાય, એક અનુત્તરમાં જાય. પછી એક મોક્ષે જાય, અસંખ્ય અનુત્તરમાં જાય આ રીતે પરંપરા ચાલી.

(૧) વિચિત્ર કાળ, સંઘર્ષ કાળ આવ્યો, કષ્ટ ઘણું ને સુખ એકદમ અલ્પ. આ પાંચમો આરો.

(૨) બીજાનું ગમે તેટલું સારૂં કરવા જાઓ તો સારૂં થાય જ નહિ એ પાંચમો આરો. હુંડા અવસર્પિણીનો કાળ. બધું જ ઘટતું જાય. પાંચમો આરો એટલે વિરાધનાનો કાળ.

**ત્રણ પ્રકારના સાધુ**

૧. ઉત્કૃષ્ટપાલન - ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઉત્કૃષ્ટ. ૧

૨. શ્રદ્ધામાં મજબૂત - પાલનમાં શિથિલ - મધ્યમ ૨

૩. પાલન પણ નહિ ને શ્રદ્ધા પણ નહિ - જઘન્ય ૩

**નાગુણી ગુણિનં વેત્તિ, ગુણી ગુણીષુ મત્સરી;**
**ગુણી ચ ગુણીરાગી ચ, સરલો વિરલો જનઃ.**

**જાણવા જેવું**

યુગપ્રધાનને પસીનો ન થાય, માથામાં જૂ ન થાય. શરીરથી સુગંધી ફેલાય, યુગપ્રધાનની સાધનાનું બળ એવું કે, અઢી યોજન સુધી તીર્થંકર જેવું પુન્ય, મારી - મરકી ન ફેલાય. રાજા દીક્ષા લે તો ય પ્રભાવના થાય. વજ્રબાહુ - મનોરમા દૃષ્ટાંતરૂપ હતાં.

**ચંદ્રગુપ્ત રાજાને આવેલાં સ્વપ્ન**

ચંદ્રગુપ્ત રાજાને કાઉસ્સગ્ગ કરતાં એક ઝોકું આવી ગયું, મહાપુરૂષોને નાનો પણ પ્રમાદ ખમાતો નથી. વજ્રસ્વામીને ભૂલથી સૂંઠનો ગાંગડો પડિલેહણ કરતાં નીચે પડી ગયો. પોતાનો પ્રમાદ થયો જાણી, આયુષ્ય ઓછું જાણી અણશણ કરે છે. મહાપુરૂષોના જીવનમાં પ્રમાદ હોય જ નહિ. દશ અચ્છેરાં ક્યારેક જ આવે.

૧. પ્રથમ સ્વપ્ન - કલ્પવૃક્ષ ભાંગવું.

૨. બીજું સ્વપ્ન - સૂર્યાસ્ત.

કેવલજ્ઞાન એ વિશિષ્ટ જ્ઞાન છે. સૂર્યનો ઉદય થાય તો વસ્તુને પરખી શકાય. અજ્ઞાનરૂપી અંધકાર જતાં જ્ઞાનપ્રકાશ થઈ જાય. મહાવીરસ્વામી, સુધર્માસ્વામી, જંબુસ્વામી. જંબુથી કેવલ અટક્યું, ચૌદપૂર્વધર અસંખ્યભવોનું જાણી શકે. વજ્રસ્વામી દશપૂર્વથી અટકી ગયા. હરિભદ્રસૂરિમહારાજ ૧ પૂર્વમાં પણ ઘણું અટક્યું. હવે તો ભણવું ય નથી ને સાચવવું ય નથી તેવો ભયંકર કાળ આવી ગયો. શ્રુતજ્ઞાનની ઘોર ઉપેક્ષા. ભણવું ય નથી ને સાચવવું ય નથી એવો કાળ આવી ગયો, સાધુઓ પણ શ્રુતજ્ઞાનમાં શિથિલ થઈ ગયા, આચાર્યો પણ ગીતોમાં નાની પુસ્તિકાઓમાં પડી ગયા.

જિનાગમ અને જિનબિંબ એ વિષયનાં ઝેર ઉતારે છે. જ્ઞાનનો પ્રકાશ બુઝાવા લાગ્યો. સૂર્ય આકાશમાં હોય ત્યારે કોઈ જ લાઈટની જરૂર નહિ, અંધારૂં હોય ત્યાં જ બધા વિકલ્પો થાય. જિનરૂપી સૂર્ય અસ્ત થતાં વિકલ્પોરૂપી મતમતાંતરો ચાલુ થયા. દુષમકાળ - દશ અચ્છેરાં પણ ક્યારેક આવે. આ જીવન એ તલેટી છે. જૈન શાસન એ શિખર છે. જગતમાં ગુણવાન જીવો બહુ જ ઓછા છે. જૈન થવું એટલે ગુણોની ટોચ. ઘણા કષાયો મંદ પડે ત્યારે જ જૈન થવાય. સૂર્યાસ્ત એટલે વિશિષ્ટ જ્ઞાન નહિ રહે.

૩. સ્વપ્ન પૂનમચંદ ચંદ્ર જોયો પણ છિદ્રોથી ભરેલો. અંધારામાં શું રાખવું તે વિકલ્પ થાય, મતમતાંતરો ઘણા પૂર્ણિમાનો ચંદ્ર શીતલ - સૌમ્ય પ્રકાશ આપે. ભાંગ્યું ભાંગ્યું તો ય ભરૂચ. ભલે સૂર્ય નથી પણ થોડાય પ્રકાશવાળો ચંદ્ર તો છે જ. ભગવાનનું શાસન સૌમ્ય છે, આપણા ઉપર આક્રમણોનો પાર નથી પણ જૈનોએ કોઈના ઉપર પણ આક્રમણ કર્યું નથી. જૈનશાસન એ શીતલતા અને સૌમ્ય વ્યવહાર શીખવે છે. સંસાર એટલે બળબળતો અંગારો. જૈનશાસન એટલે ઠંડા પાણીનો

ફુવારો. પણ ચંદ્ર છિદ્રવાળો જોયો તેથી મતમતાંતર ઘણા છે. તમામ કેવળીઓનો પ્રકાશ (જ્ઞાનનો) એક સરખો જ્યારે મતમતાંતર અજ્ઞાનીઓએ ઊભા કરેલા છે.

**એક રમૂજ**

ગુજરાતીને ત્યાં મારવાડી બાઈ આવી, પૂરણપોળી બનાવી હતી, મારવાડીને ભાવી ગઈ, પછી ઘેર ગઈ, મહેમાન આવ્યા, પતિને કહે, હું પૂરણપોળી બનાવું છું. પતિને ખબર ન હતી કહે, બનાવ. બનાવતાં આવડતી નથી. પૂરણપોળી બનાવતાં બાજુનાં રૂમમાં જાય, પતિ કહે કેમ ? પેલી બાઈએ સફેદ સાડી પહેરી હતી. ફરી રસોડામાં ગઈ, તો યે આવડતી નથી. રૂમમાં જાય, પતિ કહે કેમ ? પેલી બાઈએ ચાંલ્લો નહોતો કર્યો, ભૂંસવા જાઉં છું. પતિ કહે શું કરે છે ! હા હા એમ જ. ફરી રસોડામાં જાય. છતાં પૂરણપોળી નથી આવડતી. પછી રૂમમાં ગઈ, પતિ કહે કેમ ? તો બાઈ કહે, મુંડન કરવા. ગુજરાતી મુંડન કરેલ. અજ્ઞાનદશા હોય ત્યાં આવાં નાટક હોય, બાકી પૂરણપોળી માટે કાંઈ સફેદ સાડી ચાંલ્લો, મુંડન ન જોઈએ કોની વાત સ્વીકારવી તે મતમતાંતર ૨૧ હજાર વર્ષ ચાલશે.

ચોથું સ્વપ્ન - ભૂતડાં નાચતાં જોયાં...... ભગવાનનું શાસન ઢીલું મિથ્યાત્વીઓનું જોર વધશે, અજ્ઞાનીઓનો જયજયકાર વધશે અને જૈનો ભૂતડાંની જેમ મિથ્યાત્વમાં રમશે. જૈનો બીજામાં ઝડપથી ભરમાઈ જશે. તમને સાધર્મિકોને દાન આપવાં સારાં નહિ લાગે, હોસ્પિટલમાં ભ્રષ્ટાચાર થશે તોય લખાવશે, મહાપૂજાનો ધુમાડો કહેનારા ઘણા હશે ? ભગવાનની વાતને નહિ માને.

**એક કથા**

એક નાસ્તિક હતો. ભગવાનની અને ભૂતની વાતને માનતો ન હતો. એક સંત હતા. તેમની પાસે ગયો, સંતે કહ્યું, મારી પાસે કાળીચૌદશે આવજે. ત્યાં આપણે મંદિરમાં ચર્ચા કરશું. પણ સાંભળ્યું છે કે ત્યાં રાતના ભૂત પણ આવે છે અને હાં, મંદિરના શિવજી પણ પ્રસન્ન થાય છે. પછી રાતના અલગ રૂમમાં બંને ઊંઘ્યા. રાતના અચાનક પ્રકાશ થયો અને લોપ થયો પછી ઉંદરો કૂદાકૂદ કરવા લાગ્યા. નાસ્તિક ગભરાયો, ભૂત ભૂતની રાડો પાડી, નજીકના રૂમમાંથી સંત આવ્યા, કેમ રાડો પાડે છે ? પેલો કહે, ભૂત આવ્યું, સંત કહે, ભૂત બૂત કાંઈ નથી તેં ભૂતની કલ્પના કરી તો ભગવાનની કેમ ન કરી ? ભૂતને માનવા તૈયાર છે, ભગવાનને માનવા નથી તૈયાર.

પાંચમું સ્વપ્ન બાર ફણાવાળો નાગ... અર્થ બાર વર્ષનો દુકાળ પડશે. જલ્દી જ્ઞાન ખતમ થવા માંડશે. સાધુઓને ગોચરી પણ દુર્લભ થશે. વજ્રસેનમુનિને શ્રી વજ્રસ્વામિએ કહેલું કે, એક લાખ રૂ. ના ભાત મળશે ત્યારે માનજે કે હવે સુકાળ થશે. ઝેર નાખેલા ભાતની કથા.

છઠ્ઠું સ્વપ્ન ચલિત વિમાન.... પાંચમા આરાના જીવોને વિશિષ્ટ શક્તિઓ અને જંઘાચારણ વિદ્યાચારણ આકાશમાં ઊડી શકે એવું સાધુઓને પણ બળ નહિ મળે. સાધના, સત્ત્વ અને પુણ્ય આ ત્રણ ઓછાં પડવાથી આ વસ્તુ નહિ મળે. તમે આકાશમાં, વિમાનમાં ઊડી શકશો, તમે નીચે વાહનમાં જઈ શકશો, તમને વિજ્ઞાન - વિજ્ઞાનનાં સાધનોનો પ્રભાવ લાગશે, લબ્ધિ અને ગુણ બંને સાથે હોય તો પ્રભાવના થઈ શકશે, સાધુ પાસે પણ લબ્ધિ ન રહેવાથી તમે તેમની પાસે પણ આવતા ઓછા થઈ જશો. ઉત્તમવસ્તુ અયોગ્યના હાથમાં આવી જાય તો અમૃત દ્વારા વાસણોને

ધોવામાં ઉપયોગ થવા જેવું થશે. યોનિપ્રાભૃતનો મંત્ર મચ્છીમારના સાંભળવામાં આવતાં દુરૂપયોગ થઈ ગયો તેમ અયોગ્યથી થઈ જાય. હજામના હાથમાં પારસમણિ આવે તો શું થાય ? તો કહે, હું સોનાના અસ્ત્રાથી હજામત કરીશ.

૭મું સ્વપ્ન... કમળ કાદવમાં ઊગેલું જોયું. અર્થ. પરમાત્માનું શાસન કમલ જેવું હશે પણ તે શાસન મધ્યમ વર્ગના હાથમાં રહેશે. માણસ કમાતો જશે તેમ પ્રભુને ભૂલતો જશે. મધ્યમ અને ગરીબોથી ધર્મ ટકશે.

બીજો અર્થ... ઉત્તમ પુરૂષોનો જન્મ મધ્યમ કુલમાં થશે. હેમચંદ્રસૂરિ મ. મધ્યમ કુલમાં જન્મ્યા, હીરસૂરિ મ. બેનને ત્યાં મોટા થયા, સમૃદ્ધિવાળાને ત્યાં નહિ. જેને પંખા વિના ચાલે જ નહિ તે દીક્ષા લઈ શકવાનો ? ગભારામાં ઊભો રહેશે ? કેશર ઘસી શકશે ? શ્રીમંતોના દીકરા કાંઈ કામ નહિ કરી શકે. ટ્યુશનોના પાર નહિ, ચોપડીના ભારનો પાર નહિ. એ શ્રીમંતનો દીકરો સામાયિક કરશે ? અને કરશે તો તેને પૂછશો કે દીક્ષા લેવી છે ? સાધનામાં કચાશ હશે, શ્રીમંતના ઘેર જન્મ તે પુન્યશાલીની નિશાની નથી.

આઠમું સ્વપ્ન... આગિયો ઉદ્યોત કરે.... બેટરીવાળો મચ્છર પ્રકાશની ચેષ્ટા કરશે. અજ્ઞાનીઓ પલ્લવગ્રાહીઓ બે ચાર પાનાનું જાણી લેશે, પોતાની જાતને પંડિત માનશે. જ્ઞાન સાથે સ્નાનસૂતક નહિ હોય, અંધારામાં આગીયો પણ ચમકે, અજ્ઞાનીઓનો લાભ સાધુઓ ઊઠાવશે. તમે જેટલા અજ્ઞાની એટલા સાધુ ઠોકંઠોકં કરશે.

**રમૂજ વાર્તા**

એક ગામમાં જૈન સાધુ હતા. જોશીલા વ્યાખ્યાનકાર. પણ વિશેષ જ્ઞાન નહિ, લોકો વ્યાખ્યાનથી આકર્ષિત થયા. એક બ્રાહ્મણે વિચાર કર્યો, આ રોજ આવાં વ્યાખ્યાન કરશે તો આપણું માન નહિ રહે, માટે આના જ્ઞાનની પરિક્ષા કરૂં. એટલે પ્રશ્ન કરે છે, પુદ્ગલ એટલે શું ? તેને કેટલી ઈન્દ્રિય. સાધુ વિચાર કરે છે, પુદ્ગલ એક સમયમાં સાત રાજ જાય છે. એટલે વધારે પાવરફુલ છે. એટલે પંચેન્દ્રિય હોવો જોઈએ. અને ઉત્તર આપ્યો પંચેન્દ્રિય... આ અજ્ઞાન...

**બીજી વાર્તા હેંગ સૂન્યું**

એક આચાર્ય મ. ચાતુર્માસમાં પ્રવેશ કરે છે. શ્રાવકોએ પૂછ્યું, આપ શું વાંચશો ? આચાર્ય કહે, આચારાંગ. શ્રાવક કહે સૂન્યું. આચાર્ય કહે, ઉત્તરાધ્યયન. વહ ભી સૂના. દશવૈકાલિક તો ય સુણ્યો. આચાર્ય મ. કહે તમે તો હેંગ હુણ્યું તો બોલો - પંચેન્દ્રિય કોણ ? શ્રાવક બોલ્યો - હાથી. આવું અજ્ઞાનીનું ટોળું છે. અટક્યા વિના ધનધનાટ બોલે તે વિદ્વાન. મુખીનો છોકરો ત્રણ વરસ A B C D ભણીને આવ્યો, ગામનાં લોકો કહે, અમને કાંઈ ભણાવો. છોકરો કહે, ગુજરાતીમાં કે અંગ્રેજીમાં ? લોકો કહે, અંગ્રેજીમાં. પછી તે છોકરો હાથની બહુ એક્ષન કરીને A B C D બોલવા લાગ્યો, વારે ઘડીએ બોલ્યો, લોકો કાંઈ સમજે નહિ છતાં વાહ વાહ કરે છે. આ અજ્ઞાન છે. જ્ઞાનનું દુર્લક્ષ્ય આ પાંચમા આરામાં રહેવાનું.

નવમું સ્વપ્ન સુકાયેલું સરોવર

ચોવીશ તીર્થંકરોની કલ્યાણકભૂમિ તે પવિત્ર સરોવર જેવી છે. મેલ દૂર કરે પણ આ સ્વપ્ન કહે છે કે તે ભૂમિઓ સુકાયેલાં સરોવર જેવી તીર્થભૂમિઓ થઈ જશે. બિહાર સૂકાઈ જશે તેને છોડીને દક્ષિણમાં જશે.

દશમું સ્વપ્ન... સોનાની થાળીમાં દૂધપાક પણ તેને ચાટનારો કૂતરો હશે... અર્થ

હલકા માણસો પાસે ઉત્તમ વસ્તુ આવવાની. સંપત્તિ જ્ઞાન નીચકુલમાં જવાનું. જૈન બ્રાહ્મણોને જે જ્ઞાન હતું તે.. હલકી જાતિમાં સોનું... સંપત્તિ એટલે દૂધ.

અગિયારમું સ્વપ્ન... હાથી ઉપર વાંદરો, હાથી ઉપર રાજા.

સજ્જનો હાથી જેવા પણ દુર્જનો વાંદરા જેવા. સજ્જનો સીદાશે, ગુલામ બનશે... દુર્જનો સુખ ભોગવશે, નેતા બનશે.

બારમું સ્વપ્ન... સમુદ્ર મર્યાદા તોડશે.

જૈન ગંભીર હોય, સત્તા, સંપત્તિ જૈન જ પચાવશે. ગમે તેવી સ્થિતિમાં મોં મલકતું રહેશે.. ખાલી ચણા વાગશે.

તેરમું સ્વપ્ન.. સમર્થ બળદને વાછરડાં જોડેલાં હશે. પરમાત્માના રથને નાના ચલાવશે, મોટા નહિ ચલાવી શકે. બાલ, તરૂણ યુવાન શાસનને ચમકાવશે.

બપ્પભટ્ટિ, વજ્રસ્વામિ, હેમચંદ્રસૂરિ મ. જેવા નાની વયમાં દીક્ષિત બનેલા શાસનનાં કાર્યો કરશે.

ચૌદમું સ્વપ્ન.. રત્ન.. પણ તેજહીન જોશે. અર્થ...

જ્ઞાનાદિ ત્રણ પણ તેજ વિનાનાં, પ્રભાવ વિનાનાં થશે. સાધુઓનું શ્રાવકો આગળ નહિ ચાલે, શ્રાવકોનું સત્તા આગળ નહિ ચાલે. સરળ સાધુનું નહિ ચાલે, કડકનું ચાલશે.

પંદરમું સ્વપ્ન... પોઠિયા ઉપર રાજકુમાર - અર્થ

માલ મિષ્ટાન્ન ખાનારાને ભીખ માંગવી પડશે. સગાં મેં દીઠાં શાહ આલમનાં.

સોળમું સ્વપ્ન... બે હાથી પરસ્પર લડે... અર્થ...

બે સગા ભાઈઓ, બે શિષ્યો પરસ્પર લડશે. પોતાના ગણાતાને પારકા ગણશે. પારકાને ગળે વળગાડશે. તમારો સગો ભાઈ તમને નહિ ગમે. મિત્રો ઘણા ગમશે. સાધુઓ પણ મનમેળથી નહિ રહે. તુચ્છ વાતોમાં લડશે. આ સોળ સ્વપ્નાં જાણીને ઘરમાં અને ધર્મસ્થાનોમાં સાવધ થવા જેવું છે. ઉપેક્ષા કરવાની નથી. નહિતર ઊંધો અર્થ લેવાશે કે, આ તો ભાઈ સ્વપ્નાં જ આવાં છે, અનર્થ થશે.

પાંચમા આરામાં પ્રતિકુળ વાતાવરણમાં જે ઉપકાર છે તે પ્રભુમહાવીરનો જ છે. માતા ગણો, પિતા ગણો, ત્રાતા ગણો તે પ્રભુ મહાવીર જ છે.

# સાલમુબારક જૈન ન બોલે પણ જુહાર બોલે

જૈન પદ્ધતિ મુજબ સાલમુબારકની આપણી પદ્ધતિ નથી પણ જુહારની છે.

**કથા**

પદ્મરથરાજાને બે રાણી હતી. એક જૈન એક શૈવ. એકવાર બંનેને ચડસાચડસી સામસામે, રથ પહેલો કોનો ફરે રાજા પાસે ન્યાય ગયો, રાજાએ કહ્યું, જેનો પુત્ર મહાપરાક્રમ કરે તેનો રથ વળે. વિષ્ણુ અને મહાપદ્મ રાજકુમાર જૈન રાણીના પુત્ર હતા. મારી માતાને અપમાન સહન કરવું પડે, તે જૈન ધર્મનું અપમાન છે. દેવગુરૂનું અપમાન છે. તે ઘરથી નીકળી ગયો, પુન્ય જોરદાર. પછી ચક્રવર્તી થઈ ગયો. માતાની ઈચ્છા પૂરી કરી, રથ વાળ્યો. જમદગ્નિ અને પદ્મરથ રાજાએ દીક્ષા લીધી. નૂતન હોવા છતાં ટકી રહ્યા. જમદગ્નિ તાપસ ચૂકી ગયો, રેણુકાને પરણ્યો સંસાર વધ્યો.

મહાપદ્મ ચક્રવર્તી બન્યા બાદ તેમને નમુચિ નામનો નાસ્તિક મંત્રી હતો. વાદ બે પ્રકારના. ૧ તત્ત્વ નિશ્ચય માટે ગુરૂ શિષ્ય વચ્ચે થાય. જેની પાછળ કાંઈ તત્ત્વ મળે તે સારો વાદ કહેવાય. હંસ પરમહંસનો વાદ જય માટે હતો, જય માટેના વાદનાં હંમેશાં સંકલેશ જ હોય. રાગ દ્વેષ પોષાતો હોય તેવો વાદ જૈનમુનિ ન કરે. જૈન ધર્મની નિંદા થાય તેવા પ્રસંગ આવે અને અવસરે કામ કરે પણ તે અંતે સંકલેશમાં પરિણમે. (સ્કંધક - પાંચસો મુનિ) મહાચક્રવર્તી મહાપદ્મના રાજ્યમાં નમુચિએ આવો વાદ માંડ્યો હતો. પદાર્થને માનવા શ્રદ્ધા જોઈએ. માનેલા પદાર્થોને સિદ્ધ કરવા તર્ક જોઈએ. નમુચિ વાદમાં હાર્યો, મહારાજની જય બોલાઈ. લોકો તો હારેલાની હુરે બોલાવે, જીતેલાની જય બોલાવે.

એકવાર કોઈ પ્રસંગે નમુચિએ મોટું કાર્ય કરી આપ્યું. રાજા ખુશ થઈ ગયો, વરદાન માંગવા કહ્યું, નમુચિએ કહ્યું, પછી માંગીશ અને એકવાર પેલા મુનિના ગુરૂ ચોમાસા માટે (સુવ્રતાચાર્ય) આવેલા હતા, નમુચિને વિચાર આવ્યો, દુઃખી કરવા આ મોકો સારો છે. રાજા પાસે ચાર મહિનાનું રાજ્ય માંગી લીધું અને નમુચિએ જોરદાર યજ્ઞો શરૂ કરાવ્યા. પૂર્વે ઈર્ષ્યા અને અહંકારે મોટા યજ્ઞો કરાવ્યા છે. અશ્વમેધ યજ્ઞમાં ૫૯૭ ઘોડા મરાય. નરમેધ યજ્ઞ પણ હોય છે. આ યજ્ઞમાં આવવા બધાને આમંત્રણ આપ્યું, ન આવે તેને દંડ આપવો. આવો કાયદો રાખ્યો, બધા ભયના માર્યા લોકો આવવા લાગ્યા સુવ્રતાચાર્યનો પરિવાર ન આવ્યો. સાધુ સત્ય માટે નિર્ભય હોય. પણ નિરપેક્ષ હોય, તેને બહુ વ્યવહાર માર્ગની કુશળતા ન હોય. મોઢેમોઢ કહેનારો સાધુ સાચો જ હોય. હવે શું થશે આ ભય સાધુને ન હોય. નમુચિને તો આ ગુનો પકડવો હતો, સાધુ ન આવ્યા પણ પરાણે બોલાવ્યા. કેમ વ્યવહાર પાળતા નથી ? સ્પષ્ટ વાત કરી. આ ધર્મ નથી, ઘોર હિંસા છે. અમે અભિનંદન ન આપીએ. આચાર્યે સ્પષ્ટ કહી દીધું. નમુચિએ કહ્યું, તમે જ અહિંસાવાદી છો ? બીજા કોઈ નથી ? આચારધર્મમાં ચુસ્તતા તો જોઈએ જ. આચાર્ય મહારાજ જાણે છે કે, આ નમુચિ સંકટમાં ઉતારશે. પણ અધર્મને ધર્મનું લેબલ ન લગાવાય. તીર્થંકર એટલે સત્ય માર્ગના જ પ્રકાશક હોય. તીર્થંકરો જો છુપાવે તો સાચો માર્ગ કોણ બતાવશે ?

**સિંહસેના નાયકના પ્રશ્નો.** પ્રભુવીરને કરેલો પ્રશ્ન. પ્રભો ! ગૌતમ બુદ્ધ કેવા ? ભગવાને કહ્યું, તપસ્વી છે પણ સર્વજ્ઞ નથી. મિથ્યામતવાળા છે, સ્પષ્ટતા કરી. પછી ગૌતમ બુદ્ધ પાસે ગયો, મહાવીર કેવા ? તેમણે કહ્યું, હું પણ જ્ઞાની તે પણ જ્ઞાની. અમે બંને સરખા છીએ. પેલા સિંહનાયકે વિચાર્યું કે, મહાવીર ઈર્ષ્યાળુ છે. બીજાના ગુણને સહન કરી શકતા નથી. તેથી બુદ્ધ ગુણાનુરાગી છે. તેથી તે બૌદ્ધધર્મી થઈ ગયો, ક્યારેક જાણવા છતાં સ્પષ્ટતા કરવી જ પડે. મરિચિ માટે પણ પૂછ્યા પછી આદિનાથે એ જ કહ્યું કે, મરિચિ ચરમ તીર્થંકર છે, પણ નાચશે, કર્મ બાંધશે છતાં ભગવાન સત્ય બોલ્યા છે. ન પૂછે તો મૌન રહે.

નમુચિએ આચાર્ય મ. ને કહ્યું, અમારા રાજ્યમાં ખાઓ છો પીઓ છો, તો તમને મારા રાજ્યમાં હવે રહેવાનો અધિકાર નથી સાત દિવસમાં છોડીને ચાલ્યા જાઓ. આચાર્યે કહ્યું, તમે છ ખંડના રાજા છો તમારી જ પૃથ્વી છે, અમે ક્યાં જઈએ ? નમુચિ કહે, હું કંઈ ન જાણું, તમારે ચાલ્યા જવાનું છે. અને ત્યાં વિષ્ણુકુમાર મુનિ યાદ આવ્યા, ત્યાં જવાની શક્તિવાળા એક મુનિ હતા, બધી વાત કરી. વિષ્ણુ મહામુનિ લબ્ધિધર હતા, આવી ગયા રાજદરબારમાં - નમુચિએ મોટાભાઈ જાણી વિનય કર્યો, પછી મુનિએ કહ્યું, બોલ, ક્યાં જાય મુનિઓ ? નમુચિ કહે, ત્રણ પગલાં આપું છું. મુનિએ સમજાવ્યો પણ ન માન્યો, જે થાય તે કરી લો અને મુનિએ એક લાખ જોજનનું વૈક્રિય શરીર કર્યું, એક પગ જંબુદ્વીપની બહાર એક પગ આ બાજુ અને ત્રીજો પગ મૂકવા જગા માંગી, નમુચિ ડરી ગયો અને ત્રીજો પગ તેના માથા પર મૂક્યો, નમુચિ પાતાલમાં ગયો, પણ હજુ મુનિ શાંત થતા નથી, ઈન્દ્રે અપ્સરાઓને મોકલી અને સંગીત કરવા સૂચના કરી. સંગીતની શક્તિ ગમે તેવા ક્રોધને શાંત કરી દે. અપ્સરાના સંગીતથી શાંત થયા, પ્રાયશ્ચિત કરી મુગતે ગયા. આ બનાવ દિવાળીની રાત્રે બન્યો, લોકો આ નમુચિથી મુક્ત થયા તેથી એક બીજાને જુહાર કર્યા અને ગૌતમસ્વામી પણ કેવલ પામ્યા તેથી જુહાર કર્યા. નંદિવર્ધનને પારણું સુદર્શનાએ કરાવ્યું તેથી ભાઈબીજ પ્રવર્તી.

# જ્ઞાનપંચમીનું વ્યાખ્યાન

આજની પાંચમને લાભપાંચમ કહેવાય. જ્ઞાનની ચોરી ન થાય, પૈસાની ચોરી થાય. દુર્ગતિમાં લઈ જાય તે પૈસા. તેની પાછળ દોડે તો નિશ્ચે દુર્ગતિ છે. જ્ઞાન પાછળ દોડનારો નક્કી સદ્ગતિમાં જાય છે. જ્ઞાનની હાજરીથી માણસ પ્રસન્ન અને સ્વસ્થ રહી શકે. સાધુ એક વર્ષના સંયમપર્યાયમાં અનુત્તરદેવની લેશ્યાને પણ ઓળંગી જાય. જ્યાં જ્ઞાન નથી ત્યાં જીવન સુકું ભઠ છે. જ્ઞાનરૂપી પાણી જ્યાં જ્યાં વહે ત્યાં ત્યાં નિર્મળતા હોય સર્વાભિમુખ્યતો નાથ ! આ એક મોટો ગુણ છે. બધા જ ભગવાનની પાસે દોડ્યા દોડ્યા આવે છે. **લોકપ્રિયં વચઃ** સૌમ્યદૃષ્ટિ સાધકની હોય, પ્રસન્ન માસ્યં, મધ્યસ્થે દશૌ લોકપ્રિયં વચઃ શીતલવાણી આ સાધકની નિશાની છે. ચરબીથી તંદુરસ્ત, કપડાંથી ટીપટોપ શ્રીમંત હોય પણ સાધક અંદરની સાધના પ્રગટ થાય ત્યારે તેની આંખમાં અંદરની શીતલતા પ્રગટે. જેની પાસે સાધના છે તેની સૌમ્યદૃષ્ટિ હોય છે. આપણી જીભ પર સાપ છે, આંખમાં વીંછી છે, જ્ઞાનની સાધના ન હોવાથી આ બને છે.

શ્રદ્ધાને ટકાવનાર જ્ઞાન છે, ચારિત્રને લાવનાર પણ જ્ઞાન છે. જ્ઞાનની આરાધના ન હોય તો મૂંઝવણ છે. જેની પાસે પરિણતિ નથી તે સાચો જ્ઞાની નથી. પણ જ્ઞાની જ ઈર્ષ્યાને બદલે મિત્રતા રાખી શકે. જ્ઞાની જ પ્રેમ રાખી શકશે.

**પઢમં નાણં તઓ દયા...** સંસારનો સ્વભાવ, પડતો કાળ, મોહની દશા આ બધું કલિકાળના પ્રભાવે છે. પણ તેમાં ય જ્ઞાન એ મુખ્ય છે. આત્મ દયા એટલે આત્માને ખોટા વિચારોમાં ન લઈ જવો તે. બીજાઓને ખોટા ભાવો ઊભા ન કરવા તે પરદયા છે. સાધુને ઉભયદયા છે, જેની પાસે વિવેકદષ્ટિ છે તે જ આ રાખી શકે. છોકરો કહે, પપ્પા, મારે તમારી સાથે નથી જમવું ? પપ્પા કહે કાંઈ નહિ બેટા, હું તારી સાથે જમીશ આ વિવેક કહેવાય..

**લક્ષ્મી સરસ્વતીનો સંવાદ**

આરાધનાનું નામ નથી, આશાતનાનો પાર નથી.

**વરદત્તનો ભવ...** મૂરખને જ્યારે ખાવું હોય ત્યારે ખાઈ શકે, ઊંઘવું હોય ત્યારે ઊંઘી શકે, તંદુરસ્ત શરીર, ખાઈપીને તગડો રહે. **ગુણમંજરીનું દૃષ્ટાંત.** જ્ઞાનની આશાતના શાથી થાય ? એંઠામોંએ બોલવાથી, સંડાસ બાથરૂમમાં વાંચવાથી, ચીવડા પેંડા છાપાં પર ખાવાથી, ફટાકડા ફોડવાથી થાય... એક અક્ષર મફતનો લખો તો પણ આયંબિલનું પ્રયાશ્ચિત્ત છે. તમો તો નવરા બેઠા ય કાંઈને કાંઈ લખ્યા કરો છો. જાપ છોડીને પણ ગાથા કરવાની છે. છ મહિને એક ગાથા તો કરવાની જ છે. બાર મહિને માતુષ, માતુષ ગોખનારો, કૈવલ્ય પામી ગયો. ગોખવાની મહેનત કરશો તો તત્ત્વજ્ઞાન વિકસશે, એકવાર વાંચોને ગાથા યાદ રહી જાય તે આ ભવની હોંશિયારી નથી પણ પૂર્વની જ્ઞાનની સાધનાનું પરિણામ છે. ચાર કલાકે પણ ગાથા નથી આવડતી તો છતાં ગોખો, આરાધના કરવાથી ક્ષયોપશમ ખીલશે. જ્ઞાનથી જ સમતા સમાધિ ખીલશે.

**યવરાજર્ષિની કથા**

જીંદગી સુધી વિદ્યાર્થી જ રહેવાનું છે. જેને ખબર છે કે હું ભણેલો છું, તે આગળ વધી શકતો નથી. હું ચાર જ્ઞાનનો ધણી છું આવું મનમાં હોત તો ગૌતમ દેશનામાં બેસતા ન હોત. વૈયાવચ્ચ એટલે રોકડિયો વ્યાપાર પણ તે કરતાં કોને આવડે ? ગીતાર્થની જ ગોચરી છે. નિશિથ ન ભણે તે અગીતાર્થ છે. અજ્ઞાની મુનિ વૈયાવચ્ચ, ગોચરી, નિર્યામણા પણ કરાવી ન શકે. બધે જ જ્ઞાનની ગોચરી છે. પ્રાકૃત માણસોની પ્રાકૃત સામાન્ય ભાષા આપણને યાદ રહે છે, પણ પરમાત્માની ગાથા યાદ રહેતી નથી. ટીપે ટીપે સરોવર ભરાય, જે પાટે ગાડી ન ચાલે તે પાટા કટાઈ જાય તેમ ગાથા ગોખો નહિ તો યાદ ન રહે. રોજ ૦ાા કલાક પણ ગોખો, નવું નહિ તો જૂનું, તે ન બને તો વાંચો.

**બારવ્રતની વિશેષ માહિતી**

પરમાત્મા મહાવીરદેવની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ. કેમ ? સત્તા, સંપત્તિ, સુંદરીથી શાસન ચાલતું નથી, દરેક અરિહંતો કેવલજ્ઞાનના દિવસે જ શાસનની સ્થાપના કરે છે. તે દિવસે કોઈને પણ વિરતિનો પરિણામ જાગ્યો નહિ. બીજા દિવસે જાગ્યો. પાટમાં ચાર, પલંગમાં ચાર, ગાડીમાં

ચાર પૈડાં તેમ આ ચાર સંઘની વ્યક્તિઓ છે. વિરતિ એટલે પાપથી અટકવું. રમવામાંથી અટકવું તે વિરતિ. સર્વથી અને દેશથી બે પ્રકારે વિરતિ. એક પણ પૈસા વગર ગૃહસ્થ જીવી શકે ? ના, પણ સાધુ-સાધ્વી જીવે જ છે. મન જાય મક્કા સુધી, પણ પગ જાય છે ઊંબરા સુધી. ક્યારે બનીશ હું સાચો રે સંત.

**પ્રથમ વ્રત**

શ્રેણિક મહારાજાએ વિચાર કર્યો કે, તે વખતે જો મેં નિયમ લીધો હોત કે, હું નિરપરાધી જીવોને મારીશ નહિ, નિષ્કારણ નિરપરાધી જીવોને તો બચાવી શકાયને ? જો આ વખતે તેમને પચ્ચક્ખાણ હોત તો તીર્થંકરનો આત્મા નરકમાં ગયો હોત ?

**બીજું વ્રત**

એક શેઠ. ટ્રેન આવી ત્યારે બાજુમાં ભારે પેટી પડી હતી, તેથી મન લલચાયું, ચાર માણસો આવ્યા. પૂછ્યું, પેટી કોની છે ? બીજા બધા કહે, મારી નથી. એક જૂઠ હજાર જૂઠને લાવે. શેઠે કહ્યું, પેટી મારી છે. ગાડી ઉપડી, બે નોકરે પેટી ઉપાડી. ત્યાં પોલીસ તથા ઈન્સ્પેક્ટર ચાર જણા આવ્યા, ચેક કરવા લાગ્યા, શેઠને કહે, ચાવી આપો, શેઠ કહે ચાવી નથી. તેમ જૂઠું બોલ્યા, મારા દાગીના, ઝવેરાત છે, ત્રીજીવાર જૂઠું બોલ્યા. પચીસ હજાર, પચાસ હજાર માંગવા કહ્યું, પણ ઈન્સ્પેક્ટર માનતો નથી. લુહાર પાસે તાળું ખોલાવ્યું, એક ચોવીસ વર્ષના છોકરાની લાશ મળી. શેઠ ફરી જૂઠું બોલ્યા, પેટી મારી નથી. પછી તો ઘણા ખર્ચા કરીને શેઠ છૂટ્યા. આ જૂઠું બોલવાનું પાપ.

શ્રેણિકને નરકે જવું ન હતું, તેથી ભગવાન પાસે માગણી કરી, ભગવાને ત્રણ મુદ્દા બતાવ્યા.

કાલસૌકરિક કસાઈ અભયદાન અહિંસા ૧

કપિલાદાસી સુપાત્ર દાન ૨

પુનિયો શ્રાવક સામાયિક ૩

ચારિત્ર લેવાથી અશુભ કર્મનો હ્રાસ. સાધુનો વેષ પણ અશુભ કર્મથી બચાવે છે. અશુભ કિરિયાઓ ચાઓ સ્નાન કરે તે સાધુ શોભે ? સાધુ શુભક્રિયામાં અપ્રમત્ત રહે, પ્રતિક્રમણ તો કરે જ. ચારિત્ર લીધા બાદ અશુભકર્મ તોડતો જ જાય. સંભવનાથ ભગવાનના શાસનમાં ક્ષણભરની લીધેલી પણ રાજકુમારની દીક્ષા.. તેને પાંચમો દેવલોક અપાવે છે. આચાર-વિચારથી રહિત મરિચિ જૂઠું બોલવાથી ચારિત્ર તો ચૂક્યા પણ સમ્યગ્દર્શનથી ય ગયા. સત્યવાદી યુધિષ્ઠિર હોવાથી ત્રણ હાથ અદ્ધર રહેતો હતો. પણ અશ્વત્થામા મરાયો આ જૂઠું બોલવાથી રથ જમીનને અડી ગયો. નરો વા કુંજરો વા આ અર્ધા અસત્યને બોલ્યા તો સત્યવાદિતા ગઈ.

**ત્રીજું વ્રત**

હું ચોરી કરીશ નહિ, આ આંખેથી દેખાતી ચોરી નહિ કરૂં આ નિયમ ન લઈ શકાય. વેપાર અને વ્યવહારથી જીવન ચાલતું નથી તે તો વિરતિથી જ ચાલે.

**ચોથું વ્રત**

રામાયણમાં તુલસી કહે છે,

**પરધન પથ્થર માનીયે, પરસ્ત્રી માત સમાન,**
**ઉસસે ભી હરિ ના મિલે, તો તુલસીદાસ જબાન.**

પોતાની સ્ત્રી સાથે પણ અમુક બ્રહ્મચર્ય પાળીશ વિણ ખાધે વિણ ભોગવેજી.. **રૂપસેન સુનંદાનું દૃષ્ટાંત.** જે જેનું ધ્યાન ધરે તે તેના જેવો થાય. શ્રાવકે અણશણથી સંથારો કર્યો છે, અંત ટાઈમે બોર તરફ નજર જતાં બોરડીમાં ઉત્પન્ન થયો. પાંચસોમાં પાંચ લાખ બચાવો આવાં અભિયાનો બહાર પાડી દે છે. સાસુ પગમાં આવતી કીડીને બચાવે છે અને વરસીતપ કરતાં કરતાં ગર્ભહત્યા કરાવી દે છે. વહુની સાથે ઓપરેશન થિયેટરમાં પહોંચી જઈ આ કુકર્મ કરાવી દે છે. ભારતમાં ૮ લાખ ગર્ભહત્યા દર વરસે થાય છે. ઈલાયચીને કેવલજ્ઞાનની ભેટ સાધુના દર્શને આપી છે. હાથી જો પચ્ચક્ખાણ લઈ શકે તો તમને પોતાની પત્ની સિવાય બીજાની પત્ની માટે વિરતિ લેવાનું મન ન થાય.

**પરિગ્રહવ્રત**

પાંચમું વ્રત લેશોને ? બોલો, ધીરૂભાઈ અંબાણીને ઓવરટેક નહિ કરૂં. પેથડનું દૃષ્ટાંત. પાંચ દોકડાના પરિગ્રહવાળાને ગુરૂમહારાજે ૫૦ લાખનો નિયમ આપ્યો. સુવર્ણસિદ્ધિ મળી. સંઘ કાઢ્યા. આ પરિગ્રહ પરિમાણથી પેથડનું પુન્ય વધી ગયું. નિયમનો અજબ મહિમા છે.

**છઠ્ઠું વ્રત**

ચીનમાં કાચા ને કાચા સાપ ખાઈ જાય છે ત્યાં જવું છે ! દશ દેશ - પાંચ દેશ ધારો

સાતમું વ્રત બહુ વિસ્તારથી છે. પુસ્તકમાં સમજી નિયમો લેવા જેવા છે.

આઠમું વ્રત પરમાત્મા પાસે નાચ કરવાની છૂટ. નવરાત્રિ ત્યાગ.

નવમું વ્રત સામાયિકનો લાભ લો. જો કરો તો પ્રતિક્રમણ પણ થઈ જાય.

દશમું વ્રત દેશાવગાશિક

અગિયારમું પોસહવ્રત એક તો પોસહ કરીશ જ.

બારમું અતિથિસંવિભાગ વ્રત કરીશ.

નિયમમાં અમુક છૂટ... ઘડપણથી અસમાધિ થાય, રાજાનું દબાણ આવે, ગુંડો, ચોર આવી જાય તો છૂટ. નિયમ તૂટે તો પ્રાયશ્ચિત લઈ લેવું. શુદ્ધ થઈ જવું.

**બાર વ્રતની વિગત સંક્ષિપ્ત સમાપ્ત**

# પર્યુષણપર્વનાં વ્યાખ્યાન

**પ્રથમ દિન**

બે વિભાગ. ત્રણ દિવસ શરૂઆતના. પાંચ દિવસ પછીના.

૧ પાર્ટમાં લક્ષ્મીસૂરિકૃત. બીજા વિભાગમાં ભદ્રબાહુસૂરિકૃત. છ અઠ્ઠાઈ છે. ચોથી અઠ્ઠાઈ પર્યુષણની.

(૧) કાર્તિકી (૨) ફાગણ ચોમાસી (૩) અષાઢની (૪) શ્રાવણ ભાદરવાની અશાશ્વતી આ ચાર છે. બીજી બે શાશ્વતી. જેનું કોઈએ સર્જન કર્યું નથી અને ભવિષ્યમાં વિસર્જન થવાનું નથી તે શાશ્વત.

**પાંચ કર્ત્તવ્ય**

૧ અમારિ પ્રવર્ત્તન. શાશ્વત બધે જ હોય. અશાશ્વત નક્કી નથી. છ પ્રકારની મારિ છે. છ પ્રકાની અમારી છે. ૧ મારિ - પશુ હત્યા. દેવનાર કતલખાનામાં.. પક્ષીની હત્યા. ચાર વસ્તુ ન હોય તે જીવન નથી. (૧) કુટુંબમાં સંપ (૨) ચિત્તમાં શાંતિ (૩) મનની પ્રસન્નતા (૪) શરીરમાં આરોગ્ય. આ ચાર વિનાનું જીવન નિષ્ફળ છે.

**પાપ છૂપાયા ના છૂપે, છૂપે તો બડાભાગ,**
**ડાબી ડૂબી ના રહે, રૂઈ લપેટી આગ.**
**ના પાપ અંધારે રહે, છાનું કરો કે ચોકમાં;**
**અંતે પોકારી ઊઠશે, આ લોક કે પરલોકમાં.**

કામપુરૂષાર્થ અધમ છે, અર્થ પુરૂષાર્થ અધમાધમ છે. પ્રશ્ન - જૈનો વધારે સુખી કેમ ? જૈનો બેંતાલીશ ટકા ઈન્કમટેક્ષ ભરે છે. જૈનો જે કામ કરે છે, તે કોઈ કોમ કરતી નથી. અબોલ - અનાથને ચારો આપતા હોય, પાંજરાપોળ સાચવે છે માટે. હિંદુલોકો ગોશાળા જ સાચવે છે, જ્યારે જૈનો બધાં જ પશુઓને સાચવે છે.

૨ મારિ - ગર્ભહત્યા. આ હત્યા સારી કે પશુ હત્યા ? પેટમાં ચાલતાં ભ્રૂણને મારી નાખવું તે સારૂં છે ? પાંચસો રૂપિયામાં પાંચ લાખ બચાવો આ સુગરકેટેડ બતાવે છે. પ્રથમ પાપ - વિશ્વાસઘાત. બીજું પાપ ગર્ભપાત. જીવતા જાગતા હસતા રડતા બાળકના રાઈ રાઈ જેવા ટુકડા થાય ? આ પાપ ફુટી નહિ નીકળે ?

૩. મારિ સંસ્કાર હત્યા - કોલેજ વેષભૂષા, ટી.વી. વિગેરે ઈંગ્લિશ શિક્ષણ. પાઠશાળા બંધ. સંસ્કારોથી જીવન સુવાસિત બનાવો, સજ્જન બનાવો પછી ડોક્ટર બનાવજો પણ ધર્મના સંસ્કારો તો આપો.

૪. આર્ય સંસ્કૃતિની હત્યા

**પરધન પથ્થર માનીયે, પરસ્ત્રી માત સમાન,**
**ઉસસે જો હરિ ના મિલે, તો તુલસીદાસ જબાન.**

રાષ્ટ્રરક્ષા સંસ્કૃતિ રક્ષા થશે તો ધર્મરક્ષા થશે. શીલરક્ષા ચિતોડની સ્ત્રીઓએ જોહર કર્યા હતા. એક મારિ આવે તો બધી જ મારિ આવે.

૫. મારિ - વાણીની હિંસા. વાણીના પ્રહારથી મારીએ. સાસુનાં મહેણાં, નણંદના મહેણાં. કાણાને કાણો ન કહેવાય. ધીરે રહીને પૂછીયે, શીદને ખોયાં નેણ. બાપાની બાયડી છે, એમ બોલાય ? મહારાજ સાહેબ ! મારે તમારૂં પૂજન કરવું છે, તો ટાંટિયો બહાર કાઢો એમ બોલાય ? ગધેડાનું ચરણ મને લાગ્યું એમ ન બોલાય, ગદ્ધાએ લાત મારી, બોલાય.

૬. વિચારની મારિ. મારૂં તે સાચું, બીજાના વિચારો ખોટા. રાત્રિભોજનને પાપ કહેવાય ? સ્યાદ્વાદશૈલી પકડતાં શીખો. પૂંછડી પકડી તે દોરડા જેવો હાથી, કાન પકડ્યા તે સૂપડા જેવો, પેટ પકડ્યું તે ઢોલ જેવો. પગ પકડ્યા તે થાંભલા જેવો. દાંત પકડ્યા તે પાઈપ જેવો, શરીર પકડ્યું તે નગારા જેવો. જિનશાસનથી આ બધું સમજાય છે.

**પર્યુષણપર્વ દ્વિતિય દિન**

ભગવાનની આજ્ઞાનું પાલન તે જ સાચી પૂજા છે. આજ્ઞા એટલે હાર્ડ એન્ડ ફાસ્ટ.

**છ પ્રકારની અમારિ**

(૧) પૃથ્વીકાયની રક્ષા (૨) અપ્કાયની રક્ષા ઉકાળેલું પાણી પીઓ. (૩) તેઉકાયની વિરાધના. ફેક્ટરીમાં છયે કાયની વિરાધના. કસાઈ કરતાં પણ ફેક્ટરીવાળા દયનીય છે. માટે તેઉની રક્ષા કરો.

**ત્રણ વાદ**

(૧) યંત્રવાદ (૨) શિક્ષણ વાદ (૩) વિજ્ઞાન વાદ

૧ ફ્રીજ, ફેન, ફલોરમીલ આ ત્રણ કતલખાનાં છે. સાચો શ્રાવક પાણીને ઘીની જેમ વાપરે.

**બહેનોની બે ફેશન**

(૧) ઘેર વાસણ ઉઘાડાં રાખે (૨) બહાર માથાં ઉઘાડાં રાખે. (૩) વાઉકાયમાં ફેન વિગેરે આવી જાય.

વનસ્પતિ કાય : પર્યુષણમાં ફળ ફ્રૂટ બંધ કરો. ત્રસકાય. ડી.ડી.ટી. છાંટો આવું બોલાય નહિ. જૈનો ફૂલોના હાર પહેરે નહિ, બીજાને પહેરાવે નહિ. ચંપલ ત્યાગ કરે. તમારી પત્ની સંડાસ, બાથરૂમમાં કીચનમાં, મારૂતિમાં પણ બેસીને ચંપલ પહેરે. શ્મસાનમાં જાય ત્યારે ય પહેરાવજો. તમે બીજા જીવોની રક્ષા કરો. તો બીજા જીવો તમને દુવા આપશે. ધર્મો રક્ષતિ રક્ષિતઃ

**કુમારપાલ રાજાની કરૂણા કેવી ?**

૧૧ લાખ ઘોડાને ગાળેલું પાણી પાતા. કંટકેશ્વરી દેવીએ કરેલ કોઢ. (પાડાને મારવા માટે) જૂ મારનારને સજા. મત્સ્યોદ્યોગ બંધ કરાવ્યો. માર શબ્દ કોઈ બોલી ન શકે. બનેવીના બોલ ઉપર સજા કરી.

**પર્યુષણપર્વ તૃતિયદિન**

પાંચ કર્ત્તવ્ય

(૧) અમારિપ્રવર્ત્તન (૨) સાધર્મિક ભક્તિ (૩) અઠ્ઠમ તપ (૪) ચૈત્યપરિપાટિ (૫) ક્ષમાપના.

ભગવાન મહાવીરની હાજરીમાં આનંદશ્રાવકને પરમાર્હતનું બિરૂદ મળેલું, ભગવાનની ગેરહાજરીમાં કુમારપાલને પરમાર્હતનું બિરૂદ શ્રી હેમચંદ્રસૂરિ મ. આપેલું. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે, અપ્પા ! તું જ તારો મિત્ર છે. તું જ તારો શત્રુ છે. વરસાદનાં ટીપાં છીપમાં પડે તો સ્વાતિનક્ષત્રનાં મોતી બની જાય, સર્પના મુખમાં પડે તો ઝેર બને. ધર્મની ક્રિયા ધર્મના ઉપયોગમાં ધર્મ બને છે. કુમારપાળ પૂર્વભવમાં જયતાક લૂંટારો. આઢવ શેઠ તે ઉદાયનમંત્રી, યશોભૂષણ તે હેમચંદ્રસૂરિ મ. ધનસાર્થવાહ તે સિદ્ધરાજ.

**ગુરૂ બિન જ્ઞાન ન ઉપજે, ગુરૂ બિન મિટે ન દોષ;**
**ગુરૂ બિન લિખે ન સત્યકો, ગુરૂ બિન મિલે ન મોક્ષ.**

**ત્રણ પ્રકારના જીવો**

પ્રથમ નંબરના માણસો પોતે જીવે બીજાને મારે.


બીજા નંબરના માણસો પોતે જીવે બીજાને જીવાડે.

ત્રીજા નંબરના માણસો પોતે મરીને પણ બીજાને જીવાડે.

અમારિ પ્રવર્તન દરેકમાં ગૂંથાયેલું છે અને એ આવે તો જ સાચી સાધર્મિકભક્તિ આવે. જેના જીવનમાં અમારિ આવે તે જ સાધર્મિક ભક્તિ કરી શકે. ક્ષમા જેનામાં છે તેનામાં અમારિ પ્રવર્તન છે. બીજાની ભૂલનો એકરાર તે ક્ષમાપના છે. ત્રણ દિવસ સુધી ષટ્કાયને અભયદાન આપ્યું તે જ અઠ્ઠમ છે. જીવ અજીવની ઓળખાણ આપે તે જ ચૈત્યપરિપાટી. બીજાનો વિચાર તે અમારિ આ ચારે કર્ત્તવ્યમાં સમાયેલી છે. ડગલે ને પગલે બીજાનો વિચાર તે તેનો અર્થ છે.

સાચું સગપણ સાધર્મિકનું. **શાન્તનુ શેઠનું દૃષ્ટાંત.** જે ખમાવે તે આરાધક, ન ખમાવે તે વિરાધક. **ક્ષમા વીરસ્ય ભૂષણં,** અપકારી ઉપર ઉપકાર કરનારા. એક દિવસમાં વીશ ઉપસર્ગ સંગમદેવે કર્યા. જગતના જીવો સાથે ક્ષમાપના કર્યા વિના કોઈ જીવ અરિહંત કે સિદ્ધ થતો નથી. જીવ પ્રત્યે ધિક્કારભાવ તે મિથ્યાત્વ છે. જીવ પ્રત્યે સન્માનભાવ તે સમ્યગ્દર્શન. ૧ ક્ષમાપના માંગવા જાઓ. ૨ ક્ષમાપના કરો. ગુરૂએ ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલાતાં પીલાતાં પણ આરાધના કરાવી કેવલજ્ઞાનની ભેટ અપાવી દીધી. પણ પોતાના આત્માને આરાધક બનાવી ન શકવાથી ક્રોધના તાપથી બળી નગરીને બાળી નાખી. ચૈત્યપરિપાટી. આ ઉપકાર પરમાત્માનો છે. માતપિતાનો ઉપકાર આ ભવનો છે પણ પ્રભુનો ઉપકાર ભવો ભવનો છે. અહીં સુધી પહોંચાડ્યા તેમાં પ્રભુનો જ મુખ્ય ઉપકાર છે.

**સમાપ્ત**



VARDHMAN ENTERPRISE : PHONE : 079-2860785